RNI No. GUJGUJ/2014/55998 | Retail Selling Price : ₹ 20/- | Published Date Every 1st of January/April/July & October

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા પ્રકાશિત



# ચારણ સંસ્કૃતિ

સં. ૨૦૭૯-૮૦
ભાદરવો-માગશર


www.sonalmaatrust.org

વર્ષ : ૧૦ (સળંગ-૧૩(૯૮)) અંક : ૫૨ ઓક્ટો.-ડિસે. ૨૦૨૩




ચારણી સાહિત્ય અને લોક સાહિત્ય દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિને જાળવી રાખવા પ્રયત્ન કરતું મેગેઝિન


આઈ શ્રી સોનલ માં જન્મ શતાબ્દી મહોત્સવ ૧૯૨૪ - ૨૦૨૪ વિ. સં.૧૯૮૦ - ૨૦૮૦
પોષ સુદ બીજ
ત્રિદિવસીય મહોત્સવ
તા. ૧૧.૧૨.૧૩
જાન્યુઆરી ૨૦૨૪
VIRAM SANGHDIYA VS
શ્રી સોનલ માં જન્મ શતાબ્દી મહોત્સવ
તિર્થ ધામ સોનલધામ મઢડા
તા. કેશોદ જી. જુનાગઢ (સૌરાષ્ટ્ર)
ગુજરાત
શ્રી સોનલમા જન્મ શતાબ્દી મહોત્સવ
તિર્થધામ સોનલધામ મઢડા
તા. કેશોદ, જી. જુનાગઢ(સૌરાષ્ટ્ર), ગુજરાત.












પરમ પૂજ્ય આઈશ્રી કંકુ કેશરમા

**આઈશ્રી સોનલ શતાબ્દી વર્ષમાં મોરબી ચારણ સમાજ દ્વારા ભગીરથ સેવા કાર્યની ભેટ : સોનલમાઁ મંદિર તથા સમાજવાડીનું નિર્માણ.**

મોરબી ખાતે તા. ૨૫,૨૬,૨૭ જુન ૨૦૨૩ ના રોજ પૂ. કંકુમાની પાવન ઉપસ્થિતિમાં એકી સાથે બે કાર્યક્રમ યોજાયા. પૂ. સોનલમાઁના મંદિરનું નિર્માણ, સોનલમાઁની મુર્તિ પ્રતિષ્ઠા અને ચારણ સમાજ વાડીનું સમાજને લોકાર્પણ.

## સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક ગામોમાં પણ દેવલમાંએ કર્યુ વિચરણ

# આઈશ્રી દેવલમાંએ રાજસ્થાનના અનેક ગામોમાં બલી-દારૂ પ્રથા બંધ કરાવી







આઈશ્રી દેવલમાંએ સમાજમાં પ્રવેશેલી દારુ અને બલી જેવી કુપ્રથાને સદંતર હટાવવા ખાસ અભિયાન શરુ કર્યું હતું. તે અંતરગત રાજસ્થાન કરણી માતાના મંદિર દેશનોક ખાતે દારુ અને બલીપ્રથા બંધ થાય એ માટે આઈ દેવલમાં (ભાડા) દ્વારા ખાસ અભિયાન ચલાવવામાં આવ્યું છે.

આઈ દેવલમાંએ રાજસ્થાન પ્રવાસ કરી વિવિધ ગામડાઓની મુલાકાત લઈ દૈવીય શક્તિ મંદિરોમાં ધર્મથી વિપરીત બલી અને દારુ ચડાવવાની પ્રથા વ્યાપી છે જે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ સમાન હોય માતાજીના મંદિરમાં આવી કુપ્રથાઓ બંધ થાય તો જ દૈવીશક્તિની પ્રસન્નતા અને કૃપા મેળવવા પાત્ર સૌ બનશે તેવું જણાવી કરણીમાતા દેશનોક ખાતે દારુ અને બલી પ્રથા બંધ થાય તે માટેનું આહ્વાન કર્યુ હતું.

માતાજીના ઉપદેશ અને આદેશને અનુસરતા સુવાપ, સાઠીકા, દાસોડી, સિન્થલ સહીત અનેક ગામોએ બલી તથા દારુ પ્રથા બંધ કરીને માતાજીના અભિયાન સાથે સૂર પુરાવ્યો હતો.

### ચારણની દેવીઓ ગંગા સમાન પવિત્ર છે : આઈશ્રી દેવલ માં

આઈશ્રી દેવલ માંએ કચ્છ-ગુજરાતના ચારણો જેમ સંગઠિત થઈ સામાજિક વિકાસ સાધી રહ્યા છે તેમ રાજસ્થાનના ચારણો પણ એકતાનો દાખલો બેસાડે તેવું જણાવ્યું હતું.

અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભાના પ્રમુખ સી. ડી. દેવલે આઈ શ્રી દેવલમાના રાજસ્થાન પ્રવાસ દરમિયાન આઈશ્રીમાં દ્વારા કરણી માતાના મંદિરમાં દારુ અને બલી પ્રથા બંધ કરવા જે આહ્વાન કરાયું છે તે માટે આગામી સમયમાં ટ્રસ્ટ દ્વારા તાકીદની બેઠક બોલાવી નિર્ણય લઈ અવગત કરાવવાનું નક્કી કરાયું છે.


મૂળ ભાડાનાં હાલે જુનાગઢ બલીયાવડ ખાતે તપ,જપ દ્વારા આઈ દેવલમાં સામાજિક, ધાર્મિક ચેતનાનો સંચાર કરી રહ્યા છે. બલિયાવડ શક્તિપીઠનું નિર્માણકાર્ય પણ પુરજોશમાં ચાલુ છે. કચ્છ ચારણ સમાજના અગ્રણીઓએ આ શક્તિપીઠની મુલાકાત લઈ આઈ દેવલમાંનું બહુમાન કર્યું હતું.

ગુજરાતના ગરવા ગીરનારથી આઈશ્રી દેવલમાએ કરણી યાત્રાનો પ્રારંભ કર્યો હતો. અહીંથી સુઈગામ, નડાબેટમાં શ્રી નડેશ્વરી માતાજીના દર્શન કરી, રાત્રી રોકાણ કર્યું હતું. ત્યાંથી ચાળકનેચી મંદિર-ચાલકના, બીજાસર - આઈશ્રી સ્વેચીમાંના મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં જોડાયા, ત્યાંથી બાડમેરમાં ચારણ છાત્રાલય થઈને મથાણીયા પહોચ્યા હતા. દેવલમાંએ મથાણીયા પહોચીને કરણી માતાના મંદિરે જઈને આરતી કરી હતી. અગાઉ અમરાવત ટ્રસ્ટ મથાણીયા દ્વારા આઈશ્રી દેવલ માંનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત ધાર્મિક સભાને સંબોધતા આઈશ્રી દેવલ માંએ જણાવ્યું હતું કે, આદ્ય શક્તિ દિવ્ય મંદિરોની જ્યોતમાં દારૂની બોટલ ચઢાવવી એ ખોટું છે. જેના કારણે મંદિરોની પવિત્રતા સામે પ્રશ્નો ઉભા થાય છે. દેવી શક્તિએ ક્યારેય કહ્યું નથી કે તેઓને દારુ પ્રસાદ તરીકે અર્પણ કરવામાં આવે. તેથી જ આપને દેવી શક્તિના મંદિરોમાં આ નશાકારક પાનને સંપૂર્ણપણે પ્રતિબંધિત રાખવું જોઈએ.


ત્યાર બાદ આઈશ્રી કરણીજીના જન્મસ્થાન સુવાપ પધાર્યા હતા. ત્યાંથી સાઠીકા – આઈશ્રી કરણી મંદિર, દાસોડી આઈશ્રી કરણી મંદિર અને આઈશ્રી ચંદુમાં મંદિર, સિન્થલમાં આઈશ્રી કરણી
મંદિર, દેશનોક - આઈશ્રી કરણી મંદિર વિચરણ કર્યું હતું.

માતાજીએ ચારણી દેવીઓના મંદિરમાં ચડતા દારુ તેમજ બલીનો નિષેધ કરવા આદેશ કર્યો હતો. આઈશ્રી દેવલમાંના આદેશથી ઉપરોક્ત જણાવેલા મંદિરોના પ્રમુખો તમજ ટ્રસ્ટીઓ તેમજ ગ્રામજનોએ આઈશ્રી દેવલમાનો આદેશ શિરોમાન્ય કરી વર્ષોથી ચાલી આવતા દારુ તેમજ બલી પ્રથા બંધ કરાવી હતી.

(સૌરાષ્ટ્ર ક્રાંતી)



ચારણ સંસ્કૃતિ સામયિકનો અંક-૫૦/૫૧(વિશેષાંક) કબરાઉ(કચ્છ) મોગલધામના પૂજય બાપુ શ્રી મોગલકુળ મણીધરને અર્પણ કરતા આ ટ્રસ્ટના યુવાન અને સક્રિય કાર્યક્રતાઓ કવિશ્રી પ્રવિણ મધુડા અને હેમુ બાવડા.
અંક જોઈને પૂ. બાપુએ આનંદ અને પ્રસન્નતા વ્યકત કર્યા હતા.





एकेनापि सुपुत्रेण विद्यायुक्ते च साधुना।
आह्लादितं कुलं सर्वं यथा चन्द्रेण शर्वरी॥
(જે રીતે હજારો તારાઓ વચ્ચે એક ચંદ્ર જ રાત્રિ દરમિયાન ઉજાસ પાથરે છે, તેવી જ રીતે એક વિદ્વાન-સજ્જન પુત્ર પરિવાર તેમજ સમાજની ઉન્નતિ અને કીર્તિમાં વૃદ્ધિ કરે છે)
ચિ. રવરાજ
ધર્મેશભાઈ(ભગુભાઈ) માલા (લાંબા)
Congratulation
પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીથી (PDU) 8.70% CGPA સાથે ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગમાં જવલંત સફળતા મેળવવા સાથે-સાથે દહેજ સ્થિત રિલાયન્સ ઇન્ડ. લીમીટેડમાં ઉચ્ચ સ્થાને નિમણુક પામવા બદલ સ્નેહસભર શુભકામનાઓ સહ અભિનંદન.
સમગ્ર માલા(લાંબા) પરિવાર - મંજલ - કચ્છ
શુભેચ્છકો:
પ્રશાંત પ્રભુભાઈ માલા (ગાંધીધામ) - 9712038311
મેહુલ રામભાઈ જામંગ (રાજકોટ) - 9825728787
જય અજીતભાઈ માલા (અમદાવાદ) - 9727335533
Advt.

## ત્રૈમાસિક 'ચારણ સંસ્કૃતિ' અંક(૫૨) –– વર્ષ : ૧૦(સળંગ–૧૩(૯૮))
## ઓકટોબર– ડિસેમ્બર ૨૦૨૩ : વિ.સં.૨૦૭૯–૮૦ (ભાદરવો–માગશર)


**: ટ્રસ્ટી મંડળ :**

બાબભાઈ પાલીયા – પ્રમુખ
૯૭૨૩૪ ૫૪૦૮૨
રામભાઈ જામંગ – મેનેજીંગ ટ્રસ્ટી
૯૮૨૪૨ ૮૮૮૫૨
રમેશભાઈ જાળગ(પૂર્વ પ્રમુખ)
૯૭૨૩૪ ૪૮૨૦૫
નરેન્દ્રભાઈ(નીતુભાઈ)ઝીબા – ટ્રસ્ટી
૯૪૨૬૯ ૬૦૩૯૯
હરેશભાઈ આલગા – ટ્રસ્ટી
૯૯૨૫૦ ૩૪૯૩૪

**: ટ્રસ્ટની બેંક :**

AAISHRI SONALMA EDUCATION & CHARITABLE TRUST - RAJKOT
( Bank of India,University Road Branch, Rajkot )
A/c No.312710210000008
IFSC CODE : BKID0003127

**: ટ્રસ્ટની વેબસાઈટ :**

www.sonalmaatrust.org

**: તંત્રી–સંપાદક :**

રામભાઈ જામંગ-૯૮૨૪૨ ૮૮૮૫૨

**: સહ સંપાદક :**

રાજુલ દવે-૯૪૨૬૨ ૨૯૫૧૭

**: ફોટોગ્રાફર :**

મુળુભાઈ ઘાંઘણિયા-૯૮૭૯૪ ૨૨૭૨૦

***: ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર :***

*ઈ-૧૨૮૫ તા.૧૯/૯/૧૯૮૩*

***: સોનલ વાડી માટે પૂછપરછ :***

*રમેશભાઈ જાળગ-૯૭૨૩૪ ૪૮૨૦૫*
*દિપકભાઈ મહેતા-૯૪૨૮૨ ૯૬૩૦૦*


### –– અનુક્રમણિકા ––


| | | |
|---|---|---|
| ૦૧ તંત્રી સ્થાનેથી - સંવેદના | રામભાઈ જામંગ | ૦૯ |
| ૦૨ સંપાદકીય- ઊંડે તેજનો ગુલાલ | રાજુલ દવે | ૧૧ |
| ૦૩ પ્રતિભાવ | – | ૧૪ |
| ૦૪ ટ્રસ્ટને મળેલ દાનની યાદી | – | ૧૬ |


### લેખ વિભાગ


| | | |
|---|---|---|
| ૦૫ મેઘાણી,આકાશવાણી અને હેમુ ગઢવી.. | વી.એસ. ગઢવી | ૧૮ |
| ૦૬ આઈ શ્રી વરવડીજી | પુષ્પદાન ગઢવી | ૨૧ |
| ૦૭ સંત કવિ પીપાજીની વાણી | ડો.નિરંજન રાજયગુરુ | ૨૬ |
| ૦૮ આઝાદીની લડતમાં કવિ કાગની.. | ઈસુભાઈ ગઢવી | ૨૮ |
| ૦૯ ધૃતરાષ્ટ્ર | ચંડીદાન ગઢવી | ૩૧ |
| ૧૦ ધર્મપત્ની | મહેરબાનભાઈ ગઢવી | ૩૪ |
| ૧૧ कहाँ गये वे लोग ? | ભૂપેન્દ્ર મો. દવે | ૩૬ |
| ૧૨ ઉજ્જવલ સંસ્કારના વાહક.. | શુકદેવભાઈ ગઢવી | ૪૦ |
| ૧૩ એક પરિવારના પ્રતિભાવંત સર્જકો | પ્રિ.ઘનશ્યામ કે.ગઢવી | ૪૩ |
| ૧૪ આધ્યાત્મિક જીવન | નરસંગભાઈ ઠાકરિયા | ૪૬ |
| ૧૫ જાંબુડાના નરેન્દ્રભાઈને મળ્યું... | મહેરબાનભાઈ ગઢવી | ૪૮ |
| ૧૬ જાહેરાત | – | ૪૯ |
| ૧૭ ઊંડા અંધારેથી પ્રભુ! પરમ.. | વિનોદ મકવાણા | ૫૩ |
| ૧૮ સાંયાજી ઝુલાના ગામ કુવાવાને... | ડી. કે. ચારણ | ૫૪ |
| ૧૯ વડાપ્રધાન મોદીના'મન કી બાત'.. | – | ૫૫ |
| ૨૦ ડો.એમ.એસ.ચારણનું સન્માન | – | ૫૭ |
| ૨૧ આહાર, વ્યાયામ અને સ્વાસ્થ્ય | ડો.હરીશ બી. રાબા | ૫૮ |
| ૨૨ આઈશ્રી સોનલ શતાબ્દી.. | સંજયભા નાંદણ/ જયેશભા જામંગ | ૬૦ |
| ૨૩ ગીર સોમનાથના છેવાડાના... | ગૌરાંગ જોશી | ૬૨ |
| ૨૪ અમીરસ ઈતિહાસનો(૩૪) | રામભાઈ જામંગ | ૬૩ |
| ૨૫ લગ્ન વિષયક | મનુદાન ગઢવી | ૬૫ |


### કવિતા


| | | |
|---|---|---|
| ૨૬ સુખ | ઈસુભાઈ ગઢવી | ૬૭ |
| ૨૭ ઠાકરને ઠબકો | દેવદાન લાંગાવદરા | ૬૭ |
| ૨૮ સાગર મંથન | દાદુભાઈ ગઢવી | ૬૭ |

| | | |
|---|---|---|
| ૨૯ સવૈયા મતગયંદ | ભૂપતદાન રોહડિયા | ૬૮ |
| ૩૦ શંભુ ચરણે પડી | શાંતિદાન આલાણી | ૭૦ |
| ૩૧ રત્નકણિકા | વિનોદ મકવાણા | ૭૦ |

**મળવા જેવા માનવી**

| | | |
|---|---|---|
| ૩૨ શ્રીમતી વસંતબા ચારણ | ડો.હિતેન્દ્રસિંહ ઝુલા | ૭૧ |
| ૩૩ જશુભાઈ વખતસિંહ ગઢવી(રત્નુ) | ચંડીદાન ગઢવી | ૭૨ |
| ૩૪ ચંદ્રિકાબેન કકનસિંહ ગઢવી | - | ૭૩ |

**અન્ય**

| | | |
|---|---|---|
| ૩૫ સમાચાર વિભાગ | - | ૭૪ |
| ૩૬ પાંગરતી પ્રતિભા/અન્ય | - | ૯૦ થી ૧૦૦ |

**: ચારણ અંક પ્રાપ્તિ સ્થાન :**
**સોનલ સ્ટોર્સ, રાજકોટ**
ગઢવી કનુભાઈ કેશરિયા
(મો.નં.૯૭૨૩૨ ૭૦૬૯૭)

**ચારણ સંસ્કૃતિ અંકને લગતા લેખ/ કવિતા વગેરે મોકલવાનું સરનામું**
**શ્રી રાજુલ દવે – સંપાદકશ્રી**
૧૧/બી, વરદભૂમિ, કૈલાસનગર,બેંક ઓફ બરોડાવાળી શેરી, કોટેચા ચોક કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭
(મો.નં.૯૪૨૬૨ ૨૯૫૧૭)

**–– અંકમાં પ્રસિદ્ધ થતા દરેક લખાણો સાથે ટ્રસ્ટીમંડળ સહમત છે તેમ માની લેવું નહીં ––**

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનની જાહેરાત અંદરના આખા પેઈજના રૂા.૧૦૦૦/– બ્લેક એન્ડ વ્હાઈટ, ટાઈટલ તથા ફોર કલરના ભાવ ટ્રસ્ટી મંડળ અને જાહેરાત આપનારની અનુકુળતા મુજબ રહેશે.**

૧. લેખકશ્રીઓ, આપના લેખો કાગળની એક બાજુએ ટાઈપ કરેલ અથવા તો સ્પષ્ટ અક્ષરોમાં દોઢથી બે પાનામાં સમાવિષ્ટ થઈ જાય તેવા અંક પ્રકાશિત થયેથી ૩૦ દિવસ સુધીમાં (અન્ય કોઈ સામયિકમાં પ્રસિદ્ધ કરવા મોકલાવેલ ન હોય કે પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા જ) મોકલી આપશો અન્યથા ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. આ 'ચારણ સંસ્કૃતિ' મુખપત્રનો હેતુ અને ભાવના એવી છે કે વધારેમાં વધારે પરિવારોનાં ઘરે પહોંચે અને વંચાતું થાય તેથી આપ અન્ય પરિવારોને પણ ગ્રાહક બનાવો. લવાજમ ભરવાની વધુ વિગતો અને જાણકારી માટે નીચેની વિગતે સંપર્ક કરી શકો છો. લવાજમ ૫ વર્ષનું રૂા.૫૦૦/-, વિદેશમાં રૂા.૫૦૦૦/- છે.

૩. ડાયરેકટ બેંકમાં લવાજમ ભરવા માંગતા હોય તો બેંક ઓફ ઈન્ડિયા,યુનિવર્સિટી રોડ બ્રાંચ,રાજકોટના A/c No.312710210000008, IFSC CODE : BKID0003127 (AAISHRI SONALMA EDUCATION & CHARITABLE TRUST - RAJKOT) (મનીઓર્ડર/ ચેક / કુરિયરથી પણ લવાજમ ભરી શકો છો)જમા કરાવી મેસેજ દિનેશભાઈ નરેલા (98243 35398) ને આપના ગ્રાહક નંબર સાથે જણાવી શકો છો. જયાં જયાં કુરિયરની સર્વિસ ઉપલબ્ધ છે ત્યાં અમે મેગેઝિન કુરિયરથી તેમજ અન્ય જગ્યાએ પોસ્ટ દ્વારા મોકલીએ છીએ. મેગેઝિન બહાર પડયા બાદ પંદર દિવસે પણ અંક મળેલ ન હોય તો કુરિયર શ્રી દિપક ઘાંઘણિયા (97270 93150) રાજકોટનો સીધો જ સંપર્ક કરવો. છતાં નિરાકરણ ન આવે **તો** જ ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા નમ્ર અનુરોધ છે.

**મુદ્રક : ગિરીશ ઓફસેટ,જયંત કે.જી.મેઈન રોડ,રાજકોટ – મો : ૯૮૨૫૫ ૯૭૭૯૪**
**ટાઈટલ : લેટેસ્ટ ગ્રાફિક, રાજકોટ – મો : ૯૮૨૫૦ ૮૧૪૦૦**
e-mail : latestconcept@gmail.com -OR- vhjbraval@gmail.com
**પ્રૂફ રીડર : હરેશ પરમાર – મો : ૯૪૨૭૪ ૯૭૫૫૧**
**સદ્‌ભાવના મૂલ્ય : રૂા. ૨૦–૦૦ ((પાના–૧૦૦ (૧૨–કલર))**
**સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ :** www.sonalmaatrust.org

## તંત્રી સ્થાનેથી – સંવેદના

• રામભાઈ જામંગ

**માપનું જ સુખ આપ હરિ, મારામાં સમાઈ શકે.**
**માપનું જ દુઃખ આપ હરિ, મારાથી ખમાઈ શકે.**
– ઈશુભાઈ ગઢવી

ભર ચોમાસે, ચારેકોર જળ બંબાકાર છે અને કયાંક તો અતિવૃષ્ટિ પણ છે. કયારેય ન સાંભળ્યા હોય તેવા સમાચારો ભૌગોલિક વાતાવરણના પરિવર્તનના પરિણામે સાંભળવા મળે છે.

અમેરિકાના અમુક વિસ્તારોમાં ગરમીનો પારો ૫૦ ડિગ્રીએ પહોંચ્યો છે આફ્રિકા ને આરબ દેશોમાં આમ થાય તે સમજી શકાય છે. આ જ અરસામાં અતિવૃષ્ટિએ પ્રલયકારક પરિસ્થિતિ ઉભી કરી છે. ચીનની રાજધાની સાંઘાઈમાં સતત ર૯ ઈંચ વરસાદ પડયો અને અકલ્પનિય સ્થિતિ સર્જાણી. આવું તો ઈટાલી સહિત વિશ્વના અનેક દેશોમાં થયાનું જાણ્યું.

દુબઈ, શારજહામાં કલ્પના ન કરી શકાય તેવો તોફાની વરસાદ અને શહેરની અંદર પુર જેવા પાણી ફરી વળ્યા. અમુક દેશોમાં આગ કાળ જાળ બનીને ઘણાંને ઘર–વિહોણાં અને જંગલો ભસ્મિભૂત કરી દીધા છે.

આપણાં દેશમાં પણ દિલ્હીમાં પાણી ઘૂસ્યા. ત્રણ દિવસ સુધી સૌ ચિંતામાં મુકાણાં, હિમાચલ પ્રદેશ, ચારધામ યાત્રાના સ્થળોએ અતિ ભારે વરસાદ થવો, વાદળો ફાટવા, ભૂસ્ખલન થવા, અરે ગુજરાતમાં તેમાંય ખાસ સૌરાષ્ટ્રના દરિયા કાંઠે વેરાવળ, પોરબંદર, દ્વારકામાં દરિયાએ દર્દભર્યુ વાતાવરણ સર્જ્યું અને છેલ્લે જૂનાગઢમાં તો જુલમ જેવી સ્થિતિ મેઘરાજાએ કરી હતી. તેમાં માનવસર્જિત પાણી નિકાલની નાકાબંધીએ વિનાશની પરિસ્થિતિ સર્જી અને જાનમાલની ભરપાઈ ન થઈ શકે તેવી નુકસાનીની પરિસ્થિતિ સર્જી જેની કળ વળતા ઘણી વાર લાગશે.

કચ્છમાં જયાં સરેરાશ માંડ બે–પાંચ ઈંચ વરસાદ પડે તોય ઘણું કહેવાતું ત્યાં જુલાઈ સુધીમાં ૧૩૦% જેટલો વરસાદ વરસી ગયો. કુદરતે મોલાત, પશુ, પક્ષી, ઝાડપાન, જંગલો માટેની મેહર કરીને માનવને જગાડવાની ઝીણી–ઝીણી, ઝાંઝર વગાડી છે. કહે છે કે તેના અસ્તિત્વને સમજીએ.

કારણ કે, આપણે આપણાં નશામાં છીએ. નહિતર ૫૦૦ દિવસથી રશિયા–યુક્રેનના ચાલી રહેલા યુદ્ધની આંધીમાં અન્ય ખુવારી સાથે નવ હજારથી વધુ મૃત્યુમાં પાંચસોથી વધુ તો નિર્દોષ બાળકોના કરુણ મૃત્યુ થયા. છતાં સહજતાથી, સહનશકિતથી જીવી રહ્યા છીએ.

દેશમાં, વિશેષ કરીને મણીપુરની મહાવ્યથાઓ મનોમંથન કરવા મજબૂર કરી રહી છે અને વિવેકહિન વાતોના વમળો ઠાલા વાદળ બનીને વિખરાઈ જાય છે. જેની પાસેથી જ્ઞાન, આશીર્વાદ, ઉપદેશ, સંસ્કૃતિ, સંસ્કાર અને સંયમની સમાજ અપેક્ષા રાખે છે એવા સંતો, મહંતો, ગુરૂઓ, ગાદીપતિઓ, મહામંડલેશ્વરોમાના અમુક ધર્મને ચાતરીને વિચિત્ર ચેષ્ટાઓ અને વાદ–વિવાદો ઉભા કરીને ભકત સમુદાય અને સમાજને ચિંતામાં મુકયો છે. આ સાધુ સંતોને સંસારી સાત્વિક સંતોએ અને ધર્મના વડાઓએ વિવેકભાન અને વિવાદો સંકેલવા સમજાવવા પડે છે. આ તો વિશ્વને સંત–સમજણ અને સંસ્કૃતિ–સંસ્કારની

સમજણ આપતો દેશ પોતે જ આવી બાબતોની અછત અનુભવી રહ્યો હોવાની લાગણી સામાન્યજન અનુભવી રહ્યો છે.

મોંઘવારી મન મુકીને મોજ માણી રહી છે. છતાં સત્તા તો શાણપણથી સમજાવે છે કે બધું સમૂ-સૂતરું છે. પણ ટમેટાએ ત્રિભેટે લાવીને મુકી દીધા છે, ને તે રાતુચોળ થઈને રમે છે અને રમાડે છે. તેલ તડાકા મારે છે, રાજ-રમત સામે રિહાણું છે અને ગરીબોથી ભિહાણું છે. સામાજિક વ્યવસ્થા થોડી વગોવાણી છે તેથી કિલ્લોલ કરતી કુમળી કળીઓ(નાની બાલિકાઓ) કળિયુગના કપાતરોના હાથે હણાઈ રહી છે.

**સંવેદનાની સરવાણી સુકાણી,**
**કુમળી કળીઓની વસમી વિદાયથી,**
**ઘરે ઘરે પોકુ મુકાણી.**

શુભ અને સરાહનીય કાર્યો પણ થઈ રહ્યા છે. રાજકોટની વાત કરીએ તો એઈમ્સ આવી, ઈન્ટરનેશનલ એરપોર્ટ આવ્યું, ઓવરબ્રિજ, અંડરબ્રિજ બન્યા. ૬ નવી ટ્રેઈન રાજકોટ સુબી લંબાવી. અટલ સરોવર બની રહ્યું છે. વિશાળ પાયે વૃક્ષારોપણ, ઉછેરણ, સદ્‌ભાવના સાથે થયા. માનવતાના કાર્યોમાં થેલેસેમિયા પિડિત બાળકો, વૃદ્ધો, વડીલો અને જરૂરિયાતમંદ દર્દીઓને દયાળુઓ અને સામાજિક સેવા સંસ્થાઓના સહિયારા (એનજીઓ) પ્રયત્નોથી થઈ રહી છે જેને દિલેદાર દાતાઓએ ક્યારેય સરવાણીને ડૂકવા કે રૂકવા દેતા નથી જેની નોંધ લેવી જ રહી.

આ સાથે સોનલમા ટ્રસ્ટ, રાજકોટ પુરા ૧૫ વર્ષ બાદ રાજકોટમાં રહેતા સમાજના પરિવારોની એડ્રેસની ડિરેકટરીની બીજી આવૃત્તિ બહાર પાડી રહી છે. આવી તો અનેક આવકારદાયક પ્રવૃત્તિઓનો પણ આપણે પોરહ લઈ શકીએ તેમ છીએ.

સોનલમા શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે તેની ઉજવણીની તૈયારીઓના વાયક મઢડાથી મિટિંગમાં પ્રાથમિક આયોજનોના મોકલાઈ રહ્યા છે, પવિત્ર પુરુષોતમ મહિનો પુરો થયો. ૨૦૨૪નું વર્ષ લોકશાહી દેશના મહાપર્વ સમા ચૂંટણીના પડઘમ સંભળાવતું આવી રહ્યું છે. હમણાં શ્રાવણ મહિનો, તહેવારો, મેળાઓ, રક્ષાબંધન, પર્યુષણ પર્વ, માનવ મહેરામણથી ઉભરાતા મેળાઓ અને નવરાત્રિના મા ની આરાધનાના પર્વને આવકારીએ. અંક-૫૦/૫૧ જેને આપ સહુ વાચકોએ હરખભેર આવકાર્યો તેના બહાર પડયાના લાંબા વિશ્રામ બાદ ભરપૂર ચોમાસાની ઋતુને માણીને મળી રહ્યા છીએ ત્યારે રાજુલભાઈ સંપાદનને વર્ષાઋતુની સોડમભરી સુગંધ સાથે માણીએ અને ૨૦૨૪ના જાન્યુઆરી ૧૧,૧૨,૧૩ પોષ સુદ બીજની ઉજવણીના અવસરે આનંદ ઉલ્લાસ સાથે આવકારીને ફરી મળીશું.

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

•••

**જયાં પારકાની ચર્ચા થતી હોય એવી મહેફિલથી દૂર જ રહેજો, કારણ કે જેવા તમે નીકળશો એવા તમે પણ પારકા થઈ જશો.**

**જીવનમાં ખરેખર શાંતિ જોઈતી હોય તો એક વાસ્તવિકતાને સ્વીકારી લ્યો દુનિયા આપણી ઈચ્છા પ્રમાણે નથી ચાલવાની.**

# ઊડે તેજનો ગુલાલ

• રાજુલ દવે (સંપાદકીય)

પાંચ મહિનાના અંતરાલ પછી વાચકો સાથેનો દોર સંધાય છે. 'ચારણ સંસ્કૃતિ'નો સંયુકત અંક(૫૦-૫૧) ગત મે મહિનાના આરંભમાં પ્રકાશિત થયો હતો. દળદાર અંક વાંચીને અનેક વાચકો-શુભેચ્છકોએ મોબાઈલના માધ્યમથી અમને અભિનંદન આપ્યા હતા. 'ચારણ સંસ્કૃતિ'નો તે સંયુકત અંક અને દરેક અંક, ટીમવર્કનું પરિણામ છે. આપણા એક દુહામાં કહેવાયું છે –

**બહુજન મળીને જે કરે, તે જુદે નવ થાય;**
**સાવરણી ઘર સજજ કરે, સળીઓથી શું થાય?**

સંયુકત અંકને વધાવનાર, તેમાં આર્થિક સહયોગ આપનાર સૌના અમે આભારી છીએ.

ooo

જેમ દર ચાર વરસે ફેબ્રુઆરી મહિનામાં એક દિવસ વધારે આવે, જેને આપણે 'લીપ ઈયર' કહીએ છીએ, તે રીતે દર ત્રણ વર્ષે ભારતીય પંચાંગમાં અધિક માસ આવે છે. સૌર વર્ષ અને ચંદ્ર વર્ષ, બન્ને વચ્ચે સમતોલન સાધવા અધિક માસની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં વર્ષ ૩૬૫ દિવસને બદલે ૩૮૪ થી ૩૮૬ દિવસોનું હોય છે. કયો માસ અધિક રાખવો તેનું જયોતિષમાં અલગ શાસ્ત્ર અને ગણિત છે. શ્રાવણ મહિનો એટલે શિવ ઉપાસનાનો માસ અને અધિક એટલે પુરુષોત્તમ માસ એટલે વિષ્ણુપૂજા માટેનો મહિનો. ભારતમાં હરિ અને હરની પૂજાનું ખૂબ મહત્ત્વ છે. શિવ એટલે સૃષ્ટિનો આધાર અને વિષ્ણુ એટલે જીવન માટેની ઉર્જા. જીવનમાં ઉત્તમ ઊર્જા પ્રાપ્ત કરવા માટે પુરુષોત્તમ મહિનાનું આયોજન થયું છે. અધિક શ્રાવણ મહિનો ૧૯ વર્ષ પછી આવ્યો હતો. ભગવાન શંકર વ્યાઘ્રચર્મ પહેરે છે અને ભગવાન વિષ્ણુ પીળા પિતાંબરધારી છે. ભગવાન શંકર કૈલાસ પર્વત પર અને ભગવાન વિષ્ણુ ક્ષીરસાગર (સમૂદ્ર)માં વસે છે. પુરુષોત્તમ મહિનામાં ભગવાન વિષ્ણુ અને શ્રાવણમાં ભગવાન ભોળાનાથની આરાધના શ્રદ્ધાપૂર્વક ભકતોએ કરી. અધિક મહિનાને કારણે આ વર્ષે ચાતુર્માસ પણ પાંચ મહિનાના છે. નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં દેવઊઠી એકાદશી સાથે ચાતુર્માસ સંપન્ન થશે.

પુરુષોત્તમ માસના અધિષ્ઠાતા કૃષ્ણ પરમાત્મા છે. સંસારમાં જન્મ ધારણ કરીને માનવ પોતાને સુપ્રત થયેલા કર્મોમાં પ્રવૃત્ત રહે છે. ઈશ્વરને નિ:સ્વાર્થભાવે યાદ કરવા તેને સમય મળતો નથી. આપણા ઋષિ-મુનિઓએ માનવને પ્રભુનું કાર્ય કરવા પ્રેરિત કરવા અધિક સમયનું આયોજન કર્યું છે. આપણા દરેક તહેવારો પાછળ સૂક્ષ્મ દૃષ્ટિ અને કોઈ સંદેશ રહેલો છે. પુરુષોત્તમ માસ એટલે કૃષ્ણભકિતથી કૃષ્ણને પામવાનો સમય.

'ભગવદ્ ગીતા'માં ભગવાન કૃષ્ણે કીધું છે – મને સેવક પ્રિય છે. પુરૂરુષોત્તમ માસની દરેક તિથિનાં વ્રત માનવીમાં જુદા-જુદાં સાત્ત્વિક તત્ત્વોનું સિંચન કરે છે એમ 'બૃહદ્નારદીય પુરાણ'માં કહેવામાં આવ્યું છે. *(જે મનુષ્ય અઢારે પુરાણોનાં નામોનો નિત્ય પાઠ કરે અથવા જપ કરે તેને અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફળ મળે તેવું શાસ્ત્ર કથન છે.)*

જે સ્થાન સંન્યાસ વડે પ્રાપ્ત કરી શકાય તે જ સ્થાન સંસારમાં રહીને જવાબદારી નિભાવતા જઈને, ભકિતપૂર્વક કરેલાં કર્મોથી પણ પ્રાપ્ત થઈ શકે છે. આગામી પુરૂષોત્તમ માસ હવે ૨૦૨૬ના વર્ષમાં જેઠ મહિનો આવશે, જે તા.૧૭ /૫/૨૦૨૬થી આરંભાશે, તેમ પંચાંગ જણાવે છે.

ooo

૨૩મી ઓગસ્ટના દિવસે ભારતનું ચંદ્રયાન ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર ઊતર્યું. ચંદ્રના આ વિસ્તારમાં ઉતરાણ કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.પૃથ્વીથી સૌથી નજીકનો એ ઉપગ્રહ, એથી અનેક રીતે એનાથી સંબંધ કેળવાયો. નિકટતાને કારણે માનવીને ચંદ્રનું આકર્ષણ અન્ય કોઈપણ બ્રહ્માંડીય પદાર્થો કરતાં વિશેષ રહ્યું છે.

ચંદ્રની ખુશનુમા ખૂબસૂરતીથી ચંદ્રની ચંદ્રિકા બનાવીને પ્રેમ કેળવ્યો, માનવી મુગ્ધ બન્યો, વિરહિણી વ્યાકુળ બની. કવિઓની કવિતાની એ કલ્પના બન્યો, બાળકોના પ્યારા 'ચાંદામામા' બન્યા, જયોતિષીઓના જોષનું સાધન બન્યો, નાવિકોનો માર્ગદર્શક અને ખગોળશાસ્ત્રીઓ માટે સંશોધનનો વિષય બન્યો.

માનવી જયાંથી આવ્યો છે ત્યાં પહોંચવા માટે બે રીતે પ્રયત્ન કરી રહેલ છેઃ એક આધ્યાત્મિક રીતે અને બીજું વૈજ્ઞાનિક રીતે. અત્યારે તો માનવી ચંદ્ર સુધી પહોંચી શકયો છે, પણ માનવજાતનાં દુઃખ દર્દોનાં મૂળ સુધી નથી પહોંચી શકયો. માનવી જો પોતાની પ્રકૃતિ ઉપર વિજય નહીં મેળવી શકે તો એનો પ્રકૃતિ(કુદરત) ઉપરનો વિજય હોનારત સર્જશે, જેના ઉદાહરણ આ વર્ષના ચોમાસામાં હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભરપૂર જોવા મળ્યા છે. મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને કહેલું કે– *'માનવી અણુ અને પરમાણુનું વિભાજન કરવામાં સક્ષમ બન્યો, પણ પોતાના પૂર્વગ્રહોનું નિવારણ કરી શકતો નથી.'*

અનેક પૌરાણિક કથાઓ ચંદ્ર વિશે ચાલે છે : ચંદ્રનો(સોમ) ક્ષય થયો વગેરે. ચંદ્રમાં સસલા જેવું રૂપ દેખાતાં તેને શશાંક કહેવામાં આવ્યો છે. બુદ્ધ ભગવાનની જાતક કથાઓમાં પણ આ સસલાની કથા આવે છે. રાજા રાવણને ઢોલિયે નવેય ગ્રહો બાંધ્યા હતા કે નહિ એ તો કવિ કલ્પનાનો વિષય છે.

પરંતુ ચંદ્રને તો પૃથ્વીના ઢોલિયાને પાયે બાંધવામાં આવ્યો છે. *(ચંદ્ર ઉપર જમીનનું વેચાણ થાય છે તેવો પ્રચાર છેતરપિંડીના એક કીમિયા તરીકે અમુક લેભાગુ તત્ત્વોએ અપનાવ્યો છે.)* ભારતનો આ અવકાશી વિજય તેમજ વૈજ્ઞાનિક સિદ્ધિ ભારતની ધર્મભીરુ, અંધશ્રદ્ધાળુ અને વિભાજિત જનતાનાં બુદ્ધિ આડેનાં, એના ભાવિ વિકાસ આડેનાં બંધનો પણ તોડે એવી આશા રાખીએ. અન્યથા ભારતના ઉત્થાનની એક પણ યોજના સફળ નહીં થાય અને પ્રજા સ્વાવલંબી બનવાને બદલે વધારે ને વધારે પરાવલંબી તેમજ સરકારલંબી બનતી જશે. અત્યારે તો સત્તાની સાઠમારીમાં દેશ સમક્ષના પ્રશ્નો ન ઊકલવા દેવાના જ પ્રયાસો થાય છે, જેથી એકબીજાને દેશની પ્રજા સમક્ષ ભૂંડા લગાડી શકાય.

૦૦૦

ગત જૂન અને જુલાઈ મહિના વરસાદથી ભરપૂર રહ્યા. એમાં પણ જુલાઈ મહિનાએ વરસાદના અગાઉના રેકર્ડ તોડયા હતા. ઓગસ્ટથી ભારતના મોટા ભાગના વિસ્તારોમાં વાતાવરણ સૂકું રહેવા લાગ્યું. ઓગસ્ટ મહિનાની આખરે આ લખાઈ રહ્યું છે ત્યારે હવામાન શાસ્ત્રીઓએ મહિનો સૂકો(એટલે કે વરસાદ વિહીન) રહેવા માટે ચિંતા વ્યકત કરી છે અને સપ્ટેમ્બર મહિનામાં પણ વરસાદની ખાધ રહેવાનું પૂર્વાનુમાન બાંધ્યું છે. ભારતીય ઉપખંડનું ચોમાસું વરસાદની ખાધ સાથે સમાપ્ત થશે એવી આગાહી કરવામાં આવી છે. આશા રાખીએ, આગાહી ખોટી ઠરે અને સપ્ટેમ્બર/ઓકટોબરમાં મેઘરાજા પ્રજાને આનંદિત બનાવીને વિદાય લે. નબળા ચોમાસાની અસર ભારતના અર્થતંત્ર ઉપર વિપરિત થાય છે, મોંઘવારીનો માર બેવડાય છે અને સરેરાશ વ્યકિત માટે બે છેડા ભેગા કરવા મુશ્કેલ બને છે.

૦૦૦

દેશમાં કોઈ પ્રકારનું નિયંત્રણ ન હોય અથવા કોઈ કોઈનું માનતું ન હોય એવા પ્રકારની સ્થિતિ સામાન્ય બની ગઈ છે. અખબારોના સમાચારો તેની ગવાહી આપશે. ડાકોરમાં રણછોડરાયજીના મંદિરમાં ટિકિટ લઈને દર્શન કરવાની વ્યવસ્થા ઊભી કરાઈ છે. *(ભારતના કેટલાક મંદિરોમાં આ પ્રકારની પદ્ધતિ અમલમાં છે)* જેમાં નિશ્ચિત રકમ આપનાર વ્યકિતને દર્શનમાં અગ્રતા અપાય છે. કટાક્ષ કાવ્યો માટે જાણીતા કવિ કૃષ્ણ દવેએ આ નિર્ણય ઉપર લખેલી કવિતા વાંચીએ : **હિબકે ચડયા છે ઠાકોર !**

**પાંચસોની નોટ લઈ દર્શનને**
**વેચવાની કળા કરે છે કયો મોર ?**
**હિબકે ચડયા છે ઠાકોર !**
**હેતે હંકારીને ગાડે બેસાડી મને**
**લાવ્યા'તા ભગત બોડાણા,**
**નિરાંતે ગામને હું દર્શન દેતો'તો**
**એમાં તમને કાં નાણાં દેખાણા ?**
**મનમાં બેઠો છે ચોર એટલે તો**
**શ્રાવણના દિવસો પણ કોરાધાકોર !**
**હિબકે ચડયા છે ઠાકોર !**

ooo

અંક નંબર બાવનની સામગ્રી ઉપર આવીએ. મેઘાણીભાઈ, રાજકોટ આકાશવાણી કેન્દ્ર અને હેમુભાઈ અંગે વી.એસ. ગઢવીએ માહિતી આપી છે. પુષ્પદાનભાઈએ ફાજલ રહેતા સમયમાં લખવાનું શરૂ કર્યું એ આનંદની વાત છે. તેમની આ પારિવારિક પરંપરા છે. સંયુકત અંકમાં તેમનો લેખ આપણે વાંચ્યો હતો. આ અંકમાં પણ આઈ વરવડીજી બારામાં તેઓ માહિતી આપે છે. ઈસુભાઈ ગઢવીએ દુલાભાઈ કાગની કવિતાઓની રસાળ છણાવટ કરી છે. શુકદેવભાઈ અને ઘનશ્યામભાઈએ ચારણ સમાજના બે સબળ વ્યકિતત્વો અંગે આલેખન કર્યું છે. સંત સાહિત્યના અભ્યાસી ડો.નિરંજન રાજયગુરૂએ ભકત પીપાજી અને તેમની પરંપરા અંગે ચિતાર આપ્યો છે. ચંડીદાન ગઢવી નવલિકા અને ભૂપેન્દ્રભાઈ દવે માહિતીપ્રદ લેખ લઈને આવ્યા છે. મહેરબાનભાઈએ જીવનનાં પાછલા વર્ષોમાં પત્નીનું મહત્ત્વ સમજાવ્યું છે. નરસંગભાઈ ઠાકરિયા અને વિનોદભાઈ મકવાણાના લેખો વાચકોને ગમશે. ડો.હરીશ રાબાએ આહાર અને સ્વાસ્થ્ય અંગે જાણકારી આપી છે. રામભાઈ જામંગે 'અમીરસ ઈતિહાસનો'માં રાજકોટ હવાઈ મથકની માહિતી હાથવગી કરેલ છે.

વાચકોના પ્રતિભાવો, મળવા જેવા માનવી, કવિતાઓ, લગ્ન વિષયક, સમાચાર વિભાગ અને તેજસ્વી વિદ્યાર્થીઓ જેવા કાયમી વિભાગો તો ખરા જ. કેટલીક નોંધપાત્ર ઘટનાઓને અંકમાં અલગ સમાવવામાં આવી છે. અમારી આ સઘળી મહેનતને વાચકો આવકારશે.

ooo

અંક વાચકોના હાથમાં આવશે ત્યારે ઓકટોબર મહિનામાં શ્રાદ્ધપક્ષ ચાલતો હશે. એ પછી નવરાત્રિ,દશેરા અને દિવાળીની પર્વશૃંખલા આવશે. ગાંધીજયંતી(બીજી ઓકટોબર) પણ આ દિવસોમાં આવશે. તેર મહિનાનું સંવત ૨૦૭૯નું વર્ષ જોતજોતામાં નવેમ્બર મહિનામાં પૂરું પણ થઈ જશે અને તેજનો ગુલાલ ઊડાડતા સંવત ૨૦૮૦નો અરૂણોદય આપણે જોશું.

કરસનદાસ માણેકે લખ્યું છે :

**સખે ! કલ્યાણકારીની દુર્ગતિ ના થતી કદી,**
**વાવિયાં પ્રેમનાં બીજ, ઊગવાનાં જ એક દી.**

નવા વર્ષના સબરસને આવકારતી સંસ્કૃતમાં પ્રાર્થના છેઃ

**વર્ષ નૂતનમ્ તે શુભં મુદમ્,**
**ઉત્તરોત્તરમ્ ભવતુ રિદ્ધિદમ્**
**ક્ષણં પ્રતિક્ષણમ્ યજાવંનવમ,**
**તત્ ચ સુંદરમ સત્ ચ તત્ શિવમ્.**

'ચારણ સંસ્કૃતિ' સામયિક સર્વને સંવત ૨૦૮૦ના આગામી વર્ષની શુભેચ્છા પાઠવે છે.

(૯૪૨૬૨ ૨૯૫૧૭)

## પ્રતિભાવ

તંત્રીશ્રી,

આપે આપેલ પુસ્તક ભેટ 'ચારણ સંસ્કૃતિના સ્વજનો' તેમાં કાઠિયાવાડમાં કોકદી' ભૂલો પડ ભગવાન લેખ વાંચ્યો. રુંવાડા ઊભા થઈ જાય તેવો લેખ છે. જયમલ્લભાઈ પરમાર(સંકલન રાજુલ દવે) ભગવાનને પણ ઠપકો દીધો છે. આવા ભગત હોય છે !

હડસેલા હજાર, પેટ સારુ ખાવા પડે;
દિયો તો અન્નદાતાર, સૂઝે ભગતી શામળા.

'પોતાવટ પાળવાવાળી' – વી.એસ. ગઢવી, 'હાજર છે હિંગોળ' – દિનેશભાઈ માવલ, 'જીવતે જીવ આંખોના દાન જગદંબા જ કરી શકે' – ઘનશ્યામ ગઢવી, 'આઈ પરંપરાનું ઊજળું ખોળિયું હાંસબાઈમા' – નરેન્દ્ર ઝીબા, 'પ્રથમ અંક સમયે : પ્રસ્તાવના – ટ્રસ્ટી સ્થાનેથી...

ચારણ સંસ્કૃતિના સર્વે ટ્રસ્ટીને અનેક ધન્યવાદ.

– **જોરૂભા એમ. જોગડા, રાજકોટ**, ૯૮૨૪૫ ૮૯૬૮૦

ooo

તંત્રીશ્રી,

સ્વાસ્થ્યની જાગૃતિ લાવવા માટે આપણા સમાજમાં ઘણાં તજજ્ઞ ડોકટરો છે, તો તેમના દ્વારા દર અંકમાં એકાદ બીમારીને લગતી માહિતી આપતો લેખ પ્રત્યેક અંકમાં સમાવી લેવો જરૂરી છે.

આ સિવાય સમગ્ર વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓએ અભ્યાસ ક્ષેત્રે સારા પરિણામથી ડીગ્રીઓ પ્રાપ્ત કરી હોય તથા સમગ્ર સમાજમાંથી કલાસ–વન કે કલાસ–ટુ ના પદ પર નિયુકિત મેળવી હોય તથા ઔદ્યોગિક ક્ષેત્રે પણ સારી સફળતા પ્રાપ્ત કરી હોય તેવી વ્યકિતઓ કે જે સમાજની ભાવિ પેઢીના ઘડવૈયા છે એમને એક મંચ પર બોલાવી તેમનું સામાજિક સન્માન કરી એમને યોગ્ય રીતે પુરસ્કૃત કરવામાં આવે તો યુવા પેઢીને પ્રોત્સાહિત કરશે.

ચારણ સંસ્કૃતિના જતનની સાથે સાથે આવી સામાજિક પ્રવૃત્તિઓ કરવી એ પણ આજના સમયની માગ છે, તેમ મારું માનવું છે.

– **જબરદાન નારાયણજી ગઢવી**

(સંસ્થાપક–ગઢવી સમાજ કન્યા છાત્રાલય, આદિપુર),૯૮૭૯૫ ૦૭૦૧૫

ooo

તંત્રીશ્રી,

'ચારણ સંસ્કૃતિ' વિશેષાંક–૫૦ મળેલ છે. આ વિશેષાંકની કામગીરીમાં પુરુષાર્થ કરનાર આપના સહિત સર્વેને મારા હાર્દિક અભિનંદન તથા શુભેચ્છા.

આ મેગેઝિન સમાજ માટે ઉપયોગી છે.

– **નરસંગભાઈ ઠાકરિયા, સુરત**, ૯૪૨૬૩ ૬૨૨૫૩

ooo

ચારણ સંસ્કૃતિ-૫૦મા વિશેષાંકમાં સમાવિષ્ટ લેખોનું વાંચન-મનન-ચિંતન કરતા સત્સંગ કર્યાની અનુભૂતિ થયેલ છે. બિનું સત્સંગ વિવેક ન હોઈ આમ સહવાંચનથી આપણને જીવનમાં સારા-નરસાનો વિવેક પ્રાપ્ત થાય છે.

મનુષ્યની અંદર જન્મથી જ કામ, ક્રોધ અને લોભ જેવા દુર્ગુણો રહેલા છે. મનુષ્ય જીવનની સાર્થકતા આ ત્રણ દુર્ગુણો પર વિજય મેળવવાનો છે ? આ અશકય નથી, પણ આ માટે જીવનની દિશા-દષ્ટિકોણ બદલવાનો છે. જેમકે, કોઈ સારી વસ્તુની કામના કરી શકાય, આપણામાં રહેલ દુર્ગુણ પર ક્રોધ કરી કાબૂ મેળવી શકાય. લોભ હંમેશાં સતકર્મો, સેવા, સદવિચાર, સત્ય, શાંતિ વિગેરેમાં કરીએ તો આપણું જીવન દીપી ઉઠે.

પૂ.મોરારિબાપુ આ ત્રણ દુર્ગુણોને ત્રણ કાળની ઉપમા આપે છે. કામવૃત્તિ એ વર્તમાન છે. ક્રોધ એ કોઈ ઘટના બની ગયા પછીનું પરિણામ છે. આથી ભૂતકાળ વ્યકિત પોતાના ભાવિ સુખમય જીવન માટે લોભ કરતો હોય છે. આથી ભવિષ્ય કાળ છે. આ ત્રણેય દુર્ગુણો પર કાબૂ મેળવવાનો કોઈ રામ બાણ ઈલાજ હોય તો તે છે વર્તમાનમાં જીવીએ. દરેક કાર્યને રામકાર્ય સમજી, રામસ્મરણ સાથે કરીએ તો ચોક્કસ, આ ત્રણ દુર્ગુણો પર વિજય મેળવી શકીએ.

આથી આ અંકના પાના-૫૬ પર પ્રસિદ્ધ થયેલ રચનામાં લોકસાહિત્યના મર્મીશ્રી પિંગળશી બાપુ કહે છે-

**હરતાં ફરતાં હરિ સમરવા, કદી ન આળસ કરવાનું**
**રામ ભજન વિણ, લખ ચોરાસી ફેરા માટે નહીં ફરવાનું.**

અમારા વડીલ-માર્ગદર્શક-સન્માનનીયશ્રી રામભાઈ છેલ્લા દસ વર્ષથી સમાજ ઉપયોગી વાતો સમાજ સમક્ષ આ મેગેઝિન દ્વારા મુકે છે તે માટે વંદનને પાત્ર છે. તેમની આ યાત્રા અવિરત ચાલુ રહે તેવી મર્યાદા પુરુષોતમ શ્રીરામના ચરણોમાં હૃદયપૂર્વકની પ્રાર્થના સાથે જય સીયારામ.

– **ભનાભાઈ ગોળવાળા,** ટ્રસ્ટી હોસ્પિટલ સેવા મંડળ, રાજકોટ(૯૪૨૭૯ ૧૩૯૩૧)

OOO

## –– અંક–૫૦/૫૧ – સુધારીને વાંચવું ––

- પા.નં.૧૬ – સારુ પણ સંક્ષિપ્ત વિભાગમાં ૨૯ દીકરીઓના લગ્નમાં સમૂહ લગ્નમાં શ્રી ચારણ(ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટ રાજકોટ વાંચવુ.
- પા.નં.૬૮ – આ લેખમાં ફોટામાં કાગબાપુ સાથે જયભિખ્ખુ છે.
- પા.નં.૭૦ – પદ્મશ્રીનો એવોર્ડ દાદબાપુના સુપુત્ર વિષ્ણુદાન સ્વીકારે છે.
- પા.નં.૧૦૬ – ચારણ અંકને વધાયુ,કર્તા ભગવતદાન માત્રાભાઈ સુરૂ વાંચવુ.
- પા.નં.૧૪૬ – ચારણ જ્ઞાતિનું ગૌરવમાં શ્રી જીજ્ઞેશ ધનરાજભા બાવડા વાંચવુ.
- પા.નં.૧૪૮ – સુવાકય 'રિફીલ' વાંચવુ.
- પા.નં.૧૬૬ – લગ્ન વિષયકમાં ક્રમાંક-૧૭ અધિકૃત ન હોય તેથી ડીલીટ કરવું.

## આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,રાજકોટ
## આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી(રૂા.૧૦૦૦/– ઉપર)

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ○ શ્રી પ્રગતિ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.,રાજકોટ | ૧૫૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૦૯૦ |
| ○ પાર્થ મંડપ સર્વિસ / પાર્થ ફેબ્રીકેશન,રાજકોટ (શ્રી રવુભા કરશનભા ઘાંઘણીયા) | ૫૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૧૦૧ |
| ○ જય સોમનાથ મંડપ સર્વિસ/લાઈટ ડેકોરેશન,રાજકોટ | ૫૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૧૦૨ |
| ○ જે.પટેલ એન્ડ એશોસીએટ્સ,રાજકોટ | ૫૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૧૦૬ |
| ○ વિનાયક ડીઝાઈન એન્ડ કન્સલટન્ટ,રાજકોટ | ૫૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૧૦૭ |
| ○ શિવશકિત ટ્રેડર્સ, રાજકોટ | ૫૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૧૦૮ |
| ○ ખોડીયાર આર્કિટેકટ, રાજકોટ | ૫૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૧૦૯ |
| ○ શ્રી અશ્વિનભાઈ લાંબા, રાજકોટ | ૧૦૦૦-૦૦ | જા.ખ. | ૪૧૧૭ |
| ○ વેલનેશ હેલ્થકેર, રાજકોટ | ૪૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૧૧૮ |
| ○ શ્રી કનુભાઈ ઘનશ્યામભાઈ લાંબા, રાજકોટ | ૪૦૦૦-૦૦ | જા.ખ.શુભેચ્છા | ૪૧૨૧ |
| ○ સ્વ.કુંવરબેન પુનાભાઈ જોગડા(હઃજોરૂભા જોગડા,રાજકોટ) | ૨૫૦૨-૦૦ | જ.પરિવાર | ૧૭૬૫ |
| ○ આપણાં એક સદ્ગૃહસ્ત તરફથી-સોનલમા સહાય | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૬૬ |
| ○ આપણી એક સદ્ગૃહિણી તરફથી-સોનલમા સહાય | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૬૭ |
| ○ શ્રી મનસુખભાઈ જી. ગઢવી, અમદાવાદ | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૬૮ |
| ○ શ્રી જે.બી. ગઢવી, રાજકોટ(એસીપી,ટ્રાફિક) | ૧૦૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૬૯ |
| ○ શ્રી નીતુભાઈ ઝીબા, ટ્રસ્ટીશ્રી રાજકોટ | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૦ |
| ○ શ્રી હેમુભાઈ પરબતભાઈ બાવડા,રાજકોટ | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૧ |
| ○ શ્રી વિહળભાઈ પુનાભાઈ ભાંસળીયા,રાજકોટ | ૨૫૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૨ |
| ○ શ્રીમતિ જસોદાબેન કરમશીભાઈ માલા,રાજકોટ | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૩ |
| ○ આઈશ્રી કંકુકેશરમા(હઃમુનાભાઈ અમોતીયા,રાજકોટ) | ૫૧૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૪ |
| ○ સ્વ.નારણભા કે.ઘાંઘણીયા/ સ્વ.મીરાબેન એ. ઘાંઘણીયા (હઃરવુભા કરશનભા ઘાંઘણીયા,રાજકોટ) | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૫ |
| ○ ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટ | ૧૮૬૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૬ |
| ○ સ્વ.વાલાભા વીરાભા નૈયા(હઃરાજેશ નૈયા,રાજકોટ) | ૨૫૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૭ |
| ○ શ્રી પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી, રાજકોટ | ૭૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૭૮/૭૯ |
| ○ સ્વ.ઉમેદભાઈ ભારૈયા (હઃમયુર/મહેશ લાંબા,રાજકોટ) | ૩૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૦ |
| ○ સ્વ.બાબભા નારણભા બાટી(હઃકનુભા/સુખદેવભા,રાજકોટ) | ૫૧૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૧ |
| ○ સ્વ.જસુબેન પ્રવીણભાઈ લાંબા(હઃપ્રવીણભાઈ લાંબા, જામનગર) | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૨ |

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ○ શ્રી અંબાદાન ખીમરાજભાઈ રોહડિયા,ટ્રસ્ટીશ્રી રાજકોટ | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૩ |
| ○ મહેશ્વરીબેન બળવંતભાઈ ગઢવી,ગાંધીનગર | ૧૦૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૪ |
| ○ આઈશ્રી કંકુકેશરમા(હઃકનુભાઈ વીકલ,રાજકોટ) | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૫ |
| ○ આઈશ્રી સોનલ ચારણ ગઢવી સમાજ(હઃલાભુભાઈ જામંગ,વાવડીખુર્દ) | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૬ |
| ○ સીમોનબેન એમ.નૈયા(હઃસંજયભાઈ જામંગ,રાજકોટ) | ૧૦૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૭ |
| ○ સ્વ.ચંદુબા જીલુદાન મહેડુ(હઃરણજીતભાઈ, રાજકોટ) | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૮ |
| ○ શ્રી ભૂપતભાઈ નાથુભાઈ ગોરવીયાળા | ૭૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૮૯ |
| ○ સ્વ.રાયદેભાઈ પીઠાભાઈ સુરુ(હઃઅજીતદાન સુરુ,રાજકોટ) | ૫૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૭૯૦ |
| ○ શ્રી સંજયભાઈ જીલુભાઈ ધોલીયા,સુત્રાપાડા | ૧૦૦૧-૦૦ | શુભેચ્છા ભેટ | ૧૮૫૪ |
| ○ સ્વ.રાણબાઈ ગોવિંદભાઈ લાંબા, રાજકોટ (હઃદેવસુરભાઈ/પ્રવીણભાઈ/જયસુખભાઈ/રમેશભાઈ લાંબા,રાજકોટ) | ૨૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૮૫૯ |
| ○ શ્રી કિશનકુમાર જયદેવભાઈ નૈયા, લુણાગરી | ૧૧૦૦-૦૦ | શુભેચ્છા ભેટ | ૧૮૬૬ |
| ○ શ્રી નિતીનભાઈ રામભાઈ લાંબા, રાજકોટ | ૧૧૦૦-૦૦ | શુભેચ્છા ભેટ | ૧૮૬૮ |

**હિસાબી સંકલન : શ્રી યોગેશભાઈ પારેખ(એકાઉન્ટન્ટ)**(૯૯૭૮૪ ૪૨૭૬૫)

## ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટ
## આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ○ શ્રી રસીકભાઈ વી. ઠાકરિયા, લંડન | ૫૦૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૬૫ |
| ○ શ્રી કનુભાઈ દેવસુરભાઈ, લંડન | ૨૫૬૫૦-૦૦ | જ.પરિવાર | ૧૬૬ |
| ○ શ્રીમતી ગીતાબેન એચ. ઠાકરિયા, લંડન (જયદેવભાઈના સ્મરણાર્થે) | ૧૧૦૦૦-૦૦ | જ.પરિવાર | ૧૬૪ |

**- સંકલન : શ્રી યોગેશભાઈ પારેખ(એકાઉન્ટન્ટ)**(૯૯૭૮૪ ૪૨૭૬૫)
**શ્રી ચંદુભાઈ સાબા(પ્રમુખ)**(૮૧૨૮૮ ૮૨૭૭૫)

**–– ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટની પ્રવૃત્તિઓ ––**

- મેડિકલ કેમ્પનું સર્વજ્ઞાતિય વિનામૂલ્યે આયોજન સૌરાષ્ટ્ર-કચ્છમાં અંતરિયાળ ગામડાઓમાં કરવામાં આવે છે તેમજ બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ સહાય.
- સૌરાષ્ટ્રના ઉચ્ચ અભ્યાસ કરતા સ્કોલર વિદ્યાર્થીઓ તથા અતિ જરૂરિયાતમંદ અને હેન્ડીકેપ વિદ્યાર્થીઓને સ્કોલરશિપનું વિતરણ.
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળી/ સાતમ -આઠમના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈના વિતરણમાં સહયોગ.
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ તેમજ આર્થિક સહાય.
- કારકિર્દી ઘડતરના ટ્રેનીંગ કલાસમાં યુવાનોને સહયોગી બનવું.

# મેઘાણી, આકાશવાણી અને હેમુ ગઢવી

• વી.એસ. ગઢવી

નાના એવા બગવદર ગામમાં એક અનોખા અને રસપ્રદ પ્રસંગના એંધાણ મળે છે. બગવદરના મેરાણી ઢેલીબેનને ત્યાં અને ગામ સમસ્તમાં એક ઈંતેજારીનો તથા ઉત્સુકતાનો માહોલ ઊભો થયો છે. મેઘાણી જેવા મહેમાન ઢેલીબેનને ત્યાં આવીને ઉતર્યા છે. 'ધોળા ધોળા લૂગડામાં મોટી મોટી આંખો વાળા' મેમાનને જોઈને જ આવકાર દેવાનું મન થાય તેવી પ્રતીતિ ઢેલીબેનને થઈ છે. ઢેલીબેન તેમના મીઠા કંઠે અસલ ઢાળમાં લોકગીતો ગાતા જાય અને મહેમાન સ્ફૂર્તિથી પોતાની નોંધપોથીમાં આ ગીતો ટપકાવતા જાય. ગાયા સિવાય ઢેલીબેનને ગીતોના શબ્દો સૂઝે નહિ એટલે ગાતા જાય અને મેઘાણી પૂરી પ્રસન્નતા સાથે આ ગીતો ઝીલતા જાય. સ્વાન્તઃ સુખાયનો કેવો મોટો અનુભવ આ બન્ને સાહિત્યના જીવોને થયો હશે? પરંતુ હવે મહેમાન જમવા બેસે છે એ પ્રસંગ તો ઢેલીબેનના શબ્દોમાં સાંભળવો વિશેષ ગમે તેવો છે.

'(મેઘાણીભાઈ) જમવા બેઠા. મહેમાન માટે રિવાજ પ્રમાણે પાટલો ઢાળ્યો હતો પણ આ મહેમાન પાટલે ન બેઠા! હું ચૂલા પાસે નીચે બેસીને રોટલા ઘડતી હતી તેથી પોતે પણ પાટલો ખસેડીને ભોંય પર બેઠા. પાટલા પર બેસવાનો આગ્રહ કર્યો તો કહે : રોટલા ઘડનાર નીચે બેસે અને ખાનાર ઊંચે – પાટલા ઉપર બેસે એ કયાંનો ન્યાય?' શ્રી નરોત્તમભાઈ પલાણ ઢેલીબેનની રુબરુ મુલાકાતનો સંદર્ભ આપીને લખે છે : 'વયોવૃદ્ધ ઢેલીબેનની આંખમાંથી મેઘાણીભાઈની જીવંત તસવીર મેં પીધી!' વર્ષો પછી પોતાના મોંઘેરા મહેમાનને યાદ કરી ઢેલીબેન ભાવવિભોર થયા હતા.

લોકસાહિત્યને મેઘાણી જેવા ઋજુ હૃદયના સંશોધક મળ્યા તે સાહિત્યનો એક વિરલ તથા સુખદ યોગાનુયોગ છે. ધારદાર સાહિત્યનું નિર્માણ કે તેનું અસરકારક સંશોધન સુવિધાપૂર્ણ જગાએ બેસીને ન થાય તે માટે તો ધરતીનો ખોળો ખૂંદવો પડે. મેઘાણીભાઈએ તેમ કર્યું. હજુ જાણે ગઈકાલે જ આપણી વચ્ચેથી અલવિદા કહીને ગયેલા એવા કર્મશીલ લેખક – વિચારક મહાશ્વેતાદેવીએ પણ આમ જ કર્યું. આપણાં ચારણી સાહિત્યના સંદર્ભમાં જોઈએ તો રતુભાઈ રોહડીયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે અમૂલ્ય હસ્તપ્રતો એકઠી કરવા માટે કરેલા વ્યાપક પ્રયાસોનું અહીં સ્મરણ થાય છે. સાહિત્યકારો અને સમાજ આવા કર્મયોગી સર્જકોના કપરા કર્મયોગથી અનેક ઉજળા પડછાયા નિહાળી શકયા. અણખેડ્યા પંથ અને અણદીઠી ભોમની ખેપો કરીને શબ્દના મેઘાણી નામધારી આ સોદાગરે સાહિત્ય એકઠું કર્યું. કવિશ્રી પિંગળશીભાઈ લીલાએ લખ્યું છે તેમ મેઘાણીએ ધરણીના પડને ઢંઢોળીને નેકટેકની ખાતર ખપી ગયેલા અનેક વીરલાઓની વાતોને જગત સમક્ષ રજૂ કરી છે–

**કોણ હવે કોદાળી લઈ**
**ધરણી – પડ ઢંઢોળે,**
**કોણ હવે સમશાન જગાડી**
**ખપી ગયેલાં ખોળે,**
**કોણ હવે કહેવાનો**
**ગરવી ગૌરવની કહાણી**
**અમર લોકથી આવ્ય**
**અમારા શાયર મેઘાણી.**

જીવનમાં પાંચ દાયકા પણ પૂરા ન કરી શકનાર આ મહાન શાયર-સંશોધકે અનેક વિષયોનું ખેડાણ કરીને તેનું નવનીત સમાજને

વહેંચ્યું છે. મેઘાણીભાઈના વ્યકિતત્વમાં એક વશીકરણ હતું. બેઠી દડીનું શરીર, સ્વપ્નદર્શી આંખો તથા કાઠિયાવાડી ઢબનો સાફો(પાઘડી) તેમના વ્યકિતત્વને ઓર નિખાર આપતા હતા. આ નખશિખ લોકસાહિત્યકાર શાંતિનિકેતનમાં ગયા તો ત્યાં પણ તેમને સાંભળવા સંસ્થા નિવાસીઓ ટોળે વળતા હતા. પહાડના આ બાળ કનું વ્યકિતત્વ તથા કૃતિત્વ પહાડી હતા. સૌરાષ્ટ્ર – ફૂલછાબ તથા જન્મભૂમિમાં તેમની કલમ મહોરી ઉઠી હતી. પોતે પોતાના ઈમાન પર મુસ્તાક રહ્યા અને શબદના સોદાગરોને તે રાહે ચાલવા ઈશારો કર્યો.

**હૈયા કેરી ધારણે તારે, ઉર ઊઠે જે સૂર જી**
**એજ સૂરોને ઈમાની ભાઈ!**
**ગાયા કર ચકચૂક...**
**જી...જી... શબદના વેપાર.**

આપણાં સાહિત્યને જન જન સુધી પહોંચાડવાના કામમાં આકાશવાણી(AIR)એ ખૂબ મહત્ત્વનું અને સુદીર્ઘ યોગદાન આપેલું છે. Public Broadcaster ની જવાબદારી સ્વીકારી અને તેનું હેતુપૂર્ણ રીતે વહન કરવું તે પડકારયુકત કાર્ય છે. સાહિત્ય - સંગીતના પ્રસારણ માટે આકાશવાણીમાં થયેલા અનેક પ્રયાસો એ એક અલગ તથા ઉજળા ઈતિહાસનો વિષય છે. કોઈપણ સાહિત્યિક કૃતિનું રેડિયો નાટકના સ્વરૂપે પ્રસારણ સાંભળીએ ત્યારે તેમાં મહત્ત્વનું યોગદાન આપનાર ચં.ચી.મહેતા સૌની નજર સામે તરે છે. આપણાં વિશાળ દેશમાં દરેક પ્રદેશની વિશેષ સંસ્કૃતિને અનુરુપ ભિન્ન ભિન્ન પ્રકારનું સાહિત્ય હોય છે. તુકારામની છાપ જે મરાઠી ભાષાના પદને લાગી હોય કે નરસિંહની ભાત જે ગુર્જરી ગીતોમાં ઊભરી હોય તે આપણી મોંઘેરી વિરાસત છે. રેડિયો તથા લોક કલાકારોના માધ્યમથી તે લોક સુધી પહોંચી શકી છે. હેમુભાઈ ગઢવીના ઘૂંટાયેલા તથા મીઠા સ્વરના ગીતો તેમજ નાનજી મિસ્ત્રી જેવા કસુંબીઓની કમાલ જાહેર કાર્યક્રમો ઉપરાંત આકાશવાણીના માધ્યમથી જનસમૂહ સુધી અસરકારક રીતે પહોંચી છે. આ જ રીતે ઢેબરભાઈ તથા રતુભાઈ જેવા સાહિત્ય પ્રેમીઓની દીર્ઘ દષ્ટિને કારણે અને કવિશ્રી દુલા ભાયા કાગ તથા જયમલ્લભાઈ પરમાર જેવાની રજૂઆતની અસાધારણ શૈલીને કારણે રાજકોટને રેડિયો સ્ટેશન મળ્યું. રાજકોટ રેડિયો સ્ટેશન તરફથી સાહિત્યના અનેક સ્વરુપોની સાથે લોકસાહિત્યનું જે પ્રસારણ થયું છે તેણે મેઘાણીભાઈના બળકટ લોકસાહિત્યને પાંખો પૂરી પાડી છે. રજૂઆતની શૈલિનું પણ એક આગવું મહત્ત્વ હોય છે તે વાત સર્વ સ્વીકૃત છે. મેઘાણીભાઈ રચિત તથા સંશોધિત સાહિત્યની સરવાણીને હેમુ ગઢવી – ઈસ્માઈલ વાલેરા, કરસન પઢિયાર, કનુભાઈ બારોટ તથા વેલજી ગજ્જર જેવા સમર્થ વાહકોનો કંઠ મળ્યો તે સોનામાં સુગંધ ભળ્યા જેવું કાર્ય થયું. મેઘાણીભાઈના ગીતો જાણે હેમુભાઈના કંઠમાં સોળે કળાએ મહોરી ઊઠ્યાં હતા. લોકો પર આજે પણ હેમુ ગઢવીના અવાજનું વશીકરણ છવાયેલું છે–

**આભમાં ઊગેલ ચાંદલો ને**
**જીજાબાઈને આવ્યા બાળ**
**બાળુડાને માત હિંચોળે**
**ધણણણ ડુંગરા ડોલે.**
**શિવાજીને નિંદરું નાવે**
**માતા જીજાબાઈ ઝૂલાવે.**

મેઘાણીભાઈએ જીવનના સંધ્યાકાળે સંતોની અમૃત વાણીનું જે સંશોધન કર્યું હતું તે સદાકાળ યાદગાર ભજનોએ લોક સમૂહને ઘેલો કર્યો. નારાયણ સ્વામી, યશવંત ભટ્ટ, મહંત સેવાદાસજી, મોહનલાલ રાયાણી, મુગટલાલ જોશી, નટવરગિરિ ગોસ્વામી અને પ્રાણલાલ વ્યાસ જેવા મેઘકંઠીલા કલાધરોએ આ રચનાઓની પ્રસ્તુતિ

કરી તેમને ચાર ચાંદ લગાડી દીધાં. આકાશવાણી આ માટે ઉત્તમ માધ્યમ બની રહી.

હેમુ ગઢવી માત્ર છત્રીસ વર્ષની વયે અકાળે જ ડાયરામાંથી ઊભા થઈને વસમું પ્રયાણ કરી ગયા. હેમુભાઈના કંઠની લોકપ્રિયતાની પ્રતીતિ એ વાત પરથી થાય છે કે માત્ર છત્રીસ વર્ષની વયમાં જગતમાંથી એક્ઝિટ કરી જનાર આ મહાન કલાધરને આજે પણ લોકો સ્નેહપૂર્વક સંભારે છે.હેમુભાઈ રહ્યા નહિ તેની ખોટ સમાજને સાલતી રહી છે.

હેમુ ગઢવીની ૫૦મી પુણ્યતિથિની ઉજવણી નિમિત્તે ૨૦૧૫-૧૬માં યોજવામાં આવેલા કાર્યક્રમોને જે વ્યાપક લોક પ્રતિસાદ મળ્યો તે આ વાતની ફરી ખાતરી કરાવે છે. જન્માષ્ટમીના દિવસે જ કૃષ્ણની બંસરીમાંથી છૂટો પડેલો સુર જાણે ફરી કૃષ્ણની બંસરીમાં ભળી ગયો. મેઘાણીભાઈ લોક સાહિત્યને ગદ્ય-પદ્ય સ્વરુપે પ્રગટ કરવામાં નૂતન શૈલિનું નિર્માણ કરી ગયા. હેમુ ગઢવીએ પણ પ્રસ્તુતિની એક નવતર શૈલિ વિકસાવી જેને લોકોએ આકંઠ માણી અને દિલોજાનથી વધાવી.

શામળદાસ કોલેજ ભાવનગરમાં ૧૯૧૨ થી ચારેક વર્ષનો સમય મેઘાણીભાઈએ પસાર કર્યો. ગાવાનો અને અભિનય કરવાનો શોખ ત્યારે જ પ્રગટ થતો હતો. કલાપી તેમના પ્રિય કવિ હતા. મહાકવિ નાનાલાલના રાસ થકી તેમની લોકગીતો તરફની રસવૃત્તિ વિશેષ સચેત બની હતી. કવિની રસવૃત્તિ તેમના નિરંતર જનસંપર્ક તથા લોકસંવાદને આભારી છે. શ્રમિકોના ગીતોનું એક અનેરૂ આકર્ષણ તેમને હંમેશાં રહ્યું છે.

ભાવનગરના વસવાટ દરમિયાન એક ચણતરકામ પર કામ કરતી મજૂરણ બહેનોને તેમણે જોઈ. મજૂરણો ચણતર કામ કરવા માટે ટિપ્પણી લઈને પરિશ્રમનો પરસેવો વહાવતી હતી. ચણતર માટેનો માલ ખાંડતાં ખાંડતાં તાલ અને સૂરમાં ગીતના શબ્દો રેલાવી પોતાના આકરા પરિશ્રમનો થાક ઓછો કરતી હતી. મેઘાણીના સંશોધક જીવને તો શ્રમિકો પાસેથી તાજા-નવા શબ્દો મળ્યાં-

**કરસનજી તેડા મોકલે રે**
**રાધા ! મારે મોલે આવ.**
**ઝીણા ઝરમર મેહ રે**
**ઝીણા ઝરમર મેહ.**
**જાઉં તો ભીંજાય ચૂંદડી રે**
**નહિતર તૂટે રે સનેહ**
**ધોળી ભીંજાય મારી ચૂંદડી**
**રે મારે તો રાખવો સનેહ.**

બહેનોના આ ટિપ્પણી નૃત્યમાં જાણે કે રાધા અને કાન વચ્ચેના સંબંધોનું માધુર્ય રસાતું હતું - ઘૂંટાતું હતું. વિદ્વાનોની વાણીને પણ જે દોહ્યલું છે તેવું શબ્દ માધુર્ય અને ભાવ માધુર્ય આ મજૂરણોની વાણીમાંથી ટપકતું હતું અને મર્મી મેઘાણી કૃતકૃત્ય થઈને તે ઝીલતાં હતા.

મેઘાણીભાઈ અને હેમુ ગઢવીનું સ્મરણ ઓગસ્ટ માસમાં વિશેષ થાય તે સ્વાભાવિક છે. હેમુભાઈના કંઠ થકી તથા આકાશવાણીના માધ્યમ થકી રસધારની કથાઓ તથા ગીતોને પાંખો મળી છે. મેઘાણીભાઈની જન્મજયંતી તથા હેમુભાઈની પુણ્યતિથિ આ મહિનામાં આવે છે તે વાત સાહિત્ય રસિકોના ધ્યાન બહાર જતી નથી. જગતના લોકો કોઈને માનમોભો - નાણાં કે સત્તા આપે છે. ઘણાં લોકો આવા માનમોભાથી લાભાન્વિત થાય છે. પરંતુ જગતના લોકો સ્નેહ તો કોઈ કોઈ વીરલાઓને જ આપે છે. એક વિશાળ લોક સમૂહ આ બન્ને સાહિત્યકર્મીઓ પર ઓળઘોળ થયા છે. આજે પણ આ બન્ને કલાધરો માટે લોકોનો સ્નેહ યથાવત છે.

(૯૦૯૯૯ ૯૧૦૬૩)

•••

# આઈ શ્રી વરવડીજી

## (ગુજરાત અને રાજસ્થાન વચ્ચેનો ઐતિહાસિક ગાઢ સબંધ)

• પુષ્પદાન ગઢવી

દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીએ પોતાના બહુ મોટા લશ્કર સાથે મેવાડના સિસોદીયા રાજપૂત મહારાણા લક્ષ્મણસિંહ પર ચડાઈ કરી મેવાડના ચિત્તોડગઢને કબજે કરેલ ઘટનાનાં ઈતિહાસથી આપણે સૌ વાકેફ છીએ.

જયારે યુદ્ધમાં પરાજય નિશ્ચિત જણાતો હોય ત્યારે તે સમયના ક્ષાત્રત્વ ધર્મ તરીકે ક્ષત્રિયો શરણાગતિ સ્વીકારવાના બદલે સામૂહિક રીતે કેસરિયા કરી યુદ્ધમાં વીરતાપૂર્વક સામનો કરી પોતાના પ્રાણની આહુતિ આપી વીરગતિને પ્રાપ્ત કરવામાં અને તેમની ક્ષત્રિયાણીઓ જૌહર કરવામાં એટલે કે સામૂહિક રીતે અગ્નિકુંડમાં પોતાના પ્રાણની આહુતિ આપી સતી થવામાં પોતાનું ગૌરવ સમજતા.

(૧) મેવાડનું રાજય અલાઉદ્દીન ખીલજીના કબજામાં ગયા બાદ આ રાજય મહારાણા લક્ષ્મણસિંહજીના પૌત્ર હમીરસિંહજીને પાછું પ્રાપ્ત થયું કે કેમ?

(૨) અને જો પરત પ્રાપ્ત થયું હોય તો તે કેવી રીતે?

(૩) આ રાજય પરત મેળવવામાં અને તેના પર હમીરસિંહજીનું આધિપત્ય પુનઃસ્થાપિત કરવામાં ગુજરાતના આઈશ્રી વરવડીજી તેઓને કેવી રીતે મદદરૂપ થયા?

(૪) કેવી રીતે તેઓના આશર્વાદ મહારાણા હમીરસિંહજીને ફળ્યા?

કહેવાય છે કે આ યુદ્ધમાં મેવાડના મહારાણા લક્ષ્મણસિંહજી તથા તેમના ૧૨ પુત્રો પૈકી ૧૧ પુત્રો તથા તેમના લશ્કરનાં ૧૪૦૦૦ રાજપૂતો વીર ગતિને પામ્યા હતા.

મહારાણી પદ્મિની સાથે ૧૪૦૦૦ રાજપૂતાણીઓ એ ચિત્તોડના કિલ્લામાં જૌહર કરી સામૂહિક રીતે અગ્નિકુંડમાં કૂદી અગ્નિ સ્નાન કરી સતીત્વને વરી હતી. આ યુદ્ધમાં મેવાડનું રાજય અલાઉદ્દીનના કબજામાં ગયું.

ઉપરોકત વિગત કેસરિયા કરતાં પહેલાં લક્ષ્મણસિંહે પોતાના બીજા પુત્ર અજયસિંહ અને મોટા પાટવી પુત્ર અરિસિંહના બાળપુત્ર યુવાન હમીરસિંહને પોતાના વંશવેલાની રક્ષા માટે ગુપ્ત રીતે ચિત્તોડમાંથી આડાવળા(અરવલ્લી)ના પહાડોમાં મોકલી આપેલા. એ અજયસિંહ પોતાના ભત્રીજા હમીરસિંહ સાથે ગુપ્ત વેશથી સીશોદા ગામમાં રહેતા હતા. હમીરસિંહ જુવાન થયા, ત્યાં અજયસિંહનો સ્વર્ગવાસ થયો એટલે હમીરસિંહનો કોઈ ખાસ આધાર ન રહ્યો.અધૂરામાં પૂરું કમનસીબે હમીરસિંહને કોઢનું દર્દ થયું. ગયેલું રાજય પાછું મેળ વવાનું કોઈ આશાકિરણ દેખાતું ન હતું. આર્થિક વિટંબણાએ પણ ઘેરો ઘાલેલો અને વધારામાં કોઢનું દર્દ થયું, એટલે ચારે બાજુ નિરાશાથી ઘેરાયેલા હમીરસિંહે, દ્વારકાધીશનાં દર્શન કરીને સમુદ્ર સમાધિ લઈ દેહ પાડી નાખવાનું મનોમન નક્કી કર્યું અને પોતાના વિશ્વાસુ સાથીદારો સાથે સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું. તે અંગેની ઈતિહાસની વિગતો પિંગળશીભાઈ પાયકે પોતાના 'માતૃદર્શન ગ્રંથ'માં જણાવી છે. તે પરથી આ તમામ વિગતોની જાણકારી આપણને પ્રાપ્ત થઈ શકે છે. જે માટે પિંગળશીભાઈ પાયકને વંદન સહ અભિનંદન.

આ આઈ વરવડીજીને આઈ વરવડી–બીજા તરીકે ઓળખવામાં આવે છે. આ વરવડીજી

-બીજા કોણ હતા? કયાનાં હતા? કેટલા સામર્થ્યવાન અને શકિતશાળી હતા ? વિગેરે વિગતો નીચે જણાવ્યા મુજબ છે–

**આઈ વરવડી–બીજા :** આઈ વરવડી પહેલાં જેમ જ આઈ વરવડી બીજાનો જન્મ પણ કચ્છના ભચાઉ તાલુકાના ખોડાસર ગામે થયેલો. તેઓ પણ નરા શાખાની પેટા શાખા ગોખરૂમાં જન્મેલાં. એમના પિતાનું નામ ચોક્કસ જાણવામાં નથી આવ્યું પણ લોકોનું માનવું છે કે, એમનું નામ પણ આઈ વરવડી પહેલાના પિતાની જેમ ચંખડોજી હતું. આઈ વરવડી પહેલાં ખૂબ પ્રતાપી થયેલાં એટલે એમની સ્મૃતિ–યાદી તરીકે આમનું નામ પણ વરવડી રાખવામાં આવેલું. એમનાં લગ્ન ઝાલાવાડમાં રણ કાંઠે હળવદ તાલુકાના ખોડ ગામના મારૂ શાખાની પેટા શાખા દેથા શાખાના ચારણોમાં થયેલાં. એમના પતિ તથા એમના પુત્ર બારૂ દેથા મોટા પાયા પર ઘોડા, બળદો, અનાજ, કરિયાણાનો વેપાર તથા માલની હેરફેર (ટ્રાન્સપોર્ટ)ની વ્યવસ્થા કરતા. એમને ઘરે લાખોની સંપત્તિ હતી.

આઈ વરવડીજીને આઈ વરવડી પહેલાંનું ઈષ્ટ હતું. પોતે એમના ભકત–ઉપાસક હતાં, પોતે ઉદાર અને આતિથ્યમાં આઈ વરવડી પહેલાંની બીજી આવૃત્તિ સમાન હતા. દીર્ઘદર્શી, મોટા મનવાળાં, કરુણાના સાગર સમાન દયાળુ હતા. મનુષ્યો તેમને આઈ વરવડી પહેલાંનો અવતાર જ માનતાં. એમના દર્શન માટે અનેક ભકતો ઉપાસકો દરરોજ એમને ત્યાં આવતાં રહેતાં અને આઈ વરવડી પહેલાંની જેમ તેઓ પણ સૌને પ્રેમપૂર્વક જમાડવામાં પ્રસન્નતા અનુભવતાં, એટલે 'અન્નપૂર્ણા'નું બિરદ પામેલાં. આઈ અન્નપૂર્ણા વરવડીશ્રીની કીર્તિ ખૂબ પ્રસરેલી. ધર્મ નિયમના પાલનમાં તત્પર અને કડક હતાં સાથે સાથે સાદાં–સરળ હતાં.

આઈ વરવડી બીજા મેવાડના મહારાણા હમીર અને જૂનાગઢના રા'નવઘણ ચોથાનાં સમકાલીન હતાં. રા'નવઘણ ચોથો વિ.સં.૧૩૬૩માં લગભગ થઈ ગયો. મહારાણા હમીર વિ.સં.૧૩૯૦ થી ૧૪૨૧ સુધી ચિત્તોડની ગાદી પર હતો. આઈ વરવડીની સહાયથી જ ચિત્તોડનું રાજય મેળવી શકયો હતો. આઈ વરવડી બીજાનો જીવન કાળ સં.૧૩૪૫ થી સં.૧૪૨૫ સુધીનો છે.

યુવાન હમીરે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કરતાં જ તેમણે ગામેગામ જગદંબા અન્નપૂર્ણાનો અવતાર એવા આઈ વરવડીની દૈવી શકિતના ગુણગાન સાંભળ્યાં એટલે દર્શન કરવા માટે તે ખોડ આવ્યા. ખોડ ગામે આવીને યુવાન હમીરસિંહજીએ આઈમાના દર્શન કર્યા અને આઈમાંના પુછવાથી પોતાની દુઃખ ગાથા સંભળાવી દ્વારકાધીશનાં દર્શન કરીને સમુદ્રસમાધિ લેવાની પોતાની ઈચ્છા પણ વ્યકત કરી.

બાપા રાવળના (કાલભોજ) પ્રતાપી વંશની આવી કરુણ રીતે સમાપ્તિ થવાની કથની સાંભળીને આઈ વરવડીનું હૃદય અનુકંપાથી ભરાઈ ગયું. પોતે આંખો મીંચી જરાવાર ધ્યાનસ્થ થઈ ગયાં. પછી હમીરસિંહના મસ્તક પર હાથ ફેરવ્યો, આશ્વાસન આપ્યું અને રોકાઈ જવાનું કહ્યુંઃ રોકયો અને માતાજીના હવનની વિભૂતિ સાથે દવા આપી. તેના ચાર દિવસના સેવનથી કોઢ ઘટવા લાગ્યો. બીજા ચાર દિવસમાં કોઢ અર્ધો થઈ ગયો.બાદ આઈમાએ મહારાણાને કહ્યું કે, ''રાણા! આ દવાથી એક માસમાં તારો કોઢ નાબૂદ થઈ જશે, માટે તારે નિરાશ થવાનું નથી અને સમુદ્રસમાધિ લેવાની પણ જરૂર નથી. આત્મઘાત કરવો એ તો નબળાઈની નિશાની છે. વીરવંશમાં તારો જન્મ છે. વીર દુઃખનો સામનો કરે, નાસીપાસ ન થાય. માટે તું નબળાઈને ખંખેરી નાખ અને પુરુષાર્થમાં લાગી જા. મારું મન

કહે છે કે તારો વિજય ચોક્કસ થશે, તું ચિત્તોડનો મહારાણા થઈશ."

ઉત્તરમાં મહારાણાએ કહ્યું કે- 'માતાજી! આપ કહો છો તે બરોબર છે પણ મારી પાસે માણસો નથી, ઘોડા નથી, સાધન સામગ્રી નથી, હથિયાર નથી અને એ બધું મેળવવા માટે ધન જોઈએ, તે ધન નથી. એટલે મારા એકલાના પુરુષાર્થથી સફળતા કેવી રીતે મળે તે મને સમજાતું નથી, આઈમાએ કહ્યું કે-"બાપ રાણા! તારે ધન જોઈએ, જે સાધન જોઈએ તેની સગવડ હું કરી આપીશ. માતાજી તારી ભેરે રહેશે. તારે ધન જોઈએ તે બધું માતાજી આપશે. તેનાથી તું માણસોની જમાવટ કર અને હથિયાર ભેગાં કર. મારો પુત્ર બારૂ ઘોડા ખરીદવા ગયો છે તે ૫૦૦ ઘોડા તને મોકલી આપશે. ધનની મુશ્કેલી પણ તને નહિ પડવા દઉં. એ ઘોડાંઓની ભેળું ધન પણ તને મળી જશે." આઈનાં વેણ સાંભળીને મહારાણો હમીર લાકડીની જેમ આઈના ચરણોમાં પડી ગયો. આંખોમાંથી હર્ષ અને ઉપકાર ભારનાં આંસુ વરસવા લાગ્યાં. ઘણીવાર પછી બેઠો થયો. બન્ને હાથ જોડી ગદ્ગદ સ્વરે બોલ્યો કે- "મા! મા! આપની દયાનો પાર નથી. પણ આપની પાસેથી આવી રીતે ધન મેળવવું એ મારે માટે યોગ્ય નથી મારે તો આપના ચરણે કંઈક ધરવું જોઈએ અને મૂલ્ય આપ્યા વિના ઘોડા લેવા એ પણ યોગ્ય નથી."

આઈએ ઉત્તર આપ્યો કે- "રાણા! આ હું નથી આપતી. આ તો જગદંબા માતાજી આપે છે અને તે પણ તને હમીરને તારાં અમનચેન માટે નહિ પણ ધર્મની ધજાને ટકાવી રાખવા માટે. ચિત્તોડના સૂર્યવંશની રક્ષા માટે આપે છે. માટે તારે તેનો સ્વીકાર કરવાનો જ હોય અને તારો દિવસ વળે અને ચિત્તોડ-મેવાડ તારે ઘરે આવે, તો ઘોડાનું મૂલ્ય જે ઠીક લાગે તે ચૂકવી દેજે." આઈનાં વેણ સાંભળીને મહારાણા હમીરનું હૈયું ભરાઈ આવ્યું. મહામના આઈ વરવડી તેને વિશ્વેશ્વરી જગદંબા સ્વરૂપે દેખાયાં. ચારણ આઈઓ-માતાજીઓના મહિમાનું સ્મરણ મન પર છવાઈ જવાથી થોડી વાર બોલી ન શકાયું. પછી કહ્યું કે- "મા! જગદંબા! આપનો મહિમા અપાર છે. આપનો ઉપકાર માનવા માટે મારી પાસે શબ્દો નથી. આપના ઉપકારનો બદલો અમારી પેઢીઓની પેઢીઓ પણ નહિ વાળી શકે." આટલું બોલી રાણા હમીરે ફરીને આઈના ચરણોમાં મસ્તક મૂક્યું. આઈએ તેના મસ્તક પર વાત્સલ્ય સભર હાથ મૂકયો, મસ્તક પર હાથ ફેરવ્યો ત્યાં તો રાણા હમીરના શરીરમાં વીજળીએ પ્રવેશ કર્યો હોય તેવી ઝણઝણાટી વ્યાપી ગઈ અને કોઢનું દર્દ અને દુઃખ વિદાય લેવા લાગ્યા. આઈમાએ તેને બીજા આઠ દિવસ રોકયો. ત્યાં તેનો કોઢ સાવ મટી ગયો અને તેણે આઈના શુભાશિષ સાથે મેવાડ તરફ ગમન કર્યું.

થોડા દિવસ પછી આઈના પુત્ર બારૂજી ઘોડા લઈને આવી જતાં તેમણે આઈની આજ્ઞા મુજબ ૫૦૦ જાતવંત ઘોડા મેવાડનાં રાણા હમીરને પહોંચાડયા અને તે સાથે રૂપિયા પણ પહોંચતા કર્યા. એ દ્રવ્યમાંથી રાણા હમીરે રાજપૂતોની સેના જમાવી. તેના સરદારો પણ આવી મળ્યા. ગેરીલા યુદ્ધ કરી તેણે દુશ્મનોનાં થાણા પર છાપા મારી મુલક ઘરે કરવા માંડયો. ચિત્તોડમાં એ વખતે દિલ્હીની સલ્તનત તરફથી સૂબા તરીકે જાલોરનો ચૌહાણ માલદેવ હતો. ચિતોડનો કિલ્લો કોઈ જેવો-તેવો કબજે કરી શકે તેમ ન હતું. એટલે તે બાબતમાં નિશ્ચિંતતા હોવાથી ત્યાંનો વહીવટ તેણે પોતાના એક શૂરવીર કુશળ વણિક કારભારી હસ્તક રાખીને પોતે જાલોરના રાજયનો વહીવટ સંભાળતો અને અવારનવાર ચિત્તોડ આવી ત્યાં રહી જતો. દરમિયાન એક ચિત્તોડ સિવાયના મેવાડના ઘણા મોટા પ્રદેશ પર રાણા હમીરે ધીરે

ધીરે કબજો મેળવી લઈને પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું. સૈન્ય બળ પણ ખૂબ વધાર્યું. નાની લડાઈઓ, છમકલાં ચાલુ જ હતાં, તેથી માલદેવની મૂંઝવણ વધી પડી. ખુલ્લા યુદ્ધમાં પોતાનો પરાજય થવાની તેને બીક લાગી. એ સંજોગોમાં રાણા હમીરે રાજકીય ચાલ ચાલીને માલદેવની કન્યાનું માગું મોકલ્યું. મેવાડના મહારાણાના કુટુંબ સાથે સબંધ બંધાય, એ ગૌરવની વાત ગણાય એમ સમજીને માલદેવે તે માગણી સ્વીકારી. વળી તેને મન એમ પણ ખરૂં કે સબંધ બંધાવાથી હમીર શાંતિ પકડશે. ધામધૂમથી મહારાણા હમીરનાં લગ્ન માલદેવની કન્યા સાથે થયાં અને કન્યાના સૂચનથી હમીરે માલદેવ પાસેથી તેના ચિત્તોડના કિલ્લેદાર વણિક કામદારને માગી લીધો. એ કામદારે યુકિત લડાવી હમીરને ચિત્તોડનો કબજો અપાવ્યાની વાત ઈતિહાસ પ્રસિદ્ધ છે.

દરમિયાન દિલ્હીમાંથી ખીલજીઓની સત્તા ઉખડી ગઈ હતી અને તુઘલકવંશીઓ દિલ્હીપતિ થએલા. ચિત્તોડ પાછું જીતી લેવાનો તેમને ખાસ ઉત્સાહ ન હતો, એટલે મહારાણા હમીરે આખું મેવાડ કબ્જે કર્યું. પોતે ચિત્તોડમાં સારી રીતે સ્થિર થયા પછી તુરત જ આઈ વરવડી તથા તેમના પુત્ર બારૂજી અને કુટુંબીજનોને સૌરાષ્ટ્રમાંથી ચિત્તોડ બોલાવી લીધાં. આઈમાનું તથા બારૂજીનું સમ્રાટોને છાજે તેવું સામૈયું – સન્માન કર્યું. આઈને મહારાણા મેવાડનું રાજય અર્પણ કર્યું. પરંતુ આઈએ તેનો સ્વીકાર ન કર્યો એટલે મહારાણાએ, બારૂજીને પોતાના મોટાભાઈનું બિરૂદ આપી બાર ગામની જાગીર આપી, જેમાં મુખ્ય ગામ આંતરી નામનું હતું. ઉપરાંત બારૂજીને પોતાના વંશપરંપરાગતના દર્શોંદી પ્રોળપાત બનાવ્યા. તે વખતે બારૂજી ઘોડાના મોટા વેપારી સોદાગર હતા તેના ટૂંકા સ્વરૂપે સૌ તેમને બારૂજી સૌદા કહેવા લાગ્યા. એમના વંશજોની પેટા શાખા પણ સોદા બની ગઈ. મહારાણા હમીર આઈ વરવડીને પોતાનાં જીવનદાતા માની જન્મદાત્રીથી પણ અધિક સન્માન સાથે રાખેલાં અને તેમની સ્મૃતિમાં ચિત્તોડમાં(ઉપર કિલ્લામાં)મંદિર બંધાવીને તેમાં આઈમાની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલી. એ મંદિર ચિત્તોડના કિલ્લામાં અન્નપૂર્ણાજીના મંદિર તરીકે પ્રસિદ્ધ છે. હું (પિંગળશી પાયક) બે વખત ચિત્તોડ ગયો ત્યારેઆઈ અન્નપૂર્ણાજીના મંદિરમાં આઈ વરવડીજીની પ્રતિમાનાં દર્શન કરી આવ્યો છું.

અત્રે એક પ્રાચીન દોહો યાદ આવે છે, જે નીચે મુજબ છે–

**આવડ ત્રૂડી ભાટિયાં, કામેહી ગોડાંહ ।**
**શ્રી વરવડ સિસોદિયાં, કરણી રાઠોડાંહ ॥**

બારૂજી પોતે ઉચ્ચ દરજજાના સારા કવિ હતા. તેમણે મહારાણા હમીરનાં અનેક ગીતો રચેલાં. ઉપરાંત બીજી કવિતાઓ પણ બનાવેલી. બારૂજીના વંશજો મેવાડમાં ખૂબ પથરાયેલા છે. એ સૌદા વંશમાં અનેક કવિઓ, દેશભકતો, રાજનીતિજ્ઞો, રાજય વ્યવસ્થાપકો, વિદ્વાનો થઈ ગયા છે.

બારૂજી સૌદાની સોળમી પેઢીએ ક્રાંતિવીર દેશભકત કવિ રાજનીતિજ્ઞ ઠાકુર કેસરીસિંહજી સૌદા(શાહપુરવાળા) થયાં. જેમને અને તેઓના અન્ય સાથીઓને બ્રિટીશ શાસનમાં સ્વતંત્રતાની લડાઈ માટે આજીવન કારાવાસની અને દેશ નિકાલની(આંદામાન)સજા કરવામાં આવી હતી. તેમના ભાઈ પ્રખ્યાત કવિ ઈતિહાસકાર, કિશોરસિંહજી પતિયાળા રાજય ઈતિહાસ સંસ્થાના મુખ્ય અધિકારી હતા.

તેમના નાના ભાઈ ક્રાંતિવીર દેશભકત જોરાવરસિંહજી કે જેઓએ તા.૨૩/૧૨/૧૯૧૨ના રોજ દિલ્હીના ચાંદની ચોકમાંથી લોર્ડ હાર્ડિંગ્સ,

ભારતના વાઈસરોય તરીકે ગાદીનશીન થવા માટે હાથી પરની સવારીમાં જઈ રહ્યા હતા, ત્યારે તેમનાં પર બોમ્બ ફેંકયો હતો. પરંતુ તેમાં લોર્ડ હાર્ડિંગ્સ બચી જતા, જોરાવરસિંહજીને પકડવા માટે બ્રિટીશ સરકારે અથાગ પ્રયાસો કરેલા, પરંતુ તેઓને પકડી શકયા ન હતા. તેઓ તેમના જીવનના અંત સુધી છુપાઈને ફરાર રહ્યા હતા.

કેસરીસિંહજીના હુતાત્મા પુત્ર ક્રાંતિવીર દેશભકત પ્રતાપસિંહજી જેઓનો જન્મ તા.૨૪/૫/૧૮૯૩માં થયો હતો. તેમને પણ બ્રિટીશ સરકારે એક ખોટા કેસમાં ફસાવી તેમની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી, ત્યારે પાંચ વર્ષની કેદ કરી, કારાવાસમાં બંધ કરી, અસહ્ય શારીરિક યાતનાઓ આપવામાં આવી હતી. તે યાતનાઓને કારણે જ જેલમાં પ્રતાપસિંહનું તા.૨૪/૫/૧૯૧૮ના રોજ મૃત્યુ થયું હતું. તેમના શબને તેમના કુટુંબીજનોને પરત કરવાના બદલે જેલમાં દફનાવી દેવામાં આવ્યા હતા.

કેસરીસિંહજીના મહા વિદ્વાન પિતા કે જેઓ પ્રાકૃત, માગધી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, રાજસ્થાની આદિ અનેક ભાષાઓના જાણકાર અને રાજયવ્યવસ્થામાં નિપુણ કવિવર('ચારણ કુલ પ્રકાશ' ગ્રંથના લેખક)ઠાકુર કિશનસિંહજી (કૃષ્ણસિંહ) સૌદા શાહપુરવાળાએ 'બારહઠ કૃષ્ણસિંહ કા જીવન ચરિત્ર તથા રાજપૂતાના કા અપૂર્વ ઈતિહાસ' લખેલ અને તેઓએ એવી ઈચ્છા વ્યકત કરેલ કે આ પુસ્તક તેમની હયાતી બાદ પ્રકાશિત કરવામાં આવે જે પુસ્તકને પાછળથી ત્રણ ભાગમાં 'સાઈંટીફીક પબ્લીશર્સ(ઈન્ડિયા)' જોધપુર દ્વારા સને.૨૦૦૯માં પ્રકાશિત કરવામાં આવેલ છે. ઠાકુર કિશનસિંહજી અને તેમનાં પરિવારજનો ગુજરાતના મહર્ષિ દયાનંદ સરસ્વતી તથા ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્માના સંપર્કમાં રહ્યા હતા.

આ રીતે 'પ્રતાપચરિત્ર', 'દુર્ગાદાસ ચરિત્ર' તથા 'રાજસિંહ ચરિત્ર' આદિ કાવ્ય ગ્રંથોના કર્તા વિદ્વાન કેશરીસિંહજી સૌદા – સોન્યાણાવાળા આદિ અને નામી પુરુષોની કીર્તિથી એ સૌદા વંશ વિશેષ ઉજજવળ બન્યો છે. એક જ કુટુંબમાં ત્રણ ક્રાંતિકારીઓ થયા હોય તેવા ઉદાહરણ જૂજ હશે.

**મારૂં મંતવ્ય :** આઈશ્રી વરવડીજી બીજા વિષે પિંગળશીભાઈ પાયકે જે લખ્યું છે તે વાંચી વિચાર આવ્યો કે આપણે જેમને દેવી–દેવતા તરીકે માનીએ છીએ, તે વિષે સામાન્ય માન્યતા એવી હોય છે કે તેઓના પરચા કે ચમત્કારથી આંખના પલકારામાં બધું બની જાય અથવા તો સર્વનાશ થઈ જાય. પરંતુ આઈશ્રી વરવડી વિષેનાં લખાણ જોતાં આઈમાની શકિત એ સામાન્ય વ્યકિત કરતાં વાસ્તવિક સ્વરૂપે વધારે અને અલૌકિક હતી તેવું આપણને જણાય છે. કારણ કે મેવાડના ભાવિ મહારાણા હમીરજીને આશ્રય આપી, તેઓને ધન–દોલત, સાધનો અને આઈના કુટુંબીજનોએ પણ સાથે તેમાં જોડાઈ પોતાની શકિતથી નક્કર સ્વરૂપે મદદ કરી હતી, અને તે પણ એવા સંયોગોમાં કે જયારે દિલ્હીના શાસક (અલાઉદ્દીન ખીલજી) વિરુધ્ધ અવાજ ઉઠાવવાની પણ કોઈ હિંમત કરી શકે નહી, તેવા સંયોગોમાં આઈશ્રી વરવડીજી આ પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં રાણા હમીરજીને તમામ પ્રકારની નક્કર પરિણામલક્ષી મદદ કરી હતી. જેમાં જાદૂઈ શકિત કે ભ્રામક પરચા ચમત્કારની કોઈ વાત નથી. આઈશ્રી વરવડીજીના વારસદારો (સૌદા બારહઠ પરિવારનાં સદસ્યો) આજે બાહોશ અને તાકતવર છે.

આ સંકલિત લેખ મેં મારા નિજાનંદ માટે લખેલ છે. તેમાં હકીકતદોષ અંગેની કોઈ ક્ષતિ હોય તો વાચકોને વિનંતી કે તે અંગે મને સૂચિતાર્થ કરે.

(૯૯૨૫૪ ૩૪૬૭૭)

•••

# સંત કવિ પીપાજીની વાણી

• ડૉ.નિરંજન રાજ્યગુરુ

**પીપા પાપ ન કીજિયે, પૂન્ય કિયે સો બાર,**
**ના કિસીકા લે લિયા, દે દિયા બાર હજાર.**
**પીપા પાપ કીયા નહીં,પૂન્ય કીયા સતવાર,**
**હકસે અધિક લિયા નહીં, પર દિયા હજારો બાર.**

સંતકવિ પીપાજી એટલે રાજસ્થાનના બુંદીકોટા પાસેના ગાગરોડગઢના રાજા. જેમને બાર રાણીઓ હતી. પહેલાં ભવાની દેવીના ઉપાસક હતા. એક વાર વિરકત વૈષ્ણવ સાધુઓ રાજયના અતિથિ થયા, એમના સત્સંગે વૈરાગ્ય ઉત્પન્ન થયો ત્યારે દેવીએ પ્રગટ થઈ રામાનંદ સ્વામીના શિષ્ય થવા આદેશ આપ્યો. કાશીમાં જઈ પોતાનો રાજસી ઠાઠ ઉતારી સ્વામી રામાનંદજી પાસે ગયા અને ગુરુમંત્ર મેળવ્યો. ગુરુએ આદેશ આપ્યો કે તારા રાજયમાં આંબો વાવજે, એની સુવાસ અહીં કાશી સુધી પહોંચે ત્યારે અમે તારે ત્યાં આવશું. પીપાજીએ પોતાના રાજયમાં સંતસેવા અને અન્નક્ષેત્ર શરૂ કર્યું, સેવાનો આંબો રોપ્યો.

બાર મહિને ગુરુની પધરામણી થઈ, કાશીથી રામાનંદજી પોતાના શિષ્યોની મંડળી સાથે દ્વારકાની યાત્રાએ નીકળેલા, પીપાજી પણ તૈયાર થયા ત્યારે બાર રાણીઓમાંથી સૌથી નાનાં રાણી સીતાદેવી પણ સાથે ચાલી નીકળ્યા. રાજયગાદી પોતાના નાના ભાઈ કલ્યાણરાવને સોંપી. દ્વારકાના દર્શન બાદ ગુરુ રામાનંદ અને અન્ય શિષ્યોએ વિદાય લીધી પણ પીપાજી અને સીતાદેવી દ્વારકામાં રોકાયા.

દ્વારકાના દરિયામાં હોડીમાં બેઠેલા પીપાજીએ નાવિકને પૂછ્યું કે ભગવાન શ્રી કૃષ્ણની મૂળ સોનાની દ્વારકા કયાં હતી? 'કંઠે દ્વારકા?' નાવિકે જવાબ આપ્યો : 'અઠે દ્વારકા' અને પીપાજી તથા રાણી સીતાદેવીએ દરિયામાં ઝંપલાવ્યું ત્યારે દરિયાના પેટાળમાં બિરાજેલા ભગવાન શ્રીકૃષ્ણે એનું સ્વાગત કર્યું. સાત દિવસ રોકાયા પછી શંખ–ચક્રની છાપ સાથે દરિયામાંથી બહાર આવ્યા ત્યારબાદ પરિભ્રમણ શરૂ કર્યું.

ચીંથરભગતની પત્નીએ પોતાની સાડી વેચીને ભોજન કરાવ્યું ત્યારે સીતાદેવીએ પોતાનું અર્ધું વસ્ત્ર તેને પહેરાવી, ગામના ચોકમાં આવ્યા, પીપાજીએ હાથમાં ઢોલક લીધું અને વગાડયું, સીતાદેવીએ નૃત્ય કર્યું અને ત્યાં જ જે દ્રવ્ય મળ્યું તેમાંથી અન્નક્ષેત્ર શરૂ કર્યું. ત્યાંથી નીકળી ટોડા ગામે (શિહોર પાસેના) વાછાણી ગોહિલ સૂર્યસેન મલ્લના રાજમાં પયહારી શ્રીકૃષ્ણદાસજી સાથે મળીને વિ.સં.૧૫૨૦ ઈ.સ.૧૪૬૪માં અન્નક્ષેત્ર ખોલેલું.

**પીપાજીના ગુરુ સ્વામી રામાનંદજી**

મધ્યયુગના પ્રભાવશાળી, સમાજ–સુધારક, યુગપ્રવર્તક સ્વામી રામાનંદજીના જીવન – વૃત્તાંતને લઈને વિદ્વાનોમાં પર્યાપ્ત મતભેદ જોવા મળે છે. એમના સમયગાળા માટે વિક્રમની ચૌદમી શતાબ્દીના અંતથી પ્રારંભ કરીને વિક્રમની સોળમી શતાબ્દીના ત્રીજા ચરણ સુધીની ધારણાઓ કરવામાં આવી છે. પરંતુ રામાવત સંપ્રદાયના માન્ય ગ્રંથ 'અગત્સ્ય સંહિતા' અનુસાર સ્વામી રામાનંદજીનો જન્મ વિક્રમ સંવત ૧૩૫૬(ઈ.સ.

૧૨૯૯)માં મહા માસની કૃષ્ણ સપ્તમીના દિવસે થયેલો. પિતા પુષ્પસદન કે પુણ્યસદન શર્મા, માતા સુશીલાદેવી અને ગુરુનું નામ રાઘવાનંદજી હતું.

રાઘવાનંદજી વિશિષ્ટાદ્વૈતી શ્રી સંપ્રદાયના આચાર્ય હતા. સ્વામી રામાનંદજીએ ગુરુ પાસેથી આદેશ મેળવીને પોતાના અલગ સંપ્રદાયની સ્થાપના કરેલી. જેમાં સંત કબીર (ઈ.સ.૧૩૯૮-૧૫૧૮),પીપાજી, રૈદાસજી, સેના નાઈ, ધના જાટ, અનંતાનંદ, સંખાનંદ, સુરસુરાનંદ, ભાવાનંદ, નરહરિ, ગાલવાનંદ, યોગાનંદ જેવા પ્રમુખ બાર શિષ્યો હતા. સ્વામી રામાનંદજીનું નિર્વાણ ૧૭૬ વર્ષની ઉંમરે વિ.સં. ૧૫૩૨ ચૈત્ર શુકલ નવમી(ઈ.સ.૧૪૭૬)ના દિવસે થયું એમ સંપ્રદાયમાં માનવામાં આવે છે. ઈ.સ.૧૩૦૦ થી ૧૪૧૧ રામાનંદાચાર્ય - સ્વામી રામાનંદ સૌરાષ્ટ્રની યાત્રાએ આવેલા. એમના શિષ્ય શ્રી કબીરસાહેબ (ઈ.સ.૧૩૯૮ થી ૧૫૧૮) ભારતવર્ષના મુખ્ય સંત તરીકે જાણીતા છે. જન્મસ્થળ : કાશી, અવસાનઃ મગહર, રચના : સાખી, પદ, શબદી, રવૈણી આદિ. પ્રસિદ્ધ ગ્રંથ : 'બીજક'.

રામાનંદના બીજા શિષ્ય પીપાજીનો રાજસ્થાનના ગાગરગઢ/ગાગરૌનગઢમાં ખીંચી - ચૌહાણ વંશમાં રાજકુટુંબમાં જન્મ ઈ.સ.૧૩૨૩ (વિ.સં.૧૩૮૦ ચૈત્ર સુદી ૧૫) નિર્વાણ : ચૈત્ર સુદ ૧, વિ.સં.૧૪૪૧,(ઈ.સ.૧૩૮૪). પત્ની : સીતાદેવી. દ્વારિકાની યાત્રાએથી પાછાં વળતાં તેનો સત્કાર જાફરાબાદ પાસેના ઉમેજ ગામે ચિંથરભક્ત અથવા ઢાંગરભકતે કરેલો. ત્યાંની નજીકમાં પીપાવાવમાં સૌરાષ્ટ્રનું સર્વ પ્રથમ સદાવ્રત આજથી લગભગ ૬૫૦ વર્ષ પહેલાં સ્થાપેલું. પીપાવાવમાં જગ્યા. જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં પ્રાચીન ગામ : ગાંગડા ભજનોમાં ગાંગરગઢથી ઉલ્લેખિત ગામ, ઉના-રાજુલા ધારી માર્ગ પર ગંગનાથ મહાદેવ મંદિર. પાંચ વરસ જગ્યામાં રહીને પછી પોતાના ગુરુભાઈ ધરમદાસને જગ્યા સોંપી પાછા પોતાના વતન રાજસ્થાનમાં ગયેલા. ધરમદાસ પછી એક પછી એક ચૌદ મહંતો થયા. એમાં ગીગારામજીએ છપ્પનિયા દુષ્કાળ વખતે ખીચડીની દેગો ચાલુ કરેલી. ત્યારબાદ રામદાસ, વિઠ્ઠલદાસ અને મહંત કનૈયાદાસજી પછી પણ આજે પરંપરા ચાલુ છે. રામાનંદ સ્વામીના ત્રીજા શિષ્ય ઈ.સ.૧૩૮૦માં હયાત રૈદાસજી સૌરાષ્ટ્રમાં દ્વારકાની યાત્રાએ નીકળેલા, જૂનાગઢ જિલ્લાના સરસાઈ ગામે આશ્રમ સ્થાપેલો. એનો કુંડ આજે પણ હયાત છે. મીરાંબાઈના ગુરુ તરીકેની નામના. ગુરુ ગ્રંથસાહેબમાં પીપાજીની ભજન રચના છે :

**ભજ લો હરિ ચરન સુખદાયી,**
**ભજ લો રામ ચરન સુખદાયી,**
**કાયૌ દેવા, કાયૌ દેવલ, કાયૌ જંગમ જાતિ,**
**કાયૌ ધૂપ દીપ નૈવેદા, કાયૌ પૂજો પાતિ.**
**ભજ લો હરિ ચરન સુખદાયી.**
**કાયાકે બહુ ખંડ ખોજતે, સાધુ નવ નિધ પાઈ,**
**ના કછુ આઈબો, ના કછુ જાઈબો, રામકી દુહાઈ**
**ભજ લો હરિ ચરન સુખદાયી.**
**જો બ્રહ્મંડે સોઈ પિંડે, જો ખોજૈ સો પાવે**
**પીપા પ્રણવૈ પરમ તત્ત્વ હૈ, સતિગુરુ હોઈ લખાવે**
**ભજ લો હરિ ચરન સુખદાયી.**

(૯૮૨૪૩ ૭૧૯૦૪)

•••

# આઝાદીની લડતમાં કવિ કાગની કવિતાનું પ્રદાન

• ઈસુભાઈ ગઢવી

ચારણો માત્ર કવિતા કર્મી નથી. કાવ્ય વિદ્યા ચારણોની પ્રવૃત્તિ નથી પણ ચારણી વૃત્તિ છે. ચારણોની કવિતા માત્ર નિજાનંદ માટે લખાણી નથી પરંતુ સર્વજન હિતાય સર્જાણી છે. સમાજ, સંસ્કૃતિ અને સાહિત્યનું સર્વતોમુખી જાગરણ એ ચારણી કવિતાનો પરમ હેતુ રહ્યો છે. આદિથી આજ સુધી સામાજિક સંસ્કારની જયોત જયારે ઝંખવાણી છે ત્યારે ચારણો એને જલતી રાખનારા મશાલચી બન્યા છે. રાજસત્તા કે શાસનકર્તા જયારે રાજ ધર્મ ચૂકયા છે ત્યારે ચારણ કવિઓ એના જાગરુક પ્રહરી બન્યા છે. જયારે રાષ્ટ્ર ઉત્થાનની આહલેક જાગી છે ત્યારે ચારણ કવિઓ ત્યારે રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરવામાં અગ્રેસર થયા છે. સ્વદેશની પરતંત્રતાની પીડા હોય કે જન્મ ભોમ ઉપર પરધર્મીઓના વિતકની વેદના હોય ચારણ કવિઓ સમકાલીન કવિઓના અગ્રસ્થ ઉભા રહ્યા છે. પરદેશી શાસકો સામે પ્રતિકાર કરનાર સ્વદેશી સપૂતોની સાથોસાથ રહીને દેશદાઝને જાગતી રાખવામાં ચારણ કવિઓનો સિંહભાગ છે. હિન્દુ રાષ્ટ્રના અમર રખેવાળ એવા મહારાણા પ્રતાપ કે શિવાજીની બુલંદમાં ચારણ કવિઓની બળુકી કવિતાઓનું કૌવત મુખ્ય રહ્યું છે.

આ પરંપરા અતીતથી આજ સુધી જળવાઈ છે. જન્મભોમના પાવન પગોમાં જડાયેલ અંગ્રેજ હકૂમતની અતૂટ બેડીઓને તોડવામાં પોતાના પ્રાણની આહુતિ આપનારા શહીદોનું પ્રદાન જેટલું અપરિમેય છે એટલું જ પ્રદાન એ રાષ્ટ્રવીરોને આઝાદીનું અમૃત ગાન પાનારા ચારણ કવિઓનું પણ છે. આઝાદીની લડતની મહા ધૂરા પોતાની કાંધ ઉપર ઉપાડનાર ગાંધીજીને વારંવાર હૂંફ અને હિંમત આપનાર કવિઓ પડખે ના હોત તો મહાત્મા એવા ગાંધીજી પણ થાકી જાત. ગુજરાતના એવા શબદ શૂરવીરોની નોંધ આઝાદીના ચોપડે આજ પણ છે. ભારતને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાની વાત ગળે ઉતારવા ગોળમેજી પરિષદમાં ઈંગ્લેન્ડ જતા ગાંધીજીને છેલ્લી ઘડીએ લોકકવિ ઝવેરચંદ મેઘાણી એક કવિતા મોકલે,

**'છેલ્લો કટોરો ઝહેરનો આપી જજો બાપુ**
**સાગર પીનારા અંજળિ ના ઢોળજો બાપુ'**

આ કવિતાનાં વેણ એ સૂકલકડી કાયામાં પહાડ જેવી અડગતા ઉભી કરી દે. આ કવિતા માટે મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ ગાંધીજી આપે. આ ત્રેવડ એક લોક કવિમાં હોય છે.

રાષ્ટ્ર ચેતના ઉજાગર કરવામાં અને ગાંધીજી જેવાને પણ આઝાદીની લડતમાં અડીખમ ઉભા રહેવાનું બળ આપવામાં ચારણી કવિતાના કૈલાસ એવા કવિ કાગનું પ્રદાન અમૂલ્ય છે. ચારણ કવિ એક વિચાર જનક હોય છે અને એ બળુકો વિચાર યુગ પ્રવર્તક અને ક્રાંતિકારક બની જાય છે. કવિ કાગની આઝાદી પ્રેરક કવિતાઓ આ કક્ષાની છે. કવિ કાગની કવિતાઓએ ગાંધીજી પ્રજવલિત મશાલમાં ઘી રેડવાનું કામ કર્યું છે.

કવિ કાગની રાષ્ટ્રભાવની કવિતાઓનું પરિશીલન કરતાં એક વાત પ્રતિત થાય છે કે આઝાદીની લડતના ધોરી સ્તંભ જેવા ગાંધીજીને કાયમ નજરમાં રાખ્યા છે. મુકિત માટેની મહા જયોતની શગને કવિતાની આંગળીથી સંકોરવાનું પુણ્ય કામ કવિ કાગે કર્યું છે. લાકડીના ટેકે ડગમગતા દેહે આઝાદી માટે રાન રાન રખડતા ગાંધીજી માટે કોઈ એમ ના વિચારે કે આ મૂઠી હાડકાનો માણસ ભારતને આઝાદી અપાવશે ! ત્યારે કવિ કાગ લખે છે –

**સાદો ને સીધો બાપુ ગરવો ને**
**ગામઠી દેયું એની ડગ મગ થાય;**
**આતમનાં જોર એનાં આસમાને આફળ્યાં ને**
**હૈડામાં પ્રગટી હુતાશન હાય.**

કાગવાણી ભાગ-૧ની આ કવિતાએ

ગાંધીજીને બમણા જોરથી દોતા કરી દીધા હશે ને?

ગાંધીજીનું પાંખું પંડ્ય આખરે તો કળજુગી કાઠાનું ને! રાત દી'ની રઝળપાટમાં એને ય થાકોડો તો લાગતો હશે ને, એ લોથ પોથ દેહને એક ઘડીનો પણ આરામ નથી એ જોઈને કવિ કાગે કલમ ચલાવી કે–

**શામળો સેજમાં કેમ લોટે,**
**દેવ વસુદેવ ને દેવકી કેદમાં કૌરવો**
**સતી તણાં ચીર ઝોટે !**
**લાલ ચક્રો ફરે ઘોર પરદેશનાં દુઃખનો**
**અગમ રસ વહે જયાંથી.**

ભારતી આરતી નાદ ઉચ્ચારતી ગાંધીને હોય આરામ કયાંથી, આ કવિતા જાણીને ગાંધીજીએ કાયમ માટે આરામ હરામ કરી નાખ્શો હશે, કાગવાણી–૨.

આઝાદીની ચળવળ અંગે હરિપુરાના સંમેલનમાં ભારતભરમાંથી આવેલ ભેરુઓને ગાંધીજીના વિરાટ વ્યકિતત્વની ઓળખાણ આપવા માટે કવિ કાગ ૧૯૩૮માં હરિપુરા ગયા હતા ત્યાં કવિ કાગે ગાંધીજીની વિરાટતાને કવિતામાં લલકારી–

**મોભીડો મારો સો સો વાતુંનો જાણનારો,**
**ઉપર ઊજળાં ને મનનાં મેલાં એવા ધોળાં(અંગ્રેજ)**
**ને નહીં ધીરનારો.**
**દેહે દૂબળીયો પણ ગેબી ગામડીયો મુત્સદીને મુંઝવનારો,**
**કૂણો માખણ જેવો સાદો ને સોયલો કાળને નોતરનારો,**
**કાળ જેવાને મહાકાળ લાગે આભને બાથ ભીડનારો.**
**સૂરજ આંટા ફરે એવા આ ડુંગરોએ ડુંગરોને ડોલાવનારો.**
*(જેનો સૂરજ પૃથ્વી પર કયારેય આથમતો નથી*
*એવા અંગ્રેજો રુપી ડુંગરા)*

હરિપુરામાં આકારેલ આ વિરાટ વ્યકિતની ત્રેવડનો પરચો આખા જગતના રાજા એવા અંગ્રેજોને ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે મળી ગયો, બસો વર્ષોથી ગુલામીની જંજીરોમાં જકડી રાખેલ ભારતને અંગ્રેજોએ સગા હાથે ગાંધીજીના દુબળા દેહની આગળ સમર્પિત કરી દીધું, કાગવાણી–૨.

કવિ કાગે ગાંધીજીની કાયા સામું જોયું નથી પણ એમના કૌવત સામું જોઈને જગતને એમની યથાર્થ ઓળખાણ અપાવી છે. કાગવાણી–૨ની કવિતા **'વાણીયો ખેડે વેર'** એનું ઉજળું ઉદાહરણ છે, જેમકે–

**એક જોધો એવો જાગીયો એણે સૂતો જગાવ્યો કાળ,**
**પહેરવા બાંડી પોતડી એને હાથ નથી હથિયાર,**
**ઘાવ ઝીલે ઘમસાણનાં એની આંખમાં નાવ્યાં ઝહેર,**
**દુનિયા આખી ડોલવા લાગી વાણીયો ખેડે વેર,**
**કોઈ સૂઝ નથી કોઈને એવો ધૂમસે ગોટા ગોટ,**
**ધીંગડા હાથી ધ્રૂજવા લાગ્યા એવી દુબળે દીધી દોટ,**
**મોત ઉછાળીને સાબદુ કીધું વાણીયે ઘેર્યો વાઢ,**
**ધડ ધીંગાણે હાકલુ મારે તોપને લાગી ટાઢ.**

અંગ્રેજો દ્વારા બસો વર્ષોથી દાગેલી તોપોને ટાઢ આવી જાય અને એના મોઢે તાળાં લાગી જાય એવી દુબળા વાણીયાનો ત્રેવડને જગત આખાને ઓળ ખાવવાની તાકાત કવિ કાગની કવિતામાં જ હોઈ શકે.

સો વર્ષોથી વધુ ઉંમરની બૂઢી થયેલ આજની કોંગ્રેસ જયારે જુવાન જોધ થઈને ગાંધીજીના ખોળામાં રમતી હતી અને આઝાદીનાં ગાણાં ગાતી હતી એ કોંગ્રેસ ને કવિ કાગે કવિતાની સરાણે ચઢાવીને લખ્યું હતું–

**દેશ જોજો ગાંધીજીની દીકરી,**
**એ જનમી બૂડતાને તારવા.**
**એની આંખડીએ તેજના અંબાર,**
**પોઢી પોઢી દીયે છે પડકાર.**
**એની હાંકે ખડેડે આભો આભ,**
**એ વધવા માંડી દિન રાત.**
**એના છેડા દિશા ને દિગપાલ,**
**એનો સંભળાયો દુનિયાને સાદ.**
**એની તાળી પડે છે ત્રણ લોક,**
**એના પડઘા બોલે દરિયા પાર.**
**મારે હાકલ તો મડદાં બેઠાં થાય,**
**એ તો સાત ખોટની એની દીકરી.**

આ કવિતામાં કોંગ્રેસની કદાવરતાની કેટલી બધી વડાઈ કવિ કાગે કરી છે અને આજ..! કંગાળ, કૃશ, ક્ષીણ કાય અંગ્રેજોને જોઈને કવિ કાગનો આત્મા કેટલો કણસતો હશે? લોકવાણીના વેદ વ્યાસ એવા કવિ કાગની કવિતામાં લોક ઢાળ, લોક બોલ, લોક રૂપક અને લોક ભાવ ફૂલની જેમ ફોરાય છે.

કાગવાણી-રના **'હિન્દ વાણીનો લાડકો વર'** કાવ્યમાં કવિ તરીકે કવિ કાગ પૂર્ણ રીતે પ્રગટયા છે. ૧૯૩૮ના દાયકામાં આઝાદીની લડત એની યુવાનીની અવસ્થામાં હતી. જાણે કે આઝાદી એક જુવાનજોધ કુંવારકા હતી. પરંતુ એ પરદેશીઓના પાશમાં હતી. ગાંધીજીએ એ પરવશ કન્યાને મુકત કરવા મહા જંગ આરંભ્યો. એ ઝઝૂમ્યા અને જીત્યા, જુવાન આઝાદી મુકત થઈ અને ગાંધીજી ઉપર ઓળઘોળ થઈ ગઈ. કવિ કાગે ગાંધીજીને વરરાજા કલ્પી લીધા અને મુકિતબા એ એની વરમાળા ગાંધીજીના ગળામાં પહેરાવી દીધી. કેવું અર્થસભર કાવ્ય કલ્પન! કવિના ભાવાલેખન તો જુવો-

**સુખકારી હતી એ કુમારી હતી,**
**સ્વતંત્રતા નામે એ સુંદરી.**
**એને મોહિની મોહનની પ્રગટી,**
**વરમાળ હસી કંઠ માંય ધરી.**
**લલકારો એનાં સહુ ગીતડિયાં.**
**હિન્દ માતાનો લાડકો આ વર.**

કવિ કાગે ગાંધીજીને રોમેરોમ ઓળખ્યા છે. **'દે દી હમેં આઝાદી બીના ખડક બીના ઢાલ'** એ ભાવ પ્રતીતિ કવિ કાગને પણ થઈ છે. વિશ્વના કોઈપણ સ્વાતંત્ર્ય સંગ્રામ લોહિયાળ હિંસા વિણ સફળ થયા નથી. માત્ર ભારતની આઝાદી અહિંસક લડતના આધારે મળી છે. કવિ કાગે આ સત્યને આલેખ્યું કાગવાણી-૩ની **'જય હો ગાંધી મહારાજનો'** ૧૯૪૫માં લખાયેલ કવિતા દ્વારા કવિએ લખ્યું-

**કાગ હિંસાને ગોળે જગ ઢોળે જળ રકત તણાં**
**ત્યાં અહિંસક ખેલે અખાડે ખેલ્યો વાણીયો.**

લાખો જીવોની સંહાર લીલા પછી બાણશૈયા ઉપર સૂતેલા ભીષ્મે કરણને એટલે તો સલાહ આપી હતી. **'કરણ'** હું તો હવે જાઉં છું, દુર્યોધન તારું માને છે, યુદ્ધ અટકાવી દેજે કારણ કે લોહી રેડીને જીતેલું રાજ કોઈ રીતે સુખ શાંતિ નહીં આપે'. ગાંધીજીએ આ કવિતા જાણી હશે તો જ એમણે આઝાદી માટે અહિંસક લડત સ્વીકારી હશે.

કાગવાણી-૩ની કવિતા **'રોતી જનેતા'** તો તત્કાલીન મા ભારતીની દારુણ દશાનું વેધક વર્ણન છે.

**બંદીવાન એક અભાગણી રે..**
**પારાધીએ કેદમાં પૂરી રે,**
**બેટા મારી હાલત બૂરી રે,**
**હાથ લોહ સાંકળુ નાખી રે,**
**પાયે પાયે બેડીયું ઝીંકી રે.**

ચારણ કવિ આર્ષદ્રષ્ટા હોય છે. વર્ષોથી ચાલતી આઝાદીની લડતને કવિ કાગ કુંભારના જૂના ચાકડાની ઉપમા આપીને ગાંધીજીને સલાહ આપે છે-

**આખા દેશના ડાહ્યા,**
**હળવો રે ફેરવજે જૂનો ચાકડો**
**માટી રે મેળવજે જૂની ખાણની,**
**નવા કૂવાનાં પાણી ભલે પીવરાવ રે**
**તારે ચાકડે રે ફરિયાં બ્રહ્માંડો ફૂદડી,**
**કાગ વંદે તુને વર્ધાના કુંભાર રે**
**આખા દેશના ડાહ્યા**
**હળવો રે ફેરવજે જૂનો ચાકડો.**

૧૯૪૬માં કવિએ **'ચૂંદડી'** કાવ્ય લખ્યું. એમાં કવિએ ગાંધીજીને રંગારાની ઉપમા આપીને મા ભારતીની અમૂલખ ચૂંદડીમાં સત્ય, અહિંસા, સહનશીલતા, ક્ષમા, સંપ, સમાન દૃષ્ટિ, કરુણા જેવા ભાતીગળ રંગોથી રંડા રંગો પૂરવા પ્રેરણા આપી. કવિએ સનાતન સત્ય ભાખ્યું-

**કાગ કહે સતની રંગેલી ચૂંદડી,**
**જુગ જાતાં એનો રંગ જૂનો નહીં થાય રે,**
**છાપજે ગાંધી તું રુડી ચૂંદડી.**

ભારોભાર રાષ્ટ્ર ભકિતથી ભરેલી કવિ કાગની અનેક કવિતાઓમાંથી કેટલીક કવિતાઓનું આ આચમન માત્ર છે.

આઝાદીના અહિંસક યુદ્ધમાં પોતાની પ્રબળ કવિતાઓ દ્વારા પ્રભાવક પ્રદાન કરનાર કવિ કાગને આઝાદીનો ઈતિહાસ કાયમ યાદ રાખશે.

(૯૮૨૫૯ ૬૧૨૭૦)

•••

# ધૃતરાષ્ટ્ર

• ચંડીદાન ગઢવી

'ચાલો, એક કોઠો તો પુરો થયો!' ધીરજલાલે મસ્તક પાછળ આંગળાં ભીડી, સોફા પર લંબાવતાં હાશકારો અનુભવ્યો.

'હાસ્તો!' વિદ્યાગૌરીએ નાસ્તાની ડીશો એકઠી કરતાં પ્રસન્નતાનો સૂર રેલાવ્યો. 'છોકરાએ હા પાડી અને આપણી રીટાને પણ ગમ્યું.'

'તેં એ જોયું ?' ધીરજલાલ સોફામાંથી, સ્હેજ આગળ ઝૂકતાં, ધીમા સ્વરમાં બોલ્યાં, 'મોટી કંપનીનો મેનેજર. નાની ઉંમર, પૈસો - ટકો, ગાડી-બંગલા. શ્રીમંત ઘરની કન્યાઓની લાઈન લાગે. એક-એકથી ચડિયાતી છોકરીઓ મળે. આપણી રીટાનું કશું ન આવે.'

'વાત બિલકુલ સાચી'. વિદ્યાગૌરી સોફામાં સ્હેજ ખસી સરખાં બેઠાં. 'અને પછી બાપ-દીકરામાં કેટલી નમ્રતા? વાણીમાં સંસ્કારિતા. ખપ પૂરતું જ બોલવાનું.'

'અભિમાનનો છાંટો ય નહિ.' ધીરજલાલ તૃપ્ત ભાવે છત ભણી નિહાળી રહ્યા.

'એમણે ભલે સાત દિવસમાં જવાબ કરવા કહ્યું, પણ મને તો લાગે છે કે જો સહુને ગમ્યું જ છે તો રાહ શું કામ જોવી?' ધીરજલાલ પ્રશ્નસૂચક દૃષ્ટિ પત્ની તરફ માંડી રહ્યા.

'અરે, મનસુખ! તું તો કશું બોલતો જ નથી!' ધીરજલાલ સાશ્ચર્ય મનસુખલાલ તરફ તાકી સ્મિત રેલાવી રહ્યા. 'હવે તો નાસ્તાની ડીશો પણ તેં ખાલી કરી નાખી!'

'તે કરું જ ને !' મનસુખલાલે કૃત્રિમ રીસભર્યો છણકો કર્યો. 'મારું જ ઘર છે ને! ભાભી! સાચું કહેજો!' તે ટટ્ટાર થઈ વિદ્યાગૌરી તરફ ફરિયાદભરી મીટ માંડી રહ્યા. ' રીટા અને મારી વીણા વચ્ચે કયારેય જુદાગરો રાખ્યો છે ?'

'એવું કોણ કહે છે ?' વિદ્યાગૌરી હસી રહ્યાં, 'તમારા ખોળામાં એ બંને મોટી થઈ છે. બંનેના મેડિકલ પ્રવેશ સમયે તમે કેટલીય દોડધામ કરી છે. તમારી મહેનતના લીધે તો એ બંને હવે ડોકટર પણ બની જશે.' તેમના મોં પર સંતોષની આભા ચમકી રહી.

'શું તું ય મનસુખ! હું તો ખાલી મજાક કરું છું.' ધીરજલાલ સ્હેજ ગંભીર સ્વરે, મનસુખભાઈનો હાથ પંપાળતાં હસી પડયા.

'બાકી કોઠા-કબાડામાં તમે એક્કા હોં!' મનસુખલાલ ઘડીભર ધીરજલાલ તરફ સ્થિર દૃષ્ટિ કરી રહ્યા. 'ધંધામાં તો માંડ બે ટંકનું ભેળું થાય. સાઈડ-ઈન્કમ ન કરીએ તો મારા ભાઈ વહેવાર ચલાવવા મુશ્કેલ થઈ જાય!'

ગંભીર બની મનસુખલાલ ધીરજલાલ તરફ સ્હેજ ઝૂકયા. 'છેલ્લા પચ્ચીસ વરસથી મને નાના ભાઈની જેમ ગણી ધંધો ગોઠવી આપવામાં, પાંચ-પચ્ચીસનો ટેકો કરવામાં અને નાની-મોટી સમસ્યાઓમાં ખભે-ખભો મિલાવ્યો છે. મારી વીણાનો મેડિકલ અભ્યાસનો તમામ ખર્ચ તમે જ ઉઠાવ્યો છે ને! કયારેય પડોશી ગણ્યો જ નથી. બાકી હું તો દોરી-લોટો લઈને, સાવ અજાણ્યા શહેરમાં આવ્યો'તો ત્યારે તમે જ મને આશરો આપ્યો'તો ને !' મનસુખલાલ આર્દ્ર દૃષ્ટિએ નિહાળી રહ્યાં.

'તમે શું લઈ બેઠા?' વિદ્યાગૌરી ડીશો એકઠી કરી લઈ ઊભા થતાં સોફાનો ટેકો લઈ

રહ્યાં.' હવે આ રીટાના સંબંધ માટે વિચારોને! તમારો શો મત છે મનસુખભાઈ?' વિદ્યાગૌરી પૃચ્છક નજર માંડી રહ્યાં.

'હું તો કહું છું આવું સગું તો નસીબદારને જ મળે! એક પૈસાનું દહેજ નહિ. લગ્ન એકદમ સાદાઈથી. રીટાને પ્રેકટીસ કરવાની છૂટ. બોલો, આવો મુરતિયો ને ઘર, દીવો લઈને શોધો તોય મળે? માટે કરો કંકુના....પણ...' મનસુખલાલ હોઠ પર આંગળી મૂકી વિચાર મુદ્રામાં, આભ ભણી તાકી રહ્યા.

'શું પણ?' ધીરજલાલ ચિંતિત થઈ, અધીરા બની, ભય-મિશ્રિત આશંકાથી તેમની તરફ મીટ માંડી રહ્યા.

'જુઓ, તમે મારા માટે મોટાભાઈથીય અધીક છો. રીટામાં હું મારી વીણાને જ જોઉં છું.' મનસુખલાલ ઠાવકા-ચેતવણીરૂપ સ્વરમાં વિદ્યાગૌરી તરફ દષ્ટિક્ષેપ કરી રહ્યા. 'આપણે રહ્યા દીકરીવાળા...બરાબર! માટે સો ગરણે ગાળી પાણી પીવું પડે.' પેલા નરોત્તમની ખબર છે ને! બાજુની સોસાયટીમાં ! રોજ સાંજે બગીચામાં લટાર મારવા આવતો'તો ને ! મોટી મોટી વાતોથી અંજાઈને દીકરી દઈ લીધી. છેવટે ડુંગર ખોદીને શું કાઢ્યું?...'

'મનસુખભાઈ સાફ સાફ કહોને..ગોળ ગોળ...!' પતિ-પત્નીના અવાજમાં ગભરાટ વરતાતો હતો.

'વેવાઈની બધી વાત સાચી. સાત દા'ડાનો ટાઈમ છે તો પછી તેમની સચ્ચાઈની તપાસ કરીએ તો?...હું કહું છું માણસો સોળ આની! પણ ખાતરી કરવામાં જાય છે શું ? સફેદ એટલું દૂધ નથી હોતું. મનસુખલાલ તેમના ભણી દષ્ટિ કરી રહ્યા.

બંને ગડમથલમાં પરસ્પરને પૃચ્છક નજરે નિહાળી રહ્યાં. છેવટે કચવાતે મને સંમતિ સૂચક ડોકું હલાવ્યું.

'તમે મારા પર છોડી દો, સાત દિવસમાં દૂધનું દૂધ ને...પછી તમને ઠીક લાગે તેમ... બરાબર!' મનસુખલાલ નિશ્ચયાત્મક સ્વરે ઊભા થયા.

સાત દિવસે, ધીરજલાલના ઘેર મનસુખલાલ સોફા પર બેસી, મૌન બની જમીન તરફ દષ્ટિ ખોડી રહ્યા.

'શું તારણ આવ્યું?... કેમ મનસુખલાલ કંઈ બોલતા નથી? ઓરડામાં મૌનના ઓથારમાં ભીંસાતા ધીરજલાલ ઉતાવળમાં હોય તેમ મનસુખલાલના હાથને પકડી હલાવી રહ્યા.

'મને જેનો ડર હતો તે જ થયું.' મનસુખલાલ રડમસ ચહેરે, આભમાં સતત આકાર બદલતાં વાદળો તરફ અપલક દૃષ્ટિ માંડી રહ્યા. 'અનિકેતની ઓફિસમાં રૂપાળી, ફેશનેબલ અને સ્માર્ટ યુવતીઓ કામ કરે છે.' તે આગળ વધતાં સ્હેજ અટકયા.

'તો!' પતિ-પત્ની બ્હાવરાં બની અરસ -પરસ તાકી રહ્યાં.

'બિઝનેસ ટૂરના બહાને આ યુવતીઓને વિદેશ લઈ જાય છે. મોટી હોટલોમાં રાત્રિ રોકાણ ને! ' મનસુખલાલ મૌન બની ગયા.

'એ તો સ્વાભાવિક છે! ધંધાના ભાગ રૂપે...' ધીરજલાલ સાવ સહજ સ્વરમાં, સોફા પર બંને હાથ લંબાવી અઢેલી રહ્યાં.

'જુઓ!' મનસુખલાલ સૂચક દષ્ટિથી, તેમની તરફ નિહાળી રહ્યા. 'તમે બંનેએ મારા કરતાં વધારે દિવાળીઓ જોઈ છે. એકાંત.. બેય યુવાન...! ભાભી મારાં મા સમાન છે. મારાથી ઝાઝું ન

બોલાય... તમે ડાહ્યા છો...!'

સહુ કોઈ વિસ્ફારિત નેત્રે આશ્ચર્યમાં આઘાત અનુભવતાં ડૂબી ગયાં.

'મારા માન્યામાં પણ...પરંતુ તેમની ઓફિસમાંથી જ આ માહિતી...' મનસુખલાલ ભોંય પર ખિન્ન દષ્ટિ માંડી રહ્યા. રીટા અને વીણા સડક બની ઊભાં થઈ ઓરડામાં ઘૂસી ગયાં. 'આવો...વિશ્વાસઘાત!' હૈયું શારડીમાં વીંધાવા લાગ્યું.

OOO

'હવે આજે તો ના કહી દો. ઘણા દિવસો થઈ ગયા. આ મનસુખભાઈ અને પરિવાર કયાં..! વિદ્યાગૌરી શાક સમારતાં વાકય પૂરું કરે તે પહેલાં... 'અરે ! મનસુખભાઈ, વીણા કયાં ખોવાઈ ગ્યા'તાં? આ રીટા માટે નવેસરથી એકડો ઘૂંટવો પડશેને!' કુતૂહલથી પ્રશ્ન સૂચક દષ્ટિ માંડી રહ્યાં.

'અરે! ભાભી...એક લગ્નમાં....' મનસુખભાઈ શબ્દો ચગળવા લાગ્યા. સહુ ભારેખમ મૌનથી ભીંસાતાં પગથિયાં ચઢી રહ્યાં.

'પણ સહુનાં મોં કેમ નંખાઈ ગયાં છે? થાકોડો કે બિમારી...?' ધીરજલાલ સ્હેજ અચંબિત બની ગયા.

'અંકલ !' વીણા સ્વસ્થ બની. 'મારી કોલેજમાં અનિકેતના કાકાની દીકરી પણ અભ્યાસ કરે છે. તે મારી અને રીટાની બહેનપણી છે. તેની સાથે ગઈકાલે અમે અનિકેતની ઓફિસે ગયાં હતાં.'

ધીરજલાલ ઉત્કંઠિત નજરે વીણાને તાકી રહ્યાં.

'તેની ઓફિસમાં...એક..પણ..સ્ત્રી.. કર્મચારી જ નથી..' વીણા એક એક શબદ ચીપી ચીપીને બોલતી હતી. 'ખરૂં ને પપ્પા?'

મનસુખલાલ નજર મેળવી શકતા નહોતા. 'તમારા ભાઈએ આપેલો રિપોર્ટ સા..વ જૂઠ્ઠો છે.' વીણાના અવાજમાં સચ્ચાઈનો રણકો સહુને તીરની જેમ વીંધી ગયો. ભૂકંપના તીવ્રતમ ઝટકામાં બધું ધ્વસ્ત થતું નિહાળી–અનુભવી.. ધીરજલાલ પાષાણવત બની, ચેતના લુપ્ત થતી અનુભવી રહ્યા. પરંતુ થોડી ક્ષણોમાં જાત પર કાબૂ મેળવવા મથી રહ્યાં.

'મને માફ કરો!' મનસુખલાલ દોડીને ધીરજલાલના પગમાં પડી ગયા. રોકી રાખેલ અશ્રુધોધ છૂટી ગયો.... 'મારી પુત્રી ખાતર...!' તે આગળ ન બોલી શકયા. રડતા રહ્યા.

'મનસુખલાલ! મહાભારત કાળથી ધૃતરાષ્ટ્ર–વૃત્તિ આપણા સહુમાં આજ પર્યંત જીવંત છે.' તેમને બેઠા કરી પાસે બેસાડી પીઠ પસવારી રહ્યાં.

'એટલે રીટાની જગ્યાએ વીણાને ગોઠવવા આ બાજી ગોઠવી. હું સમજી શકું છું. પરંતુ હવે આપણે ધૃતરાષ્ટ્રે કરેલી ભૂલનું પુનરાવર્તન નથી કરવું. કેમ વિદૂરજી!' ધીરજલાલ વીણા તરફ પ્રસન્નતાથી હસી રહ્યાં.

'આપણે આ આજની પેઢી પાસેથી શીખ લેવાની જરૂર નથી લાગતી?' ધીરજલાલ મનસુખલાલનું મોં ઊંચું કરી રહ્યાં.

'હવે, મહાભારત હમણાં બંધ કરી અનિકેતને ફોન કરી તેમના પરિવારને મોં મીઠું કરવા આવવાનો ફોન કરી દ્યો.' વિદ્યાગૌરી પતંગિયાની ચપળતાથી ઊભાં થઈ ઘરમાં દોડયાં.

(૯૪૦૮૬ ૮૬૬૨૭)

•••

# ધર્મપત્ની

• મહેરબાનભાઈ ગઢવી

હિંદુ ધર્મમાં પત્નીને ધર્મપત્ની, અર્ધાંગિની, જીવનસાથી, જીવનસંગિની જેવાં નામો આપી નવાજવામાં આવેલ છે. દરેક ધાર્મિક ક્રિયાઓમાં ડાબી બાજુ બેસતી હોવાથી તેને વામાંગી પણ કહે છે. તેનો લીટરલી મીનીંગ સહધર્મચારિણી છે. પત્ની એટલે ધર્મ પ્રમાણે વિધિપૂર્વક થયેલી પત્ની. પત્ની છે તો દુનિયામાં બધું છે. દુનિયામાં ઉચ્ચ મસ્તકે આપણે જીવી શકીએ છીએ તે પત્નીનાં આભારી છીએ. તે જીંદગીભર પતિનાં સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી થાય છે. પત્નીને કોઈ રજા મળતી નથી. ૨૪/૭ – ૩૬૫ દિવસ સેવા આપે છે. પતિ પથારીમાં પડયા પડયા હુકમ કરે'કે આ લાવ ને પેલું લાવ અને પાછો બદલામાં તારામાં અક્કલ નથી તેવું પણ કહે. પત્ની મકાન ને ઘર બનાવે છે. પત્ની અન્નપૂર્ણા–લક્ષ્મી છે તે કુલડીમાંથી કટક જમાડી આપે છે. પુરુષની પ્રગતિમાં પત્નીનો મહામૂલ્ય ફાળો હોય છે. અંગ્રેજી ભાષામાં WIFE શબ્દ વાપર્યો જેનો લીટરલી મીનીંગ છે LAW FULLY WEDDED WIFE અથવા WOMAN TO WHOM A MAN IS MARRIED. આજકાલ પત્ની શબ્દને ઠેસ પહોંચે તેવા અર્થ પણ કાઢે છે.

પતિ કયારેય વિચારતો નથી કે એની ગેરહાજરી થશે ત્યારે તેનો ભાવ કોણ પૂછશે? એક ક્ષણ માટે કલ્પના તો કરી જૂઓ, એવી પરિસ્થિતિને એક ક્ષણ માટે જોવા–અનુભવવા કોશિશ કરો. એક દિવસ અચાનક રાતના સમયે પત્ની વિદાય લે છે. ઘરમાં રોક્કળ થાય, અંતિમ દર્શન અને અંતિમ વિધિ થાય; તે સમયે જતાં જતાં પત્નીનો આત્મા પતિને કહે છે – 'ચાલો, હું જાઉં છું' વાકય પણ કેટલું વિરોધાભાસી છે. 'ચાલો' શબ્દ સાથે જવાનો સૂચક છે જયારે 'હું જાઉં છું' શબ્દ, સપ્તપદીમાં આપેલા વચનનો ભંગ છે, દગો છે. પત્નીનો આત્મા કહે છે હવે કદી મળાશે નહિ, વિધિનાં લેખ ટાળ્યા ટળશે નહિ. લગ્ન સમયે ચાર ફેરા વખતે લીધેલા વચનો હું પાળી શકતી નથી મારે એકલા અને અચાનક જવું પડશે તેવી ખબર નહોતી. મન માનતું નથી, છતાં મજબૂર છું, જવું પડશે. છોકરાવને શાંત પાડજો, જરાય ઢીલા ન પડશો, હિંમત રાખજો, રોતા નહીં. નામ તેનો નાશ તો નિયતીએ નક્કી કરેલો છે. જગતમાં આવ્યું તે ગયું પણ છે.

વિરહની વેદના તો પશુ–પક્ષીને પણ થાય છે. જો કે આ અઘરૂં છે. ધીરેધીરે ભૂલવા પ્રયત્ન કરજો. બહુ યાદ કરતા નહિ, કારણ કે હવે મારા વિના જ જીંદગી જીવવાની છે, તેવી આદત પાડજો. જીવનમાં ઓતપ્રોત થઈ જજો. જીવનમાં જીદ્દી રહ્યા, પણ હવે નમ્ર બનજો. એકલા જતા તમારી ચિંતા બહુ થાય છે, પણ મજબૂર છું. દવાઓ નિયમિત લેજો. ધીમે ધીમે ચાલજો ને જરૂર પડયે લાકડી હાથમાં રાખજો. અંધારામાં અથડાતા નહીં, પથારીમાં પડશો તો સેવા કોઈને ગમશે નહિ.

સૂતી વખતે પાણીની બોટલ બાજુમાં રાખજો. બાળકો સાથે બેસજો, રમજો, વાતો કરજો, તેને મદદરૂપ બનજો, ધાર્મિક બનજો. તમારા રોજીંદા કામ માટે વ્યવસ્થિત રહેજો ને હવે જાતે કરવાની ટેવ પાડજો. યાદ આવે તો એક ખૂણે બેસી ચૂપચાપ રડી લેજો જેથી બીજા દુઃખી ન થાય.

મનથી જરાયે ઢીલા ન પડશો. વર્ષોથી મારા હાથની રસોઈ જમાડવાની તમને કુટેવ પાડી છે પણ હવે જમવાનું જે મળે, જેવું મળે તે પ્રેમથી જમી લેજો. મારી ગેરહાજરી તો વર્તાશે પણ મુંઝાશો નહિ. ચા મોડી મળે તો વહુ પર ગુસ્સો ન કરતા, હવે હું નથી એ બરાબર સમજીને જીવજો. બધું આપણું ધાર્યુ થતું નથી, તકલીફો પડે તો ચુપચાપ સહન કરી લેજો. ગુસ્સો કરતા નહિ, ઉદાસ થશો નહિ. ફાવશે, ચાલશે, દોડશે, ગમશેની નીતિ અપનાવજો. તમે તો મને કબીરનો દોહો સંભળાવેલો–

**સહજ મિલા સો દૂધ બરાબર,**
**માંગ લીયા સો પાની;**
**ખીંચ લીયા સો ખૂન બરાબર,**
**કહેત કબીરા જ્ઞાની.**

પ્રેમથી ઘણું સાથે રહ્યા, લીલી વાડી છે તેમાં ફૂલડા ખીલી રહ્યા છે અને ઈ ફૂલડાની ફોરમ આપણે બેયે ખૂબ લીધી છે, જીવન સારૂં જીવ્યા છીએ. કયારેય કોઈ વસ્તુનો અભાવ નથી લાગ્યો, સંતોષભર જીવન જીવ્યા છીએ. કોઈ વાત કદી છૂપાવી નથી, જીવનને ખુલ્લી કિતાબ જેવું રાખ્યું છે. પ્રભુ ભકિત કરવાનું ચૂકતા નહીં, કાંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.

વિધિનાં લેખ ટાળી શકાતા નથી... 'ચાલો, હું જાઉં છું.'

(હવે જીવન કેમ જીવવું તે આપણા હાથમાં છે).

(અંશો માટે સાભાર – જીવન શિક્ષણ ગ્રીન લાઈફ ઓફ ઈંડિયા, સરદાર પટેલ ડિજીટલ સેવા)

(૯૪૨૯૦ ૦૩૩૫૯)

•••

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનને દર વર્ષે એકવાર અનુદાન આપનારા મહાનુભાવો**

૧૧૦૦૦ શ્રી હરેશભાઈ તથા સુભાષભાઈ જે. ગઢવી – મુંબઈ (ભાડલા)
૧૧૦૦૦ શ્રી કીર્તિદાન ગઢવી – રાજકોટ
૧૧૦૦૦ આઈશ્રી સોનલમા ચારણ ગઢવી સમાજ – ગોધરા
૫૦૦૦ પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી – અમદાવાદ
૫૦૦૦ શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ.(નિવૃત્ત) – ગાંધીનગર
૫૦૦૦ શ્રી કે.વી. બાટી, ડેપ્યુટી કલેકટરશ્રી – વેરાવળ
૫૦૦૦ શ્રી આર. જી. ગઢવી, આસિ.કમિશનર સેલ્સટેક્ષ(નિવૃત્ત) – અમદાવાદ
૫૦૦૦ શ્રી માણસુરભાઈ ગોકળભાઈ સોયા,સેલ્સટેક્ષ ઓફિસર(નિવૃત્ત)– અમદાવાદ
૫૦૦૦ ડો. કેશવ ડોસાભાઈ કારીયા – જામખંભાળિયા
૫૦૦૦ શ્રી નરસંગભાઈ ઠાકરીયા, અધિકારીશ્રી(નિવૃત્ત) – સુરત
૫૦૦૦ શ્રી લાભુભાઈ નનુભાઈ બાવડા, અધિકારીશ્રી(નિવૃત્ત) – ગાંધીનગર
૫૦૦૦ શ્રી કિરીટકુમાર ઉમાભાઈ ટાપરિયા, સેલ્સટેક્ષ ઓફિસર(નિવૃત્ત)–ગાંધીનગર

# dgk x; o ykx \

• ભૂપેન્દ્ર મો. દવે

એક વિધવા મહિલા પોતાના પુત્રના મૃત્યુ પર પુત્રના શબને મહાત્મા બુદ્ધની પાસે લઈ જાય છે અને પ્રાર્થના કરે છે કે, તેઓ પોતાના પુત્રને જીવતદાન આપે. બુદ્ધ સહાનુભૂતિ સાથે કહે છે કે, તે કોઈ એવા ઘરેથી સરસવના થોડા દાણા લઈ આવે કે જે ઘરમાં કોઈ મૃત્યુ ન થયું હોય. એ મહિલા સંપૂર્ણ જનપદના પ્રત્યેક ઘરમાં ફરી આવે પણ તેને કોઈ એવું ઘર નથી મળતું કે જેમાં કોઈનું મૃત્યુ થયું ન હોય ત્યારે તેને જ્ઞાન થઈ જાય છે અને એ સત્ય સમજી જાય છે કે – મૃત્યુ બધી અવસ્થામાં મારે છે, એ ઉંમર પર ધ્યાન નથી આપતું. જન્મ લેનારનું મૃત્યુ અનિવાર્ય છે.

આ કલિયુગમાં પણ એવી વિભૂતિઓ થઈ ગઈ છે જેમને લાગ્યું કે પોતાનું જીવનકાર્ય, અવતારકાર્ય પૂર્ણ થયું એટલે એ વયમાં પણ સ્વેચ્છાએ સમાધિ લીધી છે, સંત જ્ઞાનેશ્વર, સંત હોથીજી,ભાણ સાહેબ, જેસલ આદિ ગણાવી શકાય. ઘણી સતીઓએ પોતાના અંગુઠામાંથી અગ્નિ પ્રકટાવી દેહત્યાગ કર્યો છે. શુભ–અશુભ કર્મમાં માત્ર આચરણનો જ નહિ પરંતુ જ્ઞાન – અજ્ઞાનનો પણ સમાવેશ થાય છે. આદ્ય શંકરાચાર્યજીએ પૂર્વ સંસ્કારબળથી આઠમે વર્ષે સકલ શાસ્ત્રોનું અધ્યયન પૂર્ણ કરી સોળમે વર્ષે ભાષ્ય લખ્યું, હિન્દુ ધર્મની રક્ષા કરી તેમણે બત્રીસ વર્ષની વયે કેદારનાથમાં લીલા સંકેલી લીધી હતી.

સંત જ્ઞાનેશ્વર માત્ર આઠ વર્ષની વયે પૂર્ણતાને પામ્યા. પંદર વર્ષની વયે ગીતાભાષ્ય લખ્યું જે જ્ઞાનેશ્વરી ગીતા તરીકે પ્રસિદ્ધિ પામ્યું. વિદ્વાનોએ કાવ્ય, તત્ત્વજ્ઞાન અને ધર્મગ્રંથ તરીકે તેનો સ્વીકાર કર્યો છે. સંત જ્ઞાનેશ્વરે એકવીસ વર્ષની ઉંમરે સમાધિ લીધી હતી. અન્ય મહાપુરુષોના આયુષ્ય વિશે જોઈએ તો, ચૈતન્ય મહાપ્રભુ ૪૮ વર્ષની વયે ધામમાં ગયા. સંત તુકારામે ૪૨ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. સ્વામી રામતીર્થએ ૩૩ વર્ષની ઉંમરે ગંગાજીમાં જળ સમાધિ લીધી હતી. સ્વામી વિવેકાનંદ મેલેરિયા અને મધુપ્રમેહ ગ્રસ્ત થઈને ૩૯ વર્ષની વયે સ્વર્ગે સીધાવ્યા હતા. ભગવાન બુદ્ધ સુકર કંદ નામનો અભક્ષ્ય આહાર નહિ પચવાથી મૃત્યુ પામ્યા હતા. વ્યાકરણાચાર્ય પાણિનિ ઋષિને વાઘે ફાડી ખાધા હતા. મીમાંસા શાસ્ત્રના રચયિતા જૈમિનિ મુનિને હાથીએ મારી નાખ્યા હતા. મીમાંસા શાસ્ત્રના એવા જ પ્રખ્યાત વિદ્વાન કુમારિલ ભટ્ટે અનેક શિષ્યોની સમક્ષ તુષાનલ અગ્નિ પર સૂઈને આત્મદાહ કર્યો હતો. શ્રી વલ્લભાચાર્યજીએ ગંગાજીમાં જળ સમાધિ લીધી હતી. મહાકવિ માઘ યાચકોને દાન આપવા અસમર્થ થઈ ગયા તેથી આત્મહત્યા કરી લીધી હતી.

ઈચ્છામૃત્યુના અધિકારી ભીષ્મ પિતામહનું મૃત્યુ બાણોની શૈય્યા પર થયું હતું. અભિમન્યુનું મૃત્યુ સાતમા કોઠાથી અજાણ હોવાથી થયું હતું. આ સમયે અર્જુનને બહુ જ શોક થયો હતો કે હું ત્યાં હાજર હોત તો અભિમન્યુને મરવા ન દેત. ભગવાને અર્જુનને શોકમુકત કરવા ખૂબ સમજાવ્યો અને છતાં ન સમજવાથી શ્રીકૃષ્ણ તેને અભિમન્યુનો જીવ જે પોપટ થઈને જન્મ્યો હતો તેની પાસે લઈ ગયા. પોપટની યોનિમાં જન્મેલા અભિમન્યુ અર્જુનને કહે છે કે અનેક જન્મોમાં હું તારો બાળ રહી ચૂકયો છું. આ બધા ઋણાનુબંધના અને કર્મના નિયમના ખેલ છે. કોણ

પિતા અને કોણ પુત્ર? આખરે અર્જુનનો મોહ દૂર થયો.

૧૯૦૮ના ઓગસ્ટની ૧૧મી તારીખ સવારે ખુદીરામને જેલની કોટડીમાંથી બહાર કાઢવામાં આવ્યો. છેલ્લી ઈચ્છા? 'વન્દે માત્રમ!' ખુદીરામે કહ્યું પછી હાથમાં ભગવદ્ગીતા, ગળામાં ફાંસીનો શિકંજો અને દેશના ઈતિહાસમાં એક શહીદનું નામ ઉમેરાઈ ગયું. ખુદીરામ બોઝ, જન્મ : ડિસેમ્બર ૩, ૧૮૮૯! મૃત્યુ : ઓગષ્ટ ૧૧, ૧૯૦૮! મૃત્યુ સમયે તેમની ઉંમર : ૧૯ વર્ષ!

ભગતસિંહને ફાંસી આપવામાં આવી ત્યારે ૧૯૩૧ના માર્ચની ૨૩મી તારીખની સાંજે ભગતસિંહની ઉંમર હતી : ૨૪ વર્ષ!

૧૮૫૮ના જૂન માસમાં અનુભવી અંગ્રેજ સેનાપતિ સર હ્યુજ રોઝની સામે ફૌજી વર્દી પહેરીને એક હિન્દુસ્તાનની સ્ત્રી મુકાબિલ થઈ ગઈ હતી અને પ્રાણની આહુતિ આપી ચુકી હતી. નામ : લક્ષ્મીબાઈ. ઝાંસીની રાણી. મૃત્યુ સમયે ઉંમર : ૨૨ વર્ષ અને ૭ મહિના!

અને મંગલ પાંડે. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં બંદૂકમાં પ્રથમ ભડાકો કરનાર અને બગાવતની આગ પ્રગટાવનાર સિપાહી મંગલ પાંડે ફાંસીના તખ્તા પર લટકી ગયો ત્યારે જીવનના બે જ દશકા સુધી પહોંચ્યો હતો. જિંદગી પર પૂર્ણવિરામ મૂકવાની કઈ ઉંમર હોય છે? હિન્દુસ્તાનનાં સંતાનો, કેટલા મહાન નામો, કેટલી નાની જિંદગી જીવીને ઈતિહાસનાં પૃષ્ઠોમાં ગર્ક થઈ ગયાં છે ?

આજે જિંદગી લાંબી થઈ છે. ૭૦, ૭૫, ૮૦ અને એથી વધુ ઉંમરની વયવાળા લોકો કાર્યરત હોય, સ્વસ્થ હોય એવાં ઘણાં પ્રમાણો મળે છે. સિદ્ધિમાં વિલંબ નામની વસ્તુ નથી. ભારત વર્ષની પરંપરાને પ્રકાશિત કરી ગયેલાં કેટલાંક નામો જબરદસ્ત કામ કરી ગયાં છે. એમનાં કાર્યક્ષેત્રનો વ્યાપ વિરાટ હતો. પણ આયુષ્યક્ષેત્રનું ફલક સીમિત હતું.

શ્રીમદ્ રાજચન્દ્રનું નિધન થયું ત્યારે એ ૩૩ વર્ષના હતા. જિસસ ક્રાઈસ્ટને સંલીબ પર ક્રુસિફાય કર્યા ત્યારે એમની વય ૩૩ વર્ષની હતી.

મહાન તમિલ કવિ સંબ્રમણ્ય ભારતી એક હાથીને નાળિયેર ખવડાવવા ગયા હતા અને હાથીએ એમનીનો જાન લઈ લીધો હતો. કવિ ભારતી ૧૯૩૯માં મૃત્યુ સમયે ૩૫ વર્ષના હતા. કચ્છના યુસુફ મહેરઅલી તેજસ્વી સમાજવાદી નેતા હતા. ૪૭મે વર્ષે અવસાન પામ્યા અને તત્કાલીન ફોર્મોસાના તાઈપેહમાં વિમાન દુર્ઘટનામાં સળગી ગયેલા નેતાજી સુભાષચંદ્ર બોઝ ૧૯૪૫માં મૃત્યુ સમયે ૪૮ વર્ષના હતા. જનસંઘના સ્થાપક અને ભારતીય જનતા પક્ષના આદિપિતા ડો.શ્યામાપ્રસાદ મુખર્જી શ્રીનગરની જેલમાં, શેખ અબ્દુલ્લાના શાસન દરમિયાન અવસાન પામ્યા ત્યારે ૫૨ વર્ષના હતા.

ગોપાલકૃષ્ણ ગોખલે ૧૮૬૬માં જન્મ્યા. ૧૯૫૧માં અવસાન પામ્યા. આયુષ્ય ૪૯ વર્ષ. મોલાના મોહમ્મોદઅલી ૧૯૩૧માં ૫૩માં વર્ષે ગુજરી ગયા. દેશબંધુ ચિત્તરંજનદાસ ૧૮૭૦ થી ૧૯૨૫, જીવનયાત્રા ૫૫ વર્ષ. ગાંધીજી જેમને પોતાનો પાંચમો પુત્ર કહેતા હતા અને જમનાલાલ બજાજ ૫૩ વર્ષ જીવ્યા.

પાકિસ્તાનના પ્રણેતા ઉર્દૂ શાયર ડો. મહમ્મદ ઈકબાલનું ૧૯૩૮માં અવસાન થયું ત્યારે એ ૬૧ વર્ષના હતા. દલિતોના મસીહા ડો.ભીમરાવ આંબેડકર ઉર્ફે બાબાસાહેબ ૧૯૫૬માં ૬૫ વર્ષે નિધન પામ્યા.

ભારતના રાજકીય ઈતિહાસનાં શીર્ષસ્થ નામો કેટલું જીવ્યા હતા? સરોજિની નાયડુ ૭૦

વર્ષ, મૌલાના અબુલ કલામ આઝાદ ૭૦ વર્ષ, કાશ્મીરના શેરે-કાશ્મીર શેખ મોહમ્મદ અબ્દુલા ૧૯૮૨ની ૮મી સપ્ટેમ્બરે ૭૭ વર્ષે ઈન્તકાલ થયા. ભારતના સ્વાતંત્ર્ય ઈતિહાસની વિશ્વસંઘ ત્રિમૂર્તિ ૭૦ થી ૮૦ વચ્ચે વિદાય લે છે. રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી છાતીમાં ગોળીઓ અને હોઠો પર 'હે રામ!' સાથે ૭૯મે વર્ષે અમર થઈ જાય છે. પંડિત જવાહરલાલ નહેરુનું આયુષ્ય : ૭૫ વર્ષ. સરદાર વલ્લભભાઈ પટેલ ઓકટોબર ૩૧, ૧૯૭૫ થી ડિસેમ્બર ૧૫, ૧૯૫૦ સુધી એટલે કે ૭૫ વર્ષનું જીવન. મોહમ્મદ અલી જિન્નહ સપ્ટેમ્બર ૧૨, ૧૯૪૮ને દિવસે ગુજરી ગયા ત્યારે ૭૨ વર્ષના હતા. પૂર્વ રાષ્ટ્રપતિ ડો. ઝાકિર હુસેન પણ ૭૨ વર્ષ જીવ્યા. મોતીલાલ નહેરુ ૭૦ વર્ષ, ડો.રાજેન્દ્રપ્રસાદ ૭૯ વર્ષ.

ડો.રાધાકૃષ્ણન્ ૮૭ વર્ષ, ચક્રવર્તી રાજગોપાલાચાર્યજી ૯૪ વર્ષ, ખાન અબ્દુલ ગફાર ખાન ઉર્ફે બાદશાહખાનની જીવન યાત્રા ૮૦ વર્ષની હતી.

આપણે અતીતના થોડા મહાન પાત્રોને યાદ કર્યા હતા. જેઓ નાની વયમાં સંસાર છોડીને ચાલ્યા ગયા હતા પણ તેના સિદ્ધાંતો અને વચનો આજે પણ કલ્યાણકારી છે તેવા વધુ મહાન પાત્રોને યાદ કરીએ.

ફ્રાન્સની દેવી જોન ઓફ આર્કને જીવતી જલાવી દેવામાં આવી હતી. ગુરુ અર્જુન દેવને ૪૩ વર્ષની ઉંમરે તેલના તપતા તવામાં જલાવી શહીદ કરી દીધા હતા. ગુરુ ગોવિંદસિંહ ૪૨ વર્ષની આયુમાં સંસાર છોડીને ચાલ્યા ગયા હતા. સિકંદર ૩૩ વર્ષની ઉંમરે સંસાર છોડીને ચાલ્યો ગયો હતો.

**ઈકટ્ઠે કર જહાં કે જર, સભી મુલ્કોં કે માલી થે,**
**સિકંદર ગયા જબ જહાં સે, દોનોં હાથ ખાલી થે.**

ખલીલ જિબ્રાન ૪૮ વર્ષ, અમેરિકાના સંત લેખક હેનરી ડેવિડ થોરો ૪૫ વર્ષ, રૂસી સાહિત્યકાર પુલ્કિન ૩૮ વર્ષની આયુમાં, સર ફિલપસિડની ૩૨ વર્ષની વયમાં, પ્રસિદ્ધ ઉપન્યાસકાર-લેખિકા જેન આસ્ટિન ૪૧ વર્ષની ઉંમરમાં, સર વિલિયમ જોન્સ ૪૮ વર્ષની આયુમાં, અંધજગત-શિક્ષક લુઈબ્રેલ ૪૩ વર્ષની ઉંમરમાં જ સંસારથી વિદાય થઈ ગયા હતા. કવયિત્રિ તરૂદત્ત ૨૧ વર્ષની વયમાં, માધવરાવ પેશ્વા ૨૭ વર્ષની આયુમાં, કમલા નેહરૂ ૩૭ વર્ષની વયે, ભારતેન્દુ હરિશ્ચન્દ્ર ૩૫ વર્ષ, સુભદ્રાકુમારી ચૌહાણ ૩૩ વર્ષની આયુમાં મૃત્યુને પ્રાપ્ત થઈ ચુકયા હતા. શહીદોની શહીદી અગાઉ આપી છે. આવા વધુ શહીદો આ પ્રમાણે છે. અશફાક ઉલ્લા પણ ૨૭ વર્ષ, કરતારાસિંહ ૧૯ વર્ષ, સૂર્યસેન ૪૧ તથા ચંદ્રશેખર આઝાદ ૨૫ વર્ષની વયમાં, જીતેન્દ્રનાથ ૨૫ વર્ષની આયુમાં શહીદ થયા હતા. મહાકવિ શેલે ૩૦ વર્ષ, કીટ્સ ૨૬ વર્ષ, બાયરન ૩૬ વર્ષ, જર્મન સંગીતજ્ઞ મોઝાર્ટ ૪૩ વર્ષની ઉંમરે સંસાર છોડીને ચાલ્યા ગયા હતા.

અન્ય મહાપુરુષોના મૃત્યુ જોઈએ તો વૈજ્ઞાનિક બ્રુનોને સળગાવીને મારી નાખવામાં આવ્યો હતો. આર્કમિડિઝને જયારે તે ગણિતના પ્રશ્નોમાં લીન હતો ત્યારે માર્સીલોજના સૈનિકોએ તલવારથી કાપી નાખ્યો હતો. મહાકવિ શેલ પાણીમાં ડૂબીને મરી ગયા હતા. મહા કવિ કિટ્સ ક્ષય રોગથી મર્યા હતા. લોર્ડ કલાઈવના જીવનનો અંત આત્મહત્યાથી થયો હતો. હિટલરનું મૃત્યુ પણ સ્વયં ઝેર ખાવાથી થયું હતું. (કયાંક બંદૂકની ગોળીથી માર્યા ગયાના ઉલ્લેખ જોવા મળે છે) જનરલ સેમલને ફાંસી આપવામાં આવી હતી. મુસોલિની પણ તેના સૈનિકોની ગોળીથી માર્યો

ગયો હતો. બંગ બંધુ મુજીબુર રહેમાન ગોળીથી માર્યા ગયા હતા. નોબેલ પુરસ્કાર વિજેતા યાસુ બારી કાવા તાગએ આત્મહત્યા કરી હતી. ઓસ્ટ્રિયન નોબેલ પુરસ્કાર વિજેતા સ્ટીફે ઝેર ખાઈને આત્મહત્યા કરી હતી. બ્રૂટ્સ, મેકરાન, અને સ્ટીફન આ ત્રણેએ આત્મહત્યા કરી હતી. હજરત ઈમામ હુસેન કરબલાના યુદ્ધમાં શહીદ થયા હતા. હજરત ઉંમર સાહેબ એક ગુલામના ખંજરથી શહીદ થયા હતા. હજરત અલી મસ્જિદમાં નમાજ પઢતા હતા ત્યારે શત્રુઓ દ્વારા કતલ કરવામાં આવી હતી.

વાંચક દોસ્તો ! આ પ્રકરણનો અંત કયારેય ન આવી શકે. અસંખ્ય વીરાંગનાઓએ સ્વેચ્છાએ અગ્નિમાં સળગીને પ્રાણોત્સર્ગ કર્યા છે. અનેકાનેક જૈન સંતોએ સંલેખના ધારણ કરી જીવનલીલા સંકેલી લીધી છે. પ્રાચીન સંસારની એક મોટી સંખ્યા યુદ્ધોમાં લગાતાર પ્રાણત્યાગની રહી છે અને આજની દુનિયાના લોકોને પણ સુખી ભવિષ્યની કોઈ ગેરન્ટી નથી આપી શકતું કે કયાં સુધી એ સહી સલામત રહી શકશે?

**જગતમાં જીવવા તણો, સાઠાં લગ સવાદ;**
**બાકીના બકવાદ, મરો કે જીવો મોડિયા.**
**નાજો કે મૂવા નહિ, સાબત હડમત સોત,**
**(પછી) મોડા વે'લું મોત, સૌને માથે સુરાઉત.**


સંદર્ભ :

૧) 'શ્વાસની એકલતા' લેખક ચન્દ્રકાન્ત બક્ષી

૨) 'વટેમાર્ગુ', 'ફૂલછાબ' દૈનિક, લેખક : નારણભાઈ કે.પટેલ

૩) અન્ય દૈનિકો, સામયિકો અને પુસ્તકોમાંથી સંકલન.


(૯૪૨૭૬ ૮૬૦૦૬)

•••


**—— આઈશ્રી સોનલમા ટ્રસ્ટ, રાજકોટની પ્રવૃત્તિઓ ——**

- વાડી, લાઈબ્રેરી, ચારણ મેગેઝિન(ત્રિમાસિક) તથા સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ, ચારણ સંસ્કૃતિ મેગેઝિન વોટ્સએપ ગ્રુપનુ સંચાલન
- મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તેમજ મેડિકલ સહાય, વૃક્ષારોપણ,હોશિયાર/ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ
- નોકરી માટે વ્યાવસાયિક કારકિર્દી માર્ગદર્શન તેમજ ઉચ્ચ અભ્યાસ માટે સેમિનાર તથા સરસ્વતી સન્માન
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળી/ સાતમ-આઠમના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈનું વિતરણ
- આઈશ્રી સોનલમા એજયુકેશનલ એવોર્ડ
- સમાજ તેમજ રાષ્ટ્રને ઉપયોગી થઈ શકે તે માટે યુવાનોનું ઘડતર, સંગઠન, માર્ગદર્શન
- હરિરસના પાઠનું સામૂહિક પઠન
- પુસ્તકોનુ પ્રકાશન
- રાષ્ટ્ર/રાજય કક્ષાના એવોર્ડ વિજેતાઓનું સન્માન
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ, આર્થિક સહાય
- કારકિર્દી ઘડતરના ટ્રેનીંગ કલાસમાં યુવાનોને સહયોગી બનવું

# ઉજજવલ સંસ્કારના વાહક : શકિતદાનજી

• શુકદેવભાઈ ગઢવી

આ ભૃગુપુર ગામનું જૂનું નામ ભડકવા હતું. લીંબડી તાલુકાના ચુડા પાસે આ ગામ આવેલ છે.

**સ્વર્ગ થકી, સોહામણું મારું ભૃગુપુર ગામ;**
**વાંસળ સરિતા જયાં વહે, ભૃગુ ૠષિનાં ધામ.**

○ હરપાલદેવ ઝાલાએ વસાવેલ પ્રદેશનું નામ ઝાલાવાડ પડયું.

○ શકિત માતાએ સાત માળની અટારીએથી હાથ લંબાવી નીચે રમતા બાળકોને તોફાની હાથીથી ઝાલીને બચાવી લીધા. આ ઉપરથી હરપાલદેવના વંશજો ઝાલા કહેવાયા.

○ આ ઝાલા વંશમાં ચુડા ઠાકોર રાયસિંહજીએ ભડકવા ગામ પોતાના પુત્ર હઠીસિંહ ને ગરાસમાં આપ્યું હતું.

○ આ ઝાલા કુળમાં અભેસિંહ નામે એક ધર્મસહિષ્ણુ પરોપકારી રાજા થઈ ગયા.

○ આ ગામનું નામ તળપદી ભાષામાં અપભ્રંશ થઈ ભૃગુપુરમાંથી ભડકવા થઈ ગયું હતું, તે સૌરાષ્ટ્ર સરકાર વખતે ગામના પ્રથમ સરપંચ અને કર્મઠ સેવાભાવી શ્રી દેશળભા મકવાણાએ સરકારમાં રજૂઆત કરીને સરકારી રેકર્ડ ઉપર ભડકવામાંથી હાલનું પ્રચલિત નામ ભૃગુપુર કરાવ્યું.

○ ભૃગુપુર પૌરાણિક મહત્વ ધરાવતું સ્થાન છે. વાંસળ નદીને કિનારે એક સમયે આર્ય સંસ્કૃતિ પાંગરી હતી. વાંસળ નદીમાં એક વાંસ ડૂબી જાય તેટલું ઉંડુ પાણી રહેતું, તેથી નદીનું નામ વાંસળ પડયું હતું.

○ ચુડા અને ભૃગુપુર વચ્ચે વાંસળના કાંઠે ગૌતમ ૠષિ અને ભૃગુૠષિના આશ્રમો હતા. આજે પણ નદીના વહેણ ઓસરતા પ્રાચીન યજ્ઞકુંડના અવશેષો દેખા દે છે.

○ ભૃગુૠષિના વંશજ ભૃગુરાજાઓ થયા, તેમણે ભૃગુકચ્છ જે આજે ભરુચ કહેવાય છે, તે વસાવ્યું હતું. પુરાણોમાં જે ભૃગુૠષિના નામનો ઉલ્લેખ છે, તે ભૃગુૠષિનો અહીં આશ્રમ હતો.

આ ગામમાં રેવન્યુ ખાતાના સર્કલ ઈન્સ્પેકટર તરીકે શકિતદાનજી શામળ નોકરી કરતા હતા. શકિતદાનજીના પિતાશ્રી જેઠાબાપુ સરકારના પોસ્ટ ખાતામાં નોકરી કરતા હતા. આ ગામમાં કુટુંબનો ચારેક પેઢીથી વસવાટ હોવાની જાણકારી મળે છે. શકિતદાનજીની લોકચાહના ખૂબ હતી. આસપાસના ગામોના લોકો આજે પણ તેઓને યાદ કરે છે. પોતે દીર્ઘદ્રષ્ટા અને બાહોશ અધિકારી હતા. તેઓમાં માણસ પાસેથી કુનેહથી કામ લેવાની કુશળતા હતી. એ સમય એવો હતો કે ઝાલાવાડના ગામડાંઓમાં રહીને નોકરી કરવી અને દારૂ જેવા વ્યસનથી બચવું તે કસોટી હતી. ગામોગામ દરબારો અને ચારણ ગિરાસદારો આ વ્યસનમાં સપડાયા હતા. તેવા સમયગાળામાં પોતે વ્યસનથી દૂર રહેવા કેવો ભોગ આપ્યો હતો અને કેવી રીતે વ્યસનથી પોતે અલિપ્ત રહ્યા હતા, તે અંગેની તેમના જીવનમાં બનેલી એક સત્ય ઘટનાનો ઉલ્લેખ વાચકોને ગમશે.

પોતાની કારકિર્દીની શરૂઆતમાં શકિતદાનજીની આવડત અને કુશળતા જોઈ આજના રાજકોટ જિલ્લાના ગઢકાના ઠાકોર સાહેબ એવા દરબારે શકિતદાનબાપુને ગામના વહીવટદારના પદ ઉપર નિયુકત કર્યા હતા. આમ તો ભૃગુપુરની દીકરીઓ ગઢકા ગામે પરણાવેલ,

તે રીતે ગઢકા અને ભૃગુપુર વચ્ચે સંબંધ પણ હતો. દીકરીઓને થાય જે પિયરના જાણીતા કોઈ વહીવટદાર આવે તો લોકોને ઉપયોગી રહે તેવી રાજવીની ભાવના હતી. આથી શકિતદાનજીએ ગઢકાના વહીવટદાર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. તેઓની કુશળ વહીવટકર્તા તરીકેની છાપ સમગ્ર પંથકમાં પડી હતી. ગઢકા નાનું રજવાડું હતું શકિતદાનજીની વહીવટી સૂઝને કારણે રાજવીમાં ચાહના હતી.

સારા માણસની ટેકની કોઈક વાર કસોટી થાય છે તેવી તે સમયની એક ઘટના બને છે. આપણે સાંભળ્યું છે કે તે સમયે ઝાલાવાડ કાઠિયાવાડના ગામડામાં ખાસ કરીને દરબાર અને ચારણ જાગીરદારોમાં પ્રસંગોપાત દારૂ, અફીણ, ગાંજા કસુંબા ડાયરામાં થતા રહેતા. ગઢકા ગામના દરબારનો જન્મ દિવસ હતો. તે પ્રસંગે તેમના સગા સબંધી મિત્રો દરબારને જન્મદિનની શુભકામના દેવા આવ્યા હતા.દરબારે મહેમાનોના સ્વાગત માટે દારૂની મહેફિલ રાખી હતી. ડાયરામાં દરબારનો નોકર મહેમાનોને દારૂની પ્યાલી ભરી ભરીને આપતો હતો. દરબાર પોતે બધાને આગ્રહ કરતા હતા. સહુ ડાયરો આનંદની વાતોમાં મશગૂલ હતો.

તેવામાં શકિતદાનબાપુને જરૂરી વહીવટી કામ સબબ દરબારને મળવા ડાયરામાં આવવાનું થયું. શકિતદાનજીને ડાયરામાં આવતા જોઈ દરબારે કહ્યું. આવો, આવો, ગઢવી સાહેબ, બેસો, આજે કોઈ સરકારી કામકાજ ન કરતા, આજે મારો જન્મદિવસ છે. બેસો, બધા સાથે મળી તમે પણ આનંદ કરો. કહી દરબારે ચાકરને કહ્યું એક પ્યાલી ગઢવી સાહેબ માટે લઈ આવ.

ચાકર દારૂની પ્યાલી લઈ આવ્યો. શકિતદાનજીની આગળ પ્યાલી ધરી તે જોતા જ શકિતદાનજીએ ચાકરને ના પાડી. આ પ્યાલી પાછી લઈ જા, હું દારૂ પીતો નથી. આ સાંભળી દરબાર અચકાયા. પછી બોલ્યા "અરે દેવીપુત્ર! આ તો માતાજીનો પ્રસાદ કહેવાય. આપણે ના ન પડાય. તમો વધારે નહીં તો એકાદ પેગ તો લઈ લો. આજે મારો જન્મદિવસ છે." વચ્ચેથી દરબારના સૂરમાં પોતાનો સૂર મિલાવી મહેમાનો પણ બોલવા લાગ્યા અરે ગઢવી, આ દરબાર તમારા ગામધણી છે. તેના આગ્રહનો અનાદર ન કરાય, લઈ લો ગઢવી, આ દારૂની પ્યાલી નહીં લો તો દરબારનું અપમાન કહેવાય.

તે સમયે શકિતદાન બાપુએ દરબાર સામું હાથ જોડી સહુ ડાયરાને સાંભળતા જ કહ્યું કે, હું ચારણ દેવીપુત્ર છું. મારી માતાજીએ આપેલ આ પવિત્ર કાયાને દારૂ કે પરમાટીથી નહીં અભડાવું.આ સાંભળી દરબારને પોતાનું અપમાન લાગ્યું અને દારૂના નશામાં બધા સાંભળે તેમ શકિતદાનજીને કહી નાખ્યું કે તો જાવ કારભારી, તમે તમારી ટેક ન છોડી શકતા હો તો હું પણ મારી ટેક નહીં છોડું કે તમે દારૂની સાથે આ નોકરી પણ છોડી દો. તમે મારી રાજયની વહીવટદારની નોકરી પણ છોડી દો અને જયાં દારૂ ન હોય તેવા ગામે જઈને રહો.

દરબાર વાત પૂરી કરે તે પહેલા જ શકિતદાનજી ડાયરામાંથી ઊભા થઈને ચાલતા થયા અને કહ્યું દરબાર, આ તમે મને નોકરીમાંથી રજા આપો તે પહેલા હું પોતે જ તમારી નોકરીમાંથી રાજીનામું આપું છું. આમ નોકરી ઠુકરાવી દીધી, પણ વ્યસનને તાબે ન થયા, કહેવાય છે કે પાછળથી દરબારને દારૂનો નશો ઉતરતા પોતાની ભૂલ સમજાણી. ગઢવીને પરત બોલાવવા પાછળ માણસ મોકલ્યું, છતાં ગઢવી પાછા ન આવ્યા તે ન જ આવ્યા. દરબારે પોતાની

ભૂલ બદલ અફસોસ વ્યકત કર્યો. શકિતદાનજીએ પણ દરબાર સાથેનો સંબંધો તોડી નાખ્યો નહોતો. દરબારે પણ શકિતદાનજીના વર્તનની પ્રશંસા કરી પાછળથી સંબંધો ચાલુ રાખ્યા હતા પણ ફરી નોકરીમાં જોડાયા નહીં.

મૂળીના કવિ રવિરાજજીએ એક કાવ્યમાં કહ્યું છે 'જે પેટ કી પવિત્રતા પ્રસિદ્ધ હોત પુત્ર મેં' તે ઉકિત આજે તેમના પુત્ર વસંતભાઈમાં જોવા મળે છે. પિતાશ્રી શકિતદાનજીના બધા સારા કૌશલ્ય આદિ ગુણો વસંતભાઈમાં જોવા મળે છે.

વસંતભાઈએ પોતે રાજય સરકારની સનદી સેવામાં નાની ઉંમરથી જ લાગી સમાજની અનેકવિધ સેવા કરી છે. જે કોઈ વ્યકિત ભૃગુપુર ગામની હોય કે ચારણ સમાજની હોય તેના કામો વસંતભાઈ કરતા આવ્યા છે. પોતાની વાક્– છટાથી શ્રોતાઓમાં નામના મેળવી છે અને આપણા લોકકલાકારો કે લોકડાયરાના આયોજનમાં હાજર રહી કલાકારોને પ્રોત્સાહિત કરે છે.

તેઓ ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય પર અવારનવાર પ્રવચનો આપે છે. આજે ઘણી સામાજિક સંસ્થાઓ ગઢવી સાહેબને પ્રવચન માટે આમંત્રણ આપે છે. તે સિવાય 'હરિરસ'ની યાત્રામાં સુરેન્દ્રનગરથી તે દ્વારકા સુધી સમૂહમાં નીકળવા સબબ જરૂરી વહીવટી મંજૂરી વગેરે કાર્યવાહી પોતે યાત્રામાં હાજર રહીને કરી આપી હતી. સચાણા ગામને નવું રુપ આપી નવા વસાવેલ ગામને 'ઈશરધામ' નામ આપવાની લાંબી સરકારી કાર્યવાહીમાં પોતે અંગત ધ્યાન આપી જરૂરી મંજૂરી હુકમો મેળવી આપ્યા છે, જે સમાજ માટે કાયમી સંભારણું બની રહ્યું છે.

વસંતભાઈના માતુશ્રીનું નામ ફૈબાબેન હતું. અમો મૂળીવાળા સહુ તેઓને ફૈબામાસી કહી સંબોધતા. બાનું પિયર ભાવનગર જિલ્લાનું વલભીપુર ગામ પાસે આવેલ ચમારડી ગામ હતું. પિતાનું નામ મોંઘાભાઈ હતું. પિતાશ્રી બહુ ભણેલા નહોતા પરંતુ પોતે ન ભણી શકયા તેનો અફસોસ કરતા અને કહેતા જે બાળકો અને ખાસ દીકરીઓને શકય તેટલું પ્રાપ્ત શિક્ષણ આપવું તે દરેક સમજુ મા–બાપની ફરજ છે. એ માન્યતા મુજબ ફૈબામાંને બાપુએ ગામની પ્રાથમિક શાળામાં અપાતું હતું તેટલું ચાર ધોરણ સુધીનું શિક્ષણ આપ્યું હતું. આજના શિક્ષણશાસ્ત્રીઓને શીખવા જેવી વાત આ ફૈબામાંના પિતાશ્રીએ અજમાવેલ એક પ્રયોગની છે. ફૈબામાં જયારે સ્કૂલનું આપેલ લેસન કરવા આળસ કરતા ત્યારે પિતા તેમનો ઉત્સાહ વધારવા અને લેસન કરવા તરફ પ્રેરવા એક પ્રયોગ કરતા. બાપુ ફૈબામાંને કહેતા કે જો રોજે રોજનું લેસન સાચું કંઠસ્થ કરી દેખાડે તો બાપુ એક પેંડો ઈનામ આપશે. આ રીતે પેંડાની લાલચે બાળકો જલદી લેસનું પૂરું કરી દેતા.

વસંતભાઈ સાહેબની વહીવટી કુનેહ અને તેઓએ સરકારમાં રહીને કુનેહ અને તટસ્થભાવે રહી સેવા બજાવી છે. વિરોધપક્ષના નેતાઓ અને શાસન કરતા પદાધિકારીઓ એમ બન્ને પક્ષોની સરખી ચાહના મેળવી. ગમે તેવા પ્રશ્નો ઉકેલી દેવાની ક્ષમતા ધરાવે છે. આ પ્રસંગો મારા મિત્ર અને વસંતભાઈના જુનિયર અધિકારી અને એડીશનલ કલેકટર રહી ચૂકેલા ભૂજનાં શ્રી મોરારદાન ઝુલાએ મને લખી મોકલેલ છે. શ્રી ઝુલા સાહેબ હાલ નિવૃત્ત રહી ગૌસેવા, વૃક્ષારોપણ અને ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવા આર્થિક મદદ કરે છે.

(૯૮૨૪૫ ૧૬૩૪૮)

•••

# એક પરિવારના પ્રતિભાવંત સર્જકો

• પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી

સ્વ.ખેતસિંહજી નારણજી મીસણ, ચારણી સાહિત્યના મર્મજ્ઞ અને વિદ્વત ઈતિહાસવિદ હતાં. એમનો જન્મ ૨૫/૩/૧૯૦૮ના રોજ ખેડૂત પરિવારમાં થયો હતો. વતન મોઢેરા. આજે વિશ્વના અનેક સ્થાપત્ય કલાના પ્રેમીઓ આ ગામના સૂર્યમંદિરના અભ્યાસાર્થે અને નિરીક્ષણ માટે આવે છે. આ એ મોઢેરા જેને વર્ષો પહેલાં લોકો 'મુઢેરા' કહીને ઓળખતા-ઓળખાવતા. ત્યારે ગુજરાત રાજયના મહેસૂલી રેકર્ડમાં તેમના ગામનું નામ બદલાવીને મોઢેરા કરાવ્યું. મોઢેરાની પ્રાથમિક શાળાના આજીવન શિક્ષક અને આચાર્યપદે રહ્યાં. એ જમાનામાં પોસ્ટ-ટપાલની કામગીરી પણ શિક્ષિત વ્યકિત તરીકે વર્ષો સુધી સંભાળતા રહ્યાં. લેખન, સંશોધન એમનો પ્રિય શોખ રહ્યો. મરોડદાર અને ઝીણા અક્ષર એમની કલમની લાક્ષણિકતા હતી.

માથે સાફો, ધોતી અને પહેરણ એમનો સાદો પોષાક હતો. રાજકોટમાં એક સમયે, અખિલ ભારત ચારણ સંમેલનમાં મારવાડી ઢાળ અને લયબદ્ધ 'પનિહારી'નું ગીત રેલાવી મેદનીને મંત્રમુગ્ધ કરેલ હતી. ત્યાર બાદ શ્રી મેઘાણી, શ્રી મેરૂભા અને શ્રી ખેતસિંહજી મીસણ આ ત્રિપુટીએ આઝાદી સંગ્રામની નોબતને વધાવતું, ગાંધી ભાવનાને વ્યકત કરતું ગીત પ્રારંભ્યું હતું. તેમના સાહિત્યિક અને ઐતિહાસિક શોખના પરિણામે મોઢેરાનું પુસ્તકાલય પુસ્તકોથી સમૃદ્ધ બન્યું હતું. મેઘાણી,ગોકુલદાસ રાયચુરા, છેલશંકર દવે, ક્રાંતિવીર કેસરીસિંહ બારહઠ, દુલા ભાયા કાગ, મેરૂભા,જયમલ્લ પરમાર,પિંગળશી પાયક, ત્રિભુવન વ્યાસ, શંકરદાનજી, માવદાનજી જેવા સમર્થ સાહિત્યકારો સાથેની આત્મીયતા અને અરસ-પરસની વિદ્વત્તા નોખી ભાત પાડી રહી હતી. આવા સમર્થ સાહિત્યકારને મરણોત્તર 'કાગ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. તા.૫/૩/૧૯૭૪ના રોજ તેમનું નિધન થયું હતું.

આમ સાહિત્યકાર, કેળવણીકાર, સંશોધન અને ખુમારીવંત-પ્રતિભા સંપન્ન ખેતસિંહજી પરિવારના કુલદીપકોમાં બે દીકરા. મોટા દીકરા બનેસિંહજી અને બીજા પ્રવીણસિંહ. બન્ને દીકરાઓએ પિતાની ઓજસ્વિતાને કયાંય ઝાંખપ આવવા દીધી નથી. સમયના વહેણ સાથે બન્ને ભાઈઓ પિતાશ્રીની ઈચ્છાનુસાર અમદાવાદમાં રહી શિક્ષણ મેળવી સ્વ.ખેતસિંહજીની આભાને અકબંધ ન રાખતાં સવાઈ કરી બતાવી. બનેસિંહજી અર્થશાસ્ત્ર વિષય સાથે અનુસ્નાતક થઈ, સરકારી કોલેજથી માંડી અનુદાનિત વિવિધ કોલેજમાં અધ્યાપક તરીકે સેવાઓ આપી, અનુભવના આધારે આચાર્યપદને શોભાવ્યું. વરસો સુધી આચાર્ય પદે રહ્યા બાદ GPSC માં સભ્યશ્રીના સ્થાને નિયુકત થયાં. બનેસિંહજી કુશળ વહીવટકર્તા, વિદ્વત વકતા અને અર્થશાસ્ત્ર વિષયના જ્ઞાતા હોવાના નાતે લેખક રહ્યાં. કોલેજના અભ્યાસક્રમના પુસ્તકોના તેઓ લેખક રહ્યાં. અનુસ્નાતક સુધીના પુસ્તકો યુનિવર્સિટીઓમાં માન્ય રહી વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક રહ્યાં.

બનેસિંહજી અર્થશાસ્ત્રી રહીને પોતાના વિષયને ભલે ન્યાય આપતા રહ્યાં, પણ પિતાજીની જેમ સાહિત્ય વાચન, સંશોધન અને ચારણી સાહિત્ય પરત્વેના મર્મજ્ઞ રહ્યાં. તેમને સાંભળવા, એક લહાવો હતો. અન્ય કોલેજના વિદ્યાર્થીઓ

પણ પ્રિ.બી.કે. ગઢવીના વર્ગો ભરવા માટે એસ.વી. કોલેજ કે વિવેકાનંદ કોલેજમાં આવતા હતાં. પ્રિ.બી.કે.ગઢવી, ગુજરાતી સાહિત્યના પણ મર્મજ્ઞ હતા. આજે ૮૬ વર્ષની વયે જ્ઞાનોપાર્જનમાં તાજગીસભર અને તર્કબદ્ધતા સાથે વાર્તાલાપ કરતાં જોવા મળે.

સ્વ.ખેતસિંહજીના બીજા દીકરા પ્રવીણસિંહ ગઢવી. પિતાજીના આદર્શો હૈયામાં અકબંધ છે. પિતાશ્રીના સાહિત્યિક વારસાને જાળવી એક નવી દિશા તરફ ગતિ કરી છે. પ્રાથમિક શાળાના શિક્ષણથી લઈ અનુસ્નાતક સુધીના અભ્યાસ દરમિયાન સાહિત્ય સર્જન થતું રહ્યું અને વેગ પકડી આગળ ધપતું રહ્યું. અંગ્રેજી વિષય સાથેનો સંબંધ, પશ્ચિમી સાહિત્યના અભ્યાસ માટે ઉપકારક બનતા પ્રવીણ ગઢવીના પુસ્તકો-રૂપાંતરિત થયાં છે. કોલેજકાળના અભ્યાસ દરમિયાન લખાયેલ વાર્તાઓનો સંગ્રહ 'સૂરજ પંખી' ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત થયો છે. GPSC પરીક્ષા પાસ કર્યા બાદ પ્રાંત ઓફિસરથી લઈને કલેકટર સુધીની યાત્રામાં તેઓ સાહિત્યથી વેગળા નથી રહ્યાં.

સરકારી સેવાઓની દોડધામમાં પણ તેઓનું વાંચન, લેખન અવિરત રહ્યું છે. શિષ્ટ સાહિત્યની અનેકવિધ કૃતિઓ આપ્યા પછી પ્રવીણ ગઢવીની દૃષ્ટિમાં સમાજની એક એવી વ્યવસ્થા, જેમાં શ્રમિક, મજૂરો,દલિતો પીડાતા હોય અને એમની સંવેદનાઓ મૂંગી રહીને ઢબૂરાઈ ગઈ હોય... એવી વ્યથા, સંવેદનાને જાણ્યા-જોયા પછી વાસ્તવિક રૂપમાં દૃશ્યમાન થયા પછી - આ કવિ શેના ચૂપ રહે? એમનું હૈયું આવા દલિત સમાજ તરફ પોતાના અંતરના અવાજથી કંઈક નોખી જ ફીલિંગ્સ અનુભવવા લાગ્યું. જેના પરિણામે તેમની કલમ દ્વારા દલિત ચેતનાના કાવ્યો, વાર્તાઓ, સ્ફૂટ થવા લાગી. આ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ. પુરસ્કૃત પણ બની. લેખકની કલમ દલિતોની વેદનાને વાચા આપતી વહેવા લાગી. 'બેયોનેટ', 'પડછાયો', નિષાદ', 'ને સાંભળે કોઈ', 'કવિનો અવાજ', 'કોમરેડ ગાંધી', 'વોરિયર' જેવી કૃતિઓ ક્રમિક રચાવા લાગી. 'અંતર વ્યથા', 'છઠારૂપ', 'સંશય', 'શૂદ્રપર્વ', 'અસુર સર્ગ', 'અસુર સ્કંધ', વગેરે દલિત વાર્તા સંગ્રહો છે.

પ્રવીણ ગઢવીના શિષ્ટ સાહિત્યના પુસ્તકો 'આસવદ્વીપ', 'આનંદધારા', 'શિપ્રા', 'મધુમય પૃથીવીર ધૂલિ', 'મધુ વાતા ઋતા યાતે', ટૂંકી વાર્તા સંગ્રહ - 'પ્રતીક્ષા', 'મલાકા', 'સ્વર્ગ ઉપર મનુષ્ય', 'સોહામણી રૂપેણ', 'શબ્દ પાન', 'આયામ', 'ગાંધી-અભ્યાસ લેખો', 'સ્વાન્તઃ સુખાય', વિવેચન સંગ્રહો છે. 'વોઈસ ઓફ ધી લાસ્ટ','બ્લેક પેઈન','લવ સોન્ગ્સ ઓફ સીઝન્સ', 'સિટી ઓફ ડસ્ટ એન્ડ લસ્ટ', ભાષાંતરિત પુસ્તકો છે. હિન્દી ભાષામાં - 'સૂર્યોદય કી પ્રતીક્ષા', 'અંતર વ્યથા', 'નિશાદ (સંપાદન)', 'કવિકી આવાઝ', 'મલાકા' અને દલિત કવિતા - રચનાઓ છે.

ઉપરાંત કલેકટરશ્રીના સ્થાને રહી અમરેલી જિલ્લાના લાઠી ગામના કવિશ્રી 'કલાપી'ના સંભારણાં રૂપ - 'કલાપી તીર્થ' રચના નિમિત્તે હોદ્દાગત પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે.

ખેતસિંહજીના પુત્રો - પિતાશ્રીના વારસાઈ બીજને નવા સ્વરૂપે અંકુરિત કરી છેલ્લા ૫૦-૬૦ વર્ષ દરમિયાન સાહિત્યક્ષેત્રે આગવું પ્રદાન કરી, ચારણી પરંપરાથી અલગ જઈને નવા સમયના સાહિત્યને આવકારી, વાંચન કરી, મનન કરીને પોતાના હૈયાના વિશ્વ જગતમાં સ્ફૂટ થતાં ભાવોને-સંવેદનોને ઉજાગર કરી સાહિત્યની સેવા કરી છે. જયારે પ્રિ.બી.કે. ગઢવીએ સ્વર્ગસ્થ પિતાજીની વાક્છટા, ચિંતનશીલતાને પોતાનામાં

ઝીલી એક સરળ-આદર્શ અધ્યાપક તરીકે રહીને વિદ્યાર્થીઓને તેજસ્વિતા તરફ દોર્યા છે.

ચારણોએ પરંપરાગત રીતે જે સાહિત્ય આપ્યું છે તેમાં – ચારણી સાહિત્ય, લોકઢાળની રચનાઓ, તો સંશોધનાત્મક – લોકકથા સાહિત્ય. પરંતુ પ્રવીણ ગઢવી માટે એટલું કહી શકાય કે – સોહામણી રૂપેણ, ચારણી લોકકાવ્ય સૌંદર્ય, લોકસાહિત્યિક કૃતિની સાથે શિષ્ટ વાર્તાઓ, કાવ્યો સર્જતાં-સર્જતાં અ-દલિત હોવા છતાંય સવાયા દલિત થઈ – ગુજરાતી દલિત સાહિત્યની સેવાઓ માટે આવકારદાયક છે. પ્રવીણ ગઢવીની કૃતિઓમાં પ્રયોગશીલતા, આક્રોશ અને સંવેદન જોવા મળે છે.

(૯૪૨૯૧ ૭૩૭૮૯)

•••

શ્રી ગઢવી સેવા સમાજ રાજકોટના નવા પ્રમુખ **શ્રી નરેન્દ્રભાઈ ઝીબા તથા ઉપપ્રમુખ શ્રી શકિતદાન ટાપરિયા**ના માર્ગદર્શન હેઠળ જૂના તથા નવા સભ્યોની મીટીંગ ગઢવી તા.૨૦/૮/૨૦૨૩ના રોજ ગઢવી કન્યા છાત્રાલય, જામનગર રોડ, રાજકોટ ખાતે યોજાયેલ હતી. આ બેઠકમાં હવે પછી આ જગ્યામાં નવા બાંધકામનો પ્લાન કઈ રીતે કરવો, બાંધકામ કયારથી શરુ કરવું અને આગામી આયોજન કયાં કરવા તે બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આર્કીટેક દર્શન પરમાર પણ ભગવતભાઈ સાથે હાજર રહ્યાં હતા.

આ મીટીંગમાં મઢડાથી શ્રી ગીરીશ આપા પણ આવ્યાં હતા અને સોનલમાના આશીર્વાદ સાથે સમાજનું આ ઉમદા કાર્ય પૂર્ણ થશે તેવી લાગણી વ્યકત કરી હતી. રાજકોટના ડીવાયએસપી(ટ્રાફિક) જે.બી.ગઢવીએ પણ હાજરી આપી આનંદ વ્યકત કર્યો હતો. બેઠકમાં ટ્રસ્ટના નવા-જૂના ટ્રસ્ટીઓ તથા સમાજના અગ્રણીઓની હાજરીમાં નિર્ણયો લેવામાં આવ્યાં હતા.

રાજકોટ, ગુજરાત, તેમજ દેશ-વિદેશમાં વસતા ચારણ બાંધવો, દીકરીઓના અભ્યાસને સારી તક મળે, આગળ વધે અને સોનલમાના સ્વપ્નને સાકાર કરવા માટે કન્યા છાત્રાલયના નિર્માણમાં આગળ આવી આ સામાજિક કાર્યમાં સહભાગી બનવા બેઠકમાં જ્ઞાતિજનોને અપીલ કરવામાં આવી હતી.



# આધ્યાત્મિક જીવન

• નરસંગભાઈ ઠાકરિયા

આધ્યાત્મિક જીવન કઠિન છે, પરંતુ નીચે દર્શાવેલ ચોક્કસ પ્રકારની ભૂમિકાઓમાંથી પસાર થઈને, તે પ્રમાણે જીવન જીવવાથી તે સરળ, નૈસર્ગિક, ઉપકારક, સેવાપ્રવૃત્ત અને અખિલાઈના આનંદથી છલોછલ થઈ જવાય છે.

ગહન અભ્યાસ પછી જે સમજણ પ્રાપ્ત થાય છે તે છે મનોનિગ્રહ...મનને વશમાં કરવું. મન સાથે મૈત્રી કરવી, મનને તાબે થવાને બદલે તેના ઉપર સવારી કરવી અને અજેય યોદ્ધા બનવું. આ બાબતો જ કઠિન છે. કદાચ તમે સિંહ ઉપર સવારી કરી શકો. તમે વાઘનું મોઢું બંધ કરી શકો; તમે ગાંડા હાથીને અંકુશમાં રાખી શકો; અરે, તમે ઝેરી સાપ સાથે રમી પણ શકો. તમે પાણી ઉપર ચાલી શકો, તમે અગ્નિમાં પ્રવેશી શકો; તમે પૃથ્વીની પ્રદક્ષિણા પણ કરી શકો. આ બધું શકય છે. પરંતુ મનને અંકુશમાં રાખવું કઠિન છે.

હકીકતમાં તો મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિમાં જો કોઈ બાબત અવરોધરૂપ હોય તો તે મન છે, માટે જ મનોનિગ્રહ અત્યંત આવશ્યક છે. મનોનિગ્રહ આધ્યાત્મિક માર્ગના પ્રયાણનું પ્રથમ પગથિયું છે. ત્યાર બાદ જે બીજું પગથિયું છે ઈન્દ્રિય નિગ્રહ. આપણી ઈન્દ્રિયો તેઓના વિષયોમાં ભટકવાનું પસંદ કરે છે. આપણી આંખ બાહ્ય રૂપો જોવામાં વ્યસ્ત હોય છે. એટલી બધી વ્યસ્ત થઈ જાય છે કે આપણને જાગૃતિ રહેતી નથી અને જો જાગૃતિ ન રહે તો કુસંસ્કારો અંદર પ્રવેશવાની પ્રક્રિયા શરૂ કરે છે. આવી પ્રક્રિયાને લીધે આધ્યાત્મિક જીવન જીવવામાં પ્રગતિને બદલે અધોગતિ તરફ જતાં વાર લાગતી નથી. આધ્યાત્મિક જીવનનાં ઊંચા ચઢાણો ચઢતાં ચઢતાં કયારે આપણે ઊંડી ખીણમાં પડી જઈએ છીએ તેની ખબર પડતી નથી, માટે ઈન્દ્રિય નિગ્રહ જરૂરી છે.

ત્રીજું પગથિયું છે સહિષ્ણુતા. આપણે જાણીએ છીએ કે જીવનની ઘટમાળ અટપટી હોય છે, વિચલિત કરનાર હોય છે. નકારાત્મકતા તો ડગલે ને પગલે સામે આવે છે. અન્યાય થતો રીતસર દેખાશે. તેમ છતાંયે જો સહિષ્ણુતા જાળવી રાખીશું તો હૃદયનાં ઊંડાણમાંથી પ્રાર્થના ઊઠશે કે 'જે નકારાત્મક પાસાંઓ ધરાવે છે, જે સતત અન્યનું નુકસાન કરે છે; જેને પોતે શું કરી રહ્યો છે તેનું ભાન રહેતું નથી., તો હે પરમાત્મા ! તેનું કલ્યાણ કરો, કારણ કે તે પોતાની બેહોશીને જાણતો નથી.

હવે ચોથું ચમકતું પગથિયું પ્રાપ્ત થાય છે. તે છે પ્રફુલ્લતા, મુદિતા. પ્રફુલ્લતા એટલે આનંદ! આનંદ એ આપણું સ્વરૂપ છે. હંમેશાં આનંદમાં રહેવું અને બીજાને પણ આનંદમાં રાખવાં. આ અંગેની પણ સજાગતા રાખવી. સાચે જ કહ્યું છે ને કે 'બીજાનો આનંદ ઓછો કરવો એ મોટું પાપ છે.'

પાંચમું પગથિયું એકનિષ્ઠા છે. 'સત્યથી ઊંચો બીજો કોઈ ધર્મ નથી.' આ સૂત્ર ઉપર એકનિષ્ઠા રાખવી જરૂરી છે કારણ કે આધ્યાત્મિક જીવન જીવવા માટેનું તે એક ઉચ્ચ સાધન છે.

છઠ્ઠું પગથિયું શ્રદ્ધા છે. શેમાં શ્રદ્ધા રાખવી? સત્યમાં શ્રદ્ધા રાખવી. આધ્યાત્મિક ઉન્નતિને અનુભવતાં અનુભવતાં શ્રદ્ધાને વધુ ને વધુ મજબૂત થતી અનુભવવી. કયારેય પણ ડગવું નહીં. આ બાબત પડકાર સ્વરૂપ તો છે જ પરંતુ આધ્યાત્મિક જીવન જીવવામાં તે કસોટી સમાન

છે. આવી કસોટીઓમાંથી શ્રદ્ધાપૂર્વક આગળ ને આગળ વધતાં રહેવું અને પાર ઉતરવાની પ્રક્રિયાને આત્મસાત્ કરવી એટલે જ આધ્યાત્મિક જીવન!

આધ્યાત્મિક જીવનમાં અનુભૂતિનું ઉચ્ચ સ્થાન છે. મુકિતનો માર્ગ મળી જાય છે. મોક્ષનો અર્થ સમજાઈ જાય છે. જીવનમાં ક્ષણે ક્ષણે અનુભૂતિજન્ય જ્ઞાન પ્રજ્ઞામાં રૂપાંતરિત થાય છે. આ ભૂમિકા એ નિર્વાણ એટલે કે મોક્ષની છે.

આધ્યાત્મિક યાત્રીને દૈનિક જીવનમાં પ્રેમના સંપુટનો સાથ મળે છે. આપણને સ્પષ્ટ થાય છે કે આપણાં દૈનિક જીવનની ક્રિયાઓમાં પ્રેમને પ્રાધાન્યતા આપવી જરૂરી છે. પરંતુ સાવધાન! અદેખાઈ પણ ઉત્પન્ન થાય છે; જે આપણા જીવનમાં મોટું દુઃખ ઉત્પન્ન કરે છે. અદેખાઈ કયારે આવી જાય તેની જો ખબર ન પડે તો સમજી લેવું કે આપણે હજુ પ્રગતિ સાધવાની બાકી છે. માટે સતત જાગૃતિ રાખવી આવશ્યક થઈ પડે છે. કેટલીકવાર પરનિંદા પણ આપણા આધ્યાત્મિક જીવનને ડામાડોળ કરે છે. બીજાની ચાડીચુગલી કરવામાં, નિંદા કરવામાં, અદેખાઈ કરવામાં ભલે આનંદ આવતો હોય પરંતુ આપણે તેવો આનંદ માણતાં હોઈશું તો વિશેષ દુર્ગુણોનો શિકાર બનતાં જઈએ છીએ. આવાં દુર્ગુણો દુઃખ સર્જે છે. તો શું આપણે દુઃખી થવા માટે આધ્યાત્મિક જીવનની રાહ પકડી છે ? જરા થોભી જાઓ અને વિચારો!

અન્ય પરિબળ જે આધ્યાત્મિક જીવનનો ધ્વંસ કરે છે તે છે ક્રૂરતા! બાહ્ય સ્વરૂપની ક્રૂરતા, અત્યંત ડરામણી હોય છે. અબોલ પ્રાણીઓને કતલખાનામાં હણી નાખવાની ક્રૂરતા ગંભીર પરિણામો લાવે છે. મનુષ્યને યુદ્ધખોર બનાવે છે. પાશવી વૃત્તિઓનો સ્વામી બનાવે છે. કતલખાના નજીકના પાશવી સંવેદનોને અનુભવો છો ત્યારે આવી બાહ્ય સ્વરૂપની ક્રૂરતા આધ્યાત્મિક જીવનને પાયમાલ કરે છે તે બાબત તરફ આપણાં સૌનું ધ્યાન દોરાય છે. આ ઉપરાંત સૂક્ષ્મ ક્રૂરતા પણ તે રીતે જ નુકસાન કરે છે. ક્રૂરતા આચર્યા કરતાં ક્રૂરતા આચરવાનો વિચાર, માત્ર ભયંકર પરિણામો સમગ્ર સૃષ્ટિમાં સર્જે છે. તો ખરેખર વૈચારિક રીતે પણ સાવધાન થઈ જવાની જરૂર છે.

એક એવું પરિબળ આધ્યાત્મિક જીવનને નિષ્ફળ બનાવનારું પણ છે, તે છે શ્રદ્ધા સામે અંધવિશ્વાસ. શ્રદ્ધા આધ્યાત્મિક જીવનનાં પાયામાં છે, જયારે અંધવિશ્વાસ તો મધદરિયે તોફાનમાં સપડાયેલી હોડી સમાન છે. અંધવિશ્વાસનું તોફાન ડૂબાડે છે. વ્યકિતગત જીવનને બરબાદ કરે છે. કહેવાતી ધાર્મિકતાની કટ્ટરતાનો શિકાર બનાવે છે. અંધવિશ્વાસ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણની હાંસી ઊડાવે છે. જીવનની જટિલતાઓમાં વધારો કરે છે. દુર્વ્યવહાર, ભેદભાવ તથા આસુરી શકિતઓનાં સકંજામાં સપડાઈ જતાં વાર લાગતી નથી માટે કયારેય પણ શ્રદ્ધાહિન અંધવિશ્વાસના અશ્વ ઉપર આરુઢ થવું નહી. સંતોએ આધ્યાત્મિક જીવનને સરળતાથી જીવનની જે જડીબુટ્ટી બતાવી છે, તે છે સેવા! આપણા સમાજમાં સેવાનું ઊંચું મૂલ્ય છે. સેવા દ્વારા માનવ મૂલ્યોનું જતન કરી શકીએ છીએ; માનવતાનું સર્જન કરી શકીએ છીએ. ભાઈચારાની ભાવનાને સેવા દ્વારા વિકસાવી શકીએ છીએ. સેવા એટલે જ પ્રેમ. પ્રેમ ઈશ્વરનું સ્વરૂપ છે, તેથી સેવા પણ ઈશ્વર સ્વરૂપ છે. સેવા પરમાત્માને પ્રિય છે. સેવા થકી જ આપણે પરમાત્માની કૃપા મેળવી શકીએ છીએ. આ જ 'આધ્યાત્મિક જીવન' છે.

(૯૪૨૬૩ ૬૨૨૫૩)

•••

## જાંબુડાના નરેન્દ્રભાઈને મળ્યું માનસિક અશકત આજીવન કુટુંબ પેન્શન

• મહેરબાનભાઈ ગઢવી

નરેન્દ્રભાઈ પુનાભાઈ ઠાકરિયાને માતા પિતાનાં અવસાન બાદ માનસિક અશકતતાનાં કારણે સિવિલ સર્જનનાં તબીબી પ્રમાણપત્ર પર પોતાનું ભરણપોષણ કરી શકે તે માટે નિયમો મુજબ ડાયરેકટર ઓફ પેન્શન અને પ્રો.ફંડ, ગાંધીનગર દ્વારા તા.૧/૪/૨૦૧૬થી મળવાપાત્ર આજીવન ફેમિલી પેન્શન ચૂકવવાનો હુકમ તા.૯/૧૧/૨૦૨૧નાં રોજ થયેલો.

અમુક ટેકનિકલ અને દસ્તાવેજોનાં અભાવનાં કારણે તીજોરી કચેરી જામનગર દ્વારા ચૂકવણું થતું નહોતું અને પેન્શનર વતી પછી કોઈ વધારે સક્રિયતા દાખવેલ નહીં. આવું સેવાનું કામ કોઈ જ્ઞાતિબંધુ કરે છે તેવી માહિતી તેઓને મળતાં 'કાગવાણી સંદેશ'નાં કોઈ અંકમાંથી મારો નંબર મેળવી માર્ચ-૨૦૨૩નાં અંતમાં ઉમેદભાઈ ઠાકરિયાએ મને વાત કરી, વોટ્સઅપ પર કાગળો મોકલ્યા. નિયમોનાં ખોટા અર્થઘટનને લીધે નિર્ણય લેવાતો નહોતો જેના માટે ટેકારૂપ અન્ય નિયમો છણાવટભરી રીતે રજૂ કર્યા. થોડા દિવસ ચર્ચા વિચારણા ચાલી અને અંતે ૨૦-૨૫ દિવસમાં આખરી નિકાલ થતાં, ચડત રકમ આશરે રૂા.૯,૫૦,૦૦૦/- અને દર માસે ફેમિલી પેન્શન રૂા.૧૩,૫૦૦/-નું ચુકવણું થયું, જે આજીવન મળશે.

સમગ્ર કાર્યવાહીમાં ગઢવી સાહેબ, તીજોરી અધિકારી જામનગરે સહાનુભૂતિ દર્શાવી છે તે બદલ આભાર.

(૯૪૨૯૦ ૦૩૩૫૯)

•••

**—— સોહામણા સાપનેસ ——**

સાપનેસનું પ્રતિનિધિત્વ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સુધી વિસ્તર્યું છે. ગીરના ગરવા માનવી કરશનભા વિહાભા બાવડાના સુપુત્ર કાનભા બાવડાએ પ્રાથમિક શિક્ષણથી લઈને કોલેજનો ગ્રેજયુએટ સુધીનો અભ્યાસ સાપનેસમાં રહેતા-રહેતા આજુબાજુની શાળાઓ, હાઈસ્કૂલ-કોલેજોમાં અભ્યાસ કરીને ગ્રેજયુએશન કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં જે તે સમયના વાઈસ ચાન્સલેર શ્રી કમલેશ જોષીપુરા સાહેબના સમયમાં કલાર્ક તરીકે પસંદગી પામ્યા અને હાલમાં જ પ્રગતિ કરીને ઓફિસર તરીકે પ્રમોશન મળતા અધિકારી બનીને ગીરનું ગૌરવ વધાર્યું છે. અન્ય યુવાનોને માટે પ્રેરણારૂપ દ્રષ્ટાંત પુરુ પાડયું છે. હાલમાં પણ તેમના માતુશ્રી, મોટાભાઈ સહીતનો પરિવાર સાપનેશ ગીરમાં જ માલધારી તરીકે વસવાટ કરી રહ્યો છે. સોનબાઈ આઈમા એ જૂનાગઢમાં કુમાર છાત્રાલય શરુ કર્યું ત્યારે તેઓની એજ દૂરદર્શી હતી કે વિશેષતઃ ગીરના નેશના માલધારી પરિવારના બાળકો આ બોર્ડીંગમાં ભણીને આગળ વધે અને તેનો લાભ તેમના પરિવાર ઉપરાંત સમગ્ર સમાજને મળે. આઈમા જાણતા હતા આ નેશવાસીઓમાં સંસ્કાર, સંસ્કૃતિ,રખાવટ, રોટલો આ બધું છે. ફકત કેળવણી ભળે તો ભયો...ભયો.... સોનલમા શતાપ્દી વરસમાં તેઓના સપનાઓ સાકાર થતા જણાય છે.

સમગ્ર ગીરના માલધારીઓ માટે
ગૌરવની લાગણી...

# અભિનંદન



કાનાભા કરશનભા બાવડા

સમગ્ર સૌરાષ્ટ્ર, ગુજરાત, દેશ નહીં પરંતુ પરદેશમાં જેની અનોખી સુવાસ છે એવા ગીરના જંગલમાં અનેક રત્નો થયા છે...તે અનોખા છે કેમકે સુવિધા હોય અને અભ્યાસ કરી અથવા પોતાનું નામ કોઇ પણ રીતે રોશન કરે, પરંતુ આજની સદીમાં પણ હજુ ૧૮મી સદી જેવું જીવન વ્યતિત કરતા માલધારી પરિવારોની જીવન ચર્ચા વિશે સૌ કોઇ માહિતગાર છે. આવા જ એક મધ્યગીરમાં આવેલા નેસડાના માલધારીની સિદ્ધિની વાત કરતા હૃદય ગદગદ ફુલી જાય છે. આવેલા સાપનેસ નેહડામાં રહી અભ્યાસ કરી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર કે.કે. બાવડા જુનિયર કલાર્કથી લઇ આજે કલાસ ટુ ઓફિસર સુધીની સફર કરી સમગ્ર માલધારી સમાજને ગૌરવ અપાવેલ છે. સાપનેસના માલધારી બાવડા કાનાભા કરસનભા (કે.કે. બાવડા) એ ગીર જંગલમાં વિસ્તારના નેહડામાં રહીને જ્યાં વાહનની વ્યવસ્થા ન હોય તેવા વિસ્તારમાં રહી સાપનેસ થી આઠ દસ કિલોમીટર દૂર એવા દલખાણીયામાં ૧ થી ૭ ધોરણ અભ્યાસ કરેલ, ત્યાર પછી માલધારીની છાત્રાલય સાસણ ગીરમાં ધોરણ ૮ અને ૯ નો અભ્યાસક્રમ કરેલ ત્યાર પછી ધારી તાલુકાના ગોવિંદપુર ગામમાં ધોરણ ૧૦, ત્યાર પછી ધોરણ ૧૧ અને ૧૨ ધારી તાલુકામાં રૂમ રાખીને અભ્યાસ કરેલ અને કોલેજનો અભ્યાસક્રમ કોડીનારમાં નગરપાલિકા કોલેજમાં બીએ નો અભ્યાસક્રમ પૂર્ણ કરીને રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં માસ્ટર ડિગ્રી એમ.એ. નો અભ્યાસક્રમ ૨૦૦૭મા કરેલ, બી.એડ નો અભ્યાસક્રમ જે.જે. કુંડલીયા કોલેજ રાજકોટમાં કરેલ. અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ પાંચ થી છ વર્ષ રાજકોટની જુદી જુદી સ્કૂલોમાં પ્રાઇવેટ શિક્ષક તરીકે ફરજ બજાવેલ વર્ષ ૨૦૧૧માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જુનિયર કલાર્ક તરીકે ડાયરેકટ ભરતીમાં સિલેકટ થયેલ. તેઓ ને આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચારણ સમાજનો સૌ પ્રથમ સેકશન ઓફિસર કલાસ ટૂ એટલે કે વિભાગીય અધિકારી તરીકે પ્રમોશન મળેલ છે. જંગલમાં વસતા મોટા ભાગના તમામ માલધારીઓ પર આઇ સોનલના કાયમી આશીર્વાદ રહ્યા છે તેમાં બાવડા પરિવારના કાનાભાઇએ જણાવ્યું કે મા સોનલના આશીર્વાદ થકી આજે હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કલાસ ટૂ ઓફિસર તરીકે પહોંચ્યો છું અને માતાજીની અસીમ કૃપા વિના શકય નથી. કાનાભા લક્ષ નક્કી કરેલું હોય તો તેને પહોંચવા માટે મહેનત કરવાથી મળે જ છે કેમકે કયાં અમારું મધ્ય ગીરમાં અવેલું નાનકડું સાપનેસ/નેહડુ અને કયાં નામાંકિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને તેમાં કલાસ ટૂ ઓફિસર બનવું ખૂબ જ કઠિન હતું. પરંતુ મહેનત, લક્ષ અને માતાજીના આશીર્વાદથી આ શકય બન્યું છે તેમ જણાવેલ તે બદલ અમો તેઓને હૃદયથી અભિનંદન પાઠવીએ છીએ..

**શુભેચ્છકો**

વજુભાઇ વાલાભાઇ મુલરવ - ૯૪૨૬૯ ૦૭૫૪૪
મેહુલ રામભાઇ જામંગ - ૯૮૨૫૭ ૨૮૭૮૭
હેમુભાઇ પરબતભાઇ બાવડા - ૯૭૨૩૪ ૬૯૭૭૧

જાખ

# ગૌરવ...





## હર્ષ ઋષિભાઈ લાંબા (ભારૈય)

અમારા પૌત્ર હર્ષ ઋષિભાઈ લાંબા (ભારૈયા) ધોરણ - ૧૨ કોમર્સ (ઇંગ્લીંશ મીડીયમ) માં ૯૪ પી.આર. મેળવ્યા છે. તેમજ સ્કૂલ ફર્સ્ટ આવેલ છે. આઈ વરેખણ હમેંશા ખુશ રાખે તેમજ પ્રગતી કરાવે.

અશ્વિનભાઈ લાંબા (દાદા)
અંજનાબેન લાંબા (દાદી)
હાર્દિક લાંબા (કાકા)
ભાવિનભા કે. રતન (ફૂઆ)
કૃતિબેન બી. રતન (ફુઈ)
કુશભાઈ રતન (ભાણેજ)



જા×ખ

# કોટી કોટી વંદન...

## માતૃદેવો ભવ... સ્મૃતિ વંદના

### ૩૬મી પુણ્ય તિથી



**સ્વ. દાદીમા કુંવરબેન પૂનાભાઈ જોગડા**

(ઉંમર વર્ષ ૯૦) સ્વ. તા. ૧૪-૦૬-૧૯૮૭ (ભોંયરા)

સુખ દુઃખ ભરેલ સંસારમાં તનમાં વધતો તાપ,<br>
તેદી હેતે ફેરવ્યો હાથ તેં મસ્તક ઉપર માત.

અમારા સંસ્કારો ના ઘડવૈયા તમે<br>
તેથી ઉજળા થયા અમે,<br>
આપને કોટિ કોટિ પ્રણામ

જોરૂભા માણસુરભા જોગડા<br>
અ.સૌ. મંજુલાબેન જોરૂભા જોગડા<br>
ગીતાબેન જોરૂભા જોગડા - પુત્રી<br>
મહેશભા જોરૂભા જોગડા<br>
અ.સૌ. નયનાબેન મહેશભા જોગડા<br>
મિતભા મહેશભા જોગડા

હિતેષભા જોરૂભા જોગડા<br>
અ.સૌ. પુનમબેન હિતેષભા જોગડા<br>
દ્વિજ હિતેષભા જોગડા<br>
અ.સૌ. મધુબેન જયદેવભા અમોતિયા<br>
રૂદ્રભા જયદેવભા અમોતિયા (ભાણેજ)<br>
તથા જોગડા પરિવાર

રામનગર શેરી નં. ૩, "વૃજકુંજ" ગોંડલ રોડ, રાજકોટ.<br>
મો. ૯૮૨૪૫ ૮૯૬૮૦



## સ્વ. ધનરાજભા લાભુભા લાંબા

**સ્વ. ૦૯-૦૭-૨૦૨૩, અષાઢ વદ ૭ ને રવિવાર**

આપના આત્માને દિવ્યશાંતિ મળે અને અમારી ઉપર
આપના આશીર્વાદ કાયમ વરસતા રહે તેવી પ્રભુને પ્રાર્થના

**સમુહલગ્ન રાજકોટ ખાતે શરૂ થયા ત્યારથી
સતત ૩૧ વર્ષ સુધી નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરનાર
કાર્યકર્તાને શ્રી સોનલ માં સેવા સહાય ટ્રસ્ટ રાજકોટ
(સમુહલગ્ન સમિતિ જુની) દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ...**

**મો. : ૯૮૨૪૪૨૫૧૬૦ / ૯૭૨૩૪૪૮૨૦૫**

જાxખ

# ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા

• વિનોદ મકવાણા

**અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,**
**ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈજા.**

ગુજરાતી સાહિત્યના મોટા ગજાના કવિશ્રી ન્હાનાલાલ દલપતરામ ત્રવાડીની ઉકત અજરામર કાવ્યપંકિતમાં અસત્યોમાંથી પરમ સત્ય તરફ, અંધકારમાંથી પરમ પ્રકાશ ઈશ્વર તરફ લઈ જવાની માટેની આ પ્રાર્થનામાં માનવ હૃદયનો સનાતન ઉદ્‌ગાર છે. આવી સાચા હૃદયપૂર્વકની શ્રદ્ધાપૂર્વકની અરજ આપણને ઉજાશમય જીવન તરફ સતત આગળ વધવાની પ્રેરણા આપે છે.

આપણા પુરાણો અનુસાર જીવની યાત્રા ૮૪(ચોરાસી)લાખ ફેરાની છે. જે પૈકી ૮૨ લાખ ફેરા વૃક્ષો, પક્ષી, પ્રાણી, વાનરમાંથી પસાર થઈ, તેની ફલશ્રુતિ રૂપે માનવ દેહ મળે છે. માનવ દેહની અગત્યતાની સમજણ આપતા રામચરિત માનસના ઉત્તરકાંડ દોહા-૪૩, ચોપાઈ-૦૩માં ભગવાનશ્રી રામ કહે છે કે, 'કાળ, કર્મ, સ્વભાવ અને ગુણને વશ થઈને અવિદ્યાની પ્રેરણાની અનેક યોનિમાં ભટકતા જીવને નિષ્કારણ, સ્નેહ ઈશ્વર કરુણા કરીને સર્વોત્તમ મનુષ્ય દેહ આપે છે.' બાકી બે લાખ ફેરામાં કેટલામાં ફેરો છે? તે જાણતા નથી. આપણે જેટલી દેહની ચિંતા રાખીએ છીએ તેટલી આત્માની ચિંતા, આત્મ કલ્યાણ અંગે ચિંતિત છીએ ખરા?

પ્રભુનો પરમ પ્રકાશ સુધી પહોંચવા માટે, સૌ પ્રથમ તો આપણી અંદર રહેલ છ ષ્ડરિપુ કામ, ક્રોધ, મોહ, મદ, લોભ અને સમસર (ઈર્ષા) પર વિજય મેળવવાનો છે. આ માટે શ્રીમદ્ ભાગવતમાં જણાવે છે કે, 'નિરાહાર મનુષ્યની વિષય વૃત્તિ નાશ પામે છે કારણ આહાર સર્વે કામનાઓને પોષનાર છે. આથી સ્વાદેન્દ્રીય પર કાબૂ મેળવતા, આપોઆપ, આપણામાં રહેલ શત્રુઓ પર કાબૂ આવી જશે કે નાશ પામશે જેથી પરબ્રહ્મ સુધી પહોંચવાના માર્ગમાં મન સ્થિર થશે'.

મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા છે. આથી જ શ્રીમદ્ ભગવત ગીતાના અધ્યાય-૬, શ્લોક-૫,૬,૭માં કહે છે ઉદ્ધરેદાત્મનાત્માનમ્ વ્યકિતએ પોતે જ પોતાનો ઉદ્ધાર કરવાનો છે. વિષયોની આસકિત સાથે સંબંધ તોડી, સ્વકલ્યાણ માટે મિત્ર બને છે. પ્રારબ્ધ અનુસાર આવવાવાળી અનુકુળતા, પ્રતિકુળતા, વર્તમાનમાં કરવાના કર્મોની સફળતા, વિફળતા, બીજા દ્વારા કરાયેલ માન-અપમાનમાં નિર્વિકાર સ્થિર રહે. તે જ વ્યકિતને પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. આમ જીવન પ્રત્યે હકારાત્મકતા - માનસિકતા કેળવવાની છે. પોતાના આત્માના આવાજને ઓળખી સત્યનું આચરણ કરવાનું છે. સત્ય એ જ ઈશ્વર છે માની જીવનને સકારાત્મક આરોહના માર્ગે લઈ જવાનું છે. પાંડવોએ ધર્મ-સત્યના માર્ગે આચરણ કરેલ જેથી ભગવાન કૃષ્ણ તેની મદદે આવ્યા.

મનુસ્મૃતિમાં કહે છે, 'સંવેદના વાણી દ્વારા શુદ્ધ થાય છે. મન સત્ય દ્વારા શુદ્ધ થાય છે. શિક્ષણ અને શીખ દ્વારા આત્મા શુદ્ધ થાય છે. જયારે બુદ્ધિ જ્ઞાન દ્વારા શુદ્ધ થાય છે'. ભારતીય સંસ્કૃતિમાં પોતાની અંદર જ્ઞાનનો દીપક પ્રજવલિત કરી, શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ, દયાનંદ સરસ્વતી,

નરસિંહ મહેતા, મીરાબાઈ જેવા અનેક ભકતોએ સત્યનું આચરણ કરી. પરમપ્રકાશની પ્રાપ્તિ કરી આપણને રાહ ચીંધતા ગયા.

પરમ તેજના માર્ગમાં 'અંધકાર રૂપી આપણી અંદર રહેલા અસત્ય, અજ્ઞાન, મોહ, માયા, અંધકાર પડેલા છે તેને ઉલેચવાના છે. જે માટે યોગ્ય સમજ,સરળતા, ઉદારતા, અસહિષ્ણુતા જેવા ગુણો કેળવશું તો ચોક્કસ પરમ સત્ય, પ્રકાશ સુધી પહોંચી શકીશું. તો ચાલો પ્રયત્ન કરીએ, પ્રભુને પ્રાર્થના કરીએ કે- **'મને તમે ઊગારો એવી મારી પ્રાર્થના નથી, પણ હું તરી શકું એટલું બળ મને આપજો.'** – રવીન્દ્રનાથ ટાગોર

(૯૪૨૭૨ ૦૦૦૯૬)

•••

## સાંયાજી ઝુલાના ગામ કુવાવાને આંગણે યોજાયું બહેનો/દીકરીઓ/ફૂઈબાઓનું સ્નેહમિલન

• ડી.કે. ચારણ(કુવાવા)

તા.૧૩/૫/૨૦૨૩ના દિવસે માતાજીની કૃપાથી કુવાવા પુત્રવધૂઓને વિચાર આવ્યો કે બહેનો દીકરીઓ/ફોઈઓનું સન્માન કરીએ. આ માટે સૌથી પહેલું સુકાન શ્રીમતી શિલ્પાબા રાઘવેન્દ્રસિંહ ચારણે ઉપાડયું. એમના વોટ્સએપ ઉપરના મેસેજને આધારે ગામની પુત્રવધૂઓએ રૂા.૭૦,૦૦૦/- સિત્તેર હજાર બે જ દિવસમાં ઓનલાઈન શિલ્પાબાને મોકલી દીધા અને ગામના સૌના ઉમળકાને લક્ષમાં લઈ ૧૦ દિવસમાં તો આયોજન થઈ ગયું.

પુત્રવધૂઓના ભેગા કરેલ નાણાંમાંથી ભોજન, મંડપ, સંગીત વગેરેની જોગવાઈ થઈ ગઈ. સાથે સાથે ગામના યુવક વિનુભાઈ કચરદાનજી ઝુલાએ પણ એક વખતનું ભોજન ખર્ચ ઉપાડી લીધું. ગામના યુવકોએ ભેગા મળી બહેનો-ભાણીઓને મોમેન્ટો રૂપે ચાંદીનો સાયાજી ઝુલાની મૂર્તિ સાથેનો સિક્કો તૈયાર કરાવ્યો અને સાયાજીના ગોપીનાથ મંદિર અને કોટમાં બધી પુત્રવધૂએ ઢોલ નગારા તથા શરણાઈના સૂરો સાથે ફૂલોથી બહેનોને આવકાર્યા.

બીજે દિવસે રાત્રે રાસગરબા અને માડીની ચરજોનો કાર્યક્રમ રાખ્યો. ગામના જ યુવકો હર્ષદ ભૂપતજી ઝુલા, અશ્વિન જગદીશદાન ઝુલાએ દુહા-છંદ, ચરજયુ,રાસ ગરબા સ્ટેજ ઉપરથી ગાયા અને બહેનો દીકરીઓ /વહુઓ/ભાણીઓના ઉત્સાહને સ્વિકાર્યા. સાથે સાથે ગામના નિવૃત્ત વયોવૃદ્ધ શિક્ષકશ્રી તખતદાનજી નારાયણદાનજી ઝુલાએ રૂા.૩૦૦૦૦ જેવી રકમ બહેન-દીકરીઓને ભેટ સ્વરૂપે આપી દરેક દીકરી દીઠ રૂા.૧૦૦ અને ભાણેજોને રૂા.૫૦.


આ પ્રસંગે ભાણી ડો.આરતી વિષ્ણુદાન હોદા(વિરેશ્વર)એ ફિલોસોફી સાથે પીએચ.ડી. કર્યું તે બદલ તેનું અભિવાદન કર્યું તેણે પોતાના પત્યુત્તરમાં કુવાવાના સાંસ્કૃતિક વારસાની મને ભેટ મળી છે જે મને મારા વિકાસમાં લાગી એમ કહ્યું. દીકરીઓ/બહેનો વતી ગીતાબા ભૂપતસિંહ ઝુલા(થેરાસણા)એ ભાઈઓનો વિકાસ થયો એના કરતા વધુ થાય તેવી ભાવના વ્યકત કરી. આ કાર્યક્રમમાં ચેતન, હર્ષદ, અશ્વિન,મિત,સિદ્ધરાજ વગેરે યુવાનોએ સફળ બનાવ્યો હતો.

છેલ્લે ગામના વડિલો ડો.હિતેન્દ્રસિંહ ઝુલા, આવડદાનજી ઝુલા, ડો.અર્જુનસિંહ ઝુલા, સેશન્સ જજ નિર્મલસિંહ ઝુલા, ડો.દિનેશદાન, શ્રી ડી.કે. ચારણ (ગુરુજી), દેવેન્દ્રસિંહ ઝુલા, અભેસિંહ ઝુલા વગેરેએ દીકરીઓ/બહેનોને આશીર્વાદ આપ્યા. યુવકોને ધન્યવાદ આપ્યા, વહુને પણ આવા સુંદર કાર્યક્રમ બદલ ધન્યવાદ આપ્યા. દર વર્ષે આવો કાર્યક્રમ યોજાય તે માટે પ્રેરણા આપી. ટોકરા, મેવા, થેરાસણા, મોટેટા, પેડાગળા, પેશ્વા, ખાણ, કંજેલી, વડગામડા વગેરેથી દીકરીયુ/ભાણીયુ આવી હતી.

(૯૯૧૩૦ ૭૯૬૫૩)

## વડાપ્રધાન મોદીના 'મન કી બાત'માં ચિત્રકાર પ્રભાતસિંહ બારહઠની વાત

• ...





**રાજકોટના ચિત્રકારનું ચિત્ર 'શિવાજી કી સવારી'ની ઉત્તમ ચિત્ર તરીકે પ્રશંસા કરી**

સંત, શુરા અને દાતાની ધરા સૌરાષ્ટ્રની આગવી છાપ વિશ્વ ફલક પર આગળ છે. સૌરાષ્ટ્રના મહાનુભાવોએ કોઈને કોઈ ક્ષેત્રમાં ઓળખ મેળવી છે તેમાંના એક ચિત્રની કલામાં માહેર અને રાષ્ટ્રીય ક્ષેત્રે પ્રસિદ્ધિ મેળવેલા રાજકોટના પ્રભાતસિંહ મોડભાઈ બારહઠ (રોહડિયા)ની કલાના વખાણ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં કર્યા હતા.

ઉજજૈનમાં દેશભરના ૧૮ ચિત્રકારો દ્વારા બનાવાતા પુરાણો આધારિત આકર્ષક ચિત્રો અંગે ખુશી વ્યકત કરી હતી અને રાજકોટના ચિત્રકાર પ્રભાતસિંહને યાદ કરતા કહ્યું હતું કે, પેઈન્ટિંગ્સ વિશે વાત કરતી વખતે મને બીજી એક અનોખી પેઈન્ટિંગ યાદ આવી ગઈ. આ પેઈન્ટિંગ રાજકોટના કલાકાર પ્રભાતસિંહ મોડભાઈ બારહઠે બનાવ્યું છે. જે છત્રપતિ વીર શિવાજી મહારાજના જીવનની એક ઘટના પર આધારિત છે. જેમાં કલાકાર પ્રભાતસિંહે બતાવ્યું છે કે, રાજયાભિષેક પછી છત્રપતિ શિવાજી મહારાજ તેમના કુળદેવી તુલજા ભવાની માતાજીના દર્શન કરવા જઈ રહ્યા છે, તે સમયે કેવું વાતાવરણ હતું એ એક ઉત્તમ ચિત્ર છે.

વડાપ્રધાન જે પ્રભાતસિંહની વાત કરી તે કવિ ઈસરદાસ રોહડિયાના ૧૬મી પેઢીના વંશજ છે. પ્રભાતસિંહના પિતા મોડભાઈ રાજકોટ એજી ઓફિસમાં ઓફિસર હતા. તેમનું મોસાળ જામનગરના રાજકવિ વજમાલજી મહેડું છે. પ્રભાતસિંહે અમદાવાદ ડિપ્લોમા ઈન આર્ટમાં ગુજરાત ફર્સ્ટ આવ્યા હતા. ત્યાર બાદ રાજકોટની વિરાણી બહેરા-મુંગા શાળામાં આર્ટ ટીચર તરીકે કાર્યરત હતા. પ્રભાતસિંહના જીવનકાળ વિશે વાત કરતા તેમના ભાઈ ભગીરથસિંહ કહે છે કે, તેઓ લોકજીવનના પ્રસંગો, પક્ષી ચિત્રો, સંસ્કૃત સાહિત્યના પ્રસંગોના ચિત્રો બનાવ્યા છે. ઐતિહાસિક ચરિત્રો, ચારણ ભકત કવિ વિગેરે ચિત્રો બનાવ્યા છે. આ ઉપરાંત રાજકોટના નિવૃત્ત પોલીસ અધિકારી સ્વ.નરેન્દ્રપ્રકાશ પંડયા

(મનુભાઈ)ના સાંનિધ્યમાં સતત ત્રણ વર્ષ બેઠક અને ચર્ચા કરીને કાઠિયાવાડી અશ્વો, અશ્વની ૩૬ જાત, લાક્ષણિકતા, ગુણ, મર્યાદા અંગેના ચિત્રો બનાવ્યા છે અને લેખ લખ્યા છે. ગુજરાતમાં જયારે સરસ્વતી સંશોધન કાર્યક્રમ હતો ત્યારે મહારાષ્ટ્રના પુરાતત્વવિદ વાંકડકરજી રાજકોટ આવ્યા હતા અને પ્રભાતસિંહ તેમને મળ્યા ત્યારે વાંકડકરજીએ કહ્યું હતું કે, 'પ્રભાત તમારી ચિત્ર પદ્ધતિ ઐતિહાસિક ચિત્રો માટે વધુ સારી છે.' વાંકડકરજીના માર્ગદર્શન બાદ તેમને પ્રેરણા મળી અને તેઓએ ત્યારથી આ પ્રકારના ચિત્રો બનાવવાનું શરૂ કર્યું હતું.

'શિવાજી મહારાજની સવારી' ચિત્ર બનાવવા માટે તેઓએ ટોપોગ્રાફી સમજવા માટે ત્રણ વર્ષ સુધી મહારાષ્ટ્ર-રાયગઢમાં પ્રવાસ કર્યો, મ્યુઝિયમમાં ગયા અને પર્યાવરણ, પરીવેશ, વેશભૂષા, શસ્ત્રો, નૃવંશ શાસ્ત્રીય વગેરેનો અભ્યાસ કર્યો હતો. પુરાતત્વ સહિત અનેક ક્ષેત્રના વિદ્વાન લોકો સાથે મુલાકાત કરીને માર્ગદર્શન મેળવ્યું તેમજ વિચાર-વિમર્શ કર્યા હતા. ત્યાર બાદ ૧૯૯૬માં પેપર પર ૧૫૦૦ ફૂટનું લાઈનીંગ ચિત્ર બનાવ્યું હતું અને તેના પરથી ૬ ફૂટ બાય ૫૦૦ મીટર કેનવાસ પર ચિત્ર બનાવવાનું શરૂ કર્યું હતું. જે અત્યારે ૧૦૦ મીટર સુધી તૈયાર થઈ ગયું છે.

આ ચિત્ર બનાવવા પાછળનું કારણ એક કાર્યક્રમમાં પુછવામાં આવ્યું ત્યારે પ્રભાતસિંહે કહ્યુ હતું કે, 'આ ચિત્ર સંપત્તિ પ્રાપ્તિ માટેનો ઉદ્દેશ નથી, મારે ભારતીય સંસ્કૃતિનું જતન કરવું છે, ભારતની અસ્મિતાનું ભાવિ પેઢી દર્શન કરી શકે તે મુખ્ય હેતુ છે જયારે દેશમાં ભાજપ સરકાર ૩૦૦થી વધુ બેઠક સાથે બહુમતી મેળવશે ત્યારે સંસદ ભવનમાં આ ચિત્ર પ્રદર્શન માટે મૂકવામાં આવે તે મારી ઈચ્છા છે'.

•••

**(શ્રી પ્રભાતસિંહ બારહઠની વિશિષ્ટ શકિતને ધ્યાને લઈને થોડા વર્ષો પહેલા આ મેગેઝીનમાં યુવા કાર્યકર નિતિન સાંસીએ તેઓનો ઈન્ટરવ્યુ પ્રસિદ્ધ કર્યો હતો.)**

---

**–– સોનલ એજયુકેશન એવોર્ડ ––**

સોનલમા શતાપ્દી વર્ષમાં આઈમાએ આદરેલા કાર્યો પૈકીનું એક શિક્ષણ-કેળવણી છે. તેને આગળ વધારવાનું કામ ઘણાં બધા કરી રહ્યા છે. તેમાં સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ પણ સામેલ છે. આ ટ્રસ્ટ દ્વારા 'સોનલ એજયુકેશન એવોર્ડ' આપવાનું નકકી કરેલ છે. સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ધો.૧૦, ધો.૧૨ની ગુજરાત બોર્ડની પરીક્ષામાં સૌથી વધુ માર્કસ પ્રાપ્ત કરનારને સોનલમા એજયુકેશન એવોર્ડ અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. જેમાં વર્ષ ૨૦૨૩નો તેમજ અગાઉના બાકી એવોર્ડ તુરંતમાં જ સમારંભ યોજવામાં આવશે તેમ ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

# ડો.એમ.એસ.ચારણનું સન્માન

• ...

ડો.એમ.એસ. ચારણ સાબરકાંઠા જિલ્લો તા.વડાલી ગામ વડગામના વતની છે. વર્ષોથી રાજકોટની પી.ડી.માલવિયા કોમર્સ કોલેજમાં સ્પોર્ટ્સ ડાયરેકટર તથા રાષ્ટ્રીય કેડેટ કોરના ઓફિસર તરીકે સેવા આપી, રમત-ગમત ક્ષેત્રે યુવાનોમાં રાષ્ટ્રીય ભાવના વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપી યુવાનોની કારકિર્દીનું ઘડતર કર્યું તે બદલ તાજેતરમાં વિશ્વ ગુજરાતી સમાજ યુથવિંગ દ્વારા ગૌરવશાળી ગુજરાતી ૨૦૨૩ તરીકે ગૌરવપત્રથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ડો. એમ. એસ. ચારણ (૯૪૨૭૫ ૬૧૨૫૮)ની શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક કારકિર્દી વિદ્યાર્થી કેન્દ્રી રહી છે.વર્ષો સુધી રાજકોટની પી.ડી.માલવિયા કોલેજ ઓફ કોમર્સ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા અને એન.સી.સી. ઓફિસર તરીકેની સેવા કરવાનો મોકો મળ્યો. આ સેવા દરમિયાન રમતગમત અને નેશનલ કેડેટ કોરના વિદ્યાર્થીઓ 'સી' સર્ટીફીકેટસ પાસ કરી, માતૃભૂમિની રક્ષા માટે ભારતીય સેનામાં ભરતી થયા. અર્ધ લશ્કરી દળો, ગુજરાત પોલીસ, આસામ રાયફલ, તિબ્બટ પોલીસ, સરહદી સલામતી દળ, ઔદ્યોગિક પોલીસ દળ, વન સંરક્ષક, પી.એસ.આઈ., પી.આઈ., ડી.વાય. એસ.પી.(ગુજરાત પોલીસ)માં જોડાયા. કેટલાક વિદ્યાર્થીઓ રમત ગમત અને એન.સી.સી. દ્વારા કોલેજ અને સ્કૂલમાં વ્યાયામ શિક્ષકો બન્યા.

યુનિ.માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમ, એમ.પી.એડ., એમ.ફિલ, પીએચ.ડી.ના વાઈવા તથા પ્રેકટીકલ, થિયરી વગેરેમાં અભ્યાસ કરાવ્યો. યુનિ.ના બોર્ડ ઓફ સ્પોર્ટ્સ, નેશનલ સિલેકશન કમિટી, યુનિ.ના રમતગમત અભ્યાસક્રમ રચનાની સમિતિમાં જોડાયા.

એન.સી.સી.કેડેટ તૈયાર કરી વી.વી. આઈ.પી. મહેમાનોને ગાર્ડ ઓફ ઓનર દ્વારા સન્માનિત કર્યા. જેમાં ગુજરાતના મુખ્યમંત્રીઓ, ગવર્નરશ્રીઓ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વગેરેને સલામી આપી હતી.

૧૯૭૧માં થયેલ ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભારતને વિજય અપાવનાર ભારતીય સુનાના વડા ફિલ્ડ માર્શલ જનરલ માણેકશા, જનરલ જગજિતસિંહજી અરોરાને મળવાનો તથા ગાર્ડની સલામતી આપવાનો મોકો મળ્યો. સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિઓને કર્નલની માનદ્ પદવી આપવામાં રક્ષામંત્રાલય એન.સી.સી.દિલ્હી સાથે સંકલન કરી પદવી અપાવવામાં નિમિત્ત બન્યા.

નેશનલ કેડેટ કોરમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ભારત સરકારના રક્ષામંત્રાલય દિલ્હી દ્વારા પ્રશંસાપત્ર પણ મળ્યું. વર્ષો સુધી દેશની સેવા કરે તેવા એન.સી.સી.ના કેડેટની હરોળ તૈયાર કરી આવનાર પેઢીને ભારતના શ્રેષ્ઠ નાગરિકો મળે તેવા પ્રયત્નો કર્યા, માતૃભૂમિની સેવા માટે હંમેશાં તત્પર રહે તેવું યુવા બળ પૂરું પાડયું. વિશ્વ ગુજરાતી સમાજના મુખ્ય સંવર્ધક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ છે. સંસ્થાના પ્રમુખ સી.કે. પટેલ અને યુથવિંગના કન્વીનર પૌરસ પટેલ છે. ડો.એમ.એસ.ચારણને યુથવિંગ તરફથી **'ગૌરવશાળી ગુજરાતી-૨૦૨૩'**તરીકે ગૌરવપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**(સંકલિત)**

# આહાર, વ્યાયામ અને સ્વાસ્થ્ય

• ડો.હરીશ બી. રાબા

અત્યારના સમયમાં આપણે બધા જાણીએ જ છીએ કે દિવસે-દિવસે બાળકો, યુવાન કે વૃદ્ધો હોય સ્વાસ્થ્યની પરિસ્થિતિ વિકટ બનતી જાય છે. નાની ઉંમરના લોકોમાં હૃદય રોગ, બ્લડપ્રેશર કે કયારેક સાંભળ્યા ન હોય તેવા રોગોનું પ્રમાણ વધતું જાય છે. રમતવીરો રમતા રમતા મેદાનમાં કયારેક ઢળી પડે છે,બાળકો રમતા રમતા હાંફી જાય છે, થાકી જાય છે આનો અર્થ કે રોગી છે. એના કરતાં વધુ એમ કહી શકાય કે શારીરિક શ્રમ કરવાની તાકાક ઓછી થતી જાય છે. જયારે શ્રમ વધુ થાય ત્યારે શરીર એને સાથ નથી આપતું અને કોઈ એવી સ્વાસ્થ્યને લગતી ઘટના બને છે, અત્યારે બાળકોમાં પણ માનસિક તકલીફનું પ્રમાણ વધતું જાય છે. રમવા માટેનો સમય એમને મળતો નથી. હમણાં જ એક કિસ્સો બન્યો જેમાં શાળામાં ભણતા વિદ્યાર્થીને ચાલુ કલાસે જ હૃદય રોગનો હુમલો આવતા મૃત્યુ નીપજયું આ એક કમકમાટીભરી વાત કહી શકાય. આપણે જો આપણા આહારમાં થોડો ફેરફાર લાવીએ, થોડા વ્યાયામની આદત રાખીએ તો ચોક્કસ ઘણી વિપરીત પરિસ્થિતિ બનતી અટકાવી શકીએ અથવા તો તેનું પ્રમાણ ઘટાડી શકીએ.

**'આહાર એ જ ઔષધિ અને રસોડા એ જ દવાખાનું નિયમિત વ્યાયામ અને સ્વાસ્થ્ય સાથે લાબું જીવી જાણો'**

આકાશ, વાયુ, અગ્નિ, પાણી તથા પૃથ્વી આ પંચમહાભૂતોથી માનવ શરીર અને સમસ્ત પ્રકૃતિની રચના થાય છે. આપણા શરીરને સદા નિરોગી રાખવા માટે આ બધામાં જ બેલેન્સ સમાનતા ખૂબ જરૂરી છે. આ સિવાય પણ આપણા વાત, કફ અને પિત્તમાં સમાનતા ખૂબ જરૂરી છે. જયારે આમાંથી કયાંય પણ વધ-ઘટ થાય ત્યારે રોગ પેદા થાય છે. વાત કફ અને પિત્તને શરીરના ત્રણ દોષ માનવામાં આવે છે. જેમાં અસંતુલિતતાને કારણે અનેક પ્રકારની બીમારીઓ થઈ શકે છે.

જો વાત અસંતુલિત હોય તો ૭૦ થી ૮૦ પ્રકારની બીમારીઓ થઈ શકે છે. પિત્તને કારણે ૪૫થી ૫૦ જયારે કફને કારણે ૨૫ થી ૩૦ પ્રકારની બીમારીઓ થઈ શકે છે. સામાન્ય રીતે શરદ, ખાંસી, માથુ દુઃખવું, મોટાપો, નબળી પાચન ક્રિયા, અસ્થમા, બેચેની, નબળાઈ લાગવી, વજન ઉતરવું, પેટ ફૂલવું, હૃદય રોગ, બ્લડપ્રેશર વગેરે જેવી અનેક નાની-મોટી કે ગંભીર બીમારીઓના સર્જનમાં આ ત્રણ દોષની અસંતુલિતતા જવાબદાર બની રહે છે.

વાત, કફ અને પિત્તને સંતુલિત કરવામાં સૌથી અગત્યનો ફાળો આપણા દૈનિક આહારનો રહેલો છે. રાજસિક આહાર જેમાં ઘી, તેલ, મરચા, આદિનો ઉપયોગ વધારે પ્રમાણમાં થાય છે. તામસિક આહાર જેમાં જંકફૂડ, માંસ વગેરેનો સમાવેશ થાય છે. સાત્વિક આહારને આયુર્વેદ પ્રમાણે શરીર માટે લાભકારક ગણવામાં આવે છે. સાત્વિક આહારથી મનની શુદ્ધિ થાય છે અને શરીરમાંથી ઝેરી દ્રવ્યો પણ બહાર કાઢવામાં મદદરૂપ બને છે. સાત્વિક આહાર લેવાથી સારું પોષણ સાથે સારું સ્વાસ્થ્ય પણ મળે છે. પાચન ક્રિયામાં પણ સુધારો થાય છે. શાકભાજી, તાજા ફળો, ફણગાવેલા કઠોળ, ડ્રાયફ્રુટ, ગોળ, હળદર

આદુ વગેરેનો એમાં સમાવેશ થાય છે.

અહારની અસર માણસના સ્વભાવ પર પણ જાણી શકાય છે. આહારમાં રોજ ઓછામાં ઓછા સીઝનલ ફળનો સમાવેશ થવો જોઈએ. સવારથી બપોર સુધીના સમયમાં ફળ આહાર લેવો હિતાવહ છે. બપોરે જમવામાં કઠોળ તથા શાકભાજીનો સમાવેશ થવો જોઈએ. બપોરથી રાત્રી સુધીમાં બને ત્યાં સુધી તેમજ જરૂર ન જણાય તો જમવાનું ન લેવું જોઈએ તેમજ શકય એટલો ઓછો ખોરાક લેવો જોઈએ. જેથી પાચન સરળ થાય તેમ જ પેટ ભારે ન લાગે.

ખોરાકમાં વિટામિન મિનરલ્સ રેશા યુકત ખોરાક લેવો જોઈએ. પૂરતા પ્રમાણમાં પાણી પીવું જોઈએ. આહારની સાથે સાથે શરીરને અનુકૂળ આવે એ પ્રકારનો વ્યાયામ જરૂરી છે. દરેક વ્યકિતની વ્યાયામની અનુકૂળતા અલગ અલગ હોય છે. ઉંમર તેમજ શરીરની ક્ષમતા પ્રમાણેનો વ્યાયામ કરવો જોઈએ.

યોગ, પ્રાણાયામ,૧૦ થી ૧૫ મિનિટ ચાલવાનું, શકય હોય તો સાઈકલિંગ વગેરે જેવી સામાન્ય લગતી કસરતો ચમત્કારિક પરિણામો આપે છે. શરીરની અનેક પ્રકારની તકલીફો સામાન્ય વ્યાયામથી ન વિચારેલું પરિણામ આપે છે. શરીરમાં ઊર્જા ઉત્પન્ન કરે છે.

દરેક મનુષ્યએ પોતાની નિયમિત જીવન શૈલી બનાવવી જરૂરી છે. માત્ર બનાવવી જ નહીં પરંતુ તે પ્રમાણે અનુસરવું પણ એટલું જ અગત્યનું છે. નિયમિત જાગવું, ઊંઘવું, થોડો વ્યાયામ, સમતોલ આહાર. જો આટલુ કરવામાં આવે તો સારા સ્વાસ્થ્ય સાથે લાંબુ આયુષ્ય જીવી શકાય છે.

•••

## –– રમત ગમતમાં અવનવું ––

૧) રોનાલ્ડો ૨૦૦ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર વિશ્વનો પ્રથમ ફૂટબોલર.

૨) સૌરાષ્ટ્રના ચરખડી ગામની ચેતના વાળા પાંચમી વખત ટીમ ઈન્ડિયામાં સામેલ.

૩) સૌથી વધુ વખત ઝીરોમાં આઉટ થવાનો રોહિત શર્માનો રેકોર્ડ.

૪) રાજય કક્ષાની કરાટે સ્પર્ધામાં માનસી ગઢવીએ મેળવ્યો સિલ્વર મેડલ.

૫) થાઈલેન્ડ અને ફિલીપાઈન્સ વચ્ચે મહિલા ક્રિકેટ મેચમાં ફિલીપાઈન્સની આખી ટીમ ફકત નવ રનમાં ઓલઆઉટ, ફકત ચાર બોલમાં જ મેચ સમાપ્ત થઈ.

૬) ૮૦૦ ગોલ પુરા કરનાર બીજો ખેલાડી બન્યો મેસ્સી.

૭) બેડમિન્ટનના ભારતીય ખેલાડી સાત્વિક સયરાજે દુનિયાની સૌથી ઝડપી સ્મેશ મારી ગીનીશ બૂક ઓફ વર્લ્ડમાં નામ નોંધાવ્યું.

૮) ભારતીય મિકસ ડબલ રીલે ટીમે ગોલ્ડ મેડલ સાથે ૪×૪૦૦ મીટરમાં નવો નેશનલ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો.

૯) ભારતની સ્ટાર એથ્લેટ અને સૌથી ઝડપી મહિલા હર્ડલર જયોતિ યારાજીએ ફરી એક વખત ઈતિહાસ રચ્યો છે.

૧૦) જયોતિએ એશિયન એથ્લેટિકસ ચેમ્પિયનશિપમાં ૧૦૦ મીટર હર્ડલ રેસમાં જાપાનની મૌસુમી ઓકીને પાછળ છોડીને ૧૩.૦૯ સેકન્ડમાં રેસ પૂરી કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો એટલું જ નહીં, તે ૧૦૦ મીટર હર્ડલ્સમાં આવું કરનાર પ્રથમ ભારતીય એથ્લેટ પણ બની ગઈ છે.

(૭૭૮૩૬૦૯૭૮૯)

## આઈશ્રી સોનલ શતાબ્દી વર્ષમાં મોરબી ચારણ સમાજ દ્વારા દ્વિમુખી ભગીરથ સેવા કાર્યની ભેટઃસોનલમાઁ મંદિર તથા સમાજવાડીનું નિર્માણ

• સંકલન : સંજયભા વશરામભા નાંદણ તથા જયેશભા ભલાભા જામંગ

– શબ્દ સ્વરૂપ : પ્રવીણભાઈ કાળાભાઈ સોયા

કોઈપણ સમાજની પ્રગતિ જોવી હોય તો તે સમાજ પાસે રહેલા સમાજોત્થાનના કેટલા સાધનો છે તે પરથી જાણી શકાય છે. જે સમાજ પાસે શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક વિકાસને બળ પુરું પાડનાર સાધનો હોય છે તે સમાજના લોકોને સમસ્યા બહુ નડતી નથી અને તેની મદદથી સમાજનો વિકાસ થતો હોય છે.

સમગ્ર ચારણ સમાજ અને પૂ. સોનલ માઁ પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર અન્ય સમાજના તમામ લોકો જાણે છે કે આ વર્ષે સોનલ મા શતાબ્દી વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે અને તેના ઉપક્રમે ઘણાં કાર્યક્રમો, આયોજનો દ્વારા સોનલ સરોવર, કથાઓ, ડાયરાઓ, બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષોનાં વાવેતર દ્વારા જંગલનું નિર્માણ જેવા કાર્યો થઈ રહ્યા છે તે વખતે મોરબી ચારણ સમાજે સોનલ શતાબ્દી વર્ષ નિમિત્તે એકસાથે બે મંગલકારી કાર્યો વડે ચારણ સમાજને અમૂલ્ય ભેટ આપી છે અને તે બે કાર્યોઃ મોરબી ખાતે નિર્માણ પામેલ પૂ. સોનલ માઁનું મંદિર અને ચારણ સમાજવાડી.

કોઈપણ સારૂં કાર્ય કરવા માટે બે બળ બહુ જ આવશ્યક છે. એક છે કાર્યને હાથ પર લઈ કાર્ય પૂર્ણ કરનાર અને બીજું બળ છે યોગદાન આપનાર દાતા અને બંનેમાં જરૂર હોય છે માર્ગદર્શન આપનાર વડીલો અને કાર્ય કરનાર યુવાનોની અને આ બંનેના સુમેળથી મોરબી ખાતે તા. ૨૫,૨૬,૨૭ જૂન ૨૦૨૩ ના રોજ એકીસાથે બે કાર્યક્રમ યોજાયા પૂ. સોનલમાઁના મંદિરનું નિર્માણ સોનલમાઁની મૂર્તિ પ્રતિષ્ઠા અને ચારણ સમાજ વાડીનું સમાજને લોકાર્પણ, મોરબી ચારણ સમાજના વડીલોએ આગવી સૂઝબૂઝ અને દીર્ઘદ્રષ્ટિથી ચારણ સમાજની વાડી માટે મોરબી શહેરમાં જમીન ખરીદીને રાખેલ હતી સોનામાં સુગંધ ભળે એમ આ જમીન પર સમાજવાડી સાથે પૂ. સોનલમાઁનું મંદિર બનાવવું એવી નેમ સાથે મોરબી ચારણ સમાજના યુવાનોએ આ કાર્યને હાથમાં લીધું અને આ યુવાધનની ૧૪ મહિનાની મહેનત કામ આવી અને મંદિર તથા સમાજવાડીનું નિર્માણ થયું.

મંદિરમાં પૂ. સોનલમાઁની મૂર્તિપ્રતિષ્ઠા અને સમાજવાડીના લોકાર્પણનો ત્રિદિવસીય કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો અને સમગ્ર ચારણ સમાજને નિમંત્રણ પાઠવવામાં આવ્યું. કાર્યક્રમના પ્રથમ દિવસે માઁ ની મૂર્તિની ભવ્ય શોભાયાત્રા ગોવિંદભા રાજૈયા અને નાનભા રાજૈયાના નિવાસ સ્થાનેથી નીકળી મોરબી શહેરમાં ફરી ચારણ સમાજવાડી પર પહોંચી હતી. પૂ. સોનલમાઁના જયઘોષ અને પૂ. કંકુ કેશરમાઁની હાજરીવાળી આ શોભાયાત્રાએ ચારણત્વની ઝાંખી કરાવી હતી.

કાર્યક્રમના બીજા દિવસે યજ્ઞ વિધિ આખો દિવસ ચાલી અને ચારણ સમાજનું ભલું થાય એવા ભાવો સાથે અને ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં આહુતિઓ આપવામાં આવી અને રાત્રે ભવ્ય ડાયરાનું આયોજન નકકી થયેલ પણ વરસાદી વાતાવરણમાં ડાયરો યોજવો શકય ન હોવાથી વાડીમાં જ માતાજીના ગુણગાન અને ભજનનો કાર્યક્રમ પરિસ્થિતિ અનુસાર ગોઠવવામાં આવ્યો

અને કલાકારો શ્રી ભરતદાન ગઢવી(આસણીયા), જયદાન ગઢવી અને રાજુભાઈ આહિરે પોતાની વાણીથી સૌના દિલ જીતી લીધા. કાર્યક્રમમનાં ત્રીજા દિવસે વરસાદી વાતાવરણ હોવા છતાં માનવ મહેરામણ ઉમટી પડયો હતો. પરંતુ માઁ સોનલની એવી કૃપા થઈ કે સવારથી બપોરના ભોજન પ્રસાદ સુધીના કાર્યક્રમ માટે વરસાદ થંભી ગયો હતો. પૂ. સોનલમાઁની મૂર્તિની પૂજાવિધિ સંપન્ન થયા બાદ માઁની મૂર્તિનું મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સાથે સ્થાપન થયું. બ્રાહ્મણોના વૈદોચ્ચારવાળા શ્લોકોના ગાન અને પૂ. સોનલમાઁના જયઘોષ સાથે પૂ. કંકુ કેશરમાઁની પ્રત્યક્ષ સતત હાજરી અને આશીર્વાદથી સમગ્ર વાતાવરણ સોનલમયી બની ગયું હતું અને ચારણ અને ચારણેત્તર જ્ઞાતિઓના શ્રદ્ધાળુઓની સોનલમાઁના દર્શનાર્થે ભીડ ઉમટી જેણે દર્શન કરી ધન્યતા અનુભવી અને સૌએ સાથે માનો પ્રસાદ લીધો.

ત્રિદિવસીય આ ભવ્ય અને મહામૂલા અવસરે ભોજન પ્રસાદના દાતાની વાત કરીએ તો પ્રથમ દિવસે શ્રી શાંતિભા નારણભા ગડદીયા અને શ્રી ભરતભા નરસંગભા દેસીયા તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવેલ. બીજા દિવસે બપોરનો ભોજન પ્રસાદ શ્રી દિલુભા વાલાભા પાલીયા તથા શ્રી વિશ્રામભા ખેતશીભા પુનાણી દ્વારા આપવામાં આવેલ અને સાંજનો ભોજન પ્રસાદ ડાયરા આયોજન મંડળ દ્વારા આપવામાં આવેલ, ત્રીજા દિવસે શ્રી ગોવિંદભા રામભા રાજૈયા તથા શ્રી નાનભા રામભા રાજૈયા દ્વારા મહાપ્રસાદ આપવામાં આવેલ. આમ 'જયાં ટુકડો ત્યાં હરિ ઢુકડો' કહેવતને આ દાતાઓએ જીવનમાં સાર્થક કર્યું હતું.

મોરબી ચારણ સમાજના નિમંત્રણને માન આપી પૂ.કંકુ કેશરમાઁએ સતત હાજરી આપી યુવાનોને આ ભગીરથ કાર્ય બદલ રાજીપો વ્યકત કરી આશીર્વાદ આપ્યા હતા. તે ઉપરાંત કબરાઉ મોગલ ધામના મોગલકુળ ચારણ ઋષિ પૂ. સામતબાપુ, કાળીપાટથી પૂ. પાલુબાપુ, મઢડાથી શ્રી ગીરીશઆપા અને ગોધરાથી શ્રી વાલાભા પાલીયાની હાજરીએ સમગ્ર કાર્યક્રમને રૂડો બનાવી દીધો હતો.

તે ઉપરાંત રાજકોટથી સોનલ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ અને સભ્યોએ વિશેષ હાજરી આપી મોરબી ચારણ સમાજના યુવાનોનું સન્માન કરી કાર્યને બિરદાવ્યું હતું તેમજ રાજકોટથી શ્રી સોનલમાઁ સેવા સહાય ટ્રસ્ટના સભ્યોએ કાર્યક્રમમાં હાજરી આપી આ ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું.

સોનલમાઁ શતાબ્દી વર્ષ નિમિત્તે નિર્માણ પામેલ મોરબી ચારણ સમાજવાડી (સોનલવાડી)ની સગવડતાની વાત કરીએ તો વાડીમાં પ્રસંગ માટે ઉપર–નીચે બે વિશાળ હોલ તથા બે રૂમ તથા મોટું ફળિયુ જેમાં મંડપ પણ નાખી શકાય અને સમગ્ર વાડી પર હેત વરસાવતું અને સમગ્ર વાડી પર આશીર્વાદ વાળી માઁ ની સતત ઁદષ્ટિ રહે એવું ઉગમણા બારનું પૂ. સોનલમાઁનું મંદિર આ બધું નિહાળીને હૈયુ રાજી થાય એવા નિર્માણ કાર્યને વંદન. આ માટે સહકાર આપનાર સૌ ચારણ જ્ઞાતિજનો અને મા સોનલને માનનાર અન્ય સમાજના શ્રદ્ધાળુઓનો મોરબી ચારણ સમાજ આભાર માને છે.

આશા રાખીએ કે પૂ. માઁનું મંદિર એ મંદિર જ ન બની રહે અને દર્શન કરી મા ના આદેશોનું પાલન કરી મોરબી ચારણ સમાજ દ્વારા વાડી સામાજિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક કાર્યનું કેન્દ્ર બની રહે એવી અભ્યર્થના સાથે જય સોનલ....

•••

(૭૬૯૮૮ ૬૦૧૬૮)

## ગીર સોમનાથના છેવાડાના વિસ્તાર સાપનેસની સરકારી શાળાની વિદ્યાર્થિની ક્રિષ્નાએ પાસ કરી નવોદયની પરીક્ષા – કોડિનાર જવાહર નવોદય વિદ્યાલયમાં આગળ અભ્યાસ કરશે...

• ગૌરાંગ જોશી

કોઈપણ કામ મહેનતથી જ થાય છે. માત્ર બેસીને વિચારવાથી કાર્ય થતું નથી. ગીર સોમનાથના છેવાડાના વિસ્તાર સાપનેસમાં પશુપાલનનો વ્યવસાય કરી ગુજરાન ચલાવતા બાબુભાઈ લોમાની દીકરી ક્રિષ્નાએ ઉપરોકત ઉકિત સાર્થક કરી બતાવી છે અને સરકારી શાળામાં જ ભણી પોતાના ખંત અને શિક્ષકોની મહેનતથી નવોદયની પરીક્ષા પાસ કરી જવાહર નવોદય વિદ્યાલયમાં સ્થાન મેળવ્યું છે. જેથી શિક્ષકોના અથાક પ્રયત્નો થકી એ પણ સાબિત થયું છે કે, સરકારશ્રીનો પ્રયાસ છેવાડાના વિસ્તારોમાં વસતા માનવીને પણ મુખ્યધારામાં લાવી વિકાસના મીઠા ફળ ચાખે તેવો હોય છે.

દેશ સહિત રાજયમાં પણ તમામ વિદ્યાર્થીઓને સારું અને ઉચ્ચ શિક્ષણ મળે તે ખૂબ આવશ્યક છે. આ દિશામાં 'પ્રવેશોત્સવ' સહિત સરકારશ્રી અનેક પગલાં લઈ રહ્યાં છે. ઉપરાંત દેશના ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક મદદ માટે કેન્દ્ર અને રાજય સરકારશ્રી ઘણી શૈક્ષણિક યોજના અને શિષ્યવૃત્તિઓ ઉપલબ્ધ છે. સાપનેસની ૧૧ વર્ષની ક્રિષ્ના પણ હવે ગુણવત્તાસભર શિક્ષણ માટેની યોજનાનો લાભ મેળવશે અને કોડિનાર ખાતે જવાહર નવોદય વિદ્યાલયમાં નિઃશુલ્ક રહેવા અને જમવાની સુવિધા સાથે ધો.૬ થી ધો.૧૨ સુધીનો અભ્યાસ કરશે.

પશુપાલનનો વ્યવસાય કરતા ક્રિષ્નાના પિતા પોતાનો પ્રતિભાવ આપતા જણાવે છે કે, અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને પણ સારું અને ઉચ્ચ શિક્ષણ મળે તે દિશામાં સરકારશ્રીના ઉત્તમ પ્રયત્ન છે. સરકારી શાળાના શિક્ષકોના પ્રયત્ન પણ ખૂબ જ સરાહનીય છે. જેના કારણે જ મારી દીકરીએ સફળતા મેળવી. નવોદયની પ્રવેશ પરીક્ષામાં ધો.૬ની પ્રવેશ પરીક્ષા માટે ગીર સોમનાથમાંથી કુલ ૫૩૩૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતાં. જેમાંથી ૪૯૧૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ તમામ વિદ્યાર્થીઓમાંથી ક્રિષ્ના લોમાએ પણ મેરિટમાં સ્થાન મેળવ્યું છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી એચ. કે. વાજાના જણાવ્યાનુસાર સાપનેસ એવો છેવાડાનો વિસ્તાર છે જયાં ઈન્ટરનેટ સહિત અન્ય સુવિધા મેળવવી દુર્ગમ છે. જેથી યુ-ટયૂબ દ્વારા પહેલા જ વીડિયો ડાઉનલોડ કરી અંતરિયાળ વિસ્તારની સરકારી શાળામાં શિક્ષકો નવોદય પરીક્ષાની તૈયારી કરાવતા હતાં. જેથી વિદ્યાર્થીઓ સંખ્યાજ્ઞાન, ભૂમિતિ સંરચના, આકૃતિ પૂર્ણ, દર્પણ પ્રતિબિંબ જેવા મુદ્દાઓ સફળતાથી સમજી શકે. આવી રીતે સાપનેસના માર્ગદર્શક શિક્ષકોની મહેનતથી ટયૂશન વગર જ ક્રિષ્નાએ સફળતા મેળવી છે.

નોંધનીય છે કે, દરેક જિલ્લામાં નવોદયની શાળા આવેલી છે. અહીં છેવાડાના તેજસ્વી તારલાઓ સહિતના વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ સહિતની ઈત્તર પ્રવૃત્તિઓથી ઉજજવળ ભવિષ્ય ઘડવામાં તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે તેમજ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે અલગ હોસ્ટેલની સુવિધા હોય છે. જે બાળકો આ શાળામાં પ્રવેશ મેળવવામાં સફળ થાય છે તેમને ભણતર, હોસ્ટેલમાં રહેવાના, સ્કૂલ યુનિફોર્મ, સ્ટેશનરી સહિત તમામ અન્ય ખર્ચમાંથી મુકિત મળે છે.

•••

# અમીરસ ઈતિહાસનો(૩૪)

• રામભાઈ જામંગ

રાજકોટ હવે હવાઈ માર્ગે વિશ્વના નકશામાં ઉમેરાશે. અહીં હમણાંજ હિરાસર ગામે ઈન્ટરનેશનલ એરપોર્ટનું ૨૭મી જુલાઈ,૨૦૨૩ના રોજ માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ લોકાર્પણ કર્યું અને આ એરપોર્ટનું 'રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ' નામ આપવામાં આવ્યું. હવે વિદેશ જવા માટે કે વિદેશથી આવતા સૌરાષ્ટ્રના પેસેન્જરોને અમદાવાદ કે મુંબઈ જવા આવવાનું રહેશે નહી. હિરાસર તો રાજકોટના પાદરમાં એટલે કે ૩૦ કિ.મી.ના અંતરે આવેલ છે. રાજકોટનો એઈમ્સ પછીનો આ બીજો મોટો પ્રોજેકટ અમલી બની રહ્યો છે.

**સૌરાષ્ટ્રના રજવાડાં અને હવાઈ મુસાફરી : જાણી–અજાણી વાતોની**

**અમરેલી–વડોદરા વચ્ચે દરરોજ વિમાન ઉડતું**

આજે આપણે આઝાદી પહેલા સૌરાષ્ટ્રના રજવાડાની હવાઈ મુસાફરીને આ કોલમમાં માણીએ. ફૂલછાબના સૌજન્યથી જેમાં અમરેલી–વડોદરા વચ્ચે દરરોજ વિમાન ઉડતુ હતું તે તેમજ પોતાના અંગત વિમાન સહિતની રસપ્રદ અને માણવા લાયક વાતોને વાગોળીએ.

૦ સૌરાષ્ટ્રમાં આઝાદી પહેલા એરપોર્ટ હતાં, અનેક રજવાડાંને પોતાની માલિકીના વિમાન હતા. રાજાઓ વિમાનમાં વિદેશ પ્રવાસ પણ કરતા.

૦ રાજકોટનું એરપોર્ટ બ્રિટીશ એરવેઝના વિંગ કમાન્ડર વેન્ગમ ફાઉલરની દેખરેખમાં બન્યું હતું.

૦ જૂનાગઢના નવાબે ટચુકડા એવા કેશોદમાં એરપોર્ટ બનાવ્યું હતું.

૦ જામનગર, મોરબી જેવા રજવાડાંએ અંગ્રેજોને વિશ્વયુદ્ધમાં પોતાના વિમાનો ફાળવ્યાં હતા.

ઇતિહાસમાં અનેક બાબતો ઉલ્લેખનીય છે તેમ ઉડ્ડયન સેવાનો પણ અનોખો ઈતિહાસ છે. રાજકોટથી તો વિમાન ઉડે તે સમજી શકાય. પરંતુ મોરબીથી પણ ફલાઈટ ઉડતી. મોરબીમાં અંબિકા એરલાઈન્સ હતી. રાજપરિવારના સદસ્યો તેમાં બેસીને મુંબઈ અને ત્યાંથી અન્ય રાજાઓની સાથે લંડન પણ ગયા હોવાનું ઈતિહાસમાં દર્જ છે. છ–છ માસ સુધી રજવાડા વિમાનમાં મુસાફરી કરતા રહેતા.

દેશ આઝાદ થયો તે અરસામાં અનેક રજવાડા એમ માનતા કે પોતે ભારતના સંઘનો હિસ્સો નહીં બને પરંતુ તેમનું સ્વતંત્ર રાજય હશે. ટપાલ, પોલીસ, રેલવે, પોસ્ટની જેમ એરપોર્ટ અને વિમાન પણ પોતાના હોવા જોઈએ તેવું આયોજન તેમણે કર્યું હતું અને વિમાન વસાવ્યાં હતા. ગુજરાતના ગેઝેટમાં પ્રકાશિત વિગતો અનુસાર આઝાદીના સમયે જામનગર, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, ભાવનગર અને ભૂજને પોતાના એરપોર્ટ હતા. અમદાવાદનું એરપોર્ટ ૧૯૩૫ના અરસામાં બન્યું હતું. વડોદરામાં હરણી પાસે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એરપોર્ટ બન્યું હતું. મોરબી અને રાજકોટ વચ્ચે અંબિકા એરલાઈન્સ શરૂ થઈ હતી. ગુજરાતના સૌપ્રથમ વિમાન ૧૯૩૭ની ૨૩ની ઓકટોબરે ઈન્ડિયા એવિએશન ડેવલપમેન્ટ કંપનીનું આવ્યું હતું. જૂનાગઢના નવાબે ટચુકડા એવા કેશોદમાં એરપોર્ટ બનાવ્યું હતું. બીજા વિશ્વ યુદ્ધ પછી ભારતમાં પેસેન્જર ફલાઈટ શરૂ થઈ તે અગાઉ કચ્છના પહેલા ગુજરાતી પાઈલોટ મનાતા પી.એ.

કબાલીની વિમાની સેવા હતી અને ટાટાની સેવા હતી. આજે પણ પુનઃ સમગ્ર ભારતમાં ટાટાની એરલાઈન્સ છે. સૌરાષ્ટ્રમાં પણ તેમણે જ વિમાની સેવા શરૂ કરી હતી. તે પછી સીંધિયા સ્ટીમ નેવીગેશનની પેટા કંપની ગણાતી એર સર્વીસ ઓફ ઈન્ડિયાએ સેવા તેની પાસેથી લઈ લીધી હતી. તે વખતે અનેક ઉદ્યોગપતિઓએ ડાકોટા વિમાન ખરીદીને સેવા શરૂ કરી હતી એર સર્વીસીઝ ઓફ ઈન્ડિયાની વિમાની સેવા કેશોદ તથા જામનગરમાં ચાલતી.

ગાયકવાડ શાસનમાં રહેલા અમરેલીમાં દરરોજ વડોદરાથી વિમાન જતું. સારું હવામાન હોય તો અઠવાડિયે બે વાર ઓખાબંદરે પણ પહોંચતું. હૈદરાબાદના નિઝામની ડેક્કન એરલાઈન્સ હતી. બિરલાની ભારત એરવેઝ હતી. ડાકોટા ત્યારે ઘણું પ્રચલિત વિમાન હતું. રાજાઓ પોતાની માલિકીનું વિમાન રાખતા પરંતુ તેના પાઈલટ તો અંગેજ રહેતા. ૨૧ બેઠકવાળું ડાકોટા વિમાન અંગ્રેજ પાઈલટ ઉડાડતા. અંબિકા એરલાઈન્સ, ટાટા એરલાઈન્સ વગેરે કંપનીઓ હતી. ૧૯૪૯ સુધી એરપોર્ટ પર રાજાઓનો જ અંકુશ હતો. ૧૯૫૩ની પહેલી ઓગસ્ટથી દેશી વિમાની સેવાનું રાષ્ટ્રીયકરણ થયું ત્યારે આ સાતેય કંપની ખોટમાં હતી. એમ કહીએ કે ત્યારે પણ ખોટમાં હતી. બીજા વિશ્વ યુદ્ધ સુધીમાં રજવાડાંનો વિમાનોનો શોખ જબરો થઈ ગયો હતો. જામનગર, મોરબી જેવા રજવાડાંએ અંગ્રેજોને વિશ્વયુદ્ધમાં પોતાના વિમાનો ફાળવ્યાં હતા. ૧૯૪૨ના સ્ટેટ ગેઝેટમાં ઉલ્લેખ છે કે મોરબીના રાજા લખધીરસિંહજીએ તેમનું વિમાન હેન્ડલે પેજ અંગ્રેજ સરકારને આપ્યું હતું.

અંબિકા એરલાઈન્સ ત્યારે ચાલતી. મોરબીનું એરપોર્ટ ત્યારે નજીકના રાજપુરમાં હતું. મોરબીથી પેસેન્જરોને લઈ જવા માટે શાકમાર્કેટની એરલાઈન્સ ઓફિસથી બસ ઉપડતી. મુંબઈ, અમદાવાદ અને મોરબી વચ્ચે વિમાન ઊડતાં. નવાનગરના રાજા દિગ્વિજયસિંહજીની જામનગર સ્ટેટની પોતાની જામ એર હતી. મફ અને કવીન નામના બે અંગ્રેજ તે ચલાવતા. જામસાહેબને પોતાનું વિમાન હતું તેમાં બેસવાની અલગ વ્યવસ્થા તેમણે કરાવી હતી.

કેશોદનું એરપોર્ટ તો બધાને યાદ છે કારણ કે પાકિસ્તાનમાં જૂનાગઢને જોડવાની ઈચ્છા રાખનાર નવાબ આરઝી હુકૂમત સામે હારીને નાસ્યા ત્યારે કેશોદ એરપોર્ટથી પાકિસ્તાન ગયા હતા. ભાવનગર સીધું ત્યારે મુંબઈ સાથે હવાઈ સેવાથી જોડાયેલું હતું.

તા.૯/૯/૨૩થી રાજકોટનું ઐતિહાસિક 'નિષ્કલંક' ડોમેસ્ટીક એરપોર્ટ બંધ થયું અને તા.૧૦/૯/૨૩થી નવુ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ શરુ થયું. ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રાત્રીના છેલ્લી ફલાઈટ ઉપડી ત્યારબાદ આ એરપોર્ટ બંધ થયું. આ એરપોર્ટ ૧૯૪૮ના વર્ષમાં અહીંથી બીજા વિશ્વ યુદ્ધમાંથી લાઈમલાઈટમાં આવેલા ડાકોટા વિમાને ઉડાન ભરી હતી. આ વિમાન રાજકોટ થી મુંબઈ વચ્ચે ઉડતુ હતું. રાજકોટથી નવા એરપોર્ટ સુધી જવા માટે સરકારે રાજકોટથી એસટીની એસી ઈલેકટ્રીક બસ શરુ કરી છે જે લગભગ દર બે કલાકે ઉપડશે અને તેનું ભાલ હાલ રૂા.૧૦૦/- રાખેલ છે.

તા.૧૦/૯/૨૦૨૩ રવિવારના સાંજના પ્રથમ ફલાઈટ ઈન્દોર થી નવા રાજકોટ ઈન્ટરનેશલ એરપોર્ટ પર ઉતરાણ થયુ.

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

•••

# લગ્ન વિષયક

*(Marriage Bureau)*

| | | |
|---|---|---|
| નામ | (૧) ઋતુલદાન | (૨) વત્સલ |
| પિતાનું નામ | મઘાભાઈ કુંચાલા | ભીમસિંહ ગઢવી |
| માતાનું નામ | દેવુબેન | રશ્મિબેન |
| ગોત્ર/મૂળ અટક | કુંચાલા | જામ(સેડા) |
| જન્મ તારીખ | ૦૧/૦૪/૧૯૯૨ | ૨૪/૦૭/૧૯૯૫ |
| મૂળ વતન | શેવાળિયા | નાના લાયજા |
| સરનામું | નંદકુવરબા કોલેજ,દેવરાજનગર,ભાવનગર | ગાંધીધામ-કચ્છ |
| શૈક્ષણિક લાયકાત | બી.એ.વીથ સોશિયલ સાયન્સ | B.Com., LLB(Sp.) |
| નોકરી/ધંધાની વિગત | ઈન્ફીનીટી રિટેલ પ્રા.લિ.ટાટા કંપની | Advocate |
| વાલીનો સંપર્ક નંબર | ૯૯૭૯૯૫૬૩૯૩/૯૭૨૭૭૭૯૬૮૪ | ૯૮૨૫૪૮૯૩૬૨/૯૦૨૩૭૪૩૮૯૧ |

| | | |
|---|---|---|
| નામ | (૩) ધર્મેશકુમાર | (૪) જયદેવ |
| પિતાનું નામ | જયેશભાઈ છગનભાઈ ગઢવી | દેવીદાન રામદાન ગઢવી |
| માતાનું નામ | મધુબેન | મીરાબેન |
| ગોત્ર/મૂળ અટક | મહેડુ | સિંહઢાયચ |
| જન્મ તારીખ | ૧૫/૧૦/૧૯૯૧ | ૨૭/૦૨/૧૯૯૫ |
| મૂળ વતન | - | જનાન(કચ્છ) |
| સરનામું | ગઢવી નિવાસ, સામરખા | જનાન(કચ્છ) |
| શૈક્ષણિક લાયકાત | M.Com.(English) | ૧૨, આઈ.ટી.આઈ(વાયરમેન) |
| નોકરી/ધંધાની વિગત | Pragati Overseas | સિમેન્ટ ડીલરશીપ/ઈમ્પોર્ટ એક્સપોર્ટ |
| વાલીનો સંપર્ક નંબર | ૮૩૪૭૬૬૪૮૬૦ | ૯૭૧૨૪૬૫૯૧૪ |

| | | |
|---|---|---|
| નામ | (૫) યુવરાજદાન | (૬) અનિલ |
| પિતાનું નામ | ભરતદાન ગઢવી | મણિલાલભાઈ કાનજીભાઈ ગઢવી |
| માતાનું નામ | નયનાબેન | સાવિત્રીબેન |
| ગોત્ર/મૂળ અટક | બાટી | કૃષ્ણ |
| જન્મ તારીખ | ૦૧/૦૪/૨૦૦૧ | ૧૮/૧૦/૧૯૮૪ |
| મૂળ વતન | માડકા, બનાસકાંઠા | ચકાર(કોટડા)કચ્છ |
| સરનામું | સુરત સિટી | ઠાકર મંદિર પાસે,ચકાર(કોટડા)કચ્છ |
| શૈક્ષણિક લાયકાત | B.Sc., B.Ed. | SSC |
| નોકરી/ધંધાની વિગત | નોકરી | ખેતી |
| વાલીનો સંપર્ક નંબર | ૯૫૫૮૬૮૪૩૦૩ | ૯૭૨૭૮૬૦૬૯૧/૯૭૨૫૦૮૪૩૦૧ |

# લગ્ન વિષયક

*(Marriage Bureau)*

| નામ | (૭) મિતુલદાન | (૮) શુભમ |
|---|---|---|
| પિતાનું નામ | કિશોરદાન | સૂર્યપ્રકાશ ચારણ |
| માતાનું નામ | લક્ષ્મીબેન | નિલમબેન |
| ગોત્ર/મૂળ અટક | સુરતાણીયા | માયજલ |
| જન્મ તારીખ | – | ૧૭/૦૪/૧૯૯૦ |
| મૂળ વતન | મોરજર, કચ્છ | સિંધરી – રાજસ્થાન |
| સરનામું | ભુજ | |
| શૈક્ષણિક લાયકાત | B.A. | માર્કેટીંગમાં MBA |
| નોકરી/ધંધાની વિગત | પોલીસ કોન્સ્ટેબલ | આદિત્ય બિરલા ગ્રુપ(Exe.Dev.Prg.) |
| વાલીનો સંપર્ક નંબર | ૯૯૨૫૧૧૮૬૦૯/૯૭૨૪૫૧૮૭૦૯ | ૭૦૧૪૦૯૧૬૪૪ |

| નામ | (૯) નૈતિક | (૧૦) શ્રીરામ |
|---|---|---|
| પિતાનું નામ | ઘનશ્યામભાઈ ગઢવી | માધુભાઈ શંકરભાઈ ગઢવી |
| માતાનું નામ | નયનાબેન | જ્યોતિબેન |
| ગોત્ર/મૂળ અટક | રોહડિયા | બાલિયા |
| જન્મ તારીખ | ૦૨/૦૩/૧૯૯૭ | ૧૨/૦૯/૧૯૯૪ |
| મૂળ વતન | સિંધાવદર | – |
| સરનામું | રવી રાંદલ પાર્ક, રાજકોટ | – |
| શૈક્ષણિક લાયકાત | ડિગ્રી એન્જિનિયરિંગ | B.Com. |
| નોકરી/ધંધાની વિગત | ધોળકિયા સ્કુલ(જીવવિજ્ઞાન શિક્ષક) | ખાનગી શાળામાં નોકરી, રાજકોટ |
| વાલીનો સંપર્ક નંબર | ૯૮૭૯૭૩૯૬૮૬ | ૯૭૧૨૬૯૪૫૦૩ |

**–– *લગ્ન વિષયક અંગે ધ્યાને લેવું* ––**

(૧) દીકરા–દીકરીઓની વિગત વાલી તરફથી જેમ આવે છે તેમ છપાય છે, તેથી ઉપરોકત વિગતોની ખરાઈ વાંચનારે/વાલીએ પોતાની રીતે કરી લેવા વિનંતી છે. આઈશ્રી સોનલમા ટ્રસ્ટ, 'ચારણ સંસ્કૃતિ' મેગેઝિન આ વિગતની હકીકત અંગે કોઈપણ પ્રકારની જવાબદારી લેતા નથી કે બંધાયેલ નથી જેની નોંધ લેવી.

(૨) આ વિભાગમાં છપાયેલ માહિતી બાબતે સંસ્થાને પૂછપરછ ન કરવા અનુરોધ છે.



(૩) વાલીઓએ અરસ–પરસ જ સંપર્ક સાધવો.

(૪) નકકી કરેલ કોલમ મુજબ વિગત પૂર્ણ નહી હોય તો તે ધ્યાને લેવામાં નહી આવે.

(૫) કોલમ સિવાયની માહિતી અત્રે નહી મોકલતા, જે તે વાલીને જરૂર હોય ત્યારે આપવી.

આ અંગે આપના સૂચન/અભિપ્રાય મોકલી શકો છો તેમજ જીવનસાથી પસંદગી માટે બાયોડેટા–વિગતો મોકલવી હોય તો મો.નં.૯૬૮૭૫ ૭૩૫૭૭ શ્રી મનુદાન ગઢવીને વોટ્સએપ મારફત મોકલી શકો છો.

**: સંકલન :**

**મનુદાન ગઢવી – ૯૬૮૭૫ ૭૩૫૭૭ : હિતેશ ગઢવી – ૯૯૨૪૮ ૧૦૫૯૪**

## સુખ

માપનું જ સુખ આપ હરિ, મારામાં સમાઈ શકે.
માપનું જ દુઃખ આપ હરિ, મારાથી ખમાઈ શકે.
તારી ખલકનો ખેલૈયો છું, ખેલી લઈશ ખુમારીથી.
માપનું જ મેદાન આપ હરિ,મારાથી રમાઈ શકે.
તરવાની તૈયારી છે તમામ,તારવાની હોય જો તારી,
માપની જ મઝધાર આપ હરિ, મારાથી તરાઈ શકે.
ખાલીખમ છું જાણી તું તો ખાબકીશ ખાંડા ધારે,
માપનું જ માટલું આપ હરિ, મારાથી ભરાઈ શકે.
તું તો આપ્યા જ કરીશ ખોબે ને ખોબે ભૂખના ભૂતને
માપનું જ પાતર આપ હરિ, મારાથી ધરાઈ શકે
તારા છજા પ્રમાણેના માપ મારા માણસના ગજા ને,
માપનાં જ કારસ્તાન આપ હરિ મારાથી કરાઈ શકે.

**– ઈસુભાઈ ગઢવી** (૯૮૨૫૯ ૬૧૨૭૦)

---

## ઠાકરને ઠબકો

**દુહો**

ઠબકો શું દવ ઠાકરા, કેવા શું કવેણ ।+
ઈ વિવેકના બે વેણ, વળી વળી કવ વિઠલ ॥

**ભજન**

કાં માગે કીર્તાર, પ્રભુ દીનના જો દીદાર
પ્રભુ હવે કાં માગે કીર્તાર
કર્ણ પાસે કુંદન માગ્યું, દાંત કાઢે દાતાર જી...
બલી પાસે ભૂમિ માગી, તું મોટો માપણ હાર
કાં માગે...
મોર્ધજ પાંહુ અંગડા માગ્યા, કર્વત હાંકણહાર
સુદામાના તાંદુળ માગ્યા, શું પૂરા નો'તા પકવાન
કાં માગે...
સંગાવતીનો સુત માગ્યો, કયાં માંસ હતો જમનાર
કુંભાની તો કામિની માગી, તારે પટરાણીનો કયાં પાર
કાં માગે...
શિકાર જે તું શામળીયા, આ દરીદ્રતા આપે દેવદાન
ઉજળે દિલે આપી રહ્યો છું, દેવ લાંગો દાતાર.
કાં માગે...

**– દેવદાનભાઈ લાંગાવદરા(વરલ), મોદાળીયા**

## ભજન – સાગર મંથન

*(રાગ : પ્રભાતી)*

**દુહો**

સાગર મથતા શિવજી, નર કંઈક થઈ ગ્યા ન્યાલ ।+
પણ દીકરા પૂછે દાદકે, હજી આવા કાં હાલ ॥

**ભજન**

સાગર મથ્યે શું મળ્યુ પિતાજી, એમ કાર્તિક સ્વામી કે છે;
કાર્તિક સ્વામી કે છે પિતાજી, સઘળુ કયા સંઘર્યું છે.
સાગર...
ઐરાવત ઈંદર ને મળીયો,સર્ગે સહેલ કરે છે;
દેવ લોકની દોઢીયું પાડી, ઉંચા દ્વાર સણે છે.
સાગર...
લક્ષ્મીજી વિષ્ણુને વરીયા, વૈકુંઠ વાસ કરે છે;
ગદા પદ્મ ને વેજંતી માળા,ફરતુ સકર ફરે છે.
સાગર...
ઉત્તમ અશ્વ ને ગાય કપીલા, પારી જાત પણ કે છે;
સૌને અમૃત સરખે ભાગે,એક વ્યંઘળાનાર્ય વહેસે છે.
સાગર...
દેવની સભામાં રાહુને દેખી, શિરની ષેદ કરે છે;
આ અમર થવાનું ઔખદ કેવું, પીધે જ પ્રાણ હરે છે.
સાગર...
અમ્રત સાંટો ઉદરે જાતા, નારદ નાસ કરે છે;
તંબુરા ને ખીલીયે ટાંગી,પ્રણવા પ્રયાસ કરે છે.
સાગર...
લીલુ કંટે લાખુ નોતુ, આવા કામણ કોણ કરે છે;
નજર ઉતારે નાથ તમારી, ફર્તા ભૂત ફરે છે.
સાગર...
દાદ દલીલુ દીકરા કેરી, પણ શિવજી સુપ રહે છે;
પછી પારવતી ને પાંહે બેહારી, કાનમાં વીતેલી કે છે.
સાગર...

**દુહો**

સાગર મથંતા સાંપડયા,ચૌદ રતન સંસાર ।+
પણ ઝેરનો જીરવનાર, ઈ દેવ વડેરો દાદવા ॥

**– દાદુભાઈ ગઢવી (ઉઢાશ), મોદાળીયા**

## ।। सवैया मतगयंद ।।

।। परमात्मा का वैभव ।।

### ।। दोहे ।।

विश्व सकल में वास है, दर्शन दुर्लभ नाथ,
ठाठ तिहारा ठीक है, हरिवर ग्रह्ये हाथ ।।1।।
वैभव विठ्ठल नाथरो, अजब घणो अनमोल,
गावे सरसत गीतडां, त्रिकम तुं अणतोल ।।2।।

### ।। सवैया ।।

आसन आभ तणां नित ओपत सूरज ज्योत जले जगदीशा,
वायु तणो विंझणो परमेश्वर छांह करंत फणीधर शेषा,
पूहप भार अढार चडे प्रम पावन नाम लिये नित प्यारा,
हे किरतार तुही दरबार अमाप अजायब ठाठ तिहारा ।।1।।

वेद उचारत ब्रह्म मुनि अरू गावत गीत सदा जगदंबा,
शारद वेण बजावत पावत नाचत गावत है नित रंभा,
मंत्र उचार करे सनकादिक नारद नाम लिये नित न्यारा,
हे किरतार तुही दरबार अमाप अजायब ठाठ तिहारा ।।2।।

सूरज तेज प्रकाश करे अरू चंद्र अहोनिश अम्रत धारा,
इन्द्र उतारत आरतियुं अरू चम्मर ढोळत है अणपारा,
शंकर पुष्प चढावत है नित पांव पखाळत है गंगधारा,
हे किरतार तुही दरबार अमाप अजायब ठाठ तिहारा ।।3।।

किन्नर गीत सदा नित गावत प्रेम थकी पुजता हरि प्यारा,
छंद दुहा ललकारत चारन ध्यावत ध्यान सदास तुहारा,
कोटि ब्रमांड रचे हरि हेकण तेकण शीश धरूं उजियारा
हे किरतार तुही दरबार अमाप अजायब ठाठ तिहारा ।।4।।

शायर नीर तणी सहि लेकर गूण लिखंत सदाय गुणेशा,
पत्र विशाल प्रथीय धरी गुन गान अनंत लिखेय हमेशां,
पार न पामत तोय प्रमेसर प्रेम थकी पुरूषोत्तम प्यारा,
हे किरतार तुही दरबार अमाप अजायब ठाठ तिहारा ।।5।।

|| छप्पय ||

पाणी पवन प्रकाश, सबे स्थल होत नजारा,
वृक्ष घटा फल फूल, कली खिलवे किरतारा,
सूरज चंदर ज्योत, जले जग में उजियारा,
तारलियां में तेज, पुरे गगने नित न्यारा,
तुल अतल रचण हरि नाथ अज, ठरत निरंजन ठाम तुव,
सब ठाकर वैभव ठीक है, भुपत भजन कर भाव हुव ||

**पहेली कडी भावार्थ :** हे जगदीश्वर! आभ रूपी आपनुं आसन(सिंहासन) नित्य शोभी रह्युं छे, सूर्य रूपी अपनी ज्योत सदाय जळहळती रहे छे, पवनदेवी रूपी पंखो आपने हवा नाखे छे, शेषनाग पोतानी फेणथी आपना उपर छांयो करे छे, अढ़ार भार वनस्पतिनां पुष्पो चडावी ब्रह्माणी आपनुं नित्य पावन स्मरण करे छे, हे किरतार! आपना राज दरबारनी अजायबी अद्‌भुत छे, हे परमेश्वर! आपनो ठाठ अमाप छे||

**दुसरी कडी भावार्थ :** (हे परमेश्वर आपना राज दरबारमां) ब्रह्माजी वेदोनुं उचारण करे छे, वेदमाता गायत्री नित्य आपनां गीत गाय छे, खुद सरस्वती विणा वगाडे छे तथा रंभा नामनी अप्सरा आपनी आगळ यथा अवसर गीत संगीतमय नाच करे छे, सनकादिक नारद आदि महा ऋषिओ मंत्रोचार करे छे, हे किरतार! आपना राज दरबारनी अजायबी अद्‌भुत छे, आपनो ठाठ अमाप छे||

**तिसरी कडी भावार्थ :** हे रघुनाथ! आपनो सुर्य रूपी दीवो जळहळी रह्यो छे, चंद्र सोळे कळाए खीली आपना उपर अमृतना धोध वरसावे छे, इन्द्र आपनी आरती उतारे छे अने चमर ढोळे छे, देवाधिदेव महादेव आपना उपर पारिजातनां फूल चडावी आपनुं पूजन करे छे तथा गंगाजी आपना चरण पखाळे छे, माटे, हे किरतार! आपना राज दरबारनी अजायबी अद्‌भुत छे, आपनो ठाठ अमाप छे||

**चोथी कडी भावार्थ :** हे परमेश्वर! किन्नरो आपना नाम स्मरणनुं गान करे, चारणो आपना दुहा —छंदमां स्तुति करे, आपनुं ध्यान करे, अने आप एक क्षणमां करोडो ब्रह्मांड रचनार छो, आपना चरणनी रजने(कणने) हुं मारा शीश उपर चडावी धन्य थाउं छुं, माटे हे परमेश्वर! आपना राज दरबारनी अजायबी अद्‌भुत छे, आपनो ठाठ अमाप छे||

**पांचमी कडी भावार्थ :** हे परमेश्वर! सात समुन्दर जेटली शाहीनो खडीयो होय, पृथ्वीनी पाटी करी अने गजानन गणपति महाराज तारा गुण निरंतर लख्या ज करे तोय तारा गुणनो पार ना आवे, एवा आप अपार छो, हे प्रभु! आपनो ठाठ माठ अमाप छे, आपना राज दरबारनी अजायबी अद्‌भुत छे, हुं आपनो दास छुं, आपने मारां नित्य वंदन छे||

— **भूपतदान रोहडिया,** झंडाला (93163 78015)

## *શંભુ ચરણે પડી*
*(રાગ : પ્રભાતી)*

***સાખી :*** મૈયા તેરે દરબાર મેં એક સવાલી આયા હૈ,
જ્ઞાન,ભકિત,ઈજ્જત દેના મૈયા ઔર
કુછ મૈને નહી માંગા હૈ.

મૈયા ભકિત દેના વિશ્વાસ કભી ના ખોના,
ચલું નેક રાસ્તે ભૂલ કભી ના કરૂં કિસી કે વાસ્તે.

અજ્ઞાન અંધેરે મૈયા હરી લેના,
જ્ઞાન ભકિત ઈજ્જત આઈ દેના,
હર બુરાઈ સે બચા લો જીંદગી સબ સે મીલી ફાલો,
ચલું નેક રાસ્તે ભૂલ કભી ના કરૂં કિસી કે વાસ્તે.

બેર કભી ના કિસીસે ના હોના,
પ્રણામ કરતા રહું સબકે ચરના,
વિશ્વાસ કમજોર ના હો, મનકો અડગ કર દો,
ચલું નેક રાસ્તે ભૂલ કભી ના કરૂં કિસી કે વાસ્તે.

ભાવના મનમેં બદલે કી કભી ભી ના હોના,
હમ ના સોંચે હમે કયા મિલેગા,
ફૂલ ખુશીયોં કે બાંટું સભીકો ક્ષમા માફી દું,
ચલું નેક રાસ્તે ભૂલ કભી ના કરૂં કિસી કે વાસ્તે.

હર તરફ જુલ્મ મૈયા હો રહા હૈ,
દુઃખ દર્દ સે સભી પરેશાન હૈ,
પાપકે બોજ સે બચા લો મોગલ, કૃપા કરો નજર ડાલો,
ચલું નેક રાસ્તે ભૂલ કભી ના કરૂં કિસી કે વાસ્તે.

એ ધરતી પે આઈ તોહરી હૈં સબ લીલા,
અંત કિસીકો તેરા નહીં મોગલ મિલા,
માયા મોહ સે બચા લો, દાન શાંતિ કો સંભાલો,
ચલું નેક રાસ્તે ભૂલ કભી ના કરૂં કિસી કે વાસ્તે.

**– શાંતિદાન રામભાઈ આલાણી**
૯૯૭૪૯ ૭૫૩૧૫

## *રત્નકણિકા*
*(જન્માષ્ટમી પર્વ અંગે પૂજ્ય મોરારિબાપુનું વકતવ્ય)*

આપણે જીવનમાં કોઈપણ કાર્ય, ભગવાન કૃષ્ણની જેમ પૂરતા પ્રયત્નો પુરૂષાર્થથી કરવાનું છે. પરિણામ ન મળે તો સાચા હૃદયથી અહંકાર છોડી પ્રાર્થના કરવી. તો પણ પરિણામ ન મળે તો પુનઃ પ્રાર્થના સાથે પ્રતિજ્ઞા કરી અડગ શ્રદ્ધા રાખવી. શબરી અને અહલ્યા જેટલી શ્રદ્ધા સાથે પ્રતિજ્ઞા કરીએ તો ચોક્કસ, રામ કે કૃષ્ણ આપણને શોધતા આવશે. આપણે ભગવાન કૃષ્ણ જેવું જીવન કદાચ ન જીવી શકીએ, પરંતુ આજના દિવસે આપણામાં રહેલ દુર્ગુણોની સફાઈ કરી, કૃષ્ણના કોઈપણ એક ગુણ લઈ, આચરણમાં મુકી તે મુજબ જીવન જીવીએ તો ચોક્કસ આપણા હૃદયમાં કૃષ્ણત્વ પ્રગટ કરી શકીએ, જે આજના પર્વનો સંદેશ, જય સીયારામ. (તા.૮/૯/૨૦૨૩ આકાશવાણી રાજકોટ પરથી અતિતના ઓવારે શ્રેણીમાં સવારે ૧૦.૦૦ કલાકે પૂજ્ય મોરારિબાપુ દ્વારા ૧૯૯૫માં જન્માષ્ટમી પર્વ અંગેના વકતવ્યનું પુનઃપ્રસારણ કરેલ જેનું શ્રવણ કરેલ. અગાઉ સાંભળેલ તેનું સ્મરણ થયું.) **– સંકલન : વિનોદ મકવાણા,** ૯૪૨૭૨ ૦૦૦૯૬

દિવાળી દિવાળી આજ મારે દિવાળી દિવાળી (ટેક)
હાં રે ઘરે આવ્યા શ્રીવનમાળી. (આજ)...
ઝળહળ ઝળહળ ઝગે દીવડા મોતીએ ચોક પુરાવું રે;
માનુની મળી મંગળ ગીત ગાવો, દુંદુભિ વગડાવું. (આજ)...
અનાથને કીધાં સનાથ હવે, વિનતિ એટલી કહીએ રે;
નરસૈંયાના સ્વામી માગું, મુજ મંદિરથી નવ જઈએ રે. (આજ)...
**– નરસિંહ મહેતા**

## મળવા જેવા માનવી

## (૧) શ્રીમતી વસંતબા ચારણ

• ડૉ.હિતેન્દ્રસિંહ શાંતિદાનજી ઝુલા(કુવાવા)

કુદરતી રૂપ અને ગુણોનો સમન્વય જો કોઈ વ્યકિતમાં એકીસાથે કર્યો હોય તો તે છે વસંતબા ઉર્ફે મેતીબા, જેવું નાજુક એમનું શરીર એટલો જ ઋજુ અને ઉદાર એમનો સ્વભાવ, પિયરથી સાસરે પક્ષે રાજસ્થાનથી ગુજરાત આવ્યા, પણ સૌને પારકાને પોતાના કરે. ભણતર વધારે નહીં, પણ ગણતર વધારે, ત્રણ જેઠ-જેઠાણી, બે-બે દિયર-દેરાણી, સાસુ, સસરા, નણંદ અને નણંદના ભાણીયા આ સૌને સાથે લઈને ચાલ્યા એટલું જ નહીં, ગામમાં પણ કોઈની માંદગી કે મૃત્યુ સમયે એમની હાજરી ખરી. ઉદારતા તો એટલી કે કોઈપણ વ્યકિત એમના ઘરનો ઉંબરો ચડે તરત જ જાણે ટેલિપથી થયું હોય તેમ તેની મૂંઝવણ જાણીને તેની જરૂરિયાત સંતોષવી એ જ એમનો ધર્મ.

ત્રણ સંતાનો-બે દીકરીઓ અને એક દીકરો પણ જાણે સાચા રતન. સસરા પક્ષનું એટલું બધું માણસ છતાં કોઈને એમના તરફથી મનદુઃખ નહીં. તેમનાથી મોટી ઉંમરના વડીલો પણ તેમનો આદર કરે. નણંદના દીકરાને પોતાના પુત્રની જેમ રાખીને હાઈસ્કૂલ લેવલથી એન્જિનિયર થયો ત્યાં સુધી પુત્રની જેમ ઉછેર્યો અને પોતાના પતિની નોકરીના સ્થળે સાથે રાખીને ભણાવ્યા.

ગામના તો ખરા જ પણ અન્ય ગામના લોકો કે જયાં તેઓ તેમના પતિની સાથે નોકરીના સ્થળે રહેતા ત્યાં પણ ચારણ કે ચારણેત્તર લોકો સાથે પણ આત્મિયતા એવા સુકન્યા મનાતા કે ગામની અને ઘરની દીકરીઓના જમાઈને સૌપ્રથમ એમના હાથે વધાવવાનો આગ્રહ સૌ કોઈ રાખે, સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે જોડાઈને જે જે ગામે ભાવ ફેરીમાં ગયા ત્યાં પણ સૌ તેમની આસપાસ વીંટળાઈને ફરતા, એક આંખની રેટીના ખરાબ થવાથી એક આંખ કુદરતે લઈ લીધી, છતાં અમીભાવ એવો જ છલકે છે. પુત્રવધૂને દીકરીની જેમ રાખે છે. એમનું માતાજીનું મંદિર એટલું સુંદર લાગે કે આવનારને ત્યાં જ બેસી રહેવાનું મન થાય!

સાસુ-સસરાની એવી સેવા કરી કે તેમના અંતરના આશીર્વાદ તેમણે મેળવ્યા અને તેથી એકમાત્ર દીકરો પરદેશ જઈને પણ સારું કમાવા લાગ્યો. ભગવાનનો ભાગ કાઢવાનું કયારેય પણ ન ચૂકયા. જેવો ભોળો ચહેરો એવું દૂધ જેવું શુદ્ધ હૃદય. કોઈના માટે ન અણગમો કે ન રંજ.

કોઈની દીકરી કે વહુ દુઃખી હોય તેમ લાગે તો વ્યકિતને ત્યાં જઈ એને માઠું ન લાગે તેમ સાચી સમજ આપી સુલેહ કરાવે. દીકરીને થાય કે જાણે તેની મા હાજર થઈ અને વ્યવહારના એવા ચોખ્ખા કે કોઈનો એક પૈસો પણ બાકી હોય તો તેમને ચેન પડે નહીં.

શિવજીની પૂજા છેલ્લા પાંચ વર્ષથી પતિની સાથે શ્રાવણ મહિનામાં શિવાલય જઈને અનુષ્ઠાન કરે, હું એમને 'ગુરુ પત્ની' કહું છું, કારણ કે તેઓના પતિ આચાર્ય છે, ઉદારતા એવી કે કોઈપણ અભ્યાગત કે ભિક્ષુક તેમને ત્યાં ભિક્ષા માટે આવે તો પણ તેને જમાડી દેતા.

નિર્મળતા એવી કે એમના બાળકોના લગ્ન વખતે એમના કુટુંબને સર્વ ભાઈઓ, વહુઓ

અને બાળકોને અઠવાડિયા સુધી તેમના રસોડે જમાડે. દેરાણીઓની હાજરીમાં પણ તેઓ કામ કરતા હતા અને દેરાણીઓને આરામ આપતા હતા. આજે મારા બાળકો પણ કોલેજમાં આવી ગયા છતાં હું તેમને મારા વિદ્યાકાળથી એવા સેવામાં સક્રિય જોઉં છું, કહેવાય છે કે જયારે તેઓ પરણીને સાસરે આવેલાં ત્યારે બે જેઠ પોલીસમાં હતા નળિયાવાળું માટીનું ઘર હતું અને ઘર જોડે થોર ને બાંધવાનો ઢાળીયું હતું. તેમના પગલે કુટુંબનો વિકાસ થયો સંતાનોના લીધે ઘર ભર્યું ભર્યું લાગવા માંડયું. પરિવાર તેમને ભાગ્યશાળી માને છે. આજે તો એ છ ભાઈઓને વતનમાં સુંદર બંગલા અને નોકરી ઉપર પણ સુંદર મકાનો છે. તે સૌ પણ માને છે કે મેતિના પગલે આજે સૌ સુખી છે. મિતભાષી એવા કે જે જે ગામમાં ગુરુજીએ ધર્મ કાર્યોમાં તેમનો હાથ સૌથી પહેલો હોય, કોઈપણ મંદિરના જીર્ણોદ્ધાર કે પ્રતિષ્ઠામાં તેઓ હંમેશા તેમની શકિત પ્રમાણે યોગદાન આપે અને અન્ય પાસે અપાવી. વિદ્યાદાનમાં પણ ગમે તે સ્કૂલમાં જરૂરી વિદ્યાર્થીને દાન અપાવે. તેઓના ધ્યાન પર જો કોઈ ગરીબ દીકરીના લગ્નની જાણ થાય અને એ દીકરીને પિયરમાં ભાઈ ન હોય અને આર્થિક ભીડ હોય તો તેઓ ગુરુજી પાસે મામેરું પણ કરાવડાવે. પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષે અને લોક સેવા કરતા રહે.

(૯૪૨૭૪ ૮૬૨૬૬)

•••

## (૨) જશુભાઈ વખતસિંહ ગઢવી(રત્નુ)(દેવરાસણ)

• ચંડીદાન ગઢવી

**'નાવમેં બાઢે નીર, ઘરમેં બાઢે દામ,**
**દોનોં હાથ ઉલેચિયે, યહી સજજન કા કામ'**

શાસ્ત્રોમાં દાનનો મહિમા અપરંપાર ગણાવ્યો છે. વિશ્વના ધનકુબેરોએ પોતાની ધનસંપત્તિને માનવ-કલ્યાણ અર્થે દાનમાં આપીને અનોખું દૃષ્ટાંત પૂરું પાડયું છે. પરંતુ કોડિયું બની એક ઝૂંપડીમાં પ્રકાશ રેલાવનાર વ્યકિતનું મહત્ત્વ પણ તેટલું જ છે.

દેવરાસણ(જિ.મહેસાણા) ગામે જન્મેલ જશુભાઈ વખતસિંહ ગઢવી(રત્નુ)એ નાનકડો દીવડો બનવાનું ઉમદા કાર્ય કર્યું છે. એસ.ટી.ના હેલ્પર તરીકે વ્યાવસાયિક કારકિર્દી શરૂ કરી કઠોર પરિશ્રમને જ પારસમણિ ગણી સંઘર્ષની કેડીએ ડગ માંડયો. મા મોગલ પ્રત્યે ભકિતએ ભજન - કિર્તનનો રંગ લગાડી, ઘેઘૂર કંઠમાંથી ભકિતની સરવાણી વહેવડાવી તેની અસીમ કૃપાએ જીવનનો ઉત્તરાર્ધ આમૂલ પરિવર્તન થઈ ગયો.

દેશના નામાંકિત ઉદ્યોગગૃહો માટે જમીન ખરીદી અને તેને કાનૂની પ્રક્રિયામાંથી સાંગોપાંગ પાર ઉતારીને સુપરત કરવાની જવાબદારી પોતાની આંતરિક કોઠાસૂઝથી સફળતાપૂર્વક પાર પાડી. આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી અંતરમાં ધરબાયેલા અવાજને સુણીને, સમાજના સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં દવ્યને વાપરવાનો સંકલ્પ બળવત્તર બનતો ગયો.

રામોદડી નિવાસી શ્રી આયદાનજી ગઢવી (દરબાર)ના હસ્તે, ચારણ(ગઢવી) સમાજ દ્વારા આયોજિત પાંચ સમૂહ લગ્નમાં પચાસ હજાર રૂપિયાથી વધુ રકમ દરેક વેળા અર્પણ કરી.

ચારણ(ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટ, રાજકોટ દ્વારા પ્રતિવર્ષ યોજાતા ૧૮,૧૯ અને ૨૦મા સમૂહલગ્નમાં એક લાખથી પણ વધુ રકમ

દાન પેટે આપીને દાનપ્રિયતાનો પરિચય આપ્યો. ટ્રસ્ટ તરફથી આયોજિત તેમના સન્માન સમારંભમાં પ્રસિદ્ધ લોકસાહિત્યકાર ભીખુદાનભાઈ ગઢવીના હસ્તે થનાર બહુમાન પ્રસંગે, અનિવાર્ય કારણોસર ઉપસ્થિત રહી શકયા નહોતા.

ઓખા–ભીમરાળા–મોગલધામમાં પણ દર માસની પૂનમે યોજાતા ભોજન પ્રસાદમાં પ્રતિમાસ રૂપિયા પાંચ હજાર મોકલી આઈશ્રી મોગલની કૃપાને વંદી રહ્યા છે.

દેવરાસણ, રત્નુકૂળના કૂળદેવી આઈશ્રી ડુંગરેચીની પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે, જમણવારનો સઘળો ખર્ચ ઉઠાવ્યો.

આઈશ્રી ખોડિયારની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે દેવરાસણની તમામ જ્ઞાતિની દીકરીઓને સવા ચાર લાખથી પણ વધુ રકમની ભેટ સોગાદો આપીને પ્રસંગને સ્મરણીય બનાવી દીધો. રત્નુ સમાજના મુક્તિધામમાં એકાવન હજાર રૂપિયાનું દાન કર્યું.

પાલનપુર(જિ.બનાસકાંઠા)માં ચારણ છાત્રાલયના બાંધકામ નિમિત્તે રૂપિયા એક લાખનું દાન પોતાના પિતાશ્રી વખતસિંહ ગઢવી(રત્નું)ના સ્મણાર્થે અર્પી, શિક્ષણપ્રીતિ પ્રગટ કરી.

અન્ય જ્ઞાતિ સમૂહોના ધાર્મિક કાર્યોમાં પણ તેમનો ઉદાર હાથ લંબાવ્યો છે. ગામના પટેલ સમાજ દ્વારા નિર્મિત ગણપતિજીના દેવાલયના જીર્ણોદ્ધાર પ્રસંગે ત્રણ લાખથી પણ વધુ રકમ આપી, સર્વધર્મ સમભાવની દ્દષ્ટિ પ્રગટાવી. ઠાકોર સમાજના શ્રી ચામુંડા મંદિરના બાંધકામમાં પણ એકાવન હજારનું દાન કરી, દ્દષ્ટિનો પરિચય આપ્યો. પંખી ઘરમાં પણ પચ્ચીસ હજારનું દાન, જીવદયાની સાક્ષી પૂરે છે.

(૯૪૦૮૬ ૮૬૬૨૭)

•••

## ચંદ્રિકાબેન કકનસિંહ ગઢવી



એન્જિનિયરિંગ અને બિઝનેસનું બેકગ્રાઉન્ડ ધરાવતા ચંદ્રિકા કકનસિંહ ગઢવી સામાજિક પ્રવૃત્તિઓમાં ખૂબ જ આગળ પડતા છે અને તેઓ સતત સમાજની પ્રગતિ અને ઉન્નતિ માટે કામ કરી રહ્યાં છે. ચંદ્રિકાબહેન ભારતીય સંસ્કૃતિના ચાહક છે અને તેમણે દુબઈ અને ભારતમાં યોજાયેલી અનેક ગરબા અને ડાન્સ કોમ્પિટિશનમાં નિર્ણાયક તરીકેની સેવા આપી છે. હાલમાં તેઓ અખિલ ભારતીય ચારણ મહિલા સમાજના પ્રમુખ છે. આ પહેલાં તેઓ લાયન્સ કલબ ઈન્ટરનેશનલના પ્રમુખ, ઝોન ચેરમેન અને રિજનલ ચેરમેન રહી ચૂકયા છે. સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમાજ સેવા માટે તેમને અનેક એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત તેઓ કોમ્પ્રેસ્ડ એર અને નાઈટ્રોજનની પ્રખ્યાત બ્રાન્ડ તરીકે ઓળખાતા સીકેજી ઈન્ટરનેશનલ એફઝેડસીના મેનેજિંગ ડિરેકટર છે. આ સીકેજી હાલમાં યુએઈ, કુવૈત, કતાર, ઓમાન, બહેરિન, કિંગડમ(સાઉદી અરેબિયા), રશિયા, કઝાકીસ્તાન અને પોર્ટુગલ જેવા નવ દેશોમાં એકિટવ છે. ફોર્બ્સ જેવા અન્ય મેગેઝિન્સ પણ સીકેજીની નોંધ લઈ ચૂકયા છે, તેઓ આપણું ગૌરવ છે.

## સમાચાર વિભાગ

### ૧) માંડવી કચ્છ ખાતે ચારણ ગઢવી સમાજના ૨૭મા સમૂહલગ્ન યોજાયા

રમેશભાઈ ગઢવી(કાઠડા)અખિલ કચ્છ ચારણ સભા તથા સમૂહ લગ્ન સમિતિ માંડવી આયોજીત ચારણ સમાજનો ૨૭મો સમૂહ લગ્ન ઉત્સવ લક્ષ્મણ રાગ ચારણ બોર્ડિંગ માંડવી ખાતે અખાત્રીજના રોજ યોજાયો હતો. જેમાં ૨૭ યુગલે પ્રભુતામાં પગલાં માંડયા હતા.

સોનલબીજ શતાબ્દી મહોત્સવ અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં અખાત્રીજની પૂર્વ સંધ્યાએ લોકડાયરામાં લાખણશીભાઈ ગઢવી (લોકસાહિત્યકાર, જૂનાગઢ)એ જણાવ્યું હતું કે, સોનલમાએ ચારણોની પ્રગતિ માટે અનેક સત્યના માર્ગો બતાવ્યા છે અને એ માર્ગ પૈકી એક માર્ગ એટલે સમૂહ લગ્નોત્સવ પણ છે. અક્ષય તૃતીયાના દિવસે અપાયેલું દાન હંમેશા અક્ષય રહે છે.

અખાત્રીજના સવારે સમુહૂર્તા, મંડપારોપણ, હસ્તમેળાપ, વિદાય સમારંભ પ્રસંગે મંચસ્થ આગેવાનો દેવરાજભાઈ ગઢવી (ધારાશાસ્ત્રી)એ આશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, તન, મન અને ધનથી સમાજના લોકો સમાજ હિતાર્થ કાર્ય કરશે તો જ સમાજની પ્રગતિ નિશ્ચિત બનશે. માંડવીના અગ્રણી દેવરાજ હરિભાઈ ગઢવીએ આભાર વ્યકત કરતાં જણાવ્યું હતું કે, જે તિથિનો કયારેય ક્ષય નથી એવું તિથિ પર્વ અક્ષયતૃતીયા.જે દિવસે પ્રભુતામાં પગલા માંડી સંસારની શરૂઆત કરવી એ શુભ ગણાય છે. મહાપ્રસાદના દાતા અર્જુનભાઈ વીરાભાઈ બાટી, વિજયકુમાર અર્જુનભાઈ બાટી મુળ ગામ બુડધ્રો હાલે ગોવા નિવાસીનું અગ્રણીઓના હસ્તે સન્માન કરાયું હતું. આ અવસરે બહોળી સંખ્યામાં આગેવાનો તથા સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેલા. સ્ટેજ સંકલન નાગાજણભાઈ ગઢવી અને આભાર વિધિ દેવરાજભાઈ ગઢવીએ કર્યા હતા. વ્યવસ્થા સમૂહલગ્ન સમિતિના પ્રમુખ ભચુભાઈ ગઢવીની આગેવાનીમાં યુવાનોએ સંભાળી હતી.

ooo

### ૨) ગૃહસ્થાશ્રમને દૂધ જેવું પવિત્ર રાખજો

કરશનભાઈ ગઢવી(મોટા ભાડિયા) સોનલમા કહેતા હતા કે, બધા આશ્રમો ગૃહસ્થાશ્રમને આધારે છે. જેમ દૂધથી બધાનું પોષણ થાય છે તેમ ગૃહસ્થાશ્રમથી બધાનું પોષણ થાય છે. તેથી ગૃહસ્થાશ્રમને દૂધ જેવું પવિત્ર રાખવાનો સોનલમાના સંદેશનું પાલન કરવા મોટા ભાડીયામાં યોજાયેલ સમૂહલગ્ન પ્રસંગે આશીર્વચન આપતા સ્થાનિક માતાજીઓ કમળામા,કામઈમા અને આચાર્ય શ્યામ શાસ્ત્રીએ જણાવ્યું હતું. ૧૬ જેટલા દંપતીએ પ્રભુતામાં પગલા પાડયા હતા. બે દિવસીય યોજાયેલા કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં થયેલી ધોળની રકમ રૂા.૬૬૦૦૦૦/- ગૌસેવાર્થે વાપરવાની જાહેરાત કરાઈ હતી. વ્યવસ્થા રતનભાઈ રામભાઈ ગઢવી(પ્રમુખશ્રી) તથા સમૂહલગ્ન સમિતિના નેજા હેઠળ યુવાનોએ સંભાળી હતી.

ooo

### ૩) ચારણ પરંપરાના પાલન અને નવયુગલના પ્રભુતામાં પગલા

આશાનંદભાઈ ગઢવી(ઝરપરા) ચારણ પરંપરાઓના પાલન સાથે ઝરપરા ખાતે સાતમો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો.

ઝરપરા ખાતે ચારણ સમાજ દ્વારા આયોજિત સાતમા સમૂહલગ્નમાં સવારે ચારણ પરંપરા અનુસાર માળા,રીત,માંડવો, વનાય પછી

આઈશ્રી સોનલ જન્મ શતાબ્દીની દ્વાદશ બીજની ઉજવણીના ભાગરુપે લાખણશીભાઈ ગઢવીનું પ્રવચન, આરતી વિગેરે યોજાયા હતા. રાત્રે ગણેશ સ્થાપન, લગ્ન ગીત વિધિવિધાનો કરાયા હતા. બીજા દિવસે અખાત્રીજના ક્ષેત્રપાલ નૈવેદ્ય, અછંધર, ઢાલ, ખીરપીણા વિગેરે પરંપરાઓ બાદ મંગલ ફેરા સાથે લગ્નગીતોથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. લગ્નવિધિ ભાવેશભાઈ શાસ્ત્રી અને સંચાલન આશાનંદભાઈ ગઢવીએ કર્યું હતું.

૦૦૦

**૪) આઠસો વર્ષ જૂના સમી વૃક્ષને તોરણ બાંધી પરંપરા જળવાઈ**

આશાનંદભાઈ ગઢવી(ઝરપરા) ભારત દેશમાં ચારણો માટે સૌથી મોટા ગામ ઝરપરા તા.મુંદરા-કચ્છનો ૮૧૦મો સ્થાપના દિવસ આઠસો વર્ષ જુના સમીવૃક્ષને તોરણ બાંધી પરંપરાગત રીતે ઉજવાયો હતો.

વૈદિક મંત્રોચ્ચાર સાથે વિધિવત પૂજા બાદ ગામધણી ટિલાત જુમાભાઈ ગઢેરા, ચારણ સમાજના પ્રમુખ દેશરભાઈ રામાણી તેમજ ગઢવી સમાજના સેડા ભાણેજ તથા અન્ય ગ્રામજનો સાથે મળી તોરણવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ચારણી સાહિત્યકાર આશાનંદ ગઢવીએ સંભાળ્યું હતું.

૦૦૦

**૫) સોનલ સરોવર અને વન નિર્માણ માનવ સમાજને ચારણોની ભેટ**

જીવરાજભાઈ ગઢવી(કોડાય) તાલુકાના નાની રાયણ ગામે આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના બીજા દિવસે યોજાયેલી ધર્મસભામાં સંતોએ સોનલમાની જન્મશતાબ્દી નિમિત્તે ઠેર-ઠેર બનતા સોનલ સરોવર તથા સ્મૃતિ વન માનવ સમાજ માટે ચારણોની અનેરી ભેટ ગણાવી હતી. રાજડા ટેકરીના મહંત અર્જુનનાથજી બાપુએ પરમાત્મા ઉપર ભરોસો રાખવા અને હરિના શરણે જીવન જીવવા શીખ આપી હતી. આ ધર્મસભામાં કલ્યાણદાસ બાપુ, બાલકનાથ બાપુ, શ્યામભાઈ શાસ્ત્રી, લાછબાઈમા લક્ષ્મણ ભગત વિગેરે ઉપસ્થિત રહીને આશીર્વચન આપ્યા હતા.

૦૦૦

**૬) સમાજ સંગઠિત હોય તો કોઈ કામ અઘરું નથી**

મુંદરા-કચ્છ ચારણ સમાજ દ્વારા આઈશ્રી સોનલમા જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે ચારણ કુળ ઉદ્ધારક આઈશ્રી સોનલમાના નૂતન મંદિરનું ૩૫ થી ૪૦ લાખના ખર્ચે નિર્માણ થવાનું છે જેનું તાજેતરમાં આઈશ્રી દેવલમા(બલિયાવડ, જૂનાગઢ)તથા અર્જુનનાથજી અને સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

શરૂમાં વિરમભાઈ શાખરાએ સૌને આવકારતા જણાવ્યું હતું કે છ વર્ષ પહેલા આઈશ્રી દેવલમાના મુંદરામાં પગલા થયા ત્યારથી જ મુંદરા ચારણ સમાજની પ્રગતિ ચાલુ છે. મુંદરામાં ચારણ સમાજના ૩૦૦ થી વધુ ઘરનો વસવાટ છે અહીં હોસ્ટેલ અને રૂમ પણ બનાવવામાં આવશે. જેથી સમાજના વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે કોઈ જાતની તકલીફ ન પડે. આઈશ્રી દેવલમાએ સમાજની એકતા અને ચારણી પંરપરા નિભાવવા ઉપર ભાર મૂકયો હતો. સંતશ્રી અર્જુનનાથજીએ શિક્ષણ ઉપર ભાર મૂકયો હતો.

૦૦૦

**૭) પ્રકૃતિ એ પરંપરાની અનેરી દેન, તેની જાળવણી સાથે સંવર્ધન વર્તમાન સમયમાં આવશ્યક**

કરશનભાઈ ગઢવી(મોટાભાડીયા)

પ્રકૃતિ એ પરંપરાની અનેરી દેન છે. તેની સાતત્ય અને સાત્વિકતાભરી પૂજા-અર્ચના અને આરાધના કરવાથી સમષ્ટિનું હિત જળવાઈ રહે છે તેથી પ્રત્યેક વ્યકિતએ પ્રાકૃતિક ચીજોનું રક્ષણ, જતન અને સંવર્ધન કરવું જોઈએ એવો મત મોટા ભાડીયા તા.માંડવી(કચ્છ)ખાતે આઈશ્રી સોનલમા જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત સોનલ સરોવરના નિર્માણ કાર્યનો શ્રીફળ વધાર્યા બાદ પ્રારંભ કરાવતા ધારાસભ્યશ્રી અનિરૂદ્ધભાઈ દવેએ જણાવ્યું હતું.

સોનલ સરોવરના નિર્માણ માટે ભૂદેવ શ્યામભાઈ શાસ્ત્રીએ સમાજ સમક્ષ વાત મુકતા સમાજે આ બાબત સહર્ષ સ્વીકારી હતી. પાલુભાઈ વિરમભાઈ ગેલવા(ભજનાનંદી)એ સોનલ સરોવર નિર્માણની પૂર્વ ભૂમિકાથી સમાજને અવગત કરી સ્વ.વિરમ આશારીયા ગેલવા અને સ્વ.મેઘરાજ આશારીયા ગેલવા પરિવાર વતી આ કાર્ય માટે રૂા.બે લાખ એકાવન હજારના દાનથી શરૂઆત કરતા ગણતરીની મિનિટોમાં જ સ્થાનિકના દાતાઓ વરસી પડતા રૂપિયા બાર લાખથી વધુનું દાન એકત્ર થયું હતું.

ooo

**૮) આઈ સોનલ સરોવર એ જન્મ શતાબ્દીની સુવર્ણ તક છે...ઝડપી લઈએ**

માવજીભાઈ બરૈયા, ઈશ્વરીય તત્વ જયારે દેહ ધરીને આ ધરતી પર આવે ત્યારે તે અનેક સમસ્યાને ઉકેલીને આવનારી સમસ્યા માટે સમાધાન આપીને જાય છે. તેમના ગયા પછી પણ કોઈ સમસ્યા આવે તો તેના માટે શું કરી શકાય? તેની કોઈકને પ્રેરણા આપે છે. પ્રેરણા આપીને તેને જગાડે છે. ઉઠ જાગ અને કામે લાગ. થનારા નુકસાન સામે કામે લાગી જાવ. જેથી આવનારૂં સંકટ ટળી જાય. જે હયાતીમાં તો ચિંતા કરે જ કરે પણ ગયા પછી પણ પ્રેરણા આપીને જગાડે એ તેણે ધરેલા દેહની સાર્થકતા છે. આ પ્રેરણાનો જયારે આપણે અમલ કરીએ ત્યારે જ આપણે તેના સાચા સંતાનો કહેવાઈએ.

આ વર્ષ આઈશ્રી સોનલમાની જન્મ શતાબ્દીની ઉજવણીનું વર્ષ છે. જેમાં માની પ્રેરણાથી કચ્છ જિલ્લાના ગામડે ગામડે 'આઈશ્રી સોનલ સરોવર' નિર્માણ કરવાનું સ્વયંભૂ જન આંદોલન શરૂ થયું છે. જે આવતા એકસો વર્ષ માટે આનંદ આપનારું બની રહેશે. જે માવડીએ પોતાનું સમગ્ર જીવન માત્ર ચારણ સમાજ જ નહીં પણ અઢાર વર્ણની સુખાકારી માટે ખર્ચી નાખ્યુ તેની જયોત જલતી રાખવા આ જળસંગ્રહ રુપી યજ્ઞની આહુતિ જ હશે.

'સોનલ છોરુ સામટા, જો કરશે સારા કામ, હૈયે રાખજો હામ, ઘટશે નહીં કદી દામ' શું માંગુ સોનબાઈ તે તો આપ્યું અપરંપાર, હવે હું શું માંગુ સોનબાઈ 'કવિ શ્યામ' દ્વારા સોનબાઈમાના જે ગુણ ગાઈને સંતોષ વ્યકત કર્યો તે ઘણું કહી જાય છે. મા તે મને અઢળક આપ્યું છે અમારે તો હવે બંને હાથે ઉલેચવાનું છે. આઈ માએ પોતાના જીવનને સમાજ માટે અર્પણ કર્યું તેનું સાચું તર્પણ કરવાનું ટાણું આવ્યું છે. ત્યારે પાછો પગ ન ભરીએ, તેમાં જોડાઈ જાય એ જ સમાજ જાગતો સમાજ કહેવાય. આ શરૂઆત થઈ ચૂકી છે. જયાં જયાં ચારણ સમાજ વસેલો છે ત્યાં હાલમાં શકિત પ્રમાણે કામો શરૂ થઈ ગયા છે. જેમાં કચ્છ જિલ્લાના માડવી તાલુકાના કાઠડા, ભાડા, પાંચોટીયા, નાના લાયજા, મોટા લાયજા, ભીંસરા, મોટા ભાડીયા, નાના ભાડીયા, મોટી ભુજપુર જેવા અનેક ગામોમાં 'આઈશ્રી સોનલ સરોવર'ના કામ શરૂ છે. મોટા ભાડીયા ગામે તાજેતરમાં ઉજવાઈ ગયેલ સમૂહ લગ્નોત્સવ પ્રસંગે સોનલ

સરોવર માટે નાખવામાં આવેલ ટહેલને જબરો પ્રતિસાદ મળ્યો. દાતાઓએ દાનની સરવાણી વહાવી, જોતજોતામાં રૂપિયા બાર લાખ જેવી મતબર રકમ ભેગી થઈ ગઈ.

સોનલ સરોવર સમિતિએ પણ લગ્નોત્સવ પૂર્ણ કરી તે જ દિવસે સમસ્ત મહાજન સાથે રહીને 'આઈશ્રી સોનલ સરોવર'ના કામનો શુભારંભ કર્યો. આજે ધમધોકાર કામ શરૂ છે. આ છે સોનલ શકિત, સમાજ શકિત, આઈમાની આંખ આજે આ બધું જ જોતી હશે અને ઠરતી હશે કે હવે મારા દીકરાઓ જાગી ગયા છે. એમને કેટલો રાજીપો થતો હશે?

આ શુભ સમાચાર હવે દરેક ગામડે ગામડે ફેલાઈ ગયા છે. ધરતી માતા, દીકરી, જળ દેવતા અને વૃક્ષ ઉછેર માટે જે કોઈ પોતાની લક્ષ્મીને વાપરશે તે મહાલક્ષ્મી બની જશે. જેણે આપણાં માટે આયખું ખર્ચી નાખ્યું તેના નામે આપણે કમાણીના એક દિવસની, એક અઠવાડિયાની કે મહિનાની કે દસમો ભાગ વાપરીશું તો પણ સરોવર બની જાશે. અરે અંગ પર એક ઘરેણું ઓછું પહેરશું પણ ધરતી માતાને ખોળે 'આઈશ્રી સોનલ સરોવર' રુપી ઘરેણું જરૂર પહેરાવીશું એ નેમ લઈશું. આ કમાણી અર્પણ કરીશુ તે વ્યાજ સાથે નહી પણ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે આઈમા આપશે એવી શ્રદ્ધા સાથે કામો શરૂ થયા છે. કોઈ વ્યકિત દુબળી હોઈ શકે પણ સમાજ કયારેય દુબળો ન હોય.

આ સોનલ સરોવર આ ધરતી પર જળથી ભરવાની આઈમા મહેર કરશે જ. 'આઈશ્રી સોનલ સરોવર'માં અનેક પ્રાણી, પક્ષી, માનવ, સૂક્ષ્મજીવો મીઠા પાણી પીશે. પેટ ઠરશે, ધરતીમાતાનું પેટાળ ભરાશે. વરસાદનું મીઠુ પાણી દરિયામાં જતું અટકશે, ખેતીમાં નવા નીર આવશે, સરોવર કિનારે વૃક્ષો લહેરાશે. કેટલાય પક્ષીઓને આશરો અને ખાવાનું મળશે. આ બધા ફાયદા નજરે દેખાશે. ચારણ કવિશ્રી દુલા ભાયા કાગ (ભગતબાપુ)એ આઈમા માટે લખ્યું છે કે, **'બ્રહ્મલોક મઢડા હમીર ભગીરથ, શિવ સોરઠ શિર ધરી, વહે ધાર ખળખળ નીર નિરમળ, આઈ ગંગા અવતરી, ઓધારવા તન સગર – ચારણ, નેસડામાં નીસરી,નવ લાખ પોષણ અકળ નર હી, એ જ સોનલ અવતરી, મા એ જ સોનલ અવતરી.'** આવી જ આઈમાની અસીમ કૃપાથી કચ્છની ધરતી પર નિર્મળ નીરનો સંગ્રહ થશે. આઈ સોનલ શતાબ્દી વર્ષમાં 'આઈશ્રી સોનલ સરોવર' એ સોનલમાની અચુક હર હંમેશ હાજરીનું અનુપમ સ્થાન બની જશે. આવો સૌ સાથે મળીને આઈમાની જન્મ શતાબ્દીને અજવાળીએ, ઉજાળીએ અને સોનલ સરોવરથી શણગારીએ.

(mavji.baraiya@adanifoundation.com)

ooo

### ૯) શ્રીમદ્ ભાગવત સંસાર સાગર પાર કરવાની ઉત્તમ ઔષધિ

કરશનભાઈ ગઢવી(મોટા ભાડીયા)

સંસાર પાર કરવાની ઉત્તમ ઔષધિ એટલે ભાગવત, ભવરોગની ભાંગિની ભાગવતની આ કથા આધિ, વ્યાધિ અને ઉપાધિ સહિતના વિવિધ તાપનું હરણ કરી લે છે એવું હરિદ્વાર ખાતે આઈશ્રી સોનલમા જન્મશતાબ્દી મહોત્સવ પ્રસંગે ઉજવાઈ રહેલી ભાગવત કથાના વ્યાસાસનેથી સંબોધતા કશ્યપ શાસ્ત્રીજીએ જણાવ્યું હતું. સોનલમાને ચારણ સમાજના ભાગ્ય વિધાતા લેખાવતા તેમણે ઉમેર્યું કે, જગદંબા સોનલમા અઢારે આલમની દેવી છે. જગત હિતાર્થે પોતાના જીવતરને દીપાવવા ચારણોની જોગમાયાઓએ

કલ્યાણકારી સાધના થકી દેવત્વને દીપાવ્યું છે. આઈશ્રી હાંસબાઈ, નિરંજનબાપુ, અલમસ્ત ગીરીજી જેવા સંતોને આ અવસરે તેમણે યાદ કર્યા હતા. આ ભગીરથ આયોજનને સફળ બનાવવા વાલજીભાઈ બાનાયત, વિરમભાઈ બાનાયત, ડાયાભાઈ ગઢવી, રાણશીભાઈ ગઢવી, કરશનભાઈ ગઢવી, રામભાઈ ગઢવી, શ્યામભાઈ શાસ્ત્રી સહિત યુવાનો અને વિવિધ સમાજના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

ooo

## ૧૦) ચારણની દેવીઓ ગંગા સમાન પવિત્ર છે, આઈશ્રી દેવલમા

અશોકભાઈ ગઢવી(સૌરાષ્ટ્ર ક્રાંતિ)

જૂનાગઢથી પધારેલા આઈશ્રી દેવલમા મથાણીયા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે આઈશ્રી કરણી માતાના મંદિરે જઈને આરતી કરી હતી. અગાઉ અમરાવત ટ્રસ્ટ, મથાણીયા દ્વારા આઈશ્રી દેવલમાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજીત ધાર્મિક સભાને સંબોધતા આઈશ્રી દેવલમાએ જણાવ્યું હતું કે, આદિશકિત દિવ્ય મંદિરોની જયોતમા દારૂની બોટલ ચઢાવવી એ ખોટું છે. જેના કારણે મંદિરોની પવિત્રતા સામે પ્રશ્નો ઉભા થાય છે. દેવી શકિતએ કયારેય કહ્યું નથી કે તેઓને દારૂ પ્રસાદ તરીકે અર્પણ કરવામાં આવે તેથી જ આપણે દેવી શકિતના મંદિરોમાં આ નશાકારક પાનને સંપૂર્ણપણે પ્રતિબંધિત રાખવું જોઈએ.

**(૧) થી (૧૦) – સંકલનઃ વેજાંધ ગઢવી,**
મોટા ભાડિયા, (૯૯૧૩૦ ૫૧૬૪૨)

ooo

- આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિબટેલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા સમાજના દાતાશ્રીઓના સહયોગથી તા.૨૧/૫/૨૦૨૩ના રોજ સતત ૧૪મા વર્ષે ગઢવી સમાજના જરૂરિયાતમંદ પરિવારોને અનાજકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં પરિવારની સભ્ય સંખ્યા અનુસાર ૧૨૦ તેમજ ૧૫૦ કિ.ગ્રા. ઘઉં, ૨૦ કિ.ગ્રા. ખીચડી, ૦૫ કિ.ગ્રા. ગોળ, ૦૫ લિટર ખાદ્યતેલ સહિત આશરે પ્રત્યેક રૂા.૬૫૦૦/- (કુલ રૂા.૭,૫૦,૦૦૦/-)કિંમતની ૧૨૦ જેટલાં પરિવારોને અનાજકિટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સદરહુ ટ્રસ્ટ દ્વારા દીપાવલી તથા સાતમ આઠમના તહેવારો નિમિત્તે જરૂરિયાતમંદ પરિવારોના બાળકોને શુદ્ધ ધીની મીઠાઈ તથા ફરસાણનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

ઉપરોકત ટ્રસ્ટ દ્વારા રાજકોટ શહેર ખાતે ચારણ ગઢવી સમાજની વાડી સંચાલન ઉપરાંત છેલ્લા ૧૩ વર્ષથી નિયમિત ત્રિ–માસિક ચારણ સંસ્કૃતિ સામયિકનું પ્રકાશન સહિત અન્ય સેવાકાર્યો થઈ રહ્યા છે.

- પાટણ જિલ્લાના સમી તાલુકાના વરાણા સ્થિત આઈશ્રી ખોડિયારધામ ખાતે શ્રી ખોડિયાર ચારણ મંડળ, વરાણા દ્વારા વૈશાખ સુદ –૧૩ના શુભ દિવસે ૧૪મા સમૂહલગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ દંપતીઓએ પ્રભુતામાં પગલા પાડયા હતાં.
- કચ્છ જિલ્લાના ગાંધીધામની તપ હોસ્પિટલના તબીબ ડો.બળવંતદાન ખડિયાની પુત્રી રંજનીબા M.B.B.S.માં ઉત્તિર્ણ થતાં અભિનંદન.
- રાજકોટ ખાતે જયદીપભાઈ કુંભાણી

દ્વારા સંપાદિત શકિત સ્વરૂપ ચારણ જોગમાયા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

• રાજકોટ શહેર ખાતે પ્રિન્સીપાલ ડી.પી. જોશી પબ્લિક લાઈબ્રેરીના ઉપક્રમે સાહિત્ય રસિકો માટે દર મહિને યોજાતો ગ્રંથગોષ્ઠિ શૃંખલાની ૨૮૭મી બેઠક તા.૧/૩/૨૦૨૩ના રોજ યોજાઈ હતી. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના નિવૃત્ત અધ્યાપક તથા લેખક, સંપાદક અને સંશોધક ડૉ.અંબાદાનભાઈ રોહડિયાએ સ્વ લિખિત પુસ્તક, 'ચારણી સાહિત્ય : વિવિધ સંદર્ભે'નો પુસ્તક પરિચય રજૂ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ.અંબાદાનભાઈ રોહડિયા આ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવારત છે. આ ઉપક્રમમાં આ સામયિકના સંપાદક રાજુલ દવેનું પ્રવાસ અંગેનું વકતવ્ય યોજાયું હતું.

• ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા – પંચાયત જુનિયર કારકુન તથા ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી-કમ-મંત્રી) સંવર્ગની જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને પરીક્ષામાં ઉમેદવારી નોંધાવનાર યુવક-યુવતીઓના બેઠક નંબરનું આયોજન અન્ય જિલ્લામાં કરવામાં આવતા પરીક્ષાર્થી ઉમેદવારોને અન્ય જિલ્લામાં નિવાસ તથા ભોજનની અગવડતા ન પડે તે માટે ગઢવી સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા પરીક્ષાર્થી ઉમેદવારો માટે નિવાસ, ભોજન, વાહન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

• પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નસીરપુર ગામના રહેવાશી ૬૬ વર્ષીય વૃદ્ધ વાલાભા લાખાભા પાલિયા(ગઢવી)એ વિશ્વ શાંતિ તથા વિશ્વ કલ્યાણના હેતુથી પંચમહાલથી દ્વારકા તથા સોમનાથની કુલ ૯૦૦ કિ.મી.ઉલ્ટા પગની પદયાત્રા પૂર્ણ કરી દર્શનનો લહાવો મેળવ્યો હતો. રાજકોટ સહિત વિવિધ નગરો ખાતે પદયાત્રાને સન્માન સાથે આવકાર અપાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, યાત્રા પૂર્ણ કરી, નસીરપુર ખાતે પરત ફર્યા બાદ તેઓના પરિવાર દ્વારા કંકુકેશર માતાજીની ઉપસ્થિતિમાં ગંગા પૂજન, કળશયાત્રા, પ્રસાદ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

• કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે આઈશ્રી સોનલ વિસામો દ્વારા બહારગામથી આવતા સમાજના દર્દીઓ તથા સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે આવતા સમાજના પરીક્ષાર્થી ઉમેદવારો માટે નિવાસ, ભોજન માટેની કાયમી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે.

• જામનગર ખાતે વિનાયક પાર્ક આઈશ્રી ખોડિયાર માતાજી મંદિર પરિવાર દ્વારા ચૈત્ર માસમાં શ્રીરામ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ પર વિદ્વાન ચારણ પાલુભગત બિરાજયા હતા.

• જૂનાગઢ શહેરના ભવનાથ તળેટી વિસ્તાર સ્થિત નારાયણનંદ સરસ્વતી આશ્રમ (બ્રહ્મલીન નારાયણ સ્વામી આશ્રમ) ખાતે સુપ્રસિદ્ધ લોકગાયક કીર્તિદાનભાઈ ગઢવી દ્વારા ત્રિ-દિવસીય 'શિવોત્સવ' ભજન તથા ભોજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ત્રિ-દિવસીય કાર્યક્રમમાં આશરે સવા કરોડ રૂપિયાની માતબર રકમ એકઠી થઈ હતી. જે તમામ રકમ લાડકી ફાઉન્ડેશનના નેજા તળે ગરીબ કન્યાઓના ઉત્કર્ષ માટે ખર્ચ કરવામાં આવનાર છે તેવી જાહેરાત કરવામાં આવી હતી. કીર્તિદાનભાઈ ગઢવીને અભિનંદન.

• દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા મંડળ તાલુકાના ભીમરાણા મોગલ માતાજીના મંદિર ખાતે ટ્રસ્ટ દ્વારા યાત્રાળુઓ માટે અન્નક્ષેત્ર મારફત

ભોજન પ્રસાદની વ્યવસ્થા ઉપલબ્ધ છે. જાંબુડા તા.જિ.જામનગર ગામના રહેવાસી સ્વ.મહેશભાઈ ઉમેદભાઈ પાલિયાના સ્મરણાર્થે તેઓના પરિવાર દ્વારા ટ્રસ્ટને ભોજન પ્રસાદ માટે થાળી-વાટકાના સેટ અર્પણ કરવામાં આવ્યા હતા.

• શ્રી ઈન્દુબેન ધીરૂભાઈ મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા જામનગર જિલ્લાના જામજોધપુર ખાતે સર્વજ્ઞાતીય વિનામૂલ્યે નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ કેમ્પ અને સાતમો મેગા મેડિકલ કેમ્પ યોજાયો હતો. દર્દીઓને વિવિધ ક્ષેત્રના નામાંકિત ડોકટરોનો લાભ મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપરોકત ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધો.૧૦ તથા ધો.૧૨માં ૮૦ કે તેથી વધારે પી.આર. મેળવનાર ઉપરાંત હાયર એજયુકેશનમાં અભ્યાસ કરતા ગઢવી સમાજના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું જે માટે જૂન માસમાં ફોર્મ વિતરણ તથા પરત જમા સ્વીકારવામાં આવ્યા હતા. જેમાં સમાજના ૧૪૫ વિદ્યાર્થીને રૂા.૬૨૫૦૦૦/-ની સ્કોલરશિપનું વિતરણ કરાયું. અન્ય ટ્રસ્ટનો સહયોગ મળતા અનુક્રમે રૂા.૩૪૫૦૦૦/- અને રૂા.૧૦૦૦૦૦/- (૬૨૫૦૦૦ + ૩૪૫૦૦૦ + ૧૦૦૦૦૦ = ૧૦૭૦૦૦૦)

• ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના મહેસાણા વિભાગ દ્વારા મહેસાણા - ભચાઉ - મોગલધામ(કબરાઉ) એકસપ્રેસ એસ.ટી. બસ શરૂ કરવામાં આવી છે. જે બસ દરરોજ સવારે ૬ કલાકે મહેસાણા ખાતેથી ઉપડી વાયા ભચાઉ મોગલધામ(કબરાઉ) જવા રવાના થશે. આ રીતે જામખંભાળિયાથી મઢડાની પણ બસ સેવા શરૂ થઈ છે.

• દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખંભાળિયા માંઝા ગામ ખાતે આઈશ્રી સોનલ સમૂહલગ્ન સમિતિ આયોજિત તથા આઈશ્રી હિરલ માતાજી પ્રેરિત સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૨૦ દંપતીએ પ્રભુતામાં પગલાં પાડયા હતાં.

• અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ગરણી ગામના સિમાડે ગરણી-થોરખાણ રોડ સ્થિત આઈશ્રી વાલબાઈમાની જગ્યા શકિતધામ ખાતે ચૈત્રી નવરાત્રિ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. દરરોજ રાત્રે રાસ-ગરબા, યજ્ઞ, શકિત આરાધના, લોકડાયરો સહિતના ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત ભકતજનો માટે પ્રસાદ, ફરાળ સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

• ગીર-સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકાના ગુંદરણ(ગીર) સ્થિત આદિ આવળધામ ખાતે ચૈત્રમાસમાં નવચંડી યજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્વજારોહણ, પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં.

• સરધાર,તા.જિ.રાજકોટ ખાતે આઈશ્રી સિંહમોઈ(જીવણી)માતાજીના મંદિરે માતાજીના પ્રાગટયદિન નિમિત્તે ચૈત્રીબીજ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરતી, યજ્ઞ, ભાવવંદના, પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

• સચાણા(ઈસરધામ)તા.જિ.જામનગર ખાતે સંત મહાત્મા ઈસરદાસજી સમિતિ દ્વારા ચૈત્ર સુદ-૯, રામનવમી(ઈસરનોમ)ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સવારે મંગળા આરતી, રામજન્મ આરતી, શોભાયાત્રા,હરિરસ પાઠ, સંધ્યા આરતી, બંને સમય ભોજન પ્રસાદ, સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

• જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના તાલુકાના પાણીધ્રાના આઈ બેલી મોગલધામ મંદિર ખાતે ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરવામાં

આવી હતી.

• જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના મોણિયા ગામે આઈશ્રી નાગબાઈ માતાજી આદ્યસ્થાન મંદિર ખાતે જીર્ણોદ્ધાર તેમજ શિલાન્યાસ કાર્યક્રમ યોજાયો હતો. મંદિરની પ્રતિવર્ષની પરંપરા અનુસાર અષાઢી બીજ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પૂજન, શોભાયાત્રા, ધ્વજા આરોહણ,પ્રસાદ, રાસ-ગરબા તથા શકિત વંદના, લોકડાયરા સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

• કચ્છ જિલ્લાના માંડવી ખાતે અખિલ કચ્છ ચારણ સભા દ્વારા આયોજિત તથા આઈશ્રી સોનલમા પ્રેરિત ૨૭મા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૭ દંપતીએ પ્રભુતામાં પગલાં પાડયા હતાં.

• જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના બાલોટ મુકામે વચ્છરાજ ધામ ખાતે ચતુર્થ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજ્ઞ, પ્રસાદ, સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

• G.P.S.C. ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજિત ગુજરાત આરોગ્ય અને તબીબી સેવા(વર્ગ-૨)ની જાહેર પરીક્ષામાં ચારણ-ગઢવી સમાજના નીચે મુજબના ડોકટર ઉમેદવારો નિમણૂંક માટે પસંદગી પામ્યા છે.

(૧) ડો.સિદ્ધાર્થદાન દિપકદાન લાંબા(જાંબુડા હાલ રાજકોટ) (૨) ડો.રતન માણેકભાઈ ગઢવી (સિંઘોડી, જિ.કચ્છ) (૩) ડો.શ્રીમતી પિન્કિબેન મહેડુ(કંજેલી, જિ.સાબરકાંઠા)

U.P.S.C. દ્વારા આયોજિત સંયુકત તબીબી સેવાની રાષ્ટ્રીય જાહેર પરીક્ષામાં ડો.સિદ્ધાર્થ દિપકભાઈ લાંબા ૧૬૭મા ક્રમે પસંદગી યાદીમાં સ્થાન પામ્યા છે. હાલ તેઓ રાજસ્થાન ખાતે બાળરોગ નિષ્ણાત માટે અભ્યાસ કરી રહ્યા છે. ડો.સિદ્ધાર્થ ગઢવીને અભિનંદન.

• જામનગર ખાતે રાજય સરકારશ્રીના કેબિનેટ શિક્ષણપ્રધાન પ્રો.ડો.કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં સારસ્વત સન્માન તથા મોટિવેશનલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે કાર્યક્રમમાં છેલ્લા એક દાયકાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત રાજયકક્ષા, જિલ્લાકક્ષા તથા તાલુકાકક્ષાના જાહેર સરકારી કાર્યક્રમોમાં ઉદ્દઘોષક તરીકેની ફરજ બજાવતાં શ્રી હરિદેવ દિનેશભાઈ ગઢવી(નરેલા)ને શિક્ષણ પ્રધાનના હસ્તે પ્રશંસાપત્ર તથા શાલ ઓઢાડી સન્માનિત કરયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા.૧/૫/૨૩ના રોજ જામનગર ખાતે ગુજરાત રાજય સ્થાપના દિનની રાજયકક્ષાની ઉજવણીમાં રાજયપાલશ્રી તથા મુખ્યમંત્રીશ્રીના મુખ્ય મંચ ખાતે તેઓને ફરજ સોંપવામાં આવી હતી. રાજકોટ નિવાસી નિવૃત્ત પોલીસ ઈન્સ્પેકટર ડી.એમ.ગઢવી(નરેલા)ના પુત્ર હરિદેવ ગઢવી કાલાવડ તાલુકાની સરકારી શાળામાં અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે.

• જામનગર નિવાસી ગઢવી આરતીબેન અભયદાનભાઈએ પુરાણ સાહિત્યમાં Ph.D., કર્યું છે. ડો.આરતીબેનને અભિનંદન.

• વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મોરઆંબલી ચારણ નેશ(પરથમપુરા)ખાતે ત્રિ-દિવસીય સપ્તમૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.કંકુકેશર માતાજીની ઉપસ્થિતિમાં શોભાયાત્રા,પૂજા, મૂર્તિપૂજા, પ્રસાદ, ગરબા, લોકડાયરો સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

• ભુજ ખાતે ગઢવી સમાજ રત્ન જબ્બરદાન નારાણજી રત્નુ હીરક જયંતી મહોત્સવ તથા ઋણાંજલિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સન્માનના પ્રત્યુત્તરમાં તેઓએ ગઢવી સમાજના દિવ્યાંગ મહિલાઓ માટે દર માસે પેન્શન સ્વરૂપે આર્થિક સહાય અર્પણ કરવાની જાહેરાત કરી હતી.

• જય જુંગીવારાધામ મંદિર, મુ.બેહ, તા. જામખંભાળિયા જિ.દેવભૂમિ દ્વારકા ખાતે સમસ્ત બેહગામ દ્વારા સાતમા પાટોત્સવની ઉજવણી નિમિત્તે ધ્વજા પૂજન તથા ધ્વજારોહણ, યજ્ઞ, પ્રસાદ, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સંતવાણી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

• જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩ અંતર્ગત સ્વચ્છ ભારત, સ્વચ્છ જૂનાગઢ હેતુ માટે જુદા-જુદા ત્રણ બ્રાન્ડ એમ્બેસેડરની નિયુકિત કરવામાં આવી હતી જેમાં ઘરમાં તેમજ દુકાનમાં કચરાપેટીનો ઉપયોગ કરીએ વિષયમાં લોકસાહિત્યકાર અમુદાનભાઈ ગઢવીની નિયુકિત કરવામાં આવી હતી.

• સુરત ચારણ-ગઢવી સમાજના શ્રી કરણી ચારણ યુવક મંડળની રજૂઆતને ધ્યાને લઈ મહાનગરપાલિકા સુરત દ્વારા બોમ્બે માર્કેટ નજીકના ચોકને શ્રી કરણીમાતા ચોક નામાભિધાન કરવામાં આવ્યું હતું. તા.૩/૫/૨૦૨૩ના રોજ સોનલધામ સુરત ખાતે યજ્ઞ, આરતી, પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રાજસ્થાન કરણી મંદિરથી મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં.

• પદ્મશ્રી કવિ દાદુદાન પ્રતાપદાન મિસણ કવિ દાદ બાપુ પરિવાર દ્વારા તા.૩૦/૪/૨૦૨૩ના રોજ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા મથક ખાતે કવિશ્રી દાદ સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પટાંગણમાં શબદ સંભારણા તથા સરકારશ્રીના ઋણ સ્વીકાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૮/૭/૨૦૨૩ના રોજ પંડિત દીનદયાળ ટાઉનહોલ, સુરેન્દ્રનગર ખાતે પણ કવિ દાદ શબદ સંભારંણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

• દેવભૂમિ દ્વારકા જિલ્લાના જિલ્લા મથક જામખંભાળિયા ખાતે શકિતનગર ગૌ શાળાના લાભાર્થે તા.૧૩/૫/૨૦૨૩ના રોજ માયાભાઈ માંડણભાઈ સાખરા(ગઢવી)પરિવારના સૌજન્યથી નામાંકિત કલાકારોના લોકડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૩ લાખ રૂપિયાની ઘોળ ઉપરાંત ૩.૮૨ લાખ રૂપિયા ફંડ અને જામનગર જિલ્લા સાંસદ સભ્ય પૂનમબેન માડમ દ્વારા રૂપિયા પાંચ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. ગૌ શાળા માટે કુલ આશરે ૩૨ લાખ જેટલી માતબર રકમનું ભંડોળ એકત્રિત થયું હતું. સાખરા પરિવારને અભિનંદન.

• રાજસ્થાનના ભીલવાડા તાલુકાના ઠેકલા ગામ ખાતે તા.૧૭/૫/૨૦૨૩ થી તા.૨૨/૫ /૨૦૨૩ સુધી સમસ્ત ઠેકલા ગામ દ્વારા શ્રી તેજલ ધામ ખાતે આઈશ્રી તેજબાઈમા, આઈશ્રી વરેખણમા તથા આઈશ્રી સોનલ માતાજી મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા શતચંડી પંચ કુંડી યજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

• ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભગુડા ખાતે શ્રી મોગલધામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૨/૫/૦૨૩ના રોજ ૨૭મો પાટોત્સવ તથા મોગલ શકિત એવોર્ડ સમારોહનું આયોજન

કરવામાં આવ્યું હતું. જેમાં સર્વરોગ નિદાન કેમ્પ સહિત પ્રસાદ, સંતવાણી જેવાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

- કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકા ચારણ સમાજ તથા શ્રી સોનલમા મંદિર નિર્માણ સમિતિ દ્વારા શ્રી ચારણ સમાજ વાડી મુન્દ્રા ખાતે આઈશ્રી સોનલ નૂતન મંદિર ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો હતો.
- જૂનાગઢ નિવાસી લોકસાહિત્યકાર રાજભા ગઢવીને ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. રાજભા ગઢવીને અભિનંદન.
- બોટાદ જિલ્લાના ગઢડા(સ્વામી) તાલુકાના ઢસા(જંકશન)નિવાસી ભરતભાઈ રાજદેભાઈ લાંગાવદરાના પુત્રી શિક્ષિકા રિદ્ધિબેન મનોવિજ્ઞાન વિષય પર ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ ખાતે મહાશોધ નિબંધ રજૂ કરતાં તેઓને Ph.D.ની પદવી એનાયત કરવામાં આવી હતી. ડો.રિદ્ધિબેન બાલિયાને અભિનંદન.
- કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના બાડા ગામ ખાતે આઈશ્રી સોનલમા મંદિર ખાતે ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસાદ,રાસોત્સવ, સંતવાણી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં.
- આઈશ્રી સોનલ શતાબ્દી વર્ષ નિમિત્તે માંડવી ખાતે ગઢવી સમાજના વિવિધ ટ્રસ્ટ તથા સંસ્થાઓના સહયોગથી તા.૧૫/૬ થી તા.૧૮/૬/૨૦૨૩ સુધી ગઢવી કપ-૨૦૨૩. અખિલ ભારતીય રાત્રિ પ્રકાશ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- શ્રી ખીમકરણદાન દેવીદાન આલગા કન્યા છાત્રાલય, માંડવી(કચ્છ)દ્વારા દાતાશ્રીના સહયોગથી સોનલબીજ શતાબ્દી મહોત્સવ અંતર્ગત ૨૦૨૩/૨૪ શૈક્ષણિક વર્ષમાં કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર કન્યાઓને વાર્ષિક ફીમાં ૫૦% રાહત આપવામાં આવી હતી. આધુનિક કન્યા છાત્રાલયમાં પ્રવેશ માટે ગઢવી સમાજની કન્યાઓને આહ્‌વાન કરવામાં આવ્યું હતું.
- જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના વસપડા ખાતે સમસ્ત માંઘળ પરિવાર દ્વારા ચામુંડા માતાજી નૂતન મંદિર ખાતે તા.૬ થી ૮ જૂન સુધી ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શોભાયાત્રા, પ્રસાદ, લોકડાયરો સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં.
- દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામકલ્યાણપુર તાલુકાના માળી ગામ ખાતે શ્રી જય જુંગીવારા ગ્રુપ(માળી) દ્વારા આઈશ્રી હિરલમા તથા ગિરીશ આપા મોડની ઉપસ્થિતિમાં તા.૧૬/૫/૨૦૨૩ના રોજ માળી ગામના સફળ સિતારાઓનો સન્માન સમારોહ તથા લોકડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના દરસાલી નિવાસી તેજલબેન જશુદાન ખળેળ(ગઢવી) ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ ખાતે સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક કક્ષાએ ઉજજવળ દેખાવ બદલ સુવર્ણચંદ્રકથી સન્માનિત થયા હતાં. તેજલબેનને અભિનંદન.
- ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ દ્વારા રાજયના મહિલા મોરચાના ઝોન તથા જિલ્લા /મહાનગર પ્રભારીની યાદી જાહેર કરવામાં આવી હતી જેમાં કચ્છ જિલ્લા મહિલા મોરચા પ્રભારી તરીકે શ્રીમતી છાયાબેન ગઢવીની નિયુકિત કરવામાં આવી છે. છાયાબેન ગઢવીને

અભિનંદન.

- આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામખંભાળિયા દ્વારા ચારણ કુમાર છાત્રાલયનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ચારણકુમાર છાત્રાલય ખાતે શિક્ષણના સર્વત્રીકરણના હેતુથી સમાજના મોભીઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સદરહુ છાત્રાલયે ધો.૧૦નું ૮૬% પરિણામ પ્રાપ્ત કરેલ છે. ઉપરાંત ટ્રસ્ટ દ્વારા ધો.૧૦ તથા ધો.૧૨માં ૭૦ કે તેથી વધારે પી.આર. મેળવનાર ગઢવી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.
- રાજસ્થાનના બાડમેર ખાતે આકાશવાણીથી ચારણ છાત્રાલય સુધીના માર્ગને પૂ.ઈસરદાસજી બારહઠ માર્ગ તરીકે જાહેર કરવામાં આવેલ છે.
- સમસ્ત દેવભૂમિ દ્વારકા જિલ્લા ચારણ ગઢવી સમાજ દ્વારા ટાઉનહોલ, જામખંભાળિયા ખાતે તા.૨૮/૫/૨૩ના રોજ સન્માન, અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ભા.જ.પા.પ્રમુખશ્રી મયુરભાઈ રામભાઈ ગઢવી(ભાન)નું સન્માન તથા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.
- શ્રી નારાયણ સેવા મંડળ,ભૂજ દ્વારા બ્રહ્મલીન નારાયણ સ્વામીના પ્રાગટય દિન અષાઢી બીજ નિમિત્તે રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના લીલાખા(ભાદર ડેમ)ખાતે ભજન તથા ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ચારણી સાહિત્ય સંશોધન સંસ્થા, અજમેર(રાજસ્થાન) દ્વારા જૂન માસમાં ચારણી સાહિત્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ વિદ્વાનોએ સંશોધન સંદર્ભે રજૂઆત કરી હતી.
- કચ્છ જિલ્લાના અંજાર,આદિપુર, ગાંધીધામના સંયુકત ઉપક્રમે આઈશ્રી સોનલ શતાબ્દી વર્ષ નિમિત્તે ગઢવી સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબૂક વિતરણ કરવામાં આવી હતી.
- જૂનાગઢ તાલુકા તથા જિલ્લાના બલિયાવડ ખાતે મા ભગવતી શકિતપીઠ ખાતે બિરાજમાન આઈશ્રી દેવલમાતાજીની પ્રેરણાથી તા.૨૭/૫ થી તા.૩૧/૫/૨૦૨૩ સુધી પંચ દિવસીય કરણીજી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજસ્થાનના દેશનોકમાં બિરાજમાન દાઢાળી દેવી કરણીજીની જન્મભૂમિ સહિત સાઠીકા, સુવાપ, મથાણિયા વગેરે સ્થાનકોમાં હાલ પણ બલીપ્રથા તથા મદ્યપ્રસાદ જેવી અંધશ્રદ્ધા તથા દહેજપ્રથા જેવા કુરિવાજોની નાબૂદીની જરૂરિયાત પર દેવલ માતાજીના પ્રવચનોથી નવજાગૃતિની લહેર આવી હતી.

દેવલ માતાજીના આહ્‌વાનને રાજસ્થાન ચારણ-ગઢવી સમાજે સ્વીકારી અંધશ્રદ્ધા તથા કુરિવાજોને દેશવટો આપવા માટે કટિબદ્ધતા દર્શાવી સહર્ષ સહમતી આપી હતી.

- જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મઢડા સ્થિત સોનલધામ ખાતે આઈશ્રી સોનલ શતાબ્દી વર્ષ નિમિત્તે સોનલ બીજ-૨૦૨૪ના ત્રિ-દિવસીય ઉત્સવ ઉજવણીના આયોજન સંદર્ભે જાહેર મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આગામી ત્રિ-દિવસીય સોનલ બીજ ઉજવણી કાર્યક્રમની રૂપરેખા ઘડવામાં આવી હતી.
- સાબરકાંઠા(હિંમતનગર)જિલ્લાના ઈડર તાલુકાના કુવાવા ખાતે ગામની સાસરે ગયેલ બહેનો -દીકરીઓને ફરી એકસાથે પિયરમાં તેડાવી

સ્વાગત-સન્માન વગેરે કરવામાં આવ્યું હતું.

• નવી શિક્ષણ નીતિ અમલીકરણ અન્વયે ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ દ્વારા સદરહુ યુનિવર્સિટીના ગુજરાતી ભાષાનો નવો અભ્યાસક્રમ ઘડવા માટે જુદા-જુદા અગિયાર સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના બરવાળા(ગળથ)ખાતેની ગ્રાન્ટ ઈન એઈડ કોલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે ફરજ બજાવતાં પ્રો.ડો.તીર્થંકર રોહડિયાની પસંદગી કરવામાં આવી હતી.

• ભાવનગર સમૂહલગ્ન સમિતિ દ્વારા સમાજના દાતાશ્રીઓના સહયોગથી બીજા વર્ષે ભાવનગર શહેર તથા ચારણ કુમાર છાત્રાલય, ભાવનગર ખાતે અભ્યાસ કરતાં સમાજના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું.

• ગુજરાતી સાહિત્ય અકાદમી,ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષ સાહિત્ય ગૌરવ પુરસ્કાર તથા યુવા ગૌરવ પુરસ્કાર જાહેર કરવામાં આવે છે જેમાં કચ્છી સાહિત્ય અકાદમી વર્ષ-૨૦૨૧નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર શ્રી પબુભાઈ ગઢવીને અર્પણ કરવામાં આવ્યો હતો.

• ચારણ સાહિત્ય શોધ સંસ્થાન, અજમેર દ્વારા યોજાયેલા અભિવાદન સમારોહમાં ડો.અંબાદાનભાઈ રોહડિયા, ડો.દેવેન્દ્ર અંબાદાનભાઈ રોહડિયા તથા ડો.તીર્થંકર રતુદાનભાઈ રોહડિયાને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

• શ્રી ચારણ સમાજ યુવા ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા ગીર, બરડો, આલેય, હાલાર, બારડી સવા ચારણ(ગઢવી)સમાજના ધો.૧૦ તથા ધો.૧૨માં પાસ જાહેર થયેલ તમામ વિદ્યાર્થીઓ તથા સમાજ સેવકોના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

• ગુજરાત રાજયમાં ઊભી થયેલ વાવાઝોડાની કુદરતી આફત સમયે જુદા-જુદા શહેરોમાં ગઢવી સમાજ વાડી ખાતે જરૂરિયાત પડે તો સમાજના સભ્યો માટે નિવાસ-ભોજન વગેરેની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી હતી.

• પોરબંદર ખાતે કથાકાર જીવણ ભગત સંચાલિત ભગવતી અન્નક્ષેત્ર દ્વારા પોરબંદરમાં સલામત સ્થળે ખસેડવામાં આવેલ કોઈપણ નગરજનો માટે ભોજન વ્યવસ્થા થઈ જશે તેવી હાકલ કરવામાં આવી હતી.

• ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભાદરા ગામ ખાતે મીણબાઈમા નેસ પરિવાર દ્વારા અષાઢી બીજના દિવસે આઈશ્રી નાગબાઈ માતાજીના ઉપાસક મીણબાઈમાના જન્મદિવસ નિમિતે વિશ્વશાંતિ યજ્ઞ, સુંદરકાંડ પાઠ, ધ્વજારોહણ તથા પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

• ગઢવી ફ્રેન્ડસ ગ્રુપ,રાજકોટ દ્વરા લાખાભાઈ વી.જામંગ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જીવણીમા મુલરવ બૂક બેંકની પ્રેરણાથી રાજકોટ શહેમાં વસવાટ કરતાં ગઢવી સમાજના જરૂરિયાતમંદ વિદાર્થીઓને વિનામૂલ્યે ફૂલસ્કેપ ચોપડા અને બોલપેન વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

• દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામંડળ તાલુકાના ભીમરાણાના આઈશ્રી મોગલધામ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

• કચ્છ જિલ્લાના માંડવી ખાતે ચપલેશ્વર મહાદેવ મંદિર (બ્રહ્મલીન પૂ.નારાયણાનંદ સરસ્વતી બાપુ આશ્રમ) ખાતે પણ ગુરુપૂર્ણિમા

મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાધિપૂજન, પ્રસાદ, સંતવાણી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં.

- રાજકોટ ખાતે રોટરી કલબ(પ્રાઈમ) દ્વારા શ્રેષ્ઠ પ્રમુખ માટેનો ગોલ્ડન એવોર્ડ મેહુલ જામંગને અર્પણ કરવામાં આવ્યો હતો. સદરહુ સામયિકના તંત્રીશ્રી રામભાઈ જામંગના તેઓ સુપુત્ર છે. મેહુલભાઈને શ્રેષ્ઠ કામગીરી બદલ અભિનંદન.

**–સમાચારોનું સંકલન : હિતેષ ગઢવી(નરેલા)**
રાજકોટ (૯૯૨૪૮ ૧૦૫૯૪)

ooo

**સ્વ.આપાભાઈ ગઢવી કવિ 'આપ' સ્મૃતિ વિશેષ સંભારણા કાર્યક્રમ યોજાયો... આપાભાઈના ગીત–ભજન વગર લોક સંગીતનો કાર્યક્રમ આજે પણ અધૂરો...**

સૌરાષ્ટ્રના જાણીતા કવિ, લેખક ગાયક, વકતા, સ્વરકાર–સંગીતકાર સ્વ.આપાભાઈ ગઢવી (કવિ 'આપ')ની ૩૯મી પુણ્યતિથિ નિમિત્તે કવિ આપ પરિવાર દ્વારા વિનોદનગર સોસાયટીના નવદુર્ગા ગરબી ચોક સ્થિત જડેશ્વર મંદિર પરિસરમાં તાજેતરમાં સંભારણા કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમ પ્રારંભે ઉપસ્થિત સર્વે કલાકાર ગણ દ્વારા દીપ પ્રાગટય બાદ કવિ આપ સ્મૃતિ વિશેષ સંભારણાં કાર્યક્રમના ગણપતિ વંદનાથી અંતિમ પ્રસ્તુતિના દૌર સુધી કવિઆપ રચિત સ્વરાંકિત વિવિધગીત, ગઝલ, ભજન, દુહા - છંદની રસલહાણ કાર્યક્રમમાં ઉપસ્થિત પદ્મશ્રી હેમંત ચૌહાણ, કીર્તિદાન ગઢવી, ધીરૂભાઈ સરવૈયા, મેરાણ ગઢવી, પૂનમ ગોંડલિયા, બિરજુ બારોટએ ઈકબાલ હાજી, બલવંત ગોંસાઈ, દિનેશ ગઢવી અને અભય વ્યાસની સુરીલી સાઝના સંગત વિશાળ જનમેદની સમક્ષ રજૂ કરી શ્રોતાઓને રસતરબોળ કરેલ. કવિપુત્ર નરહર ગઢવીના સંચાલન અને પૂરક સ્વશાંકના સાંકળે સમગ્ર કાર્યક્રમને લોકોએ મન ભરીને માણેલ.

કાગળિયા લખી થાકી, કરેલા કર્મ બદલી દેવા પડે, ઝૂંપડીએ કોક તો જાજો, મોગલ છેડતાં કાળો નાગ, માનવ નડે છે માનવીને, હે માનવ વિશ્વાસ કરી લે, તમોને મુબારક તમારી અમીરી, કોઈ માટેલ જઈને મનાવો, મોરલા બોલે રે, દાદા લીલાં રે તોરણે, નાનપણના છે નેડા, વિશ્વ તણાં કલ્યાણ વિનાયક, સોનલ તારી આરતીએ ઉગમણે બારણે, હે માનવ વિશ્વાસ કરી લે, હાલ તને હાલ સૌરાષ્ટ્ર બતાવું. કવિવર થાવું તો આવું, વિરાટનો ગરબો, સૌરાષ્ટ્ર વંદના, આપણે એક ડાળના પંખી જેવી કવિ આપની અનેકવિધ કૃતિઓ રજૂ થઈ.

ધીરૂભાઈ સરવૈયાએ સામાન્ય જનસમૂહથી લઈ સ્વર કિન્નરી લતા મંગેશકર જેવા જેના પ્રશંસક રહ્યા એ સર્જક સ્વરકાર કવિ આપને સાદર શ્રદ્ધા સુમન અર્પતા જણાવ્યું કે લોકગીતથી ભકિતસંગીતના પદ્મશ્રીના પ્રદાન લગી કલાકારોને કવિ આપની કૃતિઓ સવિશેષ ફળી છે. આપાભાઈના ગીત ભજન વગર લોકસંગીતનો કાર્યક્રમ આજે પણ અધૂરો ગણાય છે. મેરાણ ગઢવીએ કવિ આપ સમર્થ સર્જક સ્વરકારના સર્જનની સળંગ કાર્યક્રમ પ્રસ્તુતિ 'સંભારણાં' એ લોકસંગીતની અનોખી વિરલ ઘટના છે, એ કવિના વિશાળ પ્રદાનના સર્જન વ્યાપની સબળ શાખ પૂરી પાડે છે એવું કહી એમણે આપાભાઈના સાહિત્યિક પ્રદાનના વિશાળ વ્યાપને બિરદાવેલ.

મેરાણ ગઢવીએ જણાવ્યું હતું કે કવિ આપ જેવા સમર્થ સર્જક સ્વરકારના સર્જનની સળંગ કાર્યક્રમ પ્રસ્તુતિ એ લોકસાહિત્ય ક્ષેત્રની મહત્વની ઘટના છે.

## ચારણ (ગઢવી) સમાજના ૧૪૫ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાઈ

**ભાગ્ય બડા તો રામ ભજ, બખત બડા કછુ દેહ;**
**અક્કલ બડી તો ઉપકાર કર, દેહ ધર્યા ફળ એહ.**

શિક્ષણ પ્રત્યે જાગૃત એવા સોનલમાના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે તા.૨૫/૬/૨૦૨૩ના રોજ રાજકોટ ખાતે ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ચારણ(ગઢવી)સમાજના ધો.૧૦ તથા ધો.૧૨માં ગુજરાત બોર્ડમાં જે વિદ્યાર્થીઓને ૮૦ પીઆર થી વધુ માર્કસ મેળવેલ હોય તેમજ હાયર એજયુકેશન (મેડિકલ,સી.એ.,એન્જિનિયરીંગ તથા અન્ય)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ જેમના માતા–પિતા અવસાન પામ્યા હોય તેવા દરેકને રૂા.૫૦૦૦/- તથા રૂા.૧૦૦૦૦/- શિષ્યવૃત્તિ પેટેનો ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હાજર રહેલ એસીપી ટ્રાફિક રાજકોટ શહેરના શ્રી જે.બી.ગઢવી સાહેબે બહુ જ રાજીપો વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમ માટે ટ્રસ્ટના પ્રમુખશ્રી ચંદુભાઈ સાબા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રામભાઈ જામંગનું માર્ગદર્શન મળેલ હતું તેમજ આ કાર્યક્રમનું સુંદર આયોજન મેહુલભાઈ જામંગ તથા હેમુભાઈ બાવડા દ્વારા કરવામાં આવ્યુ હતું તેમજ ડો.હરીશભાઈ રાબા, પ્રવીણભાઈ સોયા, નરેન્દ્ર જાળફવા, મુળુભાં ઘાંઘણીયા,વિજયભાઈ જામંગ, દિલીપભાઈ કારીયા, આણંદભાઈ પાલીયા, રાહુલ લાંબા, વિરલ લાંબાએ વરસતા વરસાદમાં કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ટ્રસ્ટના એકાઉન્ટન્ટ યોગેશભાઈ પારેખ, દિપકભાઈ મહેતા અને ભાર્ગવ રાવલની મહેનત રંગ લાવી હતી અને સોનલમા એજયુકેશન ટ્રસ્ટ રાજકોટનો સહયોગ પણ મળ્યો હતો.

સાંપ્રત સમયમાં સમાજમાં જેની ખૂબ જરૂર છે એવા શિક્ષણની જયોત જલાવવા આ ટ્રસ્ટે રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, ખંભાળિયા, અમરેલી, મોરબી, સુરેન્દ્રનગરના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેક અર્પણ કર્યા હતા. આ વર્ષે રૂા.૬,૨૫,૦૦૦/- ઉપરાંત સહયોગી ટ્રસ્ટ દ્વારા રૂા.૩,૩૦,૦૦૦/-, તેમજ રૂા.૧,૦૦,૦૦૦/- એમ કુલ મળીને રૂા.૧૦,૫૫,૦૦૦/-(અગાઉ રૂા.૧૪ લાખ)ના ચેક અર્પણ કરી આ ટ્રસ્ટે ચારણ સમાજમાં શિક્ષણની જયોત જલાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન હેમુભાઈ બાવડાએ કર્યું હતું.

ooo

પાટણ જિલ્લાના રાધનપુર મુકામે હમણાં જ રજિસ્ટર થયેલ 'આઈશ્રી સોનલમા ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા તા.૬/૭/૨૦૨૩ના રોજ 'શ્રી વિનય વિદ્યાલય, રાધનપુર'નાં કેમ્પસ ખાતે વર્ષ ૨૦૨૩–૨૪માં ધો.૫ થી ધો.૧૨માં અભ્યાસ કરતા રાધનપુર, સાંતલપુર, સમી, શંખેશ્વર, સોઈગામ, વાવ તથા થરાદ એમ ૭(સાત) તાલુકાના 'ગઢવી–ચારણ' સમાજનાં બાળકોને બાળક દીઠ કુલ–૬ ફુલસ્કેપ ચોપડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. જે કામગીરી દરમિયાન ટ્રસ્ટના હોદ્દેદારો સર્વશ્રી વર્ધીદાન બી. વિઠુ (પ્રમુખશ્રી), ચંડીદાન કે. ગાંગડા(ઉપપ્રમુખશ્રી), શંભુદાન કે. સિંહઢાયચ(મંત્રીશ્રી), બળવંતદાન કે. કોબુ(સહમંત્રીશ્રી), વિષ્ણુદાન ઝેડ. લાળશ (ખજાનચી), ડો.વિષ્ણુદાન વિ.ઝુલા, જબરદાન કે. રોહડીયા, આઈદાનજી આર. રોહડીયા, મહેશદાન પી. કોલુ, નિલેશદાન એસ. દેથા, ડો.નિર્ભયદાન એન. સિંહઢાયચ તથા વડીલોમાં શ્રી નારણદાન બી. વિઠુ તથા શ્રી લિંબદાન બી. વિઠુ હાજર રહ્યા હતા.

– મોકલનાર : શંકરદાન નારણદાન સિંહઢાયચ,
રાધનપુર

**ગઢવી કપના માધ્યમથી ચારણ સમાજની સંગઠન શકિત વધુ મજબૂત બની માંડવી ખાતે અખિલ ભારતીય ક્રિકેટ ટુર્નામેન્ટ. ગઢવી કપમાં વીર શહીદ માણશી ઈલેવન વિજેતા**

અખિલ ભારતીય નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ ગઢવી કપનો માંડવીના જી.ટી.ગ્રાઉન્ડમાં આરંભ થયો હતો.

જે. કે. લક્ષ્મી સિમેન્ટ ટાઈટલ સ્પોન્સર અને પ્રભુભાઈ રામભાઈ ગઢવી-કો.સ્પોન્સર રહ્યા હતા. ભીમશી બાપા ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત ટુર્નામેન્ટમાં આઠ ટીમે ભાગ લીધો હતો, જેમાં ફ્રેન્ચાઈઝી માલિકો ઈશ્વર ગઢવી,પાલુભાઈ ગઢવી, કલ્યાણ ગઢવી,જશરાજ ગઢવી,હરિ ગઢવી, રમેશ ગઢવી અને પ્રકાશ ગઢવી રહ્યા હતા.

રોમાંચક જીત મેળવી વીર શહીદ માણશી ઈલેવન-ઝરપરા વિજેતા થઈ હતી. રનર્સઅપ સોનલ માઈન્સ-રાયણ રહી હતી. ટોસવિધિ ખ્યાતનામ કલાકાર કીર્તિદાન ગઢવીએ કરી હતી. સ્વાગત પ્રવચન સોનલબીન સમિતિના પ્રમુખ ઈશ્વર ગઢવીએ કર્યું હતું. કીર્તિદાનભાઈએ ટૂર્નામેન્ટને બિરદાવી હતી.

જિ.પં.કા.ચેરમેન મહેન્દ્રભાઈ ગઢવી, મોમાયાભા ગઢવી, મહેન્દ્ર ગઢવી(જે.કે. સિમેન્ટ), પાલુભાઈ ગઢવી(ભજનાનદી), રાણશીભાઈ ગઢવી(કોડાચ), દેવરાજ ગઢવી (રાયણ), રાજભાઈ ગઢવી, વિરમ ગઢવી, ડોસાભાઈ બાતિયા સહિતનાઓએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

ટુર્નામેન્ટના માધ્યમથી અગિયાર લાખ જેટલી રકમ ચારણ બોર્ડિંગ અને શિક્ષણ ઉત્કર્ષ માટે એકત્ર થઈ હતી. વિજેતા ટીમ દ્વારા બે લાખનું દાન સમિતિને અપાયું હતું. અનિલ પેથાણી દ્વારા ૧.૧૧ લાખ, ઈશ્વર અરજણ ગઢવી-રાયણ ૧.૦૦ લાખ, સામરાભાઈ જખુભાઈ ગઢવી, રતનલાલ ગોયલ-જિંદાલ, ભુજ પોલીમર પ્રા.લિ., એવરેસ્ટ કાટો સિલિન્ડર લિ., પોદાર ટીએમટી, કકન એસોસિયેટ, પ્રભુભાઈ રામભાઈ ગઢવી દ્વારા ૫૧-૫૧ હજાર, વાલજીભાઈ જીવરાજ ૨૫ હજાર તેમજ અન્ય સહયોગી દાતાઓના દાનની જાહેરાત થઈ હતી. સમાજના મોતી ભીમશી બાપા, ધનરાજ ગઢવી(સોનલબીજ સમિતિ), બચુભાઈ ગઢવી, ડાહ્યાભાઈ ગઢવી, ધનરાજ ગઢવી,નીલેશ ગઢવી (ભજનિક), વિપુલ ગઢવી, કીર્તિ ગોર, પારુભાઈ ગઢવી, શ્યામ ગઢવી, પીયૂષ મારાજ, ભીમશી ગઢવી, દેવાધ સાખરા, મોહન ગઢવી, દિવ્યરાજસિંહ જાડેજા, ડોસાભાઈ બાતિયા ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટના દયાલભાઈ ગઢવીએ કહ્યું હતું કે, એકત્ર થયેલ ફંડ ચારણ બોર્ડિંગ અને શિક્ષણ માટે વપરાશે. સમગ્ર વ્યવસ્થા પુનશી ગઢવી, દયાલ ગઢવી, પ્રકાશ ગઢવી, ખુશાલ ગઢવી, લખન ગઢવી અને ભીમશી બાપા ચેરિ.ટ્રસ્ટના સભ્યો અને સમાજના યુવાનોએ સંભાળી હતી.

સંચાલન હરેશ ગઢવી અને આભાર વિધિ દયાલ ગઢવીએ કરી હતી. બોર્ડિંગના પૂર્વ વિદ્યાર્થીઓ પણ વ્યવસ્થામાં જોડાયા હતા.

ooo

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

**એલઆઈસી કચેરી ખાતે વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ ઉજવાયો**

એલઆઈસી ઓફ ઈન્ડિયાની કચેરી ખાતે વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં દેશના થયેલા વિભાજન વખતે ભારે પીડા ભોગવનારા અને હાલ રાજકોટમાં જ રહેતા વરિષ્ઠ નાગરિક એવા જશોદાબેન કરમશીભાઈ ગઢવીનું એલઆઈસી ઓફ ઈન્ડિયાની કચેરીના સિનિયર ડિવિઝનલ મેનેજર પ્રશાંતકુમાર પ્રસાદના હસ્તે સન્માન કરાયું હતું. આ પ્રસંગે વોર્ડ નં.૨ના કોર્પોરેટર મનીષભાઈ રાડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે કચેરીના પ્રાંગણમાં વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ અંતર્ગત ખાસ તૈયાર કરાયેલું પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું.

**– ફૂલછાબ દૈનિક**

ooo

हमारे गुजरात चारण समाज के अग्रणी आगेवान एवं सामाजिक कार्यकर, चारण श्री घनश्यामभाई मोड़ की समाज सेवा और निष्ठा को ध्यानमें रखकर समाज के बृहद हित में अखिल भारतीय चारण(गढवी) महासभा के अध्यक्ष श्री सी. डी. देवल ने चारण श्री घनश्यामभाई मोड़ की नियुक्ति गुजरात राज्य के माननीय अध्यक्ष पद पर मनोनीत किया गया है । इस नियुक्ति से समग्र चारण समाज आनंद और गौरव महसूस करता है। चारण श्री घनश्यामभाई मोड़ के नेतृत्व में गुजरात प्रदेश के चारण गढवी समाज का हित करने में श्री अखिल भारतीय चारण(गढवी) महासभा को समाज का बड़ा सहयोग मिलेगा, ऐसी हमें श्रद्धा है। इस अवसर पर हम अखिल गुजरात चारण गढवी समाज ट्रस्ट, गांधीनगर अखिल भारतीय चारण(गढवी) महासभा और चारण श्री घनश्यामभाई मोड़ को अभिनंदन एवं हार्दिक शुभकामनाएं प्रदान करते हैं।

– चारण नरहरदान अजीतसिंह देथा,महामंत्री

ooo

---

आईश्री कंकू केसरमां प्रेरित आईश्री सोनलमां चारण समाज निमाड़ संचालित श्री खोड़लमां भूवन चारण छात्रावास में रहकर पढ़ाई करने वाले निम्नलिखित विद्यार्थी ने परीक्षा उत्तिर्ण करके परिवार, समाज और छात्रावास को गौरव प्रदान किया है, खूब धन्यवाद।

—आपाभाई बी. गढ़वी

0 हेमराज देवाराम नागीया – कक्षा 8 - 75% / 0 रामुभाई गोविंदभाई भवा – कक्षा 7 - 84%
0 खीमराज शिवाभाई भवा – कक्षा 7 - 83% / 0 रविन्द्र करमणभा नागैया – कक्षा 8 - 55%






## –– સૌરાષ્ટ્ર–કચ્છની પાંગરતિ પ્રતિભાઓ ––

| ક્રમ નં. નામ – ધોરણ : ૧૦ | પી.આર. |
|---|---|
| ૧. ગઢવી યુવરાજ નરેન્દ્રભાઈ | ૯૯.૪૬ |
| ૨. સોયા દેવાંશી હરેશભાઈ | ૯૮.૬૬ |
| ૩. ગઢવી મોનક મયુરધ્વજભાઈ | ૯૮.૫૩ |
| ૪. ગઢવી ભારતીબાઈ જીલાભા | ૯૬.૮૪ |
| ૫. કાંટા વંદના રાજેશભાઈ | ૯૬.૩૨ |
| ૬. નૈયા દેવાંશી ભાવેશભાઈ | ૯૬.૨૨ |
| ૭. ગઢવી હીત સુખદેવભાઈ | ૯૫.૬૬ |
| ૮. નાગલાણી ડિમ્પલ ખીમરાજભાઈ | ૯૪.૯૩ |
| ૯. અવસુરા જાન્હવી અરવિંદભા | ૯૪.૫૪ |
| ૧૦. લાંગાવદરા કાવ્યરાજ હરેશદાન | ૯૩.૫૮ |
| ૧૧. દાંતી નીરવ કનુભાઈ | ૯૨.૮૬ |
| ૧૨. નરેલા સરગમ રાજેશભાઈ | ૯૨.૭૧ |
| ૧૩. બાવડા સ્વરાજ જનકભાઈ | ૯૨.૭૧ |
| ૧૪. નારણકા દેવાંગ રામસુરભાઈ | ૯૨.૫૫ |
| ૧૫. જેશલ પૃથ્વીરાજ નારણભાઈ | ૯૨.૦૭ |
| ૧૬. ગઢવી મીતવા મેહુલદાન | ૯૧.૯૧ |
| ૧૭. ગઢવી રિધ્ધિ અરવિંદભાઈ | ૯૧.૭૬ |
| ૧૮. નૈયા ધ્રુવ જતીનભાઈ | ૯૧.૨૬ |
| ૧૯. ઈશરાણી મહાવીરદાન પ્રકાશદાન | ૮૯.૩૬ |
| ૨૦. ગઢવી કરણ સંજયભાઈ | ૮૯.૧૮ |
| ૨૧. ગઢવી રિધ્ધિબેન દાદભાઈ | ૮૮.૬૧ |
| ૨૨. બાંટી કુશલદાન બીપીનદાન | ૮૮.૬૧ |
| ૨૩. ગઢવી ભૌમિક શૈલેષભાઈ | ૮૭.૮૪ |
| ૨૪. જાળફવા ધારા ચંદુભાઈ | ૮૬.૮૬ |
| ૨૫. ગઢવી શિવાની નીતીનભાઈ | ૮૬.૮૬ |
| ૨૬. ભોજક કબીર કુંતલબેન | ૮૬.૨૬ |
| ૨૭. ગઢવી શ્યામ રાજેશભાઈ | ૮૬.૦૫ |
| ૨૮. રત્નુ રાજવી જયવીરભાઈ | ૮૬.૦૦ |
| ૨૯. નાંધુ ધારા દિલીપદાન | ૮૫.૨૦ |
| ૩૦. ભોજક કહાન કુંતલબેન | ૮૫.૨૦ |
| ૩૧. બાવડા રિદ્ધિ ભગેશભાઈ | ૮૪.૭૭ |
| ૩૨. લાંબા હાર્દિક સુરેશભાઈ | ૮૪.૫૬ |
| ૩૩. લાંબા મનહર જીવાભાઈ | ૮૪.૧૧ |

| ક્રમ નં. નામ – ધોરણ : ૧૦ | પી.આર. |
|---|---|
| ૩૪. ગઢવી હેતવી જયવંતભાઈ | ૮૪.૧૧ |
| ૩૫. ગઢવી રામ દિનેશ | ૮૨.૦૪ |
| ૩૬. બાવડા ઉમા અરવિંદભાઈ | ૮૧.૮૧ |
| ૩૭. માધડ ધ્રુવરાજ રવિદાનભાઈ | ૮૦.૮૩ |
| ૩૮. લાંબા હરેશ દેશળભાઈ | ૭૯.૩૧ |
| ૩૯. બાવડા વિશાલ મહાદેવભાઈ | ૭૧.૨૬ |

| ક્રમ નં. નામ – ધોરણ : ૧૨ | પી.આર. |
|---|---|
| ૧. ગઢવી યશરાજ કિશોરભાઈ | ૯૯.૮૯ |
| ૨. જાળંગ ઈશ્વરદાન પીઠાભાઈ | ૯૯.૬૦ |
| ૩. માંઘળ હેમાંશી શકિતદાન | ૯૯.૫૩ |
| ૪. ગઢવી કરણદાન મહેશભાઈ | ૯૯.૦૬ |
| ૫. લાંબા શ્રીયા જયેશભાઈ | ૯૮.૬૨ |
| ૬. દાંતી ભાવીન જોરૂભાઈ | ૯૮.૩૬ |
| ૭. ગઢવી પુર્વા રવિદાનભાઈ | ૯૮.૦૬ |
| ૮. ઘાંઘણીયા જીગર હરીશભાઈ | ૯૮.૦૦ |
| ૯. ગઢવી રાજભા પરેશભાઈ | ૯૭.૭૪ |
| ૧૦. રાબા માનસી હિતેશભાઈ | ૯૭.૪૭ |
| ૧૧. ધારાણી કોમલ ભીમાભાઈ | ૯૭.૪૭ |
| ૧૨. કવલ દિવ્યા અજીતભાઈ | ૯૭.૩૯ |
| ૧૩. લાંબા કુલદિપ સુરેશભાઈ | ૯૭.૧૬ |
| ૧૪. ગઢવી ચિત્રા હરેશભાઈ | ૯૫.૫૭ |
| ૧૫. રત્નુ ભાગ્યશ્રી મહેશભાઈ | ૯૪.૧૬ |
| ૧૬. ગઢવી હર્ષ ઋષીભાઈ | ૯૪.૧૬ |
| ૧૭. ગીયડ અંજલી ડેલુભાઈ | ૯૩.૮૦ |
| ૧૮. ગઢવી હિમાંશી ધીરૂભા | ૯૩.૮૦ |
| ૧૯. નૈયા વંદના જતીનભાઈ | ૯૩.૬૭ |
| ૨૦. ચાચડા નીકુલભાઈ નીરૂભાઈ | ૯૩.૨૮ |
| ૨૧. ગઢવી ભરત અમરુભાઈ | ૯૩.૦૩ |
| ૨૨. ગઢવી પ્રિત નિતીશભાઈ | ૯૨.૧૨ |
| ૨૩. ગોખરુ ક્રિષ્ના ધનરાજભાઈ | ૯૧.૭૧ |
| ૨૪. પાડણશીંગા શ્વાતીબેન જયુભાઈ | ૯૧.૬૮ |
| ૨૫. ખળેળ હરેશદાન રવિદાન | ૯૧.૨૯ |
| ૨૬. અવસુરા સોનલબેન નિલેશભાઈ | ૯૦.૩૮ |

| ક્રમ નં. નામ – ધોરણ : ૧૨ | પી.આર. |
|---|---|
| ૨૭. જેસળ રાજલ મુકેશભાઈ | ૯૦.૨૨ |
| ૨૮. બાલીયા હીર રાજેશભાઈ | ૯૦.૦૬ |
| ૨૯. લાંબા તુલસી ભાવેશભાઈ | ૮૯.૫૭ |
| ૩૦. ટાપરીયા પ્રિયંકાબા અજીતદાન | ૮૮.૫૩ |
| ૩૧. કવલ મૌલીક કમલેશભાઈ | ૮૮.૩૯ |
| ૩૨. ગઢવી ભગીરથ મેરૂભાઈ | ૮૭.૫૩ |
| ૩૩. નરેલા સ્નેહા જનકદાન | ૮૬.૮૦ |
| ૩૪. જાળંગ રણજીત કાનાભાઈ | ૮૬.૦૬ |
| ૩૫. ઘાંઘણીયા નીખીલ કિશોરભાઈ | ૮૫.૨૯ |
| ૩૬. બાલીયા સુજલ કીરીટદાન | ૮૫.૦૯ |
| ૩૭. અવસુરા ડિમ્પલ રણજીતભાઈ | ૮૪.૯૦ |
| ૩૮. રત્નુ હિમાંશુ ગોપાલદાન | ૮૪.૨૯ |
| ૩૯. ગઢવી રાજ હેમુભાઈ | ૮૩.૮૯ |
| ૪૦. અવસુરા કવિતા નારૂભાઈ | ૮૨.૨૦ |
| ૪૧. રાબા અર્જુનભાઈ ભાવેશભાઈ | ૮૧.૧૩ |
| ૪૨. ખાતરા રાજેશ્વરી કનુભાઈ | ૮૦.૬૮ |
| ૪૩. ગઢવી વિભુતી જીતેન્દ્રભાઈ | ૮૦.૪૬ |
| ૪૪. પાલીયા શિવાંગી સંજયભાઈ | ૭૯.૭૮ |
| ૪૫. લાંબા નેહા નિતીનભાઈ | ૭૯.૬૬ |

| ક્રમ નં. નામ–હાયર એજ્યુકેશન | પી.આર./ટકા |
|---|---|
| ૧. ઘાંઘણીયા જાન્હવી ઘનશ્યામભાઈ | ૬૭ (BBA) |
| ૨. ગઢવી અવિરત શાંતિભાઈ | ૬.૭૯ (FDP) |
| ૩. અવસુરા એકતા રાજેશભાઈ | (Ist Class - BHMS) |
| ૪. લાંબા કૃશાલ ભરતભાઈ | ૯.૩૬ (Com.Sci.) |
| ૫. બાલીયા ભગવતી કીરીટદાન | ૫૧.૮ (MA) |
| ૬. મોડ હર્ષિલ ઈશરદાન | ૫૦ (DMLP) |
| ૭. ગઢવી ઉદયભા વાસુરભા | ૭૧.૦૫ (B.Tech.) |
| ૮. ગઢવી યશદિપ મનુભાઈ | ૬૩.૫૯ (B.Com.) |
| ૯. લાંબા શિવાની ગીરીશભાઈ | ૭૧.૦૮ (BBA) |
| ૧૦. ગોરવિયાળા રાહુલ કાનાભાઈ | ૮.૫૧ (Dip.Mech.) |
| ૧૧. ભગાણી નિધિ વાલાભાઈ | ૭૬.૨ (M.Com) |
| ૧૨. સુરૂ કાર્તિક જીતેન્દ્રભાઈ | – (Bio.Med.) |

| ક્રમ નં. નામ – ધોરણ : ૧૦ | પી.આર. |
|---|---|
| ૧. મુન રામદે દુલાભાઈ | ૯૮.૨૩ |
| ૨. મુન ઈશ્વર દેસુરભાઈ | ૯૭.૧૩ |
| ૩. ધારાણી શાહીલ શક્તિભાઈ | ૯૫.૭૭ |
| ૪. જામ નીરુ ધારાભાઈ | ૯૩.૦૦ |
| ૫. સીંધીયા દેવળ ધારશીભાઈ | ૯૧.૨૬ |
| ૬. જામ મીતલ વેરશીભાઈ | ૯૧.૦૯ |
| ૭. સાખરા હીરલ ખેંગારભાઈ | ૯૦.૭૬ |
| ૮. ધારાણી રૂપલબેન દુલાભાઈ | ૯૦.૫૩ |
| ૯. સીધીયા સીમા વાજાભાઈ | ૮૯.૩૬ |
| ૧૦. રૂડાચ વછીયા ખીમાનંદભાઈ | ૮૭.૬૯ |
| ૧૧. રૂડાચ હાર્દિક ભોલાભાઈ | ૮૭.૬૬ |
| ૧૨. રૂડાચ માનસ્વી લખમણભાઈ | ૮૭.૬૬ |
| ૧૩. સીંધીયા લાખીબેન ખેંગારભાઈ | ૮૭.૦૬ |
| ૧૪. સાખરા મનોજ કરશન | ૮૭.૦૬ |
| ૧૫. માયાણી દેવરાજ નારણભાઈ | ૮૨.૯૯ |
| ૧૬. જામ ખોડુ નાથાભાઈ | ૮૨.૫૨ |
| ૧૭. પટાણી થારી યા ભારમલભાઈ | ૮૧.૦૯ |
| ૧૮. સીંધીયા પ્રવીણ દેવાનંદભાઈ | ૮૦.૮૩ |
| ૧૯. લુના ભૂમિ રમેશભાઈ | ૮૦.૩૩ |

| ક્રમ નં. નામ – ધોરણ : ૧૨ | પી.આર. |
|---|---|
| ૧. હીરલ રાયા હરગાણી | ૯૯.૩૧ |
| ૨. જામ હીરલ રાણાભાઈ | ૯૮.૩૫ |
| ૩. મસુરા માયા ભીખાભાઈ | ૯૬.૯૨ |
| ૪. મોવર મીતલબેન સુકાભાઈ | ૯૬.૭૬ |
| ૫. કારીયા મયુર દેવરાજભાઈ | ૯૬.૪૨ |
| ૬. રૂડાચ વનરાજ માલદેભાઈ | ૯૬.૨૫ |
| ૭. કારીયા સાજનભાઈ રાનાભાઈ | ૯૫.૧૭ |
| ૮. કારીયા મહેશ સાજાભાઈ | ૯૫.૧૭ |
| ૯. રૂડાચ જેસા અસપરભાઈ | ૯૩.૮૦ |
| ૧૦. મોવાણીયા શક્તિદાન ગોપાલભાઈ | ૯૨.૬૪ |
| ૧૧. ગંધ પ્રકાશભાઈ પ્રવીણભાઈ | ૯૨.૩૮ |
| ૧૨. મસુરા કરણ ભારા | ૯૧.૮૪ |
| ૧૩. ગઢવી જયેશ વજુભાઈ | ૯૧.૮૪ |
| ૧૪. કારીયા નાગશી સીદા | ૯૧.૪૩ |

| ક્રમ નં. નામ – ધોરણ : ૧૨ | પી.આર. | ક્રમ નં. નામ – ધોરણ : ૧૨ | પી.આર. |
|---|---|---|---|
| ૧૫. કારીયા હરી નાથુભાઈ | ૯૦.૯૯ | ૨૨. જામ રોહીત નારણભાઈ | ૮૭.૧૭ |
| ૧૬. ગામણા અંજલી હીતેશભાઈ | ૯૦.૬૦ | ૨૩. કારીયા પ્રવીણ આલાભાઈ | ૮૫.૮૯ |
| ૧૭. રૂડાચ પ્રકાશ પાલાભાઈ | ૯૦.૩૮ | ૨૪. રૂડાચ કમલેશ હાજાભાઈ | ૮૪.૪૯ |
| ૧૮. સંધીયા મીરાબેન રાણશી | ૯૦.૦૮ | ૨૫. સાખરા નામલબેન જીવાભાઈ | ૮૩.૦૭ |
| ૧૯. રૂડાચ અજય રામદેભાઈ | ૮૯.૩૨ | ૨૬. ધારાણી મીતલ પાબાભાઈ | ૮૧.૭૮ |
| ૨૦. સીંધીયા હીતેશ નારુભાઈ | ૮૮.૪૫ | ૨૭. સીંધીયા દેવદાસ આલાભાઈ | ૮૧.૭૮ |
| ૨૧. કારીયા મયુર અર્જુનભાઈ | ૮૮.૦૫ | ૨૮. જામ હરેશ લાખાભાઈ | ૮૧.૧૩ |

| ક્રમ નં. નામ – ધોરણ : ૧૨ | પી.આર./ટકા | ક્રમ નં. નામ – ધોરણ : ૧૦ | પી.આર./ટકા |
|---|---|---|---|
| ૧. હેમાંશી શકિતદાન માંધળ | ૯૯.૫૩ | ૧. કરણ સુકાભાઈ ગઢવી | ૬૧.૩૩ |
| ૨. રાહુલ લખુભાઈ જામ | ૬૮.૭૦ | ૨. મંથન અજીતભાઈ ઠાકરિયા | ૬૪.૦૦ |
| ૩. અંજલીબેન હિતેશભાઈ ગામણા | ૯૧.૨૭ | ૩. ધ્રુવ એમ. પાંચાળિયા | ૭૦.૮૫ |
| ૪. યશરાજ કિશોરભાઈ ગામણા | ૯૯.૮૯ | ૪. કૃષ્ણ હમીરભાઈ ગઢવી | ૭૩.૬૨ |
| ૫. આરતીબેન દેવીદાનભા સાબા | ૭૯.૦૦ | ૫. કુશાલદાન બીપીનભાઈ બાટી | ૭૫.૮૩ |
| ૬. સોનલબેન હાજાભાઈ કાગ | ૯૮.૬૨ | ૬. શાહિલ શકિતભાઈ ધારાણી | ૯૫.૭૭ |
| ૭. મીરાબેન રાણસીભાઈ સિંધિયા | ૮૯.૮૯ | ૭. પૂજાબેન કિશોરભાઈ આલગા | ૭૮.૦૦ |
| ૮. કુશળ મહેશભાઈ ગઢવી | ૯૫.૦૦ | ૮. હેમલ નારણભાઈ ભોજાણી | ૬૮.૦૦ |
| ૯. તિલક પ્રતાપભાઈ ગઢવી | ૯૯.૯૧ | | |

વિશેષ : ભુજની ત્રણ સગી બહેનો – **સોનલ / દેવલ / રાજલ** – રામભાઈ ગઢવીની સુપુત્રીઓ કે જેમણે સંસ્કૃતિની પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પાસ કરી છે તેમજ મૌખિક લેવાયેલી ગીતાની પરીક્ષામાં પણ **સોનલ ગઢવી** પ્રથમ ક્રમાંકે આવેલ છે.



## ભોજગ પરિવારનું ગૌરવ

**ડો.કિંજલ રાજેશભાઈ ગઢવી** – M.D.Community Medicine(P.S.M.)

ચિ.ડો.કિંજલ રાજેશભાઈ ગઢવીએ મા વહેખણની કૃપા અને વડીલોના આર્શિવાદથી સુમનદીપ વિદ્યાપીઠ, વડોદરા ખાતેથી M.D.Community Medicine(P.S.M.)ની ડીગ્રી મેળવી સમસ્ત ચારણ સમાજનું ગૌરવ વધારેલ છે. અમે સૌ પરિવારજનો ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને ડો.કિંજલને ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે અંતરના આશિષ પાઠવીએ છીએ.

**–– ડીરેકટરી ––**


○ આઈશ્રી સોનલમા ટ્રસ્ટ(સમાજવાડી)રાજકોટ દ્વારા ૨૦૦૯માં સમાજની ડીરેકટર બનાવવામાં આવી હતી તેને સમાજે સહર્ષ સ્વીકારી હતી. તેની બીજી આવૃત્તિ તૈયાર કરેલ છે જે હાલ પ્રેસમાં છે. આ વર્ષ(૨૦૨૩)માં આપ સહુને મળી જશે અને સહુને ગમશે જ.
○ આ ડીરેકટરીમાં કુલ–૧૦૯૭ વ્યકિતગત એડ્રસ, ઉપરાંત સમાજની સંસ્થાઓ, મંડળો, ટ્રસ્ટો, છાત્રાલયો, વાડીઓ, સામયિકો, અખબારો વિગેરે એડ્રેસનો સમાવેશ કરવા પ્રયત્ન કરેલ છે.
○ તો, ટુંક સમયમાં આવી રહી છે....રાજકોટની ડીરેકટરી....

## –– પાંગરતી પ્રતિભા ––



મૂળ કચ્છ મંજલ(તરા)ના વતની અને હાલ ભાવનગર સ્થિત **કુ.નંદિની ઈન્દ્રભાઈ ગઢવીએ** ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં મે,૨૦૨૩માં પ્રસિદ્ધ થયેલ પરિણામમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી કુટુંબ અને ભાવનગર ચારણ સમાજનું નામ રોશન કર્યું છે. ફીઝીક્સ, કેમેસ્ટ્રી મેથેમેટિક્સ અને વિજ્ઞાન વિષયોમાં ૯૯.૬૫ પરસેન્ટાઈલ અને ૯૧ ટકા માર્ક સાથે એ-૧ ગ્રેડ અને ગુજકેટ પરીક્ષામાં ૧૨૦માંથી ૧૦૮.૨૫ માર્ક સાથે એ-૧ ગ્રેડ અને ઓવરઓલ એ-૨ ગ્રેડ મેળવેલ છે. નંદિનીના પિતા ડો.ઈન્દ્રભાઈ રામજીભાઈ ગઢવી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં મરીન સાયન્સ ભવનમાં પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે. નંદિની કોમ્પ્યુટર ઈજનેર તરીકે પોતાની કારકિર્દી બનાવશે. શુભેચ્છા સહ હાર્દિક અભિનંદન. **(આ પરિવાર ટ્રસ્ટમાં કાયમી સહયોગ આપે છે)**

---



ડો.મહેશકુમાર ગઢવીનાં પુત્ર
**કુશલભાઈ ગઢવીએ**
અમદાવાદની રીવરવ્યુ
કેમ્બ્રીજ બોર્ડની સ્કૂલમાં
અભ્યાસ કરી કેમ્બ્રીજ બોર્ડ
લંડન દ્વારા લેવાયેલ
ધો.૧૨(સાયન્સ)ની પરીક્ષામાં
૯૫% (એ-ગ્રેડ) પાસ કરી છે.

### –– ચરજ નેટવર્ક ––

**ચરજ નેટવર્કને ૬ વર્ષ પુરા કરીને ત્રીજો રાઉન્ડ વર્ષાઋતુના વધામણાં સાહિત્ય, સંસ્કૃતિ, સંસ્કારની મઘમઘતી મહેક સાથે, મહેર વર્ષાવવાની વાતો લઈને જુલાઈ, ૨૦૨૩માં અષાઢી આભને આંબવા આવી પહોંચ્યો છે. શુભેચ્છાઓ સાથે સંપાદક દિનેશ માવલ, રણજીત ગઢવી સહિતની સમગ્ર ટીમને અભિનંદન.**


**ચરજની હેટ્રીકને હરખભેર કલાકારો, કવિઓએ ઈલેકટ્રોનીકસ માધ્યમ દ્વારા આવકારદાઈ અપીલ કરી છે તેને વધાવીને અમો પણ સોનલમા ટ્રસ્ટ, ચારણ સંસ્કૃતિ પરિવાર આ મેગેઝીન ઘરે ઘરે વંચાય અને વધારેમાં વધારે સભ્યો લવાજમ ભરે તેવી અપીલ કરીએ છીએ.**



**યશરાજ કે. ગઢવી, રાજકોટ**
૨૦૨૩ના વર્ષની ગુજરાત
બોર્ડની ધો.૧૨(કોમર્સ)ની
પરીક્ષામાં ૯૨.૩૨% / ૯૯.૮૯
પી.આર.સાથે પાસ કરી છે.



**તિલકકુમાર ગઢવી**
૨૦૨૩ના વર્ષની ગુજરાત
બોર્ડની ધો.૧૦ ની પરીક્ષામાં
૯૫% / ૯૯.૯૧ પી.આર.સાથે
પાસ કરી છે.



**માનસી હિતેશભાઈ રાબા**
૨૦૨૩ના વર્ષની ગુજરાત
બોર્ડની ધો.૧૨(કોમર્સ)ની
પરીક્ષામાં ૯૭.૪૭
પી.આર.સાથે પાસ કરી છે.



**જેનિલ બાવડા**
જૂન ૨૦૨૩, PDPU હવે
PDEU માંથી BBA
માર્કેટીંગનો ૪ વર્ષનો
અભ્યાસ પૂર્ણ કરેલ છે.
BBA(Honor's),
Marketing ૮૦%
સાથે પાસ કરી છે.

## ચારણ સમાજનું ગૌરવ

### ડો.શ્રી આનંદ મહેશદાન ગઢવી(મહેડુ)




જયાં સળંગ તેર પેઢીથી સાહિત્યની અમરવેલ વિસ્તરી છે એવાં ચારણ સમાજનાં આદરણીય, 'ચારણ હિતવર્ધક સભાનાં આજીવન માનદ પ્રમુખ' સ્વર્ગસ્થ ઠારણબાપૂ મહેડુંની પરંપરાના ડો.આનંદ ગઢવીને મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી,ભાવનગર દ્વારા તેમનાં મહાશોધ નિબંધ **'સંસ્કૃત ભાષા, વ્રજ ભાષા, ચારણી ભાષાના છંદશાસ્ત્રનો તુલનાત્મક અભ્યાસ'** વિષય માટે પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવેલ છે. ઉપરોકત વિષય પર શોધનિબંધ ઉપરાંત દિલ્હી સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત વ્યાખ્યાનમાળામાં ડો.આનંદ ગઢવીએ વ્યાખ્યાનો આપ્યાં છે તેમજ આંતરરાષ્ટ્રીય રિસર્ચ જર્નલમાં તેમનાં લેખો છપાયા છે. ગુજરાતના વિવિધ પ્રકાશનો દ્વારા તેમનાં દસેક જેટલાં પુસ્તકો પ્રકાશિત થનાર છે. આ રીતે નાની વયે તેમણે ચારણી સાહિત્યની અમૂલ્ય સેવા કરી ચારણ સમાજને ગૌરવ પ્રદાન કરેલ છે. ડો.આનંદ ગઢવી તેમની સાહિત્યિક સફળતાનું શ્રેય આઈશ્રી ચાળકનેચી મા, આઈશ્રી જેતબાઈ મા, આઈશ્રી મોગલ મા, પૂર્વજો, સ્વર્ગસ્થ દાદા-દાદી, માતા-પિતા અને મોટાભાઈ શ્રી મનનભાઈના આશીર્વાદ, પ્રેરણા અને સહયોગને આપે છે. ડો.આનંદ ગઢવી જાણીતા વકતા, કવિ, શિક્ષણવિદ્શ્રી મહેશભાઈ ગઢવી (બોટાદ)ના સુપુત્ર છે. તેમનાં તેજસ્વી યશસ્વી ભવિષ્યની મંગલકામનાઓ, અભિનંદન.

– **મનીષ પી. દવે** (૯૪૨૬૪ ૩૦૩૬૮)

---

### સ્વરાજ ધર્મેશભાઈ માલા(લાંબા)



एकेनापि सुपुत्रेण विद्यायुक्ते च साधुना।
आहलादितं कुलं सर्व यथा चन्द्रेण शर्वरी।।

*(જે રીતે હજારો તારાઓ વચ્ચે એક ચંદ્ર જ રાત્રિ દરમિયાન ઉજાસ પાથરે છે. તેવી જ રીતે એક વિદ્વાન-સજ્જન પુત્ર પરિવાર તેમજ સમાજની ઉન્નતિ અને કીર્તિમાં વૃદ્ધિ કરે છે.)* **ચિ.સ્વરાજ ધર્મેશભાઈ (ભગુભાઈ) માલા (લાંબા)**,પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી(પીડીયુ)ગાંધીનગરમાંથી ૮.૭૦% સીજીપીએ સાથે ઈલેકટ્રિક એન્જિનિયરિંગમાં જવલંત સફળતા મેળવવા સાથે-સાથે દહેજ સ્થિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડમાં ઉચ્ચ સ્થાને નિમણૂંક પામ્યા બદલ સ્નેહસભર શુભકામનાઓ સહ અભિનંદન. સ્વરાજ ટ્રસ્ટના કાર્યકર્તા અને સહયોગી ધર્મેશભાઈ માલા, રાજકોટના સુપુત્ર છે.

---

### કરાટે ચેમ્પિયનશિપમાં – ગઢવી સમાજની દીકરીએ બતાવ્યું કૌવત



ઓપન ગુજરાત કરાટે ચેમ્પિયનશિપમાં ગઢવી સમાજની દીકરીએ કૌવત બતાવી બીજો નંબર મેળવતા ખેલપ્રેમી વર્ગ અને ગઢવી સમાજ દ્વારા શુભેચ્છાઓ પાઠવાઈ રહી છે. ઓપન ગુજરાત કરાટે ચેમ્પિયનશિપની સ્પર્ધામાં માનસી ગઢવીએ કૌવત બતાવી બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. માનસી ગઢવીને સમાજના મોભીઓ અને રમત પ્રેમી વર્ગ દ્વારા શુભેચ્છા...


અભિનંદન
હાર્દિક શુભેચ્છાઓ
ભોજગ પરિવારનું ગૌરવ
Congratulations!
ડૉ. કિંજલ રાજેશભાઈ ગઢવી
M.D. Community Medicine(P.S.M.)
અમારી લાડલી પુત્રી ચિ. ડૉ. કિંજલ રાજેશભાઈ ગઢવીએ મા વરેખણની કૃપા અને વડીલોના આશીર્વાદથી સુમનદીપ વિદ્યાપીઠ-વડોદરા ખાતેથી એમ.ડી. કોમ્યુનિટી મેડીસીન (પી.એસ.એમ.)ની ડીગ્રી મેળવી સમસ્ત ચારણ સમાજનું ગૌરવ વધારેલ છે. અમે સૌ પરિવારજનો ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને ડૉ. કિંજલને ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે અંતરના આશિષ પાઠવીએ છીએ...
-: પરિવાર જનો :-
સ્વ. જશોદાબેન માલસુરભાઈ ભોજગ (દાદી-દાદા)
શ્રીમતી અનિલાબેન રાજેશભાઈ ગઢવી (માતા-પિતા)
વિજયાબેન, મંજુલાબેન, હેમલતાબેન, અનિલાબેન, કાશ્મીરાબેન (ફઈઓ)
ઋષિ (B.E. CIVIL, M. A.) તથા
હર્ષલ (M.Pharm, Nirma Uni.) (ભાઈઓ)
ભુજ, કચ્છ. મો. ૯૪૨૮૨ ૧૩૫૧૧-૧૦
Advt.

# શ્રદ્ધાંજલિ

"સરલ સ્વભાવ ન મન કૂટિલાઈ,
યથા સંતોષ લાભ સદાઈ"



**સ્વ.રાણીબેન ગોવિંદભાઈ લાંબા - ભાડલા**
સ્વ. તા. ૨૩–૫–૨૦૨૩

સ્નેહની સરવાણી, વાત્સલ્યમૂર્તિ, લાગણી, પ્રેમ અને
વ્હાલપનો વરસાદ એવા અમારા માતુશ્રીના ચરણોમાં
હૃદયપૂર્ણ નમન

દેવસુરભાઈ ગોવિંદભાઈ લાંબા
પ્રવિણભાઈ ગોવિંદભાઈ લાંબા
જયસુખભાઈ ગોવિંદભાઈ લાંબા

રમેશભાઈ ગોવિંદભાઈ લાંબા
રાધાબેન હરદાસભાઈ કિડીયા
કમુબેન રામભાઈ નૈયા

Advt.


શ્રધ્ધાંજલિ
જન્મદાતા જનની તેં મોટા કરી નોંધારા કર્યા;
તારા ઉદરે આળોટવા ફરી જન્મ લેજે જનેતા.
સ્વ. જશુબાઈ ઘનશ્યામભા લાંબા
સ્વ. તા. ૬-૮-૨૦૨૨, સવંત ૨૦૭૮, શ્રાવણ સુદ-૯, શનિવાર
સત્કર્મો અને સદ્ભાવના સભર જીવન જીવનાર
આપનો આનંદિત અને માયાળુ સ્વભાવ ધાર્મીકતા
સાથે આત્મીયતા સાથેનુ સરળ જીવન
અમારી પ્રેરણા હતુ ઈશ્વર તમારા
દીવ્ય આત્માને શાંતી આપે તેવી પ્રાર્થના...
ઘનશ્યામભા હમીરભા લાંબા-પતિ
રવિભા ઘનશ્યામભા લાંબા-પુત્ર
કનુભા ઘનશ્યામભા લાંબા-પુત્ર
નૈતિક રવિભા લાંબા-પૌત્ર
આર્યન રવિભા લાંબા-પૌત્ર
હિરવા કનુભા લાંબા-પૌત્રી
Advt.


નમોસ્તુતે
હોસ્પિટલ્સ્
જીવન ઉર્જા
24/7
ICCU યુનિટ
ઈમરજન્સી અને ટ્રોમા સેન્ટર
ઈમરજન્સી માં
સુપર-સ્પેશિયાલીસ્ટ ઉપલબ્ધ
ફાર્મસી, લેબોરેટરી તથા
રેડીયોલોજી
આયુષ્યમાન કાર્ડ અન્વયે
આ સારવાર વિના મુલ્યે છે
ઘૂંટણના સાંધા બદલવા
(Knee-Replacement)
ડાયાલીસીસ
એન્જીયોગ્રાફી અને
એન્જીયોપ્લાસ્ટીની સુવિધાઓ
ફિઝીશીયન વિભાગ
હૃદયરોગ વિભાગ
જનરલ સર્જરી વિભાગ
કાન, નાક-ગળાનો વિભાગ
હાડકાના રોગનો વિભાગ
મગજના રોગનો વિભાગ
કેન્સરના રોગનો વિભાગ
ગેસ્ટ્રોએન્ટ્રોલોજી વિભાગ
કોસ્મેટીક અને પ્લાસ્ટીક સર્જરી વિભાગ
ચામડીના રોગનો વિભાગ
ફેફસાના રોગનો વિભાગ
યુરોલોજી વિભાગ
કિડનીના રોગનો વિભાગ
ડાયાલીસીસ વિભાગ
ફીઝીયોથેરાપી વિભાગ
એપોઈન્ટમેન્ટ માટે: +91 63589 93701
+91 79 2323 7000 / 2322 1000
24 × 7 આકસ્મિક સેવા 85111 73700
કેશલેસ અને મેડીકલેઈમ સુવિધા ઉપલબ્ધ
આયુષ્યમાન (પી એમ જય) - યોજના માટે
63589 93716
Advt.
સેક્ટર 6ડી, ઘ-3, સિવીલ હોસ્પિટલ સામે, ગાંધીનગર - 382006.
info@namostutehospitals.com
Stay Connected

# રાજકોટ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિ.

SYMBOL OF TRUST

હેડ ઓફિસ : "સભાસદ ભવન" ૧-મનહર પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ -૩૬૦ ૦૦૨ ફોન : (૦૨૮૧) ૨૪૮૦૯૪૨,૩,૪
**E-mail**: rpcbho@rpcbank.ir**Web**: www.rpcbank.in

**સેવા, સહકાર અને સમર્પણની ત્રિવેણી એટલે રાજકોટ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક**

- **ATM** સુવિધા.
- **IMPS** મારફત ત્વરીત ફંડ ટ્રાન્સફર
- થાપણો — રૂ. ૫ લાખ સુધીની થાપણો વીમાથી સુરક્ષીત
- Mobile Banking App. ની સુવિધા.
- **UPI** દ્વારા ઓનલાઇન ટ્રાન્ઝેક્શન
- ગોલ્ડ લોન — આકર્ષક વ્યાજદરે

## ત્વરીત, સરળ અને વ્યાજબી વ્યાજના દરે ધિરાણ સુવિધા

(કોઇ છુપા ચાર્જીસ વગર)

- હાઉસીંગ લોન (કોઇ પેનલ્ટી ચાર્જ વગર)
- નવા મકાન ખરીદવા, બાંધકામ કરવા,
- રીપેરીંગ કે રીનોવેશન કરવા.
- દુકાન, ઓફિસ, ગોડાઉન માટે બિજનેસ લોનની સુવિધા.
- સ્થાવર મિલ્કતો સામે મોર્ટગેજ લોન
- સ્થાવર મિલ્કતો સામે ઓવર ડ્રાફ્ટની સુવિધા.

## બેંકની સ્પેશ્યલ ઓફરો

**સીલ્વે જ્યુબીલી ઓ.ડી. / લોન ધિરાણ સ્કિમ રૂપિયા ૧૫.૦૦ લાખ સુધી માત્ર ૯.૫૦% માં**

## બેંકની શાખાઓ

**મુખ્ય શાખા**
"સભાસદ ભવન", ૧-મનહર પ્લોટ, ગોંડલ રોડ,
રાજકોટ ફોન : ૨૪૮૦૯૪૨-૩-૪

**માર્કેટીંગ યાર્ડ શાખા**
માર્કેટ યાર્ડ, બેંક પોસ્ટ ઓફિસ, રાજકોટ.
ફોન : ૨૭૦૪૮૩૧-૨

**સ્વામીનારાયણ ચોક શાખા**
"હેરીટેઝ કોમ્પલેક્ષ" કૃષ્ણનગર મેઇન રોડ,
રાજકોટ, ફોન : ૨૩૬૭૮૦૫-૬

**દેવપરા શાખા**
RMC શોપીંગ સેન્ટર, કોઠારીયા રોડ,
રાજકોટ. ફોન : ૨૩૯૧૬૮૦-૧

**માયાણી ચોક શાખા**
બેકબોન શોપીંગ સેન્ટર,
ચંદ્રેશનગર મેઇન રોડ,
રાજકોટ. ફોન : ૨૩૭૭૬૬૨-૩

**રેલનગર, શાખા**
ગુલમહોર પ્લાઝા, ૮૦ ફીટ રોડ,
રેલનગર મેઇન રોડ, રાજકોટ
ફોન : ૯૯૮૦૪ ૧૦૩૦૦
૯૯૮૦૪ ૧૦૪૦૦

**વાવડી ઈન્ડ. એરીયા શાખા**
પ્રશાંત કાસ્ટીંગ પાસે, વાવડી રોડ
રાજકોટ. ફોન : ૮૧૫૩૦ ૦૦૦૫૯
૮૧૫૫૦ ૦૦૦૫૯

વ્યસન જીવલેણ છે! આજે જ છોડો

Advt.

બાપલ બનાવો ભલે બગીચા, મેડીથી શું મલકાવાનું ?
સુવાનું એક દિ' છે સમશાને, જન્મ્યા એમ જ જાવાનું...



# સ્વ. બાપલભાઈ દેશાભાઈ ગઢવી

જન્મ તા. : ૫-૧૧-૧૯૨૧ મૃત્યુ તા. : ૩-૮-૧૯૯૫

'સ્મરણોનું તો એવું કે, ૨૮ વર્ષ પણ જાણે ગઈકાલ જેવું '

મૃત્યુદેવ સાથેય ઉલટભેર મૈત્રી બાંધનાર, નિર્લેપ, નિષ્કામ,
નિર્ભય, નિરાળા માનવ, મા શારદાના પરમ ઉપાસક તેમજ
નિષ્ક્રિયતાને પાસે ન ફરકવા દેનાર કર્મીપુરુષ.
તમારા કોમળ સ્મરણને વંદીએ છીએ ને પલાંઠી ઢાંસીને ધીરગંભીર
પણે છાતીમાં બેસતા એવા ખમીરને સલામ કરીએ છીએ.

સ્વ. કનુભાઈ બાપલભાઈ ગઢવી
ગિરીશભાઈ બાપલભાઈ ગઢવી (નિવૃત્ત T.P.E.O.–સુરેન્દ્રનગર) – ૯૫૧૨૪ ૪૩૨૪૩
નિલેશભાઈ બાપલભાઈ ગઢવી (આચાર્ય–માધ્યમિક શાળા, વિશળ હડમતિયા) – ૯૪૨૯૨ ૮૦૦૯૩

સ્વ. બાપલભાઈ ભેવલિયા પરિવાર, ૧૯, કસ્તુરબા સોસાયટી, સુરેન્દ્રનગર.

Advt.



**આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ – રાજકોટ**

મુળજીભાઈ કાનજીભાઈ લાંબા – ચારણ(ગઢવી) વાડી, સુખરામનગર–૨, કોઠારિયા ચોકડી, રાજકોટ–૨

CHARAN SANSKRUTI (QUARTERLY) Editor, Publisher & Printer : RAMBHAI L. JAMANG Owner : AAI SHREE SONALMA EDUCATION & CHARITABLE TRUST, Place of Publication : CHARAN SANSKRUTI KARYALAY MULAJIBHAI K. LAMBA CHARAN VADI, SUKHRAMNAGAR-2, KOTHARIYA CHOKDI, RAJKOT-360 002. GUJARAT Printed At : GIRISH OFFSET, JAYANT K.G. MAIN ROAD, RAJKOT-360 004, GUJARAT.